
એપ્રિલ ૨૦૧૯ વાર્ષિક લવાજમ રૂ.૧૫૦/-

પાવન હૃદય

# દૂત



“ મને પ્રભુનાં દર્શન થયાં છે. ”

# ગુજરાત સાહિત્ય પ્રકાશ

## પો. બો. - ૭૦, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧, ગુજરાત

## દ્વારા પ્રકાશિત માસિક સામયિકો

### પાવન હૃદય 'દૂત'




પાવન હૃદય 'દૂત' ગુજરાત અને વિશ્વભરમાં વસતા તમામ ગુજરાતી કેથોલિકનું એકમાત્ર સામયિક. ઉપરાંત અન્ય ઈસુપંથીઓ અને અન્ય ધર્મીઓનું હિત પણ ચાહે છે. ઈસુધર્મના સિદ્ધાંતોને અનુરૂપ માનવજીવન શૈલી ઘડવા ઉપરાંત વિવિધ ધર્મ અને સામાજિક વર્ગ વચ્ચે સમજણ, સદ્ભાવ અને સહકાર સાધવાની નેમ 'દૂત' ધરાવે છે.

**લવાજમ**

ભારતમાં વાર્ષિક : રૂા. ૧૫૦/-
પાંચ વર્ષ માટે : રૂા. ૭૦૦/-
પરદેશમાં (વાર્ષિક) : (U.S. $ 30) રૂા. ૧,૮૦૦/-

**કાર્યાલયનો સમય**

૮.૦૦ થી ૧૨.૦૦ અને ૧.૦૦ થી ૫.૦૦ કલાક સુધી.

### જીવન

દક્ષિણ એશિયાના લગભગ સાડા ચાર હજાર ઈસુસંઘીઓ તેમજ તેમના અસંખ્ય સહયોગીઓના જીવન તેમજ સેવાકાર્યને આવરી લેતું સામયિક 'જીવન' ઈસુસંઘીઓનાં પરિવારો, મિત્રો, શુભેચ્છકો તેમજ સાથી-સહયોગીઓને જાણવા જેવી માહિતી તેમજ વિચારપ્રેરક સામગ્રી પીરસે છે. ઈસુસંઘી જીવનનાં વિવિધ અંગ જેવાં કે શિક્ષણ, સમાજકાર્ય, ધર્મસેવાકાર્ય, પ્રસાર માધ્યમકાર્ય, ઘડતરપ્રક્રિયા, ઈસુસંઘી નીતિઓ, કાર્યશૈલી, દર્શન, સ્વપ્નો, સંકલ્પો, સંઘર્ષો, સિદ્ધિઓ અને સમસ્ત જીવનયાત્રાનો પરિચય મેળવવાનો વિશ્વાસનીય સ્રોત એટલે 'જીવન' સામયિક. દક્ષિણ એશિયાના ઈસુસંઘના આ મુખપત્ર 'જીવન' સામયિકને ઘર ઘરમાં વસાવો અને ઈસુસંઘી પરિવારના સભ્ય બનવાનો અનેરો લ્હાવો માણો.




**વાર્ષિક લવાજમ**

ભારતમાં વાર્ષિક (ઈસુસંઘીઓ માટે) — રૂા. ૧,૦૦૦/-
ભારતમાં વાર્ષિક (અન્ય માટે) — રૂા. ૭૫૦/-
પરદેશ — U.S. $ ૨૫ (રૂા. ૧૫૦૦/-)

### ઈગ્નીસ




'ઈગ્નીસ' એ સંત ઈગ્નાસના આધ્યાત્મિક સિધ્ધાંતોને આધારે પ્રસિદ્ધ થતું અને સમગ્ર દક્ષિણ એશિયામાં પ્રચાર-પ્રસાર ધરાવતું ત્રિમાસિક છે.

**વાર્ષિક લવાજમ**

ભારત — રૂા. ૨૦૦/-
પરદેશ — U.S. $ 30/-

Ph. (Office) : (02692) 240161
Mob. 94084 20847 / (02692) 240178
Website: http://www.gspbooks.in
E-mail : phdoot@gmail.com

**લવાજમની રકમના નાણાં ભરવા બાબત**

ગ્રાહકો આપ સમય અને નાણાંનો વ્યય કર્યા વગર સીધા જ લવાજમની રકમ અમારા બેંક ખાતામાં જમા કરાવી શકો છો, જેની વિગત આ પ્રમાણે છે.

A/c Name: **Gujarat Sahitya Prakash Society**
Name of the Bank: ICICI Bank, V.V. Nagar 388120
Account No.: **008501008925** • IFS Code: **ICIC0000085**

રકમ બેંકમાં જમા કરાવ્યા પછી ઈમેઈલ / એસ.એમ.એસ. / ફોન કે પત્ર દ્વારા અમને જણાવવા વિનંતી.



નિંદ્રાવસ્થામાં સંત જોસેફની પ્રતિમા

વડાધર્મગુરુ ફ્રાન્સિસને 'નિંદ્રાવસ્થામાં સંત જોસેફ' પ્રત્યે ખૂબ જ લગાવ અને પ્રેમ છે. વડાધર્મગુરુ પોતે જ્યારે કોઈ મુશ્કેલી કે સમસ્યાથી ચિંતિત હોય છે ત્યારે તેઓ પોતાના ઓરડામાં સ્થિત 'સંત જોસેફ'ની પ્રતિમા ના પડખામાં એક ચિઠ્ઠીમાં પોતાની સમસ્યાઓ લખીને મૂકી દે છે, જેથી સંત જોસેફ પોતાના સ્વપ્નમાં પ્રાર્થના કરી શકે અને સમસ્યાનું સમાધાન મળી શકે. એટલા માટે જ વડાધર્મગુરુએ 'સંત જોસેફ'ની ભક્તિને લોકપ્રિય બનાવી છે.

**ગુજરાત સાહિત્ય પ્રકાશ દ્વારા પ્રકાશિત ધાર્મિક તેમજ અન્ય પુસ્તકો**

• સંપૂર્ણ બાઈબલ • મુક્તિ-સંદેશ (નવો કરાર - પોકેટ એડિશન / મોટી સાઈઝ) • પ્રભુવાણી (દૈનિક શાસ્ત્રપાઠ અને મનનચિંતન) •શાસ્ત્રપાઠ સૂચિ •વિવિધ ભક્તિપુસ્તિકાઓ • મા મરિયમ અને સંતોના જીવનચરિત્ર • સુખની શોધમાં (ધોરણ ૧ થી ૧૦ માટેની નીતિ મૂલ્ય શિક્ષણ શ્રેણી) • શ્રદ્ધાઘડતર શ્રેણી(અમદાવાદ ધર્મપ્રાંત - ધોરણ ૧ થી ૧૦ માટે ધર્મશિક્ષણ શ્રૈણી) • ધર્મદર્શન શ્રેણી(વડોદરા ધર્મપ્રાંત - ધોરણ ૧ થી ૧૦ માટે ધર્મશિક્ષણ શ્રૈણી) • ધર્મશિક્ષણ અને કૌટુંબિક જીવનને પ્રેરણા આપતાં અન્ય પુસ્તકો તથા અન્ય ધાર્મિક વસ્તુઓ મળશે.

The Publisher
**Gujarat Sahitya Prakash,**
**P.B. No. 70, Anand-388 001, Gujarat.**
Mob. +91 94275 43673 / (02692) 240161
Website: http://www.gspbooks.i
E-mail : booksgsp@gmail.com



ઈસ્ટર કેન્ડલ અને
અન્ય મીણબત્તીઓ ઉપલબ્ધ છે.



# પ્રથમ માસિક પુણ્યતિથિએ
# ભાવભિની શ્રદ્ધાંજલિ

**"આપ ગયા ને અમે વડીલ વિનાના થઈ ગયા,**
**આપના બાળકોના બાળકો વ્હાલા બા વિનાના થઈ ગયા.**
**કદી વિચારી ન શકાય તેવી તમારી અણધારી વિદાયને**
**એક માસ પૂર્ણ થયો છતાં મન માનતું નથી**
**કે અમે માતા વિહોણાં બની ગયાં."**

આપનો માયાળુ સ્વભાવ, સૌની ચિંતા કરવાની ટેવ, પરોપકારી ભાવના તથા કૌટુંબિક એકતાના ગુણો હરહંમેશ યાદ રહેશે અને એ ગુણો આચરવા અમે સદાય પ્રયત્ન કરીશું. પ્રભુ આપના આત્માને ચિર શાંતિ અર્પે એજ પ્રાર્થના.



"શાંત ચિત્તવાળા,
તાંમ્ર જેવા તેજવાળા,
બે હાથોથી વ્હાલ વરસાવનારા
નમ્રતાથી ભરેલા વ્હાલા બાને
અમારાં વંદન."

**આલોકે આગમન**
૦૨-૦૨-૧૯૪૭

**પરલોકે ગમન**
૨૮-૦૨-૨૦૧૯

આપના બાળકો,
મનીષ - પ્રતિક્ષા - પ્રશીલ
નલીન - રોશની - નિધિ - રિયા - સૌમ્ય
વિકાસ - મિત્તલ - આરવ - તનુક્ષા

**કાંતિલાલ કે. ચૌહાણ**
અને સમગ્ર ચૌહાણ પરિવાર
વડોદરા

# 1996 થી ઈઝરાયેલ ના વર્ક વિઝા માટે કાર્યરત અમારી કંપની On service Travel

OSTC
ON SERVICE TRAVEL CONSULTANTS PVT. LTD.
Reg.by.Goverment of India




## વિઝાના પ્રકાર

કેર ગીવર -
ઓલ્ડ કેર વર્ક વિઝા
હોલી લેન્ડ ટૂર - (ટૂરીસ્ટ વિઝા)
એગ્રો ટુરીઝમ -
એગ્રીકલ્ચર ટૂર વિઝા

**અમારા ટ્રેનીંગ સેન્ટરમાં ટ્રેનીંગ લીધા બાદ વર્ક પરમીટ મેળવવાની સુવર્ણ તક**

**ઈઝરાયેલ જેવા પ્રગતિશીલ દેશમાં બહેનો માટે રહેવા તથા જમવાની ફ્રી સગવડતા મેડીકલ ઈન્સ્યોરન્સ, વર્ક પરમીટ સાથે ઉચ્ચ પગારથી નોકરી કરવાની સુવર્ણ તક**

અમારી કંપની OSTC ઈઝરાયેલ સાથે વર્ષોથી ખુબજ નજીકના સંબંધોથી જોડાયેલ છે તેમજ અમારી કંપનીના વર્ષોના અનુભવથી ઈઝરાયેલ જવા ઈચ્છતા ભાઈઓ તથા બહેનોને ખુબજ ઓછા ટાઈમમાં ઈઝરાયેલમાં નોકરી માટે વર્કપરમીટ અને વીઝાની સરળ રીતે સફળતાપૂર્વક કાર્યવાહી કરી આપેલ છે.

અમારી કંપનીના વર્ષોના અનુભવ અને કામ કરવાની સરળ રીતને લીધે જ ખુબજ ઝડપથી ભાઈઓ તથા બહેનો ઈઝરાયેલ પહોંચેલ છે.અને ગુજરાતમાં વધારે સફળતા,સંતોષ અને વિશ્વાસ અમારી કંપની દ્વારા લોકોને મળેલ છે.

અમારી કંપની દ્વારા ઈઝરાયેલમાં નોકરી કરવા જવા ઈચ્છતી બહેનોને ઈઝરાયેલમાં પણ સુરક્ષા અને સલામતી મળી રહે તેમજ રહેવા, જમવા, આરોગ્યની,પગારની, રજાઓની તેમજ નોકરી માટે કોઈપણ મુશ્કેલી ન પડે તે માટે મદદરૂપ થવાના પ્રયાસો કરીએ છીએ. તેમજ ઈઝરાયેલમાં પણ વધુમાં વધુ મદદરૂપ થવું એજ ધ્યેય સાથે વર્ષોથી અમારી કંપની ઈઝરાયેલમાં કાર્યશીલ છે.

ગુજરાતમાં બોગસ એજન્ટો દ્વારા ઈઝરાયેલમાં નોકરી અપપાવવાના બહાને વિશ્વાસઘાત અને છેતરપીંડી દ્વારા લોકોને ફસાવવાનું કામ કરવામાં આવે છે. આવા બોગસ એજન્ટો દ્વારા લોભામણી વાતોથી સાવછેત રહેવું જરૂરી છે.

" ઈઝરાયેલ જવા માટે એક માત્ર ગુજરાતમાં વિશ્વાસપાત્ર સ્થળ છે, કે જ્યાં તમને મળશે ખુબ ઓછા સમયમાં

**ઈઝરાયેલ જવા માટે વિશ્વાસપાત્ર સ્થળ વધુ માહિતી માટે રૂબરૂ મળો.**

રાજકોટ ઓફિસ : એવરેસ્ટ હાઉસ, તપોવન સ્કુલની બાજુમાં, મવડી સર્કલ પાસે, ૧૫૦ ફીટ રીંગ રોડ, રાજકોટ.
અમદાવાદ ઓફિસ : ૧૦૪, અકીક ટાવર, રાજપથ ક્લબની સામે, એસ.જી રોડ, બોડકદેવ, અમદાવાદ.
મો : +૯૧ ૯૬૨૪૦ ૦૧૭૧૪, +૯૧ ૯૬૨૪૦ ૦૧૭૧૭

**Publisher's Name**
**Antony Pitchai Vedamuthu**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Place of Publication**
Anand
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Printer's Name**
**Antony Pitchai Vedamuthu**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**Printing at**
**Anand Press**
Gamdi - Anand - 388001, Gujarat

**Editor's Name**
**Jasvant Macwan**
Indian
Gujarat Sahitya Prakash
P.B. 70, St. Xavier's Road,
Anand - 388001, Gujarat

**માનદ્ તંત્રીઃ**
ફાધર ડો. વિનાયક જાદવ એસ.જે.

**તંત્રીઃ**
જસવંત મેકવાન
મો. ૯૪૨૭૩ ૮૨૯૯૭

**સહતંત્રીઃ**
શૈલેષ ક્રિસ્ટી

**તંત્રી મંડળ**
ડો. સિલાસ પટેલિયા
રાજેશ ક્રિશ્ચિયન, બકુલ મેકવાન,
ઈન્દુ રાવ, આગ્નેસ વાઘેલા,
ફાધર ડો. આરસકુમાર રાયપ્પન
સ્નેહલતા ભાટિયા, ફ્રાન્સિસ ડાયર્સા

**લવાજમ, જાહેરાત અને પ્રસાર**
માર્ટિન એમ. મેકવાન

**ટાઈપ સેટિંગઃ** મેલકમ પી. પરમાર

**ડિઝાઈનઃ** વિજય મેકવાન



# અનુક્રમણિકા

**આમંત્રિત તંત્રીલેખ**
પવિત્ર શુક્રવાર, પુનરુત્થાન અને નવી પ્રકૃતિ ✧ શૈલેષ ક્રિસ્ટી ... ૦૭

**કાવ્યધારા (સંપાદકઃ ડો. સિલાસ પટેલિયા)** ... ૧૦
કલ્પેશ સોલંકી 'કલ્પ' ✧ સંગીતા સુનિલ ચૌહાણ 'તપસ્યા'
✧ સવિતા પરમાર ✧ રમેશ મેકવાન ✧ જોસેફ વાય. મેકવાન

**તમારો પત્ર** ... ૧૪
શૈલેષ વાણિયા 'શૈલ' ✧ સંગીતા સુનિલ ચૌહાણ 'તપસ્યા'
✧ રજનીકાંત જોસેફભાઈ રાઠોડ ✧ શાંતિલાલ મેકવાન

**લેખો**
ધર્મસેવાલક્ષી માર્ગદર્શનપત્ર ✧ અનુ. બકુલ મેકવાન ... ૧૧
શુભસંદેશ પ્રચારનો નવો અભિગમ ✧ ધર્માધ્યક્ષ રત્નાસ્વામી ... ૧૨
યુદ્ધગ્રસ્ત વિસ્તારમાં તબીબી સેવા ✧ બ્રધર અનિશ દેવસિયા ... ૧૫
ઝઘડો જોવાની મઝા!? ✧ ડો. થોમસ પરમાર ... ૧૬
તપઋતુમાં અજમાવી જોઈએ... ✧ વિક્ટર પ્રવાસી ... ૧૮
તપઋતુ-ક્ષમાનું પર્વ ✧ ફિલોમીના પરમાર ... ૧૯
ઈશ્વર પ્રત્યે પ્રેમ, નહીં ડર ! ✧ એલ્વિન થોમાસ 'ડેમોલકર' ... ૨૦
સ્વસ્થ જીવન ✧ ડો. રશ્મિ ... ૨૧
ઈસુનું મૌન ✧ ડો. મનુ માલવિયા ... ૨૨
પુરોહિત એટલે ઈસુના અંતેવાસી ✧ ફાધર વી.જી. દાસ ... ૨૪
આશીર્વાદિત થઈએ ✧ પ્રા. યોગેશ પરમાર ... ૨૬
મૃત્યુમાં જીવન ✧ ફાધર એન્થોની પિચ્ચાઈ વેદમ્ એસ.જે. ... ૨૮
પુનરુત્થાન-કબરની પેલે પારનું જીવન ✧ જોન કાનીસ ... ૩૦
'બીશો નહિ...' ✧ ફાધર એન્ડ્ર્યુ સિલ્વેરા એસ.જે. ... ૩૨

**કિશોરમિત્ર (સંપાદકઃ રાજેશ ક્રિશ્ચિયન)** ... ૩૫
આપણી શ્રદ્ધા જાગી ઊઠે ! ✧ ફાધર ડો. કુમાર ... ૪૦
પાસ્ખા પર્વ નવજીવનનું પ્રભાત ✧ પીયૂષ એમ. પરમાર ... ૪૨
સિલેક્શન અને ઈલેક્શન ✧ અનિલ જે. રોઝા 'બેખબર ' ... ૪૩
પૃથ્વી પાડે પોકાર ✧ સુશીલા રાઠોડ ... ૪૪
બાર પ્રેષિતો ✧ તંત્રીશ્રી ... ૪૬
કપટની કામગીરી ✧ ફાધર વિનય મેકવાન એસ.જે. ... ૫૧

**પંખીની પાંખે (સંપાદકઃ શૈલેષ ક્રિસ્ટી )** ... ૫૬


**આવરણઃ** અઠવાડિયાને પહેલે દિવસે વહેલી સવારે મરિયમ કબર આગળ પહોંચે છે, પણ... કબર પરથી પથ્થર હઠાવી લીધો છે... કબર ખાલી છે... તે દેવદૂતને પૂછતાછ કરે છે, ત્યાં જ પ્રભુ ઊભેલા દેખાયા... તે બોલી ઊઠી 'રબ્બુની'. આનંદવિભોર બની મરિયમ શિષ્યગણને જણાવે છે : 'મને પ્રભુના દર્શન થયાં છે.' (સમગ્ર જાણકારી માટે વાંચો યોહાન ૨૦:૧-૧૮)

કવરપેજ અને ફોટોગ્રાફ્સ સૌજન્ય : ગુગલ




'પ્રાર્થના પ્રભુ સાથે જોડે છે, દયાકૃત્યો પડોશી સાથે અને ઉપવાસ આપણી સાથે. પ્રભુ, મારા ભાઈ-ભાંડુ અને મારું જીવન એ જ વાસ્તવિકતા છે, એ સિવાય કંઈ નહીં; જેમાં અનિવાર્યપણે આપણે રોકાણ કરવું જોઈએ.'

## ગુજરાતના
## કૅથલિકોનું સર્વાંગી માસિક



✞ 'પાવન હૃદય દૂત' ઈસુ ભગવાનના હૃદયને એટલે કે મનુષ્યાવતાર પામેલા પ્રેમસ્વરૂપ ઈશ્વરના અંતઃસ્વરૂપને સમર્પિત છે. ઈસુના પાવન હૃદયમાંથી વહેતાં જ્ઞાન, શક્તિ અને તેજ મારફતે માનવહૃદયનું અને માનવસમાજનું સર્વક્ષેત્રે નવઘડતર કરવામાં નિમિત્ત બનવું તેને 'દૂત' પોતાનું કર્તવ્ય સમજે છે.

✞ 'પાવન હૃદય દૂત' ગુજરાતના ઈસુસંઘ દ્વારા સ્થાપિત-સંચાલિત, સમગ્ર જીવનને ઈસુપંથી દૃષ્ટિથી સંસ્કારતું સર્વાંગી માસિક છે. ઈસુસંઘ એ કૅથલિક ધર્મસભામાં આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરતો એક સાધુસંઘ છે.

✞ 'પાવન હૃદય દૂત' સમસ્ત ગુજરાતના કૅથોલિકો માટે છે. ઉપરાંત અન્ય ઈસુપંથીઓ અને અન્ય ધર્મીઓનું હિત પણ ચાહે છે. ઈસુધર્મના સિદ્ધાંતોને અનુરૂપ માનવજીવન શૈલી ઘડવા ઉપરાંત વિવિધ ધર્મો અને સામાજિક વર્ગો વચ્ચે સમજણ, સદ્ભાવ અને સહકાર વધારતા રહેવાની મહેચ્છા પણ સેવે છે.

### લેખ, કાવ્ય, લવાજમ, પત્રવ્યવહારનું સરનામું


'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧


### કાર્યાલયનો સમય

૮.૦૦ થી ૧૨.૦૦ અને ૧.૦૦ થી ૫.૦૦ કલાક સુધી.


**Ph. (Office) : (02692) 240161**
**Mob. 94084 20847 / (02692) 240178**
**Website: http://www.gspbooks.in**
**e-mail : phdoot@gmail.com**


### રવિવારે કાર્યાલયમાં રજા રહેશે

### લવાજમ

ભારતમાં વાર્ષિક : રૂા. ૧૫૦/-
પાંચ વર્ષ માટે : રૂા. ૭૦૦/-
પરદેશમાં (વાર્ષિક) : (U.S. $ ૩૦) રૂા. ૧,૮૦૦/-

### નવેમ્બર, ૨૦૧૬થી જાહેરાતના નવા દર

| | | |
|---|---|---|
| છેલ્લું કવરપેજ | : | રૂા. ૧૪,૦૦૦ |
| અંદરની બાજુના બધાં જ કલર પેજ | : | રૂા. ૧૩,૦૦૦ |

### અંદરના સામાન્ય પેજ

| | | |
|---|---|---|
| આખું પેજ | : | રૂા. ૮,૪૦૦ |
| અર્ધુ પેજ | : | રૂા. ૪,૨૦૦ |
| ૧/૪ પેજ | : | રૂા. ૨,૧૦૦ |
| ટચુકડી | : | રૂા. ૦,૭૦૦ |

### જાહેરાત સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫મી રહેશે.

દર મહિને ૨૦મી તારીખે આપની જાહેરાતનું પ્રૂફ જોવા રૂબરૂ આવવા વિનંતી.

### લવાજમ/જાહેરાતની રકમના નાણાં ભરવા બાબત

'દૂત' ગ્રાહકો/જાહેરાતદાતાઓ, આપ સમય અને નાણાંનો વ્યય કર્યા વગર સીધાં જ લવાજમ/જાહેરાતની રકમ અમારા બેંક ખાતામાં જમા કરાવી શકો છો. જેની વિગત આ પ્રમાણે છે.

A/c Name: Gujarat Sahitya Prakash Society
Name of the Bank: ICICI Bank,
V.V. Nagar 388120
Account No.: 008501008925
IFS Code: ICIC0000085

રકમ બેંકમાં જમા કરાવ્યા પછી ઈમેઈલ/એસ.એમ.એસ. ફોન કે પત્ર દ્વારા અમને જણાવવા વિનંતી.


'પાવન હૃદય દૂત' ગુજરાત સાહિત્ય પ્રકાશ,
પ્રેસ કોલોની, સેંટ ઝેવિયર્સ રોડ, આણંદ - ૩૮૮૦૦૧



# આમંત્રિત તંત્રીલેખ...



# પવિત્ર શુક્રવાર, પુનરુત્થાન અને નવી પ્રકૃતિ

પવિત્ર શુક્રવાર અને પાસ્ખાપર્વ ને બે અલગ દિવસોને કારણે અલગ તહેવાર કે પ્રસંગ તરીકે જોવામાં કે ઓળખવામાં આવે છે પણ ઊંડાણથી જોતાં બંને એક જ ઘટનાના બે રૂપ છે. ઈસુની યાતના, ક્રૂસારોહણ, મૃત્યુ તથા દફનનું સ્મરણ આપણે પવિત્ર શુક્રવારે કરીએ છીએ. ઈસુની કારમી વેદના અને કરપીણ મૃત્યુ પવિત્ર શુક્રવાર સાથે સંકળાયેલાં હોવા છતાં આપણે 'ગુડ ફ્રાઈડે', શુભ કે પુણ્ય શુક્રવાર તરીકે ઓળખીએ છીએ, કારણ કે તેને અવાંતરે મુકિત અને તારણ ધબકતું થયું છે, પવિત્ર શુકવારના ગર્ભમાંથી જ પુનરુત્થાન અવતરણ પામે છે. આ પવિત્ર શુકવારનો અંત એટલે જ પાસ્ખાપર્વની શરૂઆત અને પાસ્ખાપર્વ મૃત્યુ ઉપરના વિજય સાથે, મહિમા અને સામર્થ્યનું પર્વ છે. આશા અને નવા જીવનની અનેક શક્યતાઓનો સરવાળો છે. આમ ઈસુનું મૃત્યુ અને પુનરુત્થાન એક જ ઘટનાનાં બે પરિણામ અને પરિમાણ છે. કબર અને ખાલી કબર એક જ સિક્કાની બે બાજુ છે. આમ શુભ શુક્રવારમાં પાસ્ખાપર્વનો વિજય છુપાયેલો છે જયારે પાસ્ખાપર્વમાં ક્રૂસ ઉપરની યાતનાં છુપાયેલાં છે.

**મૃત્યુ-અને પુનરુત્થાનનું સાયુજય :** પોતાના જાહેર જીવન દરમ્યાન ઈસુ જયારે પોતાના મૃત્યુની વાત કરે છે ત્યારે ફકત મૃત્યુની વાત કરી અટકી જતા નથી, બલકે મૃત્યુની સાથે પુનરૂત્થાનની વાત પણ સાથે કરે છે. મૃત્યુ અને પુનરૂત્થાનનું સમાંતર નિવેદન ઈસુ પોતાના શિષ્યો સમક્ષ કેટલાંક ઠેકાણે કરે છે. ઈસુ પોતાના શિષ્યોને કહે છે, 'મારે યેરુશાલેમ જવું જોઈએ, ત્યાં મારે ઘણું વેઠવાનું છે. વધેરાઈ જવાનું છે અને ત્રીજે દિવસે ફરી સજીવન થવાનું છે.' (માથ્થી ૧૬:૨૧)

'એ જ રીતે માનવપુત્રને માનવીઓના હાથમાં સોંપી દેવામાં આવનાર છે. અને તેઓ તેનો વધ કરશે, ત્યારપછી ત્રીજે દિવસે તે પાછો સજીવન થશે.' (માથ્થી ૧૭:૨૩)

'તેઓ તેને મૃત્યુદંડ ફરમાવી પરદેશીઓને હવાલે કરશે તેઓ એની મશ્કરી કરશે, એને ફટકા મારશે અને ક્રૂસે ચડાવશે; પણ ત્રીજે દિવસે એ ફરી સજીવન થશે.' (માથ્થી ૨૦:૧૯)

પરંતુ દરેક વખત શિષ્યો મૃત્યુ અને પુનરૂત્થાનનો અર્થ સમજી કે પામી શકતા નથી.

**ઈસુનો જીવન ઉદ્દેશ :** પયગંબર યશાયાએ પોતાના ગ્રંથ (૭:૧૦-૧૪ અને યશાયા ૬૧:૧)માં ઈસુના જીવન ઉદ્દેશ અંગે ઈ.સ. પૂર્વે ૮મી સદીમાં ભવિષ્યવાણી કરી હતી. એ જ મુક્તિકાર્યની ઘોષણા ઈસુના જન્મ સમયે જ દેવદૂત કરે છે. 'તમારો મુક્તિદાતા અવતર્યો છે'. આ ઘોષણા મુજબ ઈસુના જીવનનો હેતુ અને ઉદ્દેશ સૌને મુક્તિ આપવાનો છે. આદમ દ્વારા પ્રવેશેલ મૂળ પાપમાંથી મુક્તિ અપાવવાનું કાર્ય એ ઈસુના જીવનનો ધ્યેય હતો, જેની શરૂઆત યશાયાનું ઓળિયું વાંચતા ઈસુ કહે છે :

'મારામાં પ્રભુનો આત્મા ઉતરી આવ્યો છે,
કારણ, તેણે મારો અભિષેક કર્યો છે.
તેણે મને એટલા માટે મોકલ્યો છે કે હું
દીનજનોને શુભસંદેશ સંભળાવું,
બંદીવાનને મુક્તિદાન
અને અંધજનોને દૃષ્ટિદાન જાહેર કરુ,
દલિતોને મુક્ત કરું,
તેમજ પ્રભુની કૃપાની ઘોષણા કરું.'(લૂક ૪:૧૮-૧૯)

આમ સર્વ માનવજાતને કૃપા મળે એ તેમનો જીવન ઉદ્દેશ હતો. આધુનિક મેનેજમેન્ટમાં જીવન ઉદ્દેશ શબ્દ મિશન સ્ટેટમેન્ટ તરીકે વધારે જાણીતો છે. ઈસુનો જીવન ઉદ્દેશ માર્ક ૧૦:૪૫માં વધારે સ્પષ્ટ રીતે જોવા મળે છે :

'કારણ, ખુદ માનવપુત્ર સેવા લેવા નહિ પણ સેવા કરવા અને સૌની મુક્તિ માટે પોતાનું જીવન અર્પી દેવા અવતર્યો છે.'

'વળી જે કોઈ ખોવાઈ ગયું છે તેને શોધવા અને ઉદ્ધારવા અવતરેલો છે.' (લૂક ૧૯:૧૦)

ઈસુના જીવન ઉદ્દેશની પરિપૂર્તિ ક્રૂસની પીડા, મરણ અને પુનરુત્થાનમાં થાય છે.

**ઈસુનું પુનરૂત્થાન :** નવા કરારમાં પુનરૂત્થાન શબ્દનો કુલ એકસોને ચાર વખત ઉપયોગ થયેલ જોવા મળે છે. પુનરૂત્થાન શબ્દનો જોડણીકોશ મુજબ અર્થ થાય છે, ફરીથી ઊભું થવું અથવા પુનઃ જાગૃતિ એવો થાય છે. અંગ્રેજી શબ્દ Ressarrectionનો અર્થ મરેલામાંથી ઊભા થવું કે બહાર કાઢવું કે કબરમાંથી ઊભા થવું તેવો થાય છે.

ક્રૂસ પરનું મૃત્યુ, કબરમાં દફન અને ત્રીજા દિવસે પુનરુત્થાનથી ઈસુ મૃત્યુંજય બન્યા છે. ખ્રિસ્તી ધર્મ અને આસ્થાના તાણાવાણા ઈસુના જીવન, મૃત્યુ અને પુનરુત્થાનની આરપાર ગૂંથાયેલા છે. વિશેષમાં ઈસુનું પુનરુત્થાન તો ધર્મનું હાર્દ છે. આ જ સંદર્ભમાં પાઉલ લખે છે કે, 'જો ખ્રિસ્ત ફરી સજીવન ન થયા હોય તો અમારો ઉપદેશ વ્યર્થ છે અને તમારી શ્રદ્ધાનો પણ કશો અર્થ નથી.' (૧ કરિંથ ૧૫:૧૪)

**પુનરૂત્થાનની સાબિતી :** પ્રભુ ઈસુના મૃત્યુની નોંધ નવા કરારમાં યોહાન ૧૯:૩૦માં જોવા મળે છે. 'આમ કહીને માથું નમાવીને તેમણે પ્રાણ સોંપી દીધા !' આ મુક્તિદાતા સર્વ માનવજાતને મુક્તિ મળે તે માટે અવતર્યા હતા ત્યારે જગ્યા ન હોવાથી ગામ બહાર ગભાણમાં અન્ય કોઈની જગ્યાએ જન્મ લે છે.માનવ ઉદ્ધાર અને મુક્તિ અર્થે

જાહેર જીવનમાં હરતા ફરતા રહે છે. ત્યારે સંત લૂક નોંધે છે તે મુજબ 'માનવપુત્રને માથું મેલવાનેય ઠામ નથી, જગ્યા નથી' (૫:૫૮) એજ મુક્તિદાતા સર્વના ઉદ્ધાર અર્થે જયારે પ્રાણ ત્યાગે છે, ત્યારે આભ અને ધરા વચ્ચે ટીંગાયેલા હોય છે, ટીંગાયેલા દેહ પર લાજ ઢાંકવા પૂરતું વસ્ત્ર હોય છે અને એ દેહને દફનાવવા કાજે કબર પણ નથી હોતી. આથી અન્ય માટે 'કોરી કાઢેલી એક કબરમાં તેમને મૂક્યા.' (માર્ક ૧૫:૪૬) આ કબર જ પુનરૂત્થાનની અને ઐતિહાસિક ઘટનાની સૌથી મોટી સાબિતી બને છે. ઈસુની 'ખાલી કબર' જ વિશ્વને નવજીવનથી ભરી દે છે.

નવા કરારમાં પુનરૂત્થાનની અનેક સાબીતીઓ જોવા મળે છે જેમ, કે, 'ઈસુ ઊઠ્યા છે.' 'પુનરૂત્થાન પામ્યા છે.' 'તેનો પુરાવો પથ્થર હટી ગયો છે ને કબર ખાલી છે.' ઈસુ સ્વયં કહે છે 'બાઈ તું કોને શોધે છે?' (યોહાન ૨૦:૧૫) ત્યારબાદ ઈસુએ બે જણને દર્શન દીધાં. (માર્ક ૧૬:૧૨) તે જ રીતે એમ્માઉસ જતા અજાણ્યા પ્રવાસીને દર્શન આપ્યાં. ઈસુએ અગિયાર શિષ્યોને દર્શન આપ્યાં. (લૂક ૨૪:૩૩) આ સમયે શિષ્યોના હૃદયમાં મૂંઝવણ, આનંદ અને સંશયની લાગણીઓનું તુમુલ યુદ્ધ ચાલતું હશે અને જ્યારે બાકીના શિષ્યોએ થોમાને કહ્યું કે, 'પ્રભુ ઊઠ્યા છે', ત્યારે થોમાએ અવિશ્વાસ કર્યો હતો. પણ બીજીવાર ઈસુએ 'ઉપલી મેડી' ઉપર થોમાને દર્શન આપ્યું હતું અને થોમા આનંદથી બોલી ઊઠ્યો હતો. 'ઓ મારા પ્રભુ અને મારા પરમેશ્વર.' (યોહાન ૨૦:૨૫) તિબેરિયાસ સરોવરે સૌ શિષ્યોને દર્શન આપ્યા. (યોહાન ૨૦:૨૧)અને સૌથી અગત્યનું તો પ્રભુએ એક સાથે પાંચસો ઉપરાંત ધર્મબંધુઓને દર્શન આપ્યા હતાં. (૧ કરિંથ ૧૫:૬) આ ઉપરાંત પુનરૂત્થાન બાદ ઈસુ ૪૦ દિવસ સુધી શિષ્યો સાથે રહ્યા હતા, જીવ્યા હતા અને પછી સ્વર્ગે સિધાવ્યા હતા.

**પુનરૂત્થાનનું મહત્ત્વ :** આમ,ઈસુ મૃત્યુ બાદ ફરી સજીવન થયા ન હોત તો તેમનાં મૃત્યુમાં અને સામાન્ય માણસમાં કોઈ ફેર ન હોત, પણ ઈસુ સ્વયં કહે છે 'જીવન આપી દેવાની અને પાછુ મેળવવાની સત્તા મારી પાસે છે.' યોહાન ૨:૧૯ મુજબ મંદિર તોડી પાડી ત્રણ દિવસમાં ઊભું કરવાની વાત સ્વંય ઈસુ કરે છે, જે આમ મૃત્યુ બાદ સજીવન થઈને ઈસુ આ સતા પોતાની પાસે છે તેની સાબીતી આપે છે. બીજો અગત્યનો મુદ્દો એ બને છે કે જો ઈસુ મૃત્યુ પામીને સજીવન થયા ન હોત તો તેમનું મૃત્યુ પાપનાં કારણે થયું છે તેમ સાબિત થયું હોત પણ પુનરુત્થાન પામીને તેમણે પાપ અને મૃત્યુ એમ બંને ઉપર વિજય મેળવ્યો છે તે સ્વયં સાબિત થાય છે. ઈસુના પુનરુત્થાન પરનો વિશ્વાસ આપણને મુક્તિ ફળની પ્રાપ્તિ રળી આપે છે.

**ઈસુના અનુયાયી :** ઈસુ કહે છે : 'જો કોઈ મારો અનુયાયી થવા માગતો હોય તો તેણે પોતાની જાતનો ત્યાગ કરવો જોઈએ અને હરરોજ પોતાનો ક્રૂસ ઉપાડીને મારી પાછળ આવવું જોઈશે.' (લૂક ૯:૨૩) આમ ઈસુની પાછળ ચાલવા, પુનરૂત્થાન પામવા, મુક્તિ મેળવવા પોતાની જાતનો ત્યાગ કરવો પડે એ પૂર્વશરત છે.મુક્તિનો સામાન્ય અર્થ થાય છે. 'કશાયમાંથી મુક્તિ' સામાન્ય રીતે મુક્તિનો અર્થ 'લોભમાંથી, ઈર્ષામાંથી કે પાપમાંથી મુક્તિ એવો કરવામાં આવે છે. જ્યારે કૃષ્ણમૂર્તિ કહે છે તે મુજબ મુક્તિ અર્થાત્ પ્રત્યક્ષ દર્શન છે.' મુક્તિ એ મનની ગુણવત્તા છે, આ ગુણવત્તા એટલે પ્રજ્ઞા... અને આ પ્રજ્ઞા એટલે ઘટના કે હકીકતનો એ જેવી હોય તેવી સ્પષ્ટ રીતે જોવાની શક્તિ... સત્યને સત્ય તરીકે, અસત્યને અસત્ય તરીકે જોવાની શક્તિ. આમ મુક્તિએ એક જવાબદારી છે. ઈસુના અનુયાયી બનવા આ જવાબદારી લેવી પડે જ. અને આ જવાબદારી એટલે પોતાની જાતનો ત્યાગ કરી, પોતાની જાતને ના કહીને, પોતાનો નકાર કરીને વધસ્તંભને હા કહેવી. એ જ ખરું અનુયાયીપણું છે. ઈસુના અનુયાયી હોવા છતાં આપણી નબળાઈઓના સંદર્ભમાં સંત પાઉલ લખે છે, 'હું જે ઈચ્છું છું તે સુંદર કાર્ય હું કરતો નથી અને જે નથી ઈચ્છતો તે બુરું કાર્ય કરતો હોઉં છું. જેમકે હું મારો અહંકાર, મારા પૂર્વગ્રહો, મારી માન્યતાઓ, મારી વિચારધારાઓને પ્રયત્ન કરવા છતાંય છોડી શકતો નથી અને જાણે અજાણ્યે હું વળગી રહેલો છું. હું ઈચ્છું છતાંય મુકત થઈ શકતો નથી.મારી જુની ટેવો કે કુટવો મારી માનસિકતા જેને હું છોડવા ઈચ્છું છું છતાંય હુ છોડી શકતો નથી. અને હું એક ભ્રમમાં જીવું છું કે હું મુકત થઈ ગયો છું... આમ સંત પાઉલ જેવી વ્યથા અને દ્વિધા આપણે પણ અનુભવતા હોઈએ છીએ. આપણે કેવા હોવા જોઈએ તે વિશે અનેક વિચારો અને કલ્પનાઓ આપણે કરીએ છીએ પણ મૂળભૂત રીતે આપણે બદલાતા નથી. આથી સંત પાઉલ આપણને જૂની પુરાણી પ્રકૃતિ છોડી દઈને મુક્ત થવાની સલાહ આપે છે.

**જૂની પુરાણી પ્રકૃતિ :** શબ્દકોશ મુજબ પ્રકૃતિ એટલે પ્રધાનગુણ, ધર્મ, સ્વભાવ કે મિજાજ. આમ આ પ્રકૃતિ કે સ્વભાવ આપણને પુનરૂત્થાનથી દૂર લઈ જાય છે. આ પ્રકૃતિ પુનઃ આપણને પાપમાં પ્રેરે છે. એ પ્રકૃતિને તિલાંજલી આપવાની તાતી જરૂર છે. પણ આપણે ચાર્લ્સ ડિકન્સના કેદીની જેમ વર્તીએ છીએ. એક કેદી વર્ષોથી બહારના પ્રકાશથી વંચિત અંધારી કાળ કોટડીમાં જ જીવન વીતાવતો હતો. તેના માટે સમય થંભી ગયો હતો. અંધકાર જ તેનું જીવન હતું. તેની સજા પૂરી થતાં તેને કેદખાનામાંથી મુક્ત કરવામાં આવ્યો ત્યારે વર્ષો બાદ અંધારી કોટડીમાંથી બહાર અજવાળામાં આવે છે. કેદ બહાર સ્વતંત્રતા, મુક્તિનું વાતાવરણ, અવકાશ-મોકળાશ અને પોતાની રીતે જીવન જીવવાની આઝાદી હોય છે. પણ આ આઝાદીથી પેલો કેદી થોડા સમયમાં જ કંટાળી જાય છે ને પુનઃ પેલી કાળ કોટડીમાં ચાલ્યો જાય છે. કેદખાનામાં, કાળ અંધકારમાં, વજનદાર સાંકળની બેડીઓ વચ્ચે તેને વધારે સલામતી લાગે છે.

એ જ રીતે આપણને પેલી 'પ્રકૃતિ' વધારે ગમે છે. જે જાણે અજાણ્યે પાપમાં પ્રેરે છે. અમુક વિચારો, ટેવો, રીતરિવાજો, પરંપરા સાથે એવો લગાવ થઈ જાય છે કે આપણે તે છોડવા તૈયાર થતા નથી. આ માનસિકતા જ આપણને પુનરૂત્થાનથી દૂર લઈ જાય છે. પણ એફેસસ ૪:૨૨ મુજબ પુનરૂત્થાન પામવા આપણે પહેલાંની જીવન રીતિનો ત્યાગ કરવાની જરુર નથી અનુભવાતી? ભૂલવામાં નાંખનાર વાસનાઓથી સડતી જતી જૂની પુરાણી પ્રકૃતિની કાંચળી ઉતારી નાંખી અને મન અને આત્માથી નવા બનવાની આ તક ગુમાવવા જેવી નથી. આમ પુનરૂત્થાન સાથે અનુસંધાન સાધવાની પૂર્વ શરત જૂની પુરાણી પ્રકૃતિને છોડી દેવામાં જ રહેલી છે. જૂનું અને બંધિયારપણાને જો તેની સીમાઓમાંથી મુક્ત કરવામાં ન આવે તો જરૂર બધું ગંધાઈ ઉઠે...આથી જૂના વિચારો, પૂર્વગ્રહો, નકારાત્મક વિચારો, ઈર્ષા, વેરઝેર, ઈર્ષા, દ્વેષ, લોભ અને લાલસાઓ મુક્ત થઈ જવાથી જ પુનરુત્થાનની અનુભૂતિ થાય, તેમજ ખ્રિસ્ત સાથેના સંબંધના કારણે પુર્નજીવનનો અનુભવ રોજિંદા જીવનમાં થાય છે.

રોજિંદા જીવનમાં આપણને બોજ જેવું લાગે, જીવનમાં કોઈ હેતુ કે, અજવાળું દેખાતું ન હોય ત્યારે આ પુનરુત્થાન આપણને જીવન જીવવાનો હેતુ પુરો પાડે એ માટે ઈશ્વરને અનુસરવાની તાતી જરુર છે. રોજિંદા જીવનમાં સગાં, સ્નેહીજન, કે મિત્રો સાથે કોઈ મતભેદ ઉભા થયા હોય ને સંબંધો જો મૃત્યુ પામ્યા હોય તો આ પુનરુત્થાનમાંથી આપણે સંબંધોને પુનઃસજીવન કરવાની પ્રેરણા કેમ મેળવી ના શકીએ. ?

રોજિંદા જીવનમાં નિરાશા વ્યાપી વળી હોય, હતાશા અને ચિંતાના વાદળ ઘેરી વળ્યાં હોય અને આશાનું કોઈ કિરણ નજરે પડતું ના હોય ત્યારે આ પુનરુત્થાન આપણને ઉત્સાહ અને જીવન જીવનની નવી આશા અને પ્રેરણા આપી શકે છે. પણ હવે પુનરુત્થાન પામવા માટે શરીરથી મૃત્યુ પામવાની જરૂર નથી પણ મનથી મૃત્યુ પામવાની જરૂર છે. આપણે શરીર મૃત્યુથી વાકેફ છીએ. મનના મૃત્યુની વિભાવનાથી અજાણ છીએ. મનનું મૃત્યુ એટલે મનના ભૂતકાળથી, મનની તમામ સ્મૃતિઓથી, મનના ભૂતકાળના અનુભવથી અનાસક્ત થવું એટલે મનનું મૃત્યુ. મનનું મૃત્યુ એ સાગરમાં લીન થઈ જવાની ક્રિયા જેવું છે. સાગરમાં લીન થઈ જવાથી વ્યકિતનું વ્યકિત્વ મરી જતું નથી પણ તે સાગરમાં પરિવર્તીત થઈ જાય છે આમ, પુનરૂત્થાનમાં મૃત્યું એ અંત નથી, પણ પરિવર્તન માટેની શરૂઆતનું બિન્દુ છે. જો પ્રત્યેક ક્ષણે મન મૃત્યુ પામે તો પ્રત્યેક ક્ષણે મન પુનરુત્થાન પામે છે. નવું જીવન પામે છે. નવી શીખ, નવી આશા, નવી સમજણ પામે છે અને આ જ હૃદય પરિવર્તન છે. આ જ હૃદય પલટો છે.

જેમ વૃક્ષનાં પાંદડા સીંચવાથી ફળની ગુણવત્તામાં કોઈ ફેરફાર થતો નથી પણ વૃક્ષનાં મૂળિયામાં સીંચન કરવાથી જ ફળ મળી શકે છે. આમ, ફળની ગુણવતા માટે બીજ અને મૂળિયાંની ગુણવત્તા જરૂરી છે. અને વૃક્ષનાં મૂળિયાં એ જ આપણું મન... મન બદલાવાથી પવિત્ર આત્માનાં પ્રેમ, આનંદ, શાંતિ, ધૈર્ય, સૌજન્ય, ભલાઈ, વફાદારી, સૌમ્યતા, આત્મસંયમ...(ગલાતિયા ૫:૨૨) જેવાં અનેક ફળો ખીલે છે. જેમ એક બીજમાંથી એક વૃક્ષ ઊગે છે પણ એ વૃક્ષમાં ખીલેલાં ફળમાં અનેક વૃક્ષોની સંભાવનાઓ છુપાયેલી હોય છે, તેમ પવિત્ર આત્માના આ ફળો પુનરુત્થાનની,નવા જીવનની અનેક શકયતાઓ લઈને આવે છે. આથી જ યોહાન ૧૧:૨૫માં લખવામાં આવેલ છે કે 'હું જ પુનરુત્થાન છું અને હું જ જીવન છું...જેને મારામાં શ્રદ્ધા છે તેને મૃત્યુ થાય તો પણ તે જીવતો થશે.'

તપઋતુના અંતે, પાસ્ખાપર્વ નિમિત્તે સંકલ્પ કરીએ કે, પ્રભુની ક્ષમાદાન કૃપા મેળવી, પાપ અને પાપનાં પ્રલોભન, કુસંગથી દૂર રહીએ અને પાપની ગુલામીમાંથી મુક્ત થઈએ, પુનરુત્થાન પામીએ. અને જીવતા થવું એ જ easter છે. easter મૂળ લેટિન શબ્દ Aurora માંથી ઉતરી આવેલ છે. જેનો અર્થ નવા જીવનનો પ્રારંભ. નવા જીવન માટે જૂનું દફનાવી દેવું પડે. દફન હોય તો જ પુનરૂત્થાન શક્ય બને અને પુનરૂત્થાન માટે ગળામાં ક્રૂસ લટકાવવાને બદલે ક્રૂસ ઉપર ગળુ લટકાવવાની તૈયારી કેળવવી પડે. આમ ઈસુ કાજે જે પોતાનું જીવન ખોવા તૈયાર થાય છે તેનું જીવન બચે છે પણ જીવન બચાવવા, પુનરૂત્થાન પામવા, મૃત્યુ અનિવાર્ય છે !●

**- શૈલેષ ક્રિસ્ટી, સહતંત્રી**

## 'દૂત'ની નીતિવિષયક સ્પષ્ટતા
## ગ્રાહકોને... કવિ/લેખકોને...વિજ્ઞાપન દાતાઓને...

૧. 'દૂત'માં પ્રસિદ્ધ થતી જાહેરાત કેથોલિક ધર્મસભાના સિદ્ધાંતો અને મૂલ્યોને સુસંગત હોવી જોઈએ.

૨. 'દૂત'માં આવતી તમામ જાહેરાતોની વિચારસરણી સાથે 'દૂત' બંધાયેલ નથી.

૩. 'દૂત'માં પ્રગટ થતી જાહેરાતની સત્યતાની ખાતરી ગ્રાહકે કરવાની રહેશે. ખાતરી બાબતે 'દૂત' જવાબદાર રહેશે નહિ.

૪. 'દૂત'માં પ્રગટ થતા વિચારો કે અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.

૫. કાર્યાલયને મોકલેલ લેખની નકલ/ફોટો લેખકે પોતાની પાસે રાખવી, મળેલ નકલ પરત કરવા કાર્યાલય બંધાયેલ નથી.

૬. લેખના સુધારા-વધારાનો અબાધિત અધિકાર તંત્રીશ્રીનો રહેશે જેની નોંધ લેવી.

૭. અન્યત્ર પ્રકાશિત થયેલ સામગ્રી-લેખ 'દૂત'માં પ્રકાશિત કરવામાં આવશે નહીં. લેખકે તે અંગેની બાંહેધરી આપવાની રહેશે.

૮. અસ્વીકૃત લેખ/કાવ્ય/સમાચાર અંગે પત્રવ્યવહાર અશક્ય છે.

૯. ધર્મસભામાં નોંધપાત્ર પ્રદાન ધરાવનાર વ્યક્તિઓ વિશેષ જ 'દૂત'માં શ્રદ્ધાંજલિ લેખ પ્રસિદ્ધ કરવામાં આવશે.

૧૦. કવિ/લેખક/વિજ્ઞાપન દાતાઓએ પોતાની કૃતિ/જાહેરાત સાથે પોતાનું પૂરું નામ-સરનામું, મોબાઈલ/વોટ્સએપ નંબર તથા ઈ-મેઈલ આઈ.ડી. અવશ્ય આપવાં. કવિ/લેખકોએ પોતાનો પાસપોર્ટ સાઈઝનો ફોટો પણ આપવો.

૧૧. ન્યાયિક હકૂમત (Jurisdiction) આણંદ જિલ્લો રહેશે.

## જૂન - ૨૦૧૯

**મહત્ત્વના દિવસો :**

૦૧ જૂન - બાળ સુરક્ષા દિન
૦૫ જૂન - વિશ્વ પર્યાવરણ દિન
૧૨ જૂન - બાળ મજૂરી નિષેધ દિન
૧૪ જૂન - રક્તદાતા દિન
૧૬ જૂન - ફાધર્સ ડે (જૂનનો ત્રીજો રવિવાર)
૨૦ જૂન - વિશ્વ નિરાશ્રિત દિન
૨૩ જૂન - વિશ્વ વિધવા દિન

**ધર્મસભાના મહત્ત્વના દિવસો :**

૦૨ જૂન : પ્રભુ ઈસુનું સ્વર્ગારોહણ
૦૯ જૂન - પવિત્ર આત્માનું પર્વ
૧૩ જૂન - પાડુઆના સંત અંતોન
૧૬ જૂન : સચ્ચિદાનંદનું પર્વ
૨૧ જૂન - સંત આલોઇસ ગોન્ઝાગા
૨૩જૂન - પરમપ્રસાદનું પર્વ
૨૪ જૂન - સ્નાનસંસ્કારક સંત યોહાન
૨૯ જૂન - સંત પીતર અને પાઉલ
૩૦ જૂન - ઈસુના પરમપૂજ્ય હૃદયનું પર્વ

**આ વિષય ઉપરાંત અન્ય વિષયના લેખ 'દૂત' કાર્યાલયને તેમજ કાવ્ય, કાવ્યધારાના સંપાદકને તા. ૫ મી મે, ૨૦૧૯ સુધીમાં મોકલવા વિનંતી.**

પાવન હૃદય **દૂત**

# કાવ્યધારા



## પથ્થર થયો

મીણ જેવો માનવી પથ્થર થયો,
બોલતાં શીખી પછી અક્ષર થયો !

એકલો પડતાં હવે રડ્યા કરે,
જો વળે ટોળે પછી અવસર થયો !

બારણે આવી નદી અટકી ગઈ,
ત્યારથી એ એકલો સરવર થયો !

ભેજ જેવું પાંપણે આવ્યા કરે,
એ સવારે ઊઠતાં ઝરમર થયો !

*— કલ્પેશ સોલંકી ‘કલ્પ’*

## મૃત્યુ કવિનું !

શ્વાસ છૂટી જાય,
તો જ થાય મરણ, કોણે કહ્યું ?
કલમ છૂટી ને, તોય મરણ થાય !

આંખે ઝમે અંધાર,
તો જ થાય મરણ, કોણે કહ્યું ?
શબ્દો ઓઝલ થાય ને, તોય મરણ થાય !

તન શિથિલ થાય,
તો જ થાય મરણ, કોણે કહ્યું ?
સર્જન શિથિલ થાય ને, તોય મરણ થાય !

મહાવ્યાધિ વળગે,
તો જ થાય મરણ, કોણે કહ્યું ?
‘વાહ-વાહી’ વળગે ને, તોય મરણ થાય !

ઢળતી વય ઢલી જાય,
તો જ થાય મરણ, કોણે કહ્યું ?
‘કલદાર’ કલામાં ભળેને, તોય મરણ થાય !

દેહ ભસમ થાય
તો જ મરણ થાય,કોણે કહ્યું ?
નેહ ભસમ થાય ને, તોય મરણ થાય !

*- સંગીતા સુનિલ ચૌહાણ ‘તપસ્યા’*

## રણકાર

ટન...ટન...ટન...

રણકી રહે ઘંટનાદ
ચોપાસ આપણી આસપાસ !

દેવાલયમાંથી વહી આવતો,
અસીમ શાંતિ પ્રસારતો,
ઉર આત્માને ભરી દેતો,
એ આ ઘંટારવ...

કિંતુ નિયંત્રણ જગતાતનું-
જે, પ્રેરતું તન મન અર્પવાને,
ભરપૂર પ્રેમથી ભીંજાવાને,
રણકે આ ઘંટારવ...

*- સવિતા પરમાર*

## જરૂરી છે

સાથી મળે જીવનમાં સફર પણ જરૂરી છે,
જન્મ અને મરણની ખબર પણ જરૂરી છે.

ઠાલા તમારા શબ્દોને લઈને હું શું કરું ?
એક સ્નેહભરી મીઠી નજર પણ જરૂરી છે !

તમારી શોધમાં હું ક્યાં ક્યાં નથી ગયો,
અમારા પ્રયત્નોની કદર થવી પણ જરૂરી છે.

માથું નમાવી રોજ તારી પ્રાર્થના કરું,
એવી આ દુઆની અસર પણ જરૂરી છે.

તારા ગયા પછી પણ તને મળું હું કેમ,
ફૂલો ચઢાવવાને કબર પણ જરૂરી છે.

સુખી જીવન આ જાય બસ એની જ ઝંખના,
પરલોકના જીવનની ફિકર પણ જરૂરી છે !

*- રમેશ મેકવાન*

## ખ્રિસ્તમય

જીવન જીવે જે ખ્રિસ્તમય, પલપલ ને હરઘડી
એની પ્રીતના પાગલને દુનિયાની શી પડી...

કિર્તીતણા કળશને ઢોળાવી શું કરું,
આખા જગની સત્તા ધરાવીને શું કરું,
સુકૃત્યોની દીપમાળ સળગી,
રાત અજવાળી શું કરું !
અમૂલ્ય એવી એક મને વસ્તુ જડી ગઈ...

સત્યના પંથે ચાલ્યા છીએ, ચાલીશું, ચાલશું
કાંટા મળે યા કંકર, એને પુષ્પો માનશું,
અપમાનિત થવાયે ન ઉફ ઉચ્ચારશું,
પ્રેમથી વશ કરશું એ શસ્ત્રોની ના કમી...

જંગ જામ્યો સાચ જૂઠનો,
કોણ જીતશે હારશે,
જૂઠ જીતશે આ જગતમાં, ત્યાં એ હારશે,
કયામતમાં સત્ય અસત્યને મારશે-
છોને હજ્જારો ફોજ, અમારા ઉપર ચડી...

આપણો ધર્મ છે પ્રેમનો, પ્રેમ જતાવીને,
એક છીએ શ્રીસભામાં
એવી એકતા બતાવીને,
સંકટના ટાણે ભાઈઓ, ઈર્ષ્યા મિટાવીને,
સંકટનો કરજો સામનો ભેરૂ આવે ઘડી...

*- જોસેફ વાય. મેકવાન*

સરનામું:
To,
ડો. સિલાસ પટેલિયા
૨૦૧-સેફોન ક્લાસિક
SBS Colony, ડિલક્ષ ચાર રસ્તા
નિઝામપુરા વડોદરા - ૩૯૦૦૦૨
મો: ૯૩૭૭૨૬૬૮૨૮

# ધર્મસેવાલક્ષી માર્ગદર્શનપત્ર

✍ **પરમપૂજનીય ઓસ્વાલ્ડ કાર્ડિનલ ગ્રેશિયસ, મહાધર્માધ્યક્ષ, મુંબઈ મહાધર્મપ્રાંત અને પ્રમુખ, ભારતીય કેથોલિક ધર્માધ્યક્ષ પરિષદ(CBCI), (અનુ. બકુલ મેકવાન)**

આપણા દેશમાં ચૂંટણીનો માહોલ સર્જાયો છે. લોકસભા ચૂંટણીઓની તારીખો જાહેર થઈ ચૂકી છે. એપ્રિલ ૧૧ થી ૧૯ મે, ૨૦૧૯ દરમ્યાન, આપણી સંસદના સભ્યોની પસંદગી કરવા ચૂંટણીઓની મોટી પ્રક્રિયામાંથી દેશ પસાર થશે. વિશ્વની મોટામાં મોટી લોકશાહીમાં કરોડો લોકો મતદાન કરવા જશે, યુરોપ અને ઓસ્ટ્રેલિયાની તમામ વસ્તી કરતાં આપણે વધુ જનસંખ્યા ધરાવીએ છીએ ! આપણે સહુ આપણા દેશ માટે સાચે જ ગૌરવ ધરાવીએ છીએ, દરેક સરકાર કશીક સુધારણા લાવવાના પ્રયાસો કરે છે, એ અન્વયે સામાન્યતયા શાંતિપૂર્ણ એવી આપણી ચૂંટણીની પ્રક્રિયામાં પણ સુધારણા આવતી જાય છે. સ્થાનિક સંજોગોને અનુકૂળ બનવાની બાબતમાં ભારત બીજા દેશો માટે એક અનુકરણીય આદર્શ છે.

લોકોના પાળકો તરીકે અમે ધર્માધ્યક્ષો આ પત્ર દ્વારા આપને સંબોધન કરવાની અમારી ફરજ સમજીએ છીએ જેથી સદ્‌ભાવના ધરાવતા તમામ લોકો સાથે જોડાઈ જઈને આપણે દેશના ભાવિનું ઘડતર કરવા અસરકારક રીતે સહયોગ આપી શકીએ.

આરંભે જ અમે એક બાબતની સ્પષ્ટતા કરવા માગીએ છીએ કે, કેથોલિક ધર્મસભા કોઈપણ રાજકીય પક્ષની તરફેણ કરતી નથી. કેથોલિક ધર્મસભાની આ એક સુવિદિત નીતિ છે. જો કે તેમ છતાં, દરેક ચૂંટણી અગાઉ આપણાં દેશના હિત માટે આપણા બાંધવોને સામાન્ય માર્ગદર્શન આપવું જરૂરી સમજીએ છીએ. વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં હરણફાળથી આપણા દેશે ખૂબ જ પ્રગતિ સાધી છે. માળખાકીય અને જાહેર સુવિધાઓમાં સુધારો આવ્યો છે. આપણું અર્થતંત્ર ઝડપી ગતિએ વિકાસ કરતું અર્થતંત્ર છે. વર્ષો દરમ્યાન થયેલ સારી એવી પ્રગતિમાં દરેક સરકારનો ફાળો રહ્યો છે. ભાવિ માટે એક મોટો આશાવાદ છે. આ સાથે ચિંતા જન્માવે એવી અનેક બાબતો છે. શ્રીમંત અને ગરીબ પ્રજા વચ્ચેની ખાઈ વધુ મોટી થતી જાય છે. અનેક બિનસંગઠિત અને છૂટક શ્રમિકો જે આમદાની રળે છે તેનાથી તેઓ ભાગ્યે જ અસ્તિત્વ ટકાવી શકે છે. ખેડૂતો અને કૃષિક્ષેત્રમાં કાર્યરત લોકો ગંભીર તણાવ હેઠળ જિંદગી ગુજારી રહ્યા છે. વધુમાં સમાજને દિશા પૂરી પાડે તેવી નૈતિકતાનું ધોવાણ થઈ રહ્યું છે. અનેક નિર્ણયો પછવાડે કેવળ આર્થિક ચિંતા જ ધ્યાનમાં લેવાઈ રહી છે. ભારત એક આધ્યાત્મિક રાષ્ટ્ર છે, પરંતુ ઈશ્વરને હળવેથી હાંસિયામાં ધકેલવામાં આવી રહ્યા છે. આવા સંદર્ભમાં અને ઈતિહાસની આ પળે આપણે ત્યાં ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે.

સહુ પ્રથમ આપણે આપણી મતદાનની ફરજને યાદ કરીએ. ૧૮ વર્ષથી વધુ વયના દરેક નાગરિકને મત આપવાનો અધિકાર છે, અને મતદાન એ દેશ પ્રત્યેની આપણી પવિત્ર ફરજ પણ છે. આપણા લોકોને આ ફરજ પ્રતિ સભાન કરવા આપણા ધર્મવિભાગોના તમામ પુરોહિતોને વિનંતી કરવામાં આવે છે. દરેક મત મૂલ્યવાન છે. તેથી, મતદાનની પવિત્ર ફરજ અદા કરવા આપણે જાત પ્રત્યે, આપણાં સંતાનો અને આપણા દેશ પ્રત્યે પ્રતિબદ્ધ છીએ. આ રીતે રાષ્ટ્રના ઉજ્જવળ ભવિષ્યના નિર્માણમાં આપણે સહભાગી બનીએ છીએ.

હું દરેક સમુદાયને પ્રાર્થના કરવા અનુરોધ કરું છું અને આપણા દેશ માટે કઈ બાબત શ્રેયકર છે તેની પ્રાર્થનામાં પરખ કરવા વિનંતી કરું છું. આપણે મતદાનમાં વિવેક જાળવવાનો છે. કેથોલિક ધર્મસભા એવી સામાન્ય ચૂંટણીઓ બાદ એવા આગેવાનોની આશા રાખે છે, જેઓ લોકોની સારસંભાળ રાખે, લોકોની ચિંતાઓ અને જરૂરિયાતોને સમજે અને અસરકારક પ્રતિસાદ આપે.

ભારતમાં આપણને એવા આગેવાનોની જરૂર છે જેઓ સત્તા એ સેવા છે એવી સમજ કેળવે અને તેથી :

**૧.** એવા અર્થતંત્ર માટે કાર્ય કરે જે વિશેષતઃ ગરીબો અને વંચિતોને મદદરૂપ થાય, તેઓની ગરિમાનું રક્ષણ કરે, તેઓના ઉત્થાન માટે કામ કરે અને રાષ્ટ્રના ઘડતરમાં ભૂમિકા ભજવવા આ સમુદાયને સક્ષમ બનાવે. **૨.** તમામ લોકો, સવિશેષ મહિલાઓ અને બાળકો માટે સંપૂર્ણ સુરક્ષિત વાતાવરણ સુનિશ્ચિત કરે. **૩.** જમીન, પાણી અને જંગલો પરના આદિજાતિઓના અધિકારોનું જતન કરે. **૪.** દલિતોની ચીવટપૂર્વક સંભાળ રાખે, અને તેઓ સાથે ભેદભાવપૂર્ણ વર્તાવ રાખવામાં ન આવે તેની ખાતરી કરવા માટે તમામ દલિતોને સમાન અધિકારો આપે. **૫.** આંતરધર્મીય સંવાદ અને સમજણ દ્વારા કોમી સંવાદિતા અને રાષ્ટ્રીય એકતાની ધગશને આગળ ધપાવે. **૬.** ભાવિ પેઢીઓ માટે કુદરતી સંપતિનું જતન કરી પર્યાવરણ સુરક્ષિત રાખવા પગલાં લે.

આ બધી જ રાષ્ટ્રીય સમસ્યાઓ છે. આ સાથે અન્ય સ્થાનિક અને ચોક્કસ આવશ્યકતાઓ ધરાવતી સમસ્યાઓ પણ હશે. આપણા લોકો દેવાલયમાં અને ઘરમાં પ્રાર્થનામાં સમય ગાળે તેવી અપીલ કરીએ છીએ જેથી ભારત દેશ અને આપણા સહુ માટે કઈ બાબત કલ્યાણકર છે તે પારખી શકીએ. સારી સરકાર માટે આપણે સહુએ વિનવણીપૂર્વક પ્રાર્થના કરવી જ રહી. ઈશ્વરે પોતાના પુત્ર ઈસુને મોકલ્યા જેથી આપણને સહુને જીવન મળે અને ભરપટ્ટે મળે. (યોહાન ૧૦:૧૦) પ્રભુના સામર્થ્ય સહિત અને પવિત્ર આત્માની દોરવણી દ્વારા, બહેતર ભારત માટે આપણે સૌએ સાથે મળીને કામ કરવું જ રહ્યું. માતા મરિયમને ચરણે આપણા દેશને ધરતાં યાચના કરીએ કે, તેઓ હંમેશા આપણા દેશનું રક્ષણ કરે અને આપણે સારું કૃપાઓ મેળવી આપે. ઈશ્વર ભારત મા ને આશીર્વાદ આપે !●



# શુભસંદેશ પ્રચારનો નવો અભિગમ

✍ મૂ. લેખક : ધર્માધ્યક્ષશ્રી રત્નાસ્વામી, ભાવાનુવાદ: બકુલ મેકવાન

જાન્યુઆરી, ૨૦૧૯ માં ચેન્નાઈમાં યોજાયેલ ભારતના ધર્માધ્યક્ષોની પરિષદમાં 'શુભસંદેશ પ્રચાર-પ્રસારમાં નવીનતમ અભિગમઃ દરેક ખ્રિસ્તીજનનો દૃષ્ટિકોણ'ને મનન માટેના મુખ્ય વિષય તરીકે પસંદગીની મહોર મારવામાં આવી હતી. વર્તમાન વડાધર્મગુરુએ વૈશ્વિક ધર્મસભાના ભાવિ દૃષ્ટિકોણ અને ધ્યેય તરીકે શુભસંદેશ પ્રચાર-પ્રસારમાં નવા તરીકાઓ અપનાવવાની વાત પર ભાર મૂક્યો હતો. ઈસુના દરેક અનુયાયીને શુભસંદેશવાહક તરીકે નવાં જ વસ્ત્રો ધારણ કરવા આહ્‌વાન કરવામાં આવ્યું છે. તો ચાલો, આ અભિગમ વિશે વધુ સમજૂતી મેળવવા પ્રયાસ કરીએ.

**ક.** શુભસંદેશ પ્રચાર-પ્રસારની નવી રીત એ નવો સંદેશો ઘોષિત કરવાની વાત નથી પણ નવી ધગશ સહિત (= પ્રાર્થના થકી પેદા કરવામાં આવતો ઉમંગ, હોંશ છે.), જેમાં નવી રીતો (સ્વયંસ્ફુરિત, અસલી, ખાતરીદાયક અને પૂર્વાપર સંબંધ ધરાવતી રીતો) અને નવી અભિવ્યક્તિઓ (સર્જનાત્મક, સુંદર અને આકર્ષક અભિવ્યક્તિ સહિત સંદેશો રજૂ કરતી) સહિત અસલી શાશ્વત શુભસંદેશ ઉદ્‌ઘોષવાની વાત છે. શાશ્વત સંદેશામાં શાસ્ત્ર અને ખ્રિસ્તી શ્રદ્ધામાં સમાવિષ્ટ સાત આધ્યાત્મિક સત્યોનો સમાવેશ થાય છે. આ સત્યો નીચે મુજબ છે :

૧. ઈશ્વરનો પ્રેમ (યોહાન ૩:૧૬)

૨. માનવજાતનું પાપ (રોમ ૩:૨૩)

૩. ઈસુ દ્વારા ઉદ્ધાર (રોમ ૩:૨૪)

૪. માનવજાતનો પ્રતિસાદ : પરિવર્તન સહિતની શ્રદ્ધા (માર્ક ૧:૧૫)

૫. પવિત્ર આત્માની ભેટ (યોહાન ૨૦:૨૨; પ્રેષિતોનાં ચરિતો ૨:૧-૪)

૬. ઈસુના અનુયાયીઓ દ્વારા રચાતો પ્રેમનો સમુદાય (પ્રેષિતોનાં ચરિતો ૪:૩૨-૩૫)

૭. શાશ્વત જીવનની આશા (૧ કરિંથ ૧૫:૨૦-૨૨)

**ખ.** શુભસંદેશ પ્રચાર-પ્રસારના મધ્યસ્થીઓ કોણ છે ?

- પવિત્ર ત્રૈક્ય મુખ્ય શુભસંદેશકાર છે અને જેઓને ત્રૈક્ય - પિતા, પુત્ર અને પવિત્ર આત્માના નામે સ્નાનસંસ્કાર આપવામાં આવ્યો છે તેવા ઈસુના તમામ અનુયાયીઓ શુભસંદેશ પ્રસારના મધ્યસ્થીઓ છે. કેથોલિકધર્મજનો સમર્પિત પારિવારિક જીવન અથવા સમર્પિત સંન્યસ્ત ધાર્મિક જીવન દ્વારા શુભસંદેશ પ્રસારની પસંદગી કરે છે. આ પસંદગી આપણા સહાયક એવા પવિત્ર આત્માનો અવાજ સાંભળીને કરવામાં આવે છે. (યોહાન ૧૪:૧૬-૧૭)

**ગ.**શુભસંદેશ કોને સંભળાવવાનો છે ?

જે લોકો ઈસુમાં શ્રદ્ધા ધરાવે છે તેઓ અને જેઓ શ્રદ્ધા નથી ધરાવતા તેવા તમામ વ્યક્તિઓ, ધર્મસભાના આગેવાનો અને ધર્મજનો એમ તમામને શુભસંદેશ સંભળાવવાનો છે. અહીં આપણે ધર્માંતરણના બદલે ખ્રિસ્તાનુકરણ શબ્દ પ્રયોગ કરીએ છીએ, કારણ, સમગ્ર વિશ્વનું ખ્રિસ્તાનુકરણ કરવામાં આવે એટલે કે, સમગ્ર વિશ્વ ખ્રિસ્તમાં એક થાય એવી ઈશ્વરપિતાની યોજના છે. (એફેસસ ૧:૧૦). ખ્રિસ્તાનુકરણ એ ખ્રિસ્તને ઓળખવાની, ખ્રિસ્તનો સ્વીકાર કરવાની, ખ્રિસ્ત દ્વારા જીવન પરિવર્તનની અને ખ્રિસ્ત બનવાની જીવનપર્યંત ચાલતી પ્રક્રિયા છે. ખ્રિસ્ત બનવું અર્થાત્ ઈસુની જેમ વધુ પ્રેમાળ, દયાળુ, ક્ષમાશીલ, આત્મત્યાગી, ઉદાર, પવિત્ર અને નમ્ર બનવું. દરેક માણસને ખ્રિસ્ત સમા બની રહેવા આહ્‌વાન કરવામાં આવ્યું છે. ખ્રિસ્તમાં એકાકાર બન્યા વગરનું ખ્રિસ્તીત્વ એ ખ્રિસ્તીધર્મ શ્રદ્ધા સાથે સુસંગત નથી.

**ઘ.** શુભસંદેશના નવતર પ્રયોગ માટેની મૂળભૂત આવશ્યકતા કઈ છે ?

આપણી પાસે જે છે તે જ આપણે આપી શકીએ છીએ તે મૂળભૂત સિદ્ધાંત છે. પુનરુત્થાન પામેલા ઈસુની શાંતિ અને આનંદ બીજા લોકો સુધી પહોંચાડવા, સહુ પ્રથમ આપણે આપણા વ્યક્તિગત જીવનમાં પુનરુત્થાન પામેલા ઈસુનો સાક્ષાત્કાર કરવાની જરૂર છે : શુભસંદેશ પ્રસારકોએ પ્રથમ શુભસંદેશ આત્મસાત્ કરવો આવશ્યક છે. એકવાર આપણે તેનો અનુભવ કર્યા પછી આપણને શુભસંદેશ પ્રસારની પ્રેરણા અંદરથી સાંપડે છે: (૧ કરિંથ ૯:૧૬)

**ચ.** આપણા વ્યક્તિગત જીવનમાં આપણે પુનરુત્થાન પામેલા ઈસુનો અનુભવ કેવી રીતે કરીએ છીએ ?

**કેટલીક મદદરૂપ થાય તેવી બાબતો નીચે મુજબ છે :**

૧. પુનરુત્થાન પામેલા ઈસુ હંમેશા આપણી સાથે છે તેવી સતત સભાનતા (માથ્થી ૨૮:૨૦)

૨. ઈશ્વરનાં વચનનું નિયમિત વાચન, વિશેષ કરીને માથ્થીના શુભસંદેશથી શરૂ કરીને નવા કરારનું વાચન.

૩. પવિત્ર ખ્રિસ્તગ્રહણ સંસ્કારની શ્રદ્ધાભેર ઉજવણી અને આપણી ઉજવણીને સુસંગત જીવવાની કળા.

૪. વ્યક્તિગત, કૌટુંબિક અને ધર્મજનોના સમુદાય માટેની દૈનિક પ્રાર્થના માટે અલગ તારવેલ ગુણવત્તાસભર સમય.

૫. પ્રાયશ્ચિત સંસ્કાર અંગીકારનું વારંવાર પુનરાવર્તન.

૬. સારાં પુસ્તકો, સવિશેષ સંતો વિશેનાં પુસ્તકોનું ચિંતનાત્મક વાચન.

૭. આધ્યાત્મિક પરિસંવાદો, ચિંતન શિબિરો, સંસ્મરણ સભાઓ અને પ્રાર્થનાઓમાં સહભાગિતા.

૮. આધ્યાત્મિક માર્ગદર્શન.

૯. નિયમિત મનન-હૃદયસ્થ પવિત્ર આત્માની ઉપસ્થિતિની સભાનતા (યોહાન ૧૪-૨૩)

૧૦. દયાસભર કામગીરીઓ - ગરીબ અને જરૂરિયાતમંદોને સહાય (માથ્થી ૨૫:૩૧-૪૬)

૧૧. ઈશ્વરના રાજ્યનાં મૂલ્યો અનુસાર જીવન જીવવા દરરોજ પ્રયાસ

૧૨. નિઃસ્વાર્થ પ્રેમ, ક્ષમાશીલતા, નિઃસ્વાર્થ સેવા, વધસ્તંભનું ઉમંગભેર વહન વગેરે.

**છ.** આપણે નવા શુભસંદેશ પ્રચારકો બન્યા છીએ તેવું કેવી રીતે જાણવું ?

પ્રેમ, આનંદ, શાંતિ, ધીરજ, ભલમનસાઈ, ઉદારતા, વિશ્વાસુપણું, નમ્રતા અને આત્મસંયમ(ગલાતિયા ૫:૨૨) જેવાં વરદાનો થકી આપણા જીવનમાં પવિત્ર આત્માની અનુભવેલ હાજરી દ્વારા આપણે નવા શુભસંદેશના પ્રચારકો બન્યા છીએ, તેવું જાણી શકીએ.

**જ.** આપણી જાતને શુભસંદેશ આપવાની બાબતે ચિંતન કર્યા પછી, બીજા લોકોને શુભસંદેશ પહોંચાડવાની પ્રક્રિયા કેવી રીતે શરૂ થાય છે તે જોઈએ.

આપણી જાતને શુભસંદેશ આપવાની પ્રક્રિયામાંથી આપણે પસાર થયા પછી (આ પ્રક્રિયા જીવનપર્યંત ચાલતી પ્રક્રિયા છે), આપણે લોટને આથો ચડાવતા ખમીર જેવા બની જઈએ છીએ. (માથ્થી ૧૩:૩૩), એટલે કે આપણી હાજરી, વાણી, કૃત્યો અને વર્તણૂક થકી આપણે આપણી નજીક રહેલા લોકોના જીવનમાં પરિવર્તન લાવીએ છીએ. પરિણામે, બીજા લોકો પણ પ્રેમ, ક્ષમાશીલતા, કરુણા, નમ્રતા, આનંદ, શાંતિ, આત્મ-બલિદાન અને માનવજાતની નિઃસ્વાર્થ સેવા જેવાં ઈસુનાં મૂલ્યોથી ઊભરાઈ જાય છે અને તેઓ પણ શુભસંદેશ વાહકો બની રહે છે.

જે લોકો સ્વયં શુભસંદેશને આત્મસાત્ કરવામાં સફળ રહ્યા છે તેઓ પોતાની વાણી, કૃત્યો અને જીવનશૈલી થકી બીજાઓને સ્વયંસ્ફુરિત રીતે શુભસંદેશ આપી જાણે છે. આવા લોકો માટે સામાજિક સેવા, પ્રેષિતિક કાર્ય, શિક્ષણ અને તબીબી સેવાઓ શુભસંદેશ પ્રસારનાં માધ્યમો બની રહે છે. તેઓમાંના કેટલાક સો ગણો, કેટલાક સાઠ ગણો, કેટલાક ત્રીસ ગણો પાક પેદા કરે. (માથ્થી ૧૩:૮)

ઝ. શુભસંદેશ પ્રસારનાં લક્ષ્યાંક જૂથ :

૧. યુવાનોને આઈ.સી.વાય.એમ., જીસસ યુથ વગેરે યુવાનોને લગતી વિવિધ પ્રવૃત્તિઓ થકી શુભસંદેશ પ્રસારના નવા તરીકાઓની પ્રક્રિયામાં સામેલ થવા પ્રોત્સાહિત કરવા જરૂરી છે.

**પરમ પૂજ્ય ધર્માધ્યક્ષશ્રી રત્નાસ્વામી**
**૧૪ એપ્રિલ, ૨૦૧૮ ના રોજ પદારુઢ થયા હતા.**
**૧૪ એપ્રિલ, ૨૦૧૯ ના રોજ તાજપોશીની**
**પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે આપશ્રીને**
**ધન્યવાદ અને શુભેચ્છાઓ.**
**- 'દૂત' પરિવાર**



૨. ખ્રિસ્ત માટેનાં દંપતીઓ(Couples for Christ), દાંપત્યજીવન ગુણવત્તા સુધારણા કાર્યક્રમ (Marriage enrichment Programs), પારિવારિક જૂથ (Family cell) વગેરે વિવિધ પ્રકારની કૌટુંબિક પ્રૈષિતિક પ્રવૃત્તિઓ થકી તંદુરસ્ત પરિવારોનું સંવર્ધન કરવું.

૩. નાના ખ્રિસ્તી સમુદાયો (SCC), ધર્મશિક્ષણમાં નવતર પ્રયોગ વગેરે થકી સામુદાયિક જાગૃતિનું સંવર્ધન કરવું.

૪. મહિલા મંડળ, લિજીયન ઓફ મેરી, સ્વ-સહાય જૂથો વગેરે જેવાં વિવિધ મહિલા જૂથો દ્વારા મહિલા સશક્તિકરણ કરવું.

૫. ધર્મસેવાકીય સમિતિ, ધર્મ નાણાં સમિતિ, પરિચારિકા સંઘ, શિક્ષક સંઘ વગેરે દ્વારા ધર્મજનોની સહભાગિતા પ્રોત્સાહિત કરવી.

૬. વેદી સેવકનું જૂથ, ધર્મશિક્ષણ, પરિસંવાદો વગેરે વિવિધ કાર્યક્રમો દ્વારા ધર્મસંઘનાં ભવિષ્ય એવાં બાળકો તૈયાર કરવાં.

૭. રીટ્રીટ, સંસ્મરણ સભાઓ, ગુલાબમાળાની ભક્તિ, બાઈબલ અધિવેશનો, બાઈબલ વર્ગો વગેરે દ્વારા લોક શ્રદ્ધાનું ઘડતર કરવું.

૮. સોસાયટી ઓફ સેંટ વિન્સેન્ટ દે પોલ, કૈરા સોશ્યલ સર્વિસ સોસાયટી (KSSS), સામાજિક સેવા, ધર્મસેવા સંચાલિત સખાવતી ભંડોળ, વૃદ્ધજનો/ દિવ્યાંગજનો માટેનું ઘર વગેરે સંગઠનો દ્વારા ગરીબ અને જરૂરિયાતમંદ લોકોની સંભાળ, જીવલેણ બીમારીઓમાં સપડાયેલા લોકો, વૃદ્ધો અને દિવ્યાંગજનો માટે વિશેષ સેવાનો વિકલ્પ.

**ઉપસંહાર :** અંતમાં, આપણે એમ કહી શકીએ કે, શુભસંદેશના નવતર પ્રયોગનું આપણું ધ્યેય, સ્વ-રૂપાંતરની (આ સ્વ-રૂપાંતરનો અંતિમ ધ્યેય ઈસુ જેવા બનવાનો છે.) જીવનપર્યંત ચાલતી પ્રક્રિયામાં પ્રવેશ કરવાનો છે જેથી બીજા લોકોના જીવનોમાં પરિવર્તન લાવવા આપણે ઈસુના હાથોમાં ઈચ્છુક માધ્યમ બની રહીએ. આપણા બધા જ લોકો માટે મારી આ ઝંખના અને પ્રાર્થના છે.

ઈસુના આ જગતમાં આગમન માટે પોતાની 'હા' થકી વિશ્વમાં શુભસંદેશ પ્રસારના નવા જ અધ્યાયનો આરંભ કરનાર, નવતર શુભસંદેશની સામ્રાજ્ઞી અને આપણી વચાળે ઈસુની માનવ હયાતી દરમિયાન, ઈસુના શુભસંદેશ પ્રસારના ધ્યેયમાં બિનશરતી રીતે સહયોગ આપનાર, પવિત્ર આત્માના આગમન દ્વારા શુભસંદેશ પ્રસારના નવા અભિગમના યુગને આવકારવા 'ઉપલી મેડી'માં શિષ્યોની સંગાથે રહેનાર માતા મરિયમ શુભસંદેશ પ્રચાર-પ્રસારના નવતર પ્રયોગના આ મહા અભિયાનમાં આપણને દોરવણી આપો અને આપણું રક્ષણ કરો.●

---

*ધર્માધ્યક્ષશ્રી, અમદાવાદ ધર્મપ્રાંત*




# તમારો પત્ર




(૧)

ફેબ્રુઆરી ૨૦૧૯ 'દૂત' અંકનું મુખપૃષ્ઠ એ એક વિશેષ જાણકારી આપી. લુડર્સનાં માતા મરિયમનું પર્વ, ૧૧ ફેબ્રુઆરી, વિશ્વ રોગી જન દિવસ તરીકે ઉજવવામાં આવે છે, તદુપરાંત આ વર્ષે વિશ્વ સ્તરની આ ઉજવણી કોલકતામાં કરવાનું આયોજન છે ત્યારે મુખપૃષ્ઠે સેંકડો શબ્દોની ગરજ સારી છે. બીમારને સ્વાસ્થ્ય આપતા પ્રભુ ઈસુની પ્રશ્ચાત ભૂમિકામાં મધર થેરેસાનાં રોગીજનની સારવારની છબીઓ, બીમાર પ્રત્યેની ધર્મસભાની કટિબદ્ધતા વ્યક્ત કરે છે.

ડૉ. અરસકુમારના આમંત્રિત તંત્રીલેખના વાંચને 'જીવન એક ઉત્સવ' તરીકે જોવાની ઘણાને દૃષ્ટિ આપી હશે. કાવ્યધારાનાં તમામ કાવ્ય નવી દિશા ચીંધે છે. કલ્પેશ સોલંકીની રચના 'જાહેર કરો' ખરેખર સ્પર્શી ગઈ. કવિને અભિનંદન.

યુવા ઉત્સાહી પ્રકાશક શ્રી ફાધર એન્થોનીની કલમે પ્રકાશિત 'પ્રેમભરી સેવાર્થે' નવોદિત ઈસુસંઘીઓનો પરિચય લેખ ઘણાને માટે સત્તાવાર હાકલ બની રહેશે એમ કહેવામાં ખોટું નથી. 'દૂત' તંત્રીમંડળને અભિનંદન.

*– શૈલેષ વાણિયા 'શૈલ' - ખંભોળજ*

(૨)

માર્ચ મહિનાના 'દૂત' મેગેઝીનમાં શ્રીમતી સ્નેહલતા ભાટિયાનો 'ટ્રાન્સજેન્ડર સમુદાયનાં અધિકાર' લેખ ખરેખર ખૂબ માહિતીપ્રદ બની રહ્યો. 'હીજડા' કે 'કિન્નર' શબ્દ સાંભળતાં જ લોકો નાકનું ટેરવું ચઢાવે છે. આ સમુદાયનાં સાંવેગિક અધિકારો, સામાજિક સમાનતા અને બંધારણીય અધિકારો પ્રત્યે જાગૃત કરતો લેખ ખરેખર સરાહનીય છે. 'જાતીયતાના આધારે ભેદભાવ રાખવો તે નાગરિક સમાનતાનો ભંગ છે.'

સુપ્રિમ કોર્ટના આ આદેશથી આ લેખ આપણને માહિતગાર કરે છે. ખરેખર, આ પ્રકારનાં લેખ ખાસ્સું બહોળું હોમવર્ક માંગી લે છે. શ્રીમતી સ્નેહલતા ભાટિયાને ખૂબ અભિનંદન !

ભવિષ્યમાં આવા માહિતીસભર લેખ આપી સામાજિક ઉત્થાન અંગે પ્રવૃત્ત રહે તેવી અભિલાષા.

*– સંગીતા સુનિલ ચૌહાણ 'તપસ્યા'*

(૩)

તપઋતુનું આકર્ષક મુખપૃષ્ઠ જોઈને 'ચાલો પાછા વળીએ'ની મનશા રોકી રોકાઈ ન શક્યો. ચાલીસ દિવસનો ભવ્ય તપઋતુનો મહિમા પ્રભુની સમીપ લઈ જાય છે, તેવો આપણા ધર્મનો અનેરો ભક્તિ પ્રવાહ અજોડ છે.

બ્રધર કિશોર લેખિત તપઋતુમાં હૃદય પરિવર્તન તમામ રવિવારોનું ચયાપચન કરાવી ગયો. પ્રભુની પીડા, યાતના, ભયંકર સનેપાતમાંથી પસાર થવાના માત્ર વિચાર કરતા આજના ડિઝીટલ અને વોટ્સએપ યુગના અધકચરા માણસને કેવી રીતે આવશે ? તે અસમંજસ કરતો સવાલ છે. તો ચાલો આપણે વડીલો આપણા બાળકોને પ્રભુમંદિર તરફ વધુ પ્રયાણ કરાવતા થઈએ. *– રજનીકાંત જોસેફભાઈ રાઠોડ-વડોદરા*

(૪)

પાવન હૃદય 'દૂત'ના ફેબ્રુઆરી તથા માર્ચનાં અંકનું વાંચન કર્યું. શ્રદ્ધા ઘડતર અને હૃદયપલટાના સંદર્ભના લેખ મનનચિંતન કરવા યોગ્ય છે. યુવા લેખક શ્રી અમિત ચૌહાણનો લેખ 'લેખન અને પ્રેરણા' સમયોચિત જણાયો. આજે આપણા સમાજમાં શિક્ષકો, પ્રાધ્યાપકો તેમજ ઉચ્ચ પદવીધારક સાહિત્યકારો મોટા પ્રમાણમાં છે, વક્તાઓ પણ છે પરંતુ ખાટલે મોટી ખોડ છે કે તેઓ પોતાના વિચાર-પ્રતિભાવો લેખ સ્વરૂપે આપવામાં ઘણા ઊણા ઊતર્યા છે. આ સંજોગોમાં લેખન માટે પ્રેરણાદાયી લેખ માટે, અભિનંદન.

'પ્રેમભરી સેવાર્થે...' માં નવોદિત ઈસુસંઘીઓની હાકલ યુવાનોને પુરોહિત બનવા પ્રેરે તો લેખની સાર્થકતા વધી જશે. 'સંન્યસ્ત જીવનની સુવર્ણજયંતી'માં 'નાની દીકરીઓ મંડળ'નાં સાધ્વી બહેનોને જાણી યુવતીઓને આપણા સ્થાનિક સાધ્વીસંઘમાં જોડાવા માબાપ પ્રોત્સાહન આપે તો કેટલું સારું ! એ જ પ્રમાણે 'પુરોહિતદીક્ષાની રજતજયંતી' માં ધર્મપ્રાંતીય પુરોહિતગણનો ટૂંકાક્ષરી પરિચય ગુજરાતી યુવાનો માટે હાકલનો સાદ બની રહે એવી પ્રાર્થના.

આજે સંન્યસ્ત સંઘોમાં તેડાની ઓટ પ્રવર્તે છે ત્યારે માબાપ પોતાના સંતાનોને સંન્યસ્ત જીવન અપનાવવા પ્રેરણા અને પ્રોત્સાહન આપે તે સાંપ્રત સમયની માંગ છે. લેખકોએ એક કાંકરે બે પક્ષી માર્યાં છે. વિજેતાઓને અભિનંદન આપતાં, સંન્યસ્ત જીવનની અનાયાસે જાહેરાત. સર્વેને અભિનંદન. *– શાંતિલાલ મેકવાન, ગામડી*

# યુદ્ધગ્રસ્ત વિસ્તારમાં તબીબી સેવા

✍ બ્રધર અનિશ દેવસિયા

*ગુજરાત વિદ્યાદીપ, સેવાસી - વડોદરા*

**વડાધર્મગુરુ માન્ય પ્રાર્થના હેતુ : એપ્રિલ ૨૦૧૯ : સાર્વત્રિકઃ યુદ્ધક્ષેત્રમાં પોતાનું જીવન જોખમમાં મૂકીને અન્યના જીવનને બચાવનાર ડૉક્ટર્સ અને તેમના પરોપકારી સહકાર્યકરો નિઃસ્વાર્થ ભાવે અવિરત કાર્યરત રહે.**

દરેક ખ્રિસ્તી ભાઈ-બહેનોને પવિત્ર માતા ધર્મસભા પોતાના રોજિંદા જીવનમાં એક પ્રેષિત તરીકે ધર્મસભાના મિશન કાર્યમાં સહભાગી થવાની હાકલ કરે છે. આ પ્રૈષિતિક કાર્યમાં વિશેષ કરીને દર મહિને જે વડાધર્મગુરુ માન્ય પ્રાર્થના હેતુ છે તેના માટે પ્રાર્થના કરીને, આપણે આપણો સહકાર આપી શકીએ છીએ. એપ્રિલના મહિના માટે વડાધર્મગુરુ ફ્રાન્સિસ, યુદ્ધક્ષેત્રમાં પોતાનું જીવન જોખમમાં મૂકીને અન્યના જીવનને બચાવનાર ડૉક્ટર્સ અને તેમના પરોપકારી સહકાર્યકરો માટે પ્રાર્થના કરવા વિનંતી કરે છે.


બોબ કિચન, 'ધી ઈન્ટરનેશનલ રેસ્ક્યુ કમિટી'ના ઉપપ્રમુખ કહે છે કે '૨૦૧૮ નું વર્ષ વિશ્વભરમાં લાખો લોકો માટે એક અત્યંત વિનાશક વર્ષ હતું. વિશ્વના ઘણાં પ્રદેશોમાં શસ્ત્રસજ્જ સંઘર્ષો, યુદ્ધમય પરિસ્થિતિ અને માનવ સર્જીત કટોકટીની અવસ્થા હોવાથી, ૨૦૧૯ ના વર્ષમાં હાલત વધારે બગડવાની જ છે અને સુધરવાની નથી.' હાલમાં સીરિયા, યેમેન, ઈરાક અને અફઘાનિસ્તાન વિશ્વના સૌથી ગંભીર સંઘર્ષગ્રસ્ત દેશો છે. ફક્ત આ ૪ દેશોમાં મળીને, ગત વર્ષે લગભગ ૫૦,૦૦૦ થી ૭૦,૦૦૦ લોકોએ પોતાનું જીવન ગુમાવ્યું હતું. ઘાયલ લોકોની સંખ્યાનો તો અંદાજ જ નથી. લાખોની સંખ્યામાં લોકોને પોતાનાં ઘર છોડીને બીજા પરદેશોમાં શરણાર્થી તરીકે રહેવું પડે છે.

આફ્રિકાના સોમાલિયા, ઈથિયોપિયા, સાઉથ સુદાન જેવા દેશોમાં, કેટલાક વર્ષોથી ચાલી રહેલા સ્થાનિક આંતરવિગ્રહોના લીધે લોકો દુકાળ અને રોગચાળા જેવી પરિસ્થિતિઓનો સામનો કરી રહ્યાં છે. આવા દેશોમાં લોકોનું રોજિંદું જીવન ભાંગી પડ્યું છે. સામાન્ય જીવન જીવવા માટેની મૂળભૂત જરૂરિયાતોનો અભાવ, સ્થાનિક સમાજને બેબસ લાચારીનો અનુભવ કરાવે છે. કોઈ પણ ક્ષણે જીવ ખોવાનો ભય, પોતાના ઘર અને સાર્વજનિક ઈમારતોનો વિનાશ થવાની શક્યતા, અનાજ અને મેડિકલ સુવિધાઓના અભાવમાં માણસ, આપણે કલ્પના ન કરી શકીએ એવી શારીરિક અને માનસિક પીડાનો અનુભવ કરે છે. આવી કઠિન અને જોખમ ભરેલી પરિસ્થિતિમાં કેટલાક ડૉક્ટર્સ અને તેમના પરોપકારી સહકાર્યકરો નિઃસ્વાર્થ ભાવે લોકોના કલ્યાણ માટે પોતાની નિઃસ્વાર્થ સેવા આપે છે.

માનવહિતવાદી પ્રવૃત્તિઓ દુર્ઘટના કે સંઘર્ષથી ઉદ્ભવતા દુઃખને અટકાવવા અથવા શમાવવા પ્રયત્ન કરે છે. બધા મનુષ્યો સમાન મૂલ્ય ધરાવે છે અને જે મુશ્કેલીમાં છે તેને મદદ મેળવવાનો હક છે, એવી માન્યતાના પ્રેરાયા માનવતાવાદી પ્રવૃત્તિઓ ચાલી રહી છે. ઉચ્ચ માનવહિતવાદી સિદ્ધાંતોથી પ્રેરિત લોકો સંઘર્ષગ્રસ્ત અને કટોકટીની પરિસ્થિતિઓમાં પણ કામ કરે છે. તેઓ બીમાર અને ઘાયલ વ્યક્તિઓની સારવાર કપરામાં કપરી પરિસ્થિતિમાં કરે છે. તમે ઘણા વીડિયો જોયા હશે, જેમાં એક ડૉક્ટર અથવા ડૉક્ટર્સ, બધી અદ્યતન સુવિધાઓથી સજ્જ ઓપરેશન થીએટરમાં સર્જરી કરે છે. પણ આ ઘડીએ જ્યારે આ શબ્દો તમે વાંચો છો, ત્યારે આજ સમયે દુનિયાના કોઈ સંઘર્ષગ્રસ્ત પ્રદેશમાં એક ડૉક્ટર મોબાઈલના અજવાળામાં કોઈની સર્જરી કરતો હશે, કારણ કે વીજળી નથી અને દર્દીને તાત્કાલિક સારવારની જરૂર છે. સીરિયામાં કાર્યરત એક સર્જન કહે છે કે એણે કદી કલ્પના પણ નહોતી કરી કે એક દિવસ તેને એનેસ્થેસિયા વગર કોઈનો પગ કાપવો પડશે ! આ તો રોજ થતી હજારો ઘટનાઓમાંથી એક છે !

યુદ્ધક્ષેત્રમાં કામ કરનાર ડૉક્ટર્સ અને તેમના પરોપકારી સહકાર્યકરોને ઘણી નૈતિક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. આ સમસ્યાઓ નવી નથી, પણ તે ગંભીર હોઈ શકે છે. મર્યાદિત સાધનો અને સમય સાથે કામ કરવું પડે છે. શારીરિક અસલામતી, હિંસાનો ભય અને ઝડપથી બદલાતા સંજોગો, આત્મવિસ્મૃતિ અને શંકા તરફ દોરી શકે છે. શારીરિક, માનસિક અને ભાવનાત્મક થકાવટ તથા રોગી, ઘાયલ અથવા મૃત્યુથી ઝૂઝતા લોકોની સતત મદદ માટેની યાચના, સામાન્ય વિવેકબુદ્ધિ અને નૈતિક અંતર્જ્ઞાનને સર્વથા નિરુપાય કરી શકે છે. યુદ્ધક્ષેત્રમાં કામ કરવું એટલે ગંભીર નૈતિક મૂંઝવણો સાથે ઝૂઝવું, વિશેષ કરીને જ્યારે પોતાનું જીવન જોખમમાં મૂકીને અન્યના જીવનને બચાવવાનો પ્રયાસ કરવો પડે ત્યારે. આવી કપરી પરિસ્થિતિમાં પરોપકાર કરી રહેલા આ સાહસી અને ભલા વ્યક્તિઓ માટે પ્રાર્થના કરવી અનિવાર્ય છે. આપણી પ્રાર્થનાની શક્તિથી તેઓનું મનોબળ મક્કમ રહે અને તેઓ માનસિક અને આધ્યાત્મિક શાંતિનો અનુભવ કરતા રહે.

અંતિમ ન્યાય વિશેનાં ઈસુનાં વચનો આપણે જાણીએ છીએ. ઈસુ કહે છે 'આ મારા ભાઈઓમાંના અદનામાં અદના માટે જે કંઈ કર્યું છે તે મારે માટે જ કર્યું છે.' (માથ્થી ૨૫:૪૦) યુદ્ધક્ષેત્રમાં પોતાનું જીવન જોખમમાં મૂકીને કામ કરી રહેલા ડૉક્ટર્સ અને તેમના પરોપકારી સહકાર્યકરો, ખરેખર પોતાનું જીવન આ દુનિયાના અદનામાં અદના ભાઈ-બહેનો માટે ખર્ચી દે છે. તેઓ આ પુણ્ય સેવામાં કોઈ પણ ભય વિના નિઃસ્વાર્થ રીતે કાર્યરત રહે એ માટે આપણે એમના માટે વિશેષ રીતે, દરેક ખ્રિસ્તયજ્ઞમાં અને આપણી અંગત અને સામૂહિક પ્રાર્થનાઓમાં એમના માટે પ્રાર્થના કરીએ.●



# ઝઘડો જોવાની મઝા !?



✍ ડૉ. થોમસ પરમાર

મોટાભાગના લોકોને ઝઘડો જોવાની મઝા આવતી હોય છે. !? દુનિયાની અજાયબીઓ જોઈએ કે સરસ ફિલ્મ જોઈએ અને એનાથી જે આનંદ આવે તે કરતાં પણ વધુ આનંદ વાસ્તવિક ઝઘડો જોવામાંથી મળી રહે છે. ઝઘડામાંથી પ્રાપ્ત થતા મનોરંજન માટે કોઈ ટિકિટ ખરીદવી પડતી નથી. મફતમાં મનોરંજન મળે છે એટલે વધુ આનંદ આવે છે. 'મફતનો મૂળો મીઠો લાગે' એના જેવું. ઝઘડાના ત્રણ તબક્કા હોય છે. પ્રથમ તબક્કામાં બંને પક્ષ એકબીજા પર દોષારોપણ કરે છે. એમાં ધીમે ધીમે અવાજ વધતો જાય છે. જેમ અવાજ વધતો જાય તેમ ઝઘડાની જાહેરાત થતી જાય છે અને પછી લોકોનું ટોળું જમા થઈ જાય છે. લોકો આમંત્રણ વિના જ આવી જાય છે. લગ્નમાં આપણે આમંત્રણ વિના જતાં નથી પણ ઝઘડામાં તો આમંત્રણ વિના જ આપણે જઈ પહોંચીએ છીએ. ઝઘડો એ એક એવો પ્રસંગ છે કે જેમાં આમંત્રણની જરૂર નથી પડતી. કહેવાય છે કે 'ઝઘડાને નોંતરું ન હોય.' થિએટરમાં બાલ્કનીની ટિકિટ લીધી હોય તો દૂરથી ફિલ્મ સારી જોઈ શકાય તેમ ઝઘડો પણ દૂરથી જોવામાં મઝા આવે અને આપણને વાગવાનો ભય નહિ.

ઝઘડાના બીજા તબક્કામાં ગાળોનો વરસાદ શરૂ થાય. ગાળ એ ઝઘડાનું મહત્ત્વનું અણમોલ ઘરેણું છે. ગાળ વિના ઝઘડાના કંસારમાં ગોળ ન હોય તેમ લાગે. ગાળ પણ બે પ્રકારની હોય - હળવી અને ખોટી. ગાળની વ્યાખ્યા આ રીતે આપી શકાય - સમાજે જે સંબંધો માન્ય રાખ્યા નથી તેનું આરોપણ કરવું તે ગાળ. ખોટી ગાળ બોલાય તો ઝઘડાનો અગ્નિ વધુ ભભૂકે.

ઝઘડાનો ત્રીજો તબક્કો એટલે મારામારી કે બાથંબાથી. હાથમાં જે આવે તે સામેવાળાને મારવું. મારામારી એ ઝઘડાની પરાકાષ્ઠા છે. ઝઘડનારાઓની શૂરવીરતાની કસોટી છે. શારીરિક તાકાત હોય કે ન હોય એ જોયા વિના સામેવાળો પહેલવાન હોય તો પણ મારવા જવું એ ખરી મર્દાનગી છે-પછી ભલેને પેલાની બે થપ્પડ ખાઈને નીચે પડી જવાય.

ઝઘડનાર પક્ષે અભિનયની તાલીમ લીધી હોતી નથી છતાં ઝઘડા વખતે તેમનો અભિનય જોરદાર હોય છે. પ્રથમ બે તબક્કામાં વાચિક શબ્દનો અભિનય જોવા મળે છે જ્યારે ત્રીજા તબક્કામાં આંગિક અભિનય જોવા મળે છે.

ઝઘડાની આટલી તાત્વિક ચર્ચા કર્યા પછી કેટલાક રસપ્રદ ઝઘડાની વાત કરીએ. એક ઝઘડામાં એક ભાઈ સામેવાળાને ભાંડવા લાગ્યા :

'તારા રાઈ રાઈ જેટલા ટુકડા કરીને તેને જમીનમાં નાંખું અને તેની પર પપૈયાનાં ઝાડ રોપું અને તે પપૈયા હું ખાઈશ ત્યારે મને સંતોષ થશે.' આ હળવી ગાળ હતી પણ તેમાં વર્ષોનું આયોજન જોવા મળે છે. રાઈ જેટલાં ટુકડા કેમના થાય ? ક્યારે થઈ રહે ? ક્યારે તેની પર પપૈયા ઉગે ને તે ખાય ? નર્મદા પ્રોજેક્ટ કરતાં પણ આ પ્રોજેક્ટ લાંબો થઈ જાય. આનો અર્થ એ થયો કે ઝઘડામાં મનમાં જે આવે તે બોલી કાઢવું, તેની પાછળ તર્ક ન હોય.

મિલ-કારખાનામાં કામ કરનાર શ્રમજીવીઓની વસાહતમાં રહેતા એક ભાઈ દારુ પીને છાકટા બન્યા હતા અને લવરી કરતા હતા. દારૂ એટલો બધો પીધો હતો કે શરીરનું સમતોલન પણ રહેતું નહોતું. આ જોવા માટે લોકોનું ટોળું જામ્યું હતું. ટોળામાંના એક ભાઈ ઉપર દારૂડિયાની નજર ઠરી અને પછી તેની સાથે ઝઘડવાનું શરૂ કર્યું.

'तुं मेरेको क्या देखता है ? में कोन हुं तुझे मालुम नहीं है ? में कायमी नोकरीवाला हुं ओर तुं बदलीवाला है. तेरी क्यां ओकात है मुजे देखनेकी ?' પેલો બિચારો ભાઈ સાચે જ બદલીવાળો હતો તે ચૂપચાપ ત્યાંથી ચાલી ગયો. ઝઘડાનું કારણ તો જુઓ !

એ વિસ્તારમાં દારુડિયા લડે એટલે તમને તો એમ જ લાગે કે હમણાં બેમાંથી કોઈ એકની લાશ પાડશે પરંતુ બીજા દિવસે તો બંને સાથે બેસીને બીડી પીતા હોય ! એકાએક યુદ્ધ અને એકાએક યુદ્ધ વિરામ પણ થાય ! હિન્દી ફિલ્મની જેમ end(અંત) તો સારો હોવો જોઈએ ?

કાનજી અને લખમણજી એક જ ચાલીમાં રહે. કાનજી દુબળા-પાતળા અને લખમણજી હટ્ટા-કટ્ટા. બંને વચ્ચે વારંવાર ઝઘડો થયા કરે. કાનજી જોરદાર શૂરવીરતા બતાવે. મારી નાંખવાની જ વાત કરે. આજુબાજુ ઊભા હોય તેમાંથી કોઈ એકને સંબોધીને કહે. 'જુઓ તમે મને પકડતા નહિ. આજે તો હું એને પૂરી કરી નાંખીશ.' 'યા હોમ કરીને પડો ફતેહ છે આગે' એમ માની કાનજી લડવા માટે આગળ ધસે. કોઈ તેમને પકડે નહિ ત્યારે કહે, 'જવા દો મને એના બૈરી-છોકરાંની દયા આવે છે.' કાનજી મીંદડીની જેમ વ્યવહારિક બની જતા.

એક વખતે બે પાડોશીઓ વચ્ચે જોરદાર ઝઘડો થયો. તેમાંના એકે એક મોટો પથ્થર સામેવાળા પર ફેંક્યો. પથ્થરની દિશા બદલાઈ ગઈ અને ત્રીજા ઘરે બહાર ખાટલા પર ઘસઘસાટ સૂતા દાદાના માથે પથ્થર અથડાયો. દાદા મૂર્છિત થઈ ગયા. હોસ્પિટલમાં લઈ ગયા. ડૉક્ટરે તેમને મૃત્યુ પામેલા જાહેર કર્યા. પેલા બંનેને પોલીસ પકડીને લઈ ગઈ અને બંનેને એક જ લોકઅપ રૂમમાં પૂરી દીધા. કોનો ઝઘડો અને કોનું મોત ? બંને જણાએ કોર્ટમાં એક જ પ્રકારની ફરિયાદ કરી કે દાદા ઘરની બહાર કેમ સૂઈ ગયા ? કેવી દલીલ ? આ તો 'લાઈન ઓફ કન્ટ્રોલ' (LOC) છે કે ત્યાં ન સૂવાય ?

એરોડ્રોમ પાસેની એક સોસાયટીમાં રાત્રે આઠેક વાગેના સુમારે ઝઘડો થયો. આ ઝઘડો એક પ્રેમ પ્રકરણને લીધે થયો હતો. સોસાયટીના ટીખળી છોકરાઓએ આ આખોય ઝઘડો ટેપ રેકર્ડ કરી દીધો હતો. ઝઘડો

ચાલુ હતો ત્યારે ઉડતા એક વિમાનનો અવાજ પણ રેકોર્ડ થઈ ગયો હતો. ઝઘડો પતી ગયો. શાંતિ સ્થપાઈ ગઈ અને લોકો ઊંઘવાની તૈયારી કરવા લાગ્યા ત્યારે પેલા છોકરાઓએ ટેપ ચાલુ કરીને વગાડવા લાગ્યા. લોકોને થયું કે ફરી ઝઘડો ચાલુ થયો. તેથી ફરીથી ટોળું થયું. પેલાં બે લડનારા પણ તે સાંભળીને અચંબામાં પડી ગયા. છેલ્લે બધાને રહસ્ય જાણવા મળ્યું. અઠવાડિયા સુધી છોકરાએ વારંવાર તે ટેપ સાંભળતા. વિમાનના અવાજ પછી કઈ ગાળ અને ડાયલોગ આવશે તે છોકરાઓને મોંઢે થઈ ગયું હતું, 'શોલે'ના ડાયલોગની જેમ !

એક ગામમાં એક ઢોરના અપમૃત્યુ, સંદર્ભે પોલીસ પહોંચી ગઈ અને શકમંદોની ગિરફતારી અને મારપીટ શરૂ થઈ. પોલીસના સકંજામાં એક સરકારી કર્મચારી પણ આવી ગયા. એકાદ દંડાનો માર પણ તેને વસમો પડ્યો. તે કરગરીને કહેવા લાગ્યો કે, 'હું તો સરકારી ગાય છું. મને જવા દો માબાપ. શંકમંદોનું શું થયું તે ઝાઝું યાદ નથી પણ પેલા સરકારી કર્મચારીને હવે લોકો 'સરકારી ગાય' તરીકે ઓળખવા લાગ્યા. જતા આવતા ટીખળી કરનારા તેમને 'સરકારી ગાય' કહીને ચીડવતા હતા ને તેઓ ગાળોનો વરસાદ વરસાવતા હતા.

બન્યું એવું કે એ જ અરસામાં એ ગામમાં ભવાઈ ટોળી આવી. રાત્રે આરતીની બોલી બોલવામાં આવી ત્યારે છોકરાઓએ પેલા કર્મચારી પર ખીજ ઉતારી, ભવાઈના નાયકને એક કાનમાં કંઈક કહ્યું અને નાયકે જાહેર કર્યું 'સરકારી ગાય તરફથી વીસ રૂપિયા.' બોલી સાંભળતાં જ લોકોમાં હાસ્યનાં પૂર ઉમટ્યાં. કેટલાકે શોરબકોર વચ્ચે બોલીમાં વધારો કર્યો. વીસ થી સો રૂપિયા સુધી પહોંચી ગયા. પેલો નાયક તો ગેલમાં આવી ગયો અને ઝાઝું સમજ્યા વિના જ જોરશોરથી કહેવા લાગ્યો, 'સરકારી ગાય તરફથી સો રૂપિયા.' વાતાવરણ એટલું તંગ બની ગયું કે ભવાઈનો ખેલ આરતી પહેલાં જ પૂરો થયો. હવે પેલો 'સરકારી ગાય' ના...ના... સરકારી કર્મચારી કોને વારે...મારે... એટલે પછી આમતેમ દોડધામ કરી વિદાય થઈ ગયો.

છેલ્લે ઝઘડા વિશે એટલું જ કહેવાનું કે આપણને ઝઘડો જોવાનો ગમે છે પરંતુ તે બીજાનો ઝઘડો, આપણો નહિ. આપણે ઝઘડતા હોઈએ તો ઘરના બારી-બારણાં બંધ કરી દઈએ છીએ અને ટી.વી.નો અવાજ વધારી દઈએ છીએ. ઝઘડાનું આ પણ કડવું સત્ય છે. આ લેખ વાંચીને ઝઘડો કરવાની, ગાળો બોલવાની કે મારામારી કરવાની પ્રેરણા લેવાની નથી, બલકે ઝઘડામાંથી હાસ્યરસ શોધીને હસતા રહો, હસતા રહો એ જ અપેક્ષા.●

---

*ગુજરાતના જાણીતા ઇતિહાસકાર અને એચ.કે. આર્ટ્સ કોલેજ અમદાવાદના નિવૃત્ત પ્રાધ્યાપક તથા પૂર્વતંત્રી 'દૂત'*

## ચાલીસમા દિવસે શ્રદ્ધાંજલિ

**સ્વ. વેદમુથ્થુ ઈગ્નેશિયસ**

જન્મ: ૨૨-૧૦-૧૯૩૯ ★ અવસાન: ૧૯-૦૨-૨૦૧૯

પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

પ્રભુ તમારા આત્માને શાંતિ આપે.

**લિ. ફાધર એન્થોની પી. વેદમ, એસ.જે.**
**તથા પરિવાર**



## 'પાવન હૃદય દૂત'ને મળેલ દાન

| | | |
|---|---|---|
| સ્વ. રોબર્ટ આર. ક્રિશ્ચિયન | અમદાવાદ | ૫૦૦ |
| ભાનુબેન શશિકાન્ત મેકવાન | મણિનગર | ૧૦૦ |
| સ્વ. સેમ્યુલભાઈ હિરાભાઈ ભાટીયા | મણિનગર | ૨૦૦ |
| અનામી દાતા | - | ૧૦૦ |
| રાયમુન્દ પી. મેકવાન | - | ૧૦૦ |
| હેરમાન ફ્રાન્સિસ પરમાર | જીટોડિયા | ૧૫૦ |
| પીયુષ પરમાર | બરોડા | ૧૦૦૧ |
| સ્વ. મહેશભાઈ મનુભાઈ પરમાર | અડાસ | ૧૫૦ |
| સાયમન જોસફ પરમાર | ગામડી | ૧૦૦ |
| શાંતિલાલ રાઠોડ | દિલ્હી | ૫૦૦ |
| સ્વ. લક્ષ્મીબેનના સ્મરણાર્થે | આણંદ | ૧૦૦ |
| સ્વ. મણીબેન આન્દ્રેઆસ મેકવાન | વડોદ | ૧૦૦ |
| સ્વ. પુષ્પાવતી વિલ્યમભાઈ ખ્રિસ્તી | વડોદરા | ૨૦૦ |
| સ્વ. એન્જેલા એન્થોની મકવાણા | આણંદ | ૧૦૦ |
| સાયમન ફિલિપ | વડોદરા | ૧૦૦ |
| ભાનુભાઈ આર. પટેલિયા | આણંદ | ૧૫૧ |
| સ્વ. પાઉલભાઈ એલ. મેકવાન | લીંગડા | ૨૦૦ |
| સ્વ. નિર્મળાબેન સુલેમાનભાઈ મેકવાન | લીંગડા | ૧૦૦ |
| મકનભાઈ લલ્લુભાઈ ખ્રિસ્તી | આણંદ | ૧૦૦ |
| મેકવાન પીટરભાઈ યાકુબભાઈ | ગામડી | ૧૦૦ |
| પુષ્પાબેન પ્રવિણભાઈ પરમાર | આણંદ | ૧૦૦ |
| વંદનાબેન આશિષભાઈ મેકવાન | મણિનગર | ૧૦૦ |
| સ્વ. રેગીનાબેન રીચાર્ડભાઈ મેકવાન | મણિનગર | ૫૦૦ |
| અનામી દાતા | - | ૧૦૧ |
| સ્વ. ખુશાલભાઈના સ્મરણાર્થે | વડોદરા | ૧૦૦ |
| સ્વ. વિક્ટરભાઈ પાઉલભાઈ પરમાર | - | ૧૦૦ |
| સ્વ. ફ્રાન્સિસભાઈના સ્મરણાર્થે | ઓઢવ | ૧૦૦ |
| સ્વ. ડહીબેન છગનભાઈ પરમાર | ગામડી | ૧૦૦ |
| સ્વ. આલોઈસભાઈ રાઠોડ | - | ૨૦૦ |
| અનામી દાતા | - | ૧૦૧ |
| વેરોનિકાબેન આલોઈસ | મણિનગર | ૨૫૦ |
| મધુભાઈ પી. ડાભી | નડિયાદ | ૧૦૦ |
| નરેન્દ્રભાઈ પેટ્રીકભાઈ વાઘેલા | સુણાવ | ૧૦૦ |
| દીપકકુમાર પી. સોલંકી | ગાંધીનગર | ૧૫૧ |
| સ્વ. કાશીબેન લલ્લુભાઈ મકવાણા | અરડી | ૧૦૦ |
| સ્વ. ડાહ્યાભાઈ ખાનાભાઈ વાઘેલા | વડોદરા | ૧૫૦ |
| સ્વ. ફુલકેરિયા સાયમન ડાભી | નડિયાદ | ૨૫૦ |
| અનિલભાઈ જશુભાઈ ડાભી | મણિનગર | ૧૦૦ |
| સ્વ. ઈન્દુબેન સિમોનભાઈ ડાભી | આણંદ | ૧૦૦ |



# તપઋતુમાં અજમાવી જોઈએ...

✍ વિક્ટર પ્રવાસી (આણંદ)

- ઈશ્વરના કાર્યોની ટીકા કરીએ નહીં.
  તમામ પરિસ્થિતિમાં શાંત રહીએ.
- ઈશ્વરેચ્છા એ આપણી ઈચ્છા તેમ સમજીએ, દુઃખી થઈશું નહિ.
- આપણા કામકાજનાં વખાણ બીજા કરે એવું ઝંખીએ નહીં.
- આપણી જાતને ઈશ્વરને સોંપી દઈએ પછી ભલે એ તારે કે મારે.
- જીવનરૂપી નાવનું સુકાન ઈશ્વરને સોંપી દઈએ.
- હિંમત હારી જઈએ ત્યારે બાઈબલનું વાંચન કરીએ.
- આધ્યાત્મિક વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહીએ.
- સારા-નરસાનો વિવેક કરતાં શીખીએ.
- જે અનિવાર્ય હોય તે સહન કરી લઈએ.
- વિચાર, વાણી અને વર્તનમાં એકસૂત્રતા જાળવીએ.
- માગ્યા વગર સલાહ આપવા દોડી જઈએ નહીં.
- જીવનમાં દુઃખ પણ ઈશ્વરની પ્રસાદી માની સ્વીકારી લઈએ.
- પારકી પંચાત કરીએ નહીં, નિઃસ્વાર્થ સેવા કરીએ.
- સર્વમાં ઈશ્વરનાં દર્શન કરીએ. જાતને પ્રભુને સમર્પિત કરીએ.
- કોઈની ઈર્ષા કરીએ નહીં. આપણી જાતને સુધારીએ.
- ઈશ્વરમાં અખંડ શ્રદ્ધા રાખીએ, મનને સમતોલ રાખીએ.
- રોજ ગુલાબમાળા જપીએ..., પવિત્ર ખ્રિસ્તયજ્ઞમાં જઈએ.
- માત્ર પોતાની વાત કરીએ નહીં. દલીલબાજીથી દૂર રહીએ.
- સામી વ્યક્તિને અંગત પ્રશ્નો પૂછીએ નહીં.
- ગરીબોને આર્થિક સહાય ઉપરાંત
  વૈચારિક ઉન્નતિ માટે સહયોગ આપીએ.
- પ્રલોભનથી દૂર રહીએ, જરૂરિયાત ઘટાડીએ.
- દેખાદેખીથી દૂર રહી, નિઃસ્વાર્થ સેવા કરીએ.

ઉપરના મુદ્દા ઉપર ધ્યાન આપી, અમલમાં મૂકી આપણે તપની સાધના શરૂ કરીએ તો જિંદગીમાં દુઃખ નામની ચીજ નહીં રહે.

'પ્રાણની સગી છે આ દુનિયા પણ ઘડીમાં ભૂલી જવાની
માટે : બુરૂ બોલીએ નહીં, સાંભળીએ નહીં, જોઈએ નહીં.'

સંદર્ભ : ૧. અનુસંહિતા ૩૦:૧૫-૨૦,
૨. લૂક ૦૯:૨૨-૨૫

આપણા રોજબરોજની જીવનચર્યા પર નિરીક્ષણ કરવા માટે તપઋતુ સાનુકૂળ સમય છે. આત્મનિરીક્ષણ બાદ તેમાં યથાયોગ્ય પરિવર્તન લાવવા તપઋતુ આપણને પ્રોત્સાહન પૂરું પાડે છે. ચોતરફ પર્યાવરણની સુરક્ષા માટે ઝુંબેશ- ચળવળ જોવા મળે છે ત્યારે તપઋતુમાં આપણા સાર્વજનિક ઘર- ધરતીના પર્યાવરણ માટે અચૂક સંકલ્પ કરીએ. શરૂઆતનું એક નાનકડું પગલું અને અંતે એકત્રિત ઉત્તરોત્તર પરિવર્તનથી આપણા પોતાના તથા પૃથ્વીવાસીઓના જીવનમાં સુખ-સુવિધાનું નિમિત્ત બનશે. આપણા વ્યક્તિગત, પારિવારિક, સામૂહિક અને સંસ્થાગત જીવનમાં પરિવર્તનનો પ્રારંભ એક દિવસ ક્રાન્તિનો ઉજાશ પ્રગટાવશે. આ સંકલ્પ એકાદ દિવસ, અઠવાડિયું કે મહિના માટે નહિ પણ આપણી જીવનશૈલી-જીવનતરાહ બને તો કેટલું અદ્‌ભુત ! 'પસ્તાવો કરો ને શુભસંદેશમાં શ્રદ્ધા રાખો.' કે 'હે માનવી, તું જાણી લે કે તું માટી છે ને માટી ભેગો થવાનો છે.' ના આદેશ સાથે આપણે ક્યારે ભસ્મ ચોળી હતી. આપણા જીવનમાં પ્રદૂષણની માત્રા ઓછી કરી કાર્બનના ઉત્સર્જનમાં ઘટાડો કરી શકીએ !

પગપાળા જવાતું હોય ત્યાં વાહનનો ઉપયોગ ટાળીએ. થોડે વધારે દૂર જવાનું હોય તો 'જાહેર વાહન વ્યવહાર'ની સુવિધાનો ઉપયોગ કરીએ. ખોરાકમાં કાળજી રાખીએ. એઠું છાંડીએ નહીં, ખોરાકનો બગાડ કરીએ નહિ. ટપકતા નળ બંધ કરીએ. પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરીએ. વીજળીનો વ્યય ન કરીએ. ઓરડા/વર્ગમાંથી બહાર જતાં લાઈટ/પંખાની સ્વીચ બંધ કરીએ. રોજબરોજના વ્યવહારમાં પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરીએ. આપણા વ્યક્તિગત જીવનમાં નાની કાળજી, સારી આદતો ઉમદા વલણ, ઊભાં કરશે. એકલા કે સમૂહમાં પ્રાર્થના કરવા થોડો સમય ફાળવીએ. ધરતી આપણા સર્વોત્તમ ઘર માટે પ્રભુનો આભાર માનીએ. પર્યાવરણ સંરક્ષણ માટે સંનિષ્ઠ પ્રયત્ન કરીએ.● Courtesy : Examiner


**હેરી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**

| પ્લેન થી પ્લેન : | ૨x3 AC બસ : | ૨x3 બસ : |
|---|---|---|
| સિમલા, કુલુ, મનાલી, | દિવ, સાસણગીર | ઉદયપુર, જયપુર, આગ્રા |
| ટિકિટ : ૨૧,૫૦૦/- | ટિકિટ : ૪૧૦૦/- | ટિકિટ : ૪૫૦૦/- |
| તા. ૧૩/૫/૧૯ થી ૧૮/૫/૧૯ | તા. ૨૪/૫/૧૯ થી ૨૭/૫/૧૯ | તા. ૨૩/૪/૧૯ થી ૨૮/૪/૧૯ |

**૨x3 AC બસ :**
**ગોવા, મહાબળેશ્વર, પંચગીની, લોનાવાલા**
ટિકિટ : ૮૫૦૦/-
તા.૪/૫/૧૯ થી ૧૨/૫/૧૯

**કિરીટ ક્રિશ્ચિયન** મો. ૯૯૦૪૭ ૫૨૨૧૨
**હેરી ક્રિશ્ચિયન** મો.૮૭૫૮૯ ૬૦૮૦૮
**ઓફિસ :** ૩, કોશા સોસાયટીની સામે મણિનગર, અમદાવાદ

દરેક પ્રકારમાં બ્રેક ફાસ્ટ, લંચ, ડિનર સામેલ છે. સારી હોટલમાં બુકીંગ

**હેરી કેટરર્સ**

**ઈસ્ટરની પ્રેમની સલામ :** હેરી કેટરર્સ ઈસ્ટરનાં પવિત્ર તહેવાર નિમિત્તે ઈસ્ટરની ઉજવણી કરવા માટે ઓછામાં ઓછા દસ(૧૦) વ્યક્તિનો નોનવેજનો ઓર્ડર લેવામાં આવશે. ચિકન બિરયાની, ચિકન ખાલીયા, મટન બિરયાની, મટન ખાલીયા (અલગ અલગ તપેલા મળશે.) તેમજ મણીનગર અમારી શોપ ઉપર રિટલ કાઉન્ટરની પણ વ્યવસ્થા કરેલ છે. જે તમે ડીસ પ્રમાણે ફોન ઉપરથી પણ બુકીંગ કરાવી શકો છો. તેમજ રેગ્યુલર પાર્સલ સર્વિસ મળશે. વેજ. પેક લંચ તેમજ ડીનર રૂા. ૯૯/- નોનવેજ પેક લંચ તેમજ ડીનર રૂા. ૧૩૦/- માં મળશે.

**સ્પેશ્યલ લગ્ન જમણ :** થાંભલી રોપણથી લઈને રિશેપ્શાન સુધીનું (૫૦૦ વ્યક્તિનું જમણ) આપના બજેટમાં ફક્ત ૧ લાખ ૨૫ હજાર (૧,૨૫,૦૦૦/-) અમને સોંપી શુભ પ્રસંગનો આનંદ માણો. વધુ વિગત માટે મળો. *૬૨, અનુપમ નગર સોસાયટી, ગુરુકૃપા સ્કૂલનાં ખાંચામાં, સી.ટી.એમ. અમદાવાદ*

**કિરીટ ક્રિશ્ચિયન** મો. ૯૯૦૪૭ ૫૨૨૧૨, **હેરી ક્રિશ્ચિયન** મો.૮૭૫૮૯ ૬૦૮૦૮,
**હેતલ ક્રિશ્ચિયન** મો.૯૯૦૪૩૭૨૩૧૬, **ઓફિસ :** ૩, કોશા સોસાયટીની સામે મણિનગર, અમદાવાદ



# તપઋતુ-ક્ષમાનું પર્વ



✍ ફિલોમીના પરમાર (યુ.એસ.એ.)

મા.મા.ભૂ.પા. આ ટૂંકા વાક્યનો અમારા વર્ગશિક્ષક હંમેશા તેમના વક્તવ્યમાં ઉપયોગ કરતા. સાથે જણાવતા કે હું તો ભૂલોની માટીથી બનેલી પ્રતિમા છું. ભૂલોનું સંગ્રહસ્થાન છું. આ વાક્ય ત્યારે કૂમળી વયે સમજમાં આવતું નહોતું. સમયાંતરે તેનો ગૂઢાર્થ સમજાયો. 'માણસ માત્ર ભૂલને પાત્ર.' કાચી માટીનો માનવી પળે પળે ભૂલો કરે છે. આ જગતમાં કોઈ એવી વ્યક્તિ નથી કે ભૂલનો શિકાર ન બની હોય. એટલે જ કહેવાય છે, No body is perfect સાચે જ આપણે નાની મોટી ભૂલો પોતાની સાથે ને પરસ્પર કરતા જ રહીએ છીએ. જાણ્યે અજાણ્યે થયેલી ભૂલો કરીને પડીએ છીએ, ગોથાં ખાઈએ છીએ, ઊભા થઈએ છીએ. આ ભૂલ વારંવાર થાય તો તેનું સ્વરૂપ મોટું અને માઠાં પરિણામમાં પરિણમે છે અને આવી ભૂલોને પાપ કહેવામાં આવે છે.

પ્રભુ ઈસુ આ ભૂલો પાપમાંથી મુક્તિ અપાવવા માનવરૂપે જગતમાં આવ્યા. પાપની માફી અને પ્રેમાળ સાથ આપવા આવ્યા. પ્રભુ ઈસુએ હંમેશા કહ્યું છે કે, માનવ નબળો છે, તે વારંવાર ભૂલો અપરાધ કરે છે. તેઓ માથ્થીના ગ્રંથમાં ૧૮: ૨૧-૩૬ માં પાપની માફી વિશે જણાવે છે. જો કોઈ તમારો અપરાધ કરે તો એકવાર નહિ ૭૦x૦૭ વાર ક્ષમા આપવી અને સાથે ખૂબ જ સુંદર દૃષ્ટાતકથા કહી આ વાતને સ્પષ્ટ રીતે સમજાવી છે. ખુદ પ્રભુએ તો ક્રૂસ ઉપરનું મૃત્યુ સુદ્ધાં વ્હોરી લઈને જગતને પાપની માફી આપી, મુક્તિ અપાવી છે. માફી આપવી, માફી લેવી એ જ તો ખ્રિસ્તીધર્મનું હાર્દ છે.

વડાધર્મગુરુ જોન પૉલ બીજાને ૧૩મી મે ૧૯૮૧ ના રોજ એક શખ્સે ગોળી મારીને તેમનું મૃત્યુ લાવવાનો પ્રયાસ કર્યો હતો. તેની સજા પણ થઈ હતી ત્યારે પાવનપિતા તેની મુલાકાત લે છે અને તેના આ કૃત્ય બદલ માફીની વિનંતી કરે છે અને તેની સજા માફ થતાં તેનું હૃદય પરિવર્તન થાય છે. પ્રભુ ઈસુનાં વચન સાચાં પડે છે, 'હું પાપીઓને મુક્ત કરાવવા, તેમનો હૃદય પલટો કરાવવા આવ્યો છું.'

તપઋતુની શરૂઆત થઈ ચૂકી છે. ક્રૂસના માર્ગની ભક્તિ, પવિત્ર યાત્રાઓ, ઉપવાસ અને પ્રાર્થનાની શરૂઆત કરી દીધી છે, જેથી કરીને આપણને પુણ્યનું ભાથું મળે. પાપમાંથી મુક્તિ મળે. આપણે આ ઔપચારિક વિધિવિધાનો કરતાં કરતાં, શું એકબીજાને માફી આપવા તૈયાર છીએ ? આપણાં હૃદયમાં ઝાંખીએ કે આપણે પ્રભુભોજન લેવા જતાં પહેલાં પરસ્પર હાથ જોડી શાંતિ શુભેચ્છા પાઠવતાં ખરેખર આપણા સગાં, મિત્રો કે અન્યને માફ કરવા તૈયાર છીએ ? રોજબરોજના જીવનમાં અનેકાનેક પ્રસંગોમાંથી પસાર થતાં માફી આપવાની તથા સ્વીકારવાની તકો આવે છે.

કુટુંબમાં દીકરો કે દીકરી પોતાની મરજીથી લગ્નસંબંધમાં જોડાય છે ત્યારે માબાપને આબરૂ તથા પ્રતિષ્ઠા ગુમાવ્યાનો અનુભવ થાય છે અને માતાપિતા પોતાના સંતાનો સાથે માફી આપવાની બાજુએ રાખી સદંતર સંબંધ તોડી નાંખે છે.

જો દીકરો કે દીકરી માબાપની ઈચ્છા વિરુદ્ધ સાયન્સના વિષયો સાથે પાસ ન થાય તો તેને ઠપકો આપી નિષ્ફળ વિદ્યાર્થી તરીકે આંકી તેની પરેશાનીમાં આશ્વાસન આપવાની વાત તો દૂર પણ ટીકાઓનો વરસાદ વરસાવી ઘણાં ભયજનક પરિણામો ઊભાં કરે છે.

સંયુક્ત કુટુંબમાં રહેનાર માતાપિતા ભાઈબહેનને આવનાર પુત્રવધૂઓ બીજા દિવસથી જ વિભક્ત કુટુંબમાં રહેવાની અથવા તો માતાપિતાને ઘરમાંથી જાકારો આપવાની વાત કરે છે, પરિણામે સંઘર્ષ અશાંતિ પ્રવર્તે છે. આ બધામાં ક્યાંય પરસ્પર માફી આપવાની પરિસ્થિતિ નજરે પડતી નથી.

કુટુંબમાં અથવા સમાજમાં માલમિલકતના પ્રશ્નો નાણાકીય લેણદારી દેવાદારીના પ્રશ્નોમાં પરસ્પર સર્જાતા વિશ્વાસ અવિશ્વાસની પરિસ્થિતિમાં માફીની ગુંજાઈશ હોય છે ખરી ? માફી આપનારની પ્રત્યે કૃતજ્ઞતા હોય છે ખરી ? સમાધાન, ખોવાયેલ પાછા મળ્યાનો જે વિજય આનંદ મળે છે તેની ખૂબ જ વિસ્તૃત દૃષ્ટાંતકથા-ઉડાઉ દીકરો પ્રખ્યાત થયેલી છે. જેના દ્વારા સમાધાન અને ક્ષમાનો જે શાંતિ તથા ખુશીનો અહેસાસ ચરમસીમાએ પહોંચે છે તેની સ્પષ્ટતા કરી છે.

બીજું મહાન ઉદાહરણ વ્યભિચારી સ્ત્રીને ફરોશીઓ દ્વારા પથ્થરે પથ્થરે મારવાની વાત કરી, શિક્ષા ઠરાવવાનું કહેવામાં આવે છે ત્યારે પ્રભુઈસુ નીચે બેસી આંગળી વડે લખવા માંડ્યા. દરેકને પોતાનાં પાપો અને ભૂલો દૃશ્યમાન થતાં સઘળા ચાલ્યા ગયા. ત્યારે પ્રભુ ઈસુએ તેને પૂછ્યું, 'કોઈએ તને શિક્ષા ન કરી ?' બાઈએ કહ્યું, 'ના પ્રભુ.' ત્યારે પ્રભુએ કહ્યું, 'જા. હવેથી પાપ કરીશ નહીં. હું પણ તને સજા કરતો નથી.' (યોહાન ૮:૧૧) માફી અને ક્ષમા એટલે પ્રેમ, જે પ્રભુ ઈસુને અનુસરનારના જીવનમાં પ્રથમ ક્રમે આવે છે.

ક્ષમાની પરાકાષ્ઠા પ્રભુ ઈસુ પોતાના ક્રૂસ પરના મૃત્યુ સમયે તેમની બાજુએ ટીંગાયેલા ગુનેગારની માફી અને તેને કહ્યું, 'તું આજથી મારી સાથે પુણ્યલોકમાં હોઈશ.' આ તપઋતુના ૪૦ દિવસમાં આત્મમંથન કરી પરસ્પર ક્ષમા આપી-સ્વીકારીને તપઋતુને ક્ષમાપર્વ બનાવીએ તથા ઉત્થાન ભરેલા જીવન તરફ પ્રયાણ કરીએ. આ સઘળું અઘરું છે પણ અશક્ય નથી.

'જો તમે પરસ્પર પૂરા દિલથી માફ નહી કરો તો તમારા પરમપિતા પણ તમારી સાથે આજ રીતે વર્તશે.' (માથ્થી ૧૯:૩૫), એ વચન હંમેશા યાદ રાખીએ.●



# ઈશ્વર પ્રત્યે પ્રેમ, નહીં ડર !

✍ એલ્વિન થોમસ 'ડેમોલકર'



આપણને બાળપણથી કહેવામાં આવ્યું છે કે, 'ઈશ્વરથી ડરીને ચાલો.' એની પાછળ એવું કારણ આપવામાં આવે છે કે, જો ઈશ્વરની બીક રાખીશું તો કોઈનું ખોટું નહિ કરીએ. સીધા રસ્તે ચાલીશું અને નીતિવાન બની રહીશું.

અહીં મારો વિચાર જુદો છે. મારું માનવું છે કે ઈશ્વર ડરનો નહિ, પરંતુ પ્રેમનો, આનંદનો વિષય છે. મનોવિજ્ઞાન પણ એવું સ્પષ્ટપણે માને છે કે જે વ્યક્તિથી આપણે ડરતા હોઈએ તેને ક્યારેય પણ પ્રેમ કરી શકીએ નહિ. સમાજમાં આપણે ઘણી જગ્યાએ જોઈએ છીએ કે બાળપણમાં જે સંતાનો તેમનાં માબાપથી બીએ છે તે જ સંતાનો જ્યારે મોટાં થાય છે અને માબાપની બીક જતી રહે છે, પછી આ જ સંતાનો તેમનું અપમાન કરે છે અને પછી તેમને ઘરડાઘરમાં મૂકી આવે છે ! એના બદલે માતાપિતા પોતાનાં સંતાનોને બીકથી નહિ પણ પ્રેમથી વશ રાખે તો તેમનાં સંતાનો જ્યારે મોટાં થશે ત્યારે તેમને પણ પ્રેમથી સાચવશે.

ભગવાન એ કાંઈ પોલીસ નથી કે આપણે કંઈ ખોટું કરીએ તો તરત જ એ દંડો ઉગામે કે સજા કરે. ભગવાન એ આપણા પ્રેમાળ મિત્ર છે, એ જો હૃદયથી સ્વીકારીએ તો ભય નાશ પામે અને ચિંતા દૂર થાય. આપણી મુશ્કેલી એ છે કે ઈશ્વર એ આપણા પરમ મિત્ર છે એવું આપણે સ્વીકારી નથી શકતા કેમકે બાળપણથી જ કહેવાતા ધાર્મિક લોકોએ આપણાં મનમાં એવી ગ્રંથિ ઠસાવી દીધી છે કે ઈશ્વરથી ડરીને ચાલવું. આપણે ઈશ્વરથી ડરીને ચાલનારી પ્રજા છીએ, ઈશ્વરને પ્રેમ કરવાવાળી નહિ અને અહીંથી જ મુશ્કેલી ચાલુ થઈ જાય છે.

લગ્નની જાહેરાતમાં પણ એવું લખવામાં આવે છે કે : 'ઈશ્વરથી ડરીને ચાલે તેવો/તેવી વર/વધૂ જોઈએ છે.' એના બદલે એવું લખાવું જોઈએ કે, 'ઈશ્વરને સાચા હૃદયથી પ્રેમ કરે તેવો/તેવી વર/વધૂ જોઈએ છે.' તો આની હકારાત્મક અસર વધુ થાય. માણસ ઈશ્વરથી ડરે છે એટલે તેની નજીક જઈ શકતો નથી એટલે ઈશ્વરને પણ આ નહિ ગમતું હોય, કેમ કે ઈશ્વર તો ઈચ્છે છે કે આપણે તેની પાસે જઈએ અને તેના મિત્ર બનીએ.

આપણે ઘણી વખત લોકમુખે સાંભળીએ છીએ કે 'ભગવાને મારી પ્રાર્થના ના સાંભળી એટલે હું હવે ભગવાનની ભક્તિ કરવાનો / કરવાની નથી.' હવે ભગવાને જે તે વ્યક્તિની પ્રાર્થના કેમ ના સાંભળી એ જુદો વિષય છે. એમ તો ભગવાન બધાની પ્રાર્થના સાંભળીને બધાને હા કહી દે તો પૃથ્વી ઉપર અફડા-તફડી મચી જાત, કેમ કે એકનું દુઃખ બીજાનું સુખ હોઈ શકે છે. એટલે ઈશ્વર બધાની પ્રાર્થના સાંભળીને ઓ. કે. કરી દે તો શું થાય એ વિચારી જોજો. હવે જેની પ્રાર્થના ઈશ્વરે સાંભળી નથી એ ફરી ખાનગીમાં એવું વિચારશે કે જો હું ભગવાનની પ્રાર્થના નહિ કરું તો ભગવાન મને શિક્ષા કરશે અને મારી ઉપર અને મારા કુટુંબીજનો ઉપર મોટી આફત ઊતરી આવશે. એટલે તે વ્યક્તિ ફરીથી ઈશ્વરની પ્રાર્થના તો કરશે પરંતુ મન વગર અને ડરતાં-ડરતાં કરશે, હવે ભગવાનને એવું કેમ ગમે !

ઘણાં લોકો ભક્તિમાં વધારે ઊંડા જઈ શકતા નથી એનું કારણ ભગવાનનો ડર છે. કેમ કે, ડરથી કોઈ પણ વ્યક્તિની નજીક જઈ શકાતું નથી, હા, ઔપચારિકતા જરૂર મળે છે અને માન પણ મળે છે પરંતુ એથી વ્યક્તિની નજીક જઈ શકાતું નથી અને એનાં હૃદયમાં સ્થાન પામી શકાતું નથી. જો આપણે ભગવાનના હૃદયમાં સ્થાન પામવું હોય અને ભગવાન પણ આપણા હૃદયમાં બિરાજમાન થાય એવું ઈચ્છતાં હોઈએ તો ભગવાનને પૂરા દિલથી પ્રેમ કરીએ તો જ આપણે ઈશ્વરની ભક્તિમાં ઊંડા જઈ શકીશું અને ઈશ્વરના પ્રેમનો અનુભવ કરી શકીશું. નહિતર આપણી પ્રાર્થના એ માત્ર હોઠોની કસરત અને નર્યો કર્મકાંડ બનીને રહી જશે. આપણે દેવળમાં જઈએ છીએ તે બીકના માર્યા જઈએ છીએ કે, રખેને હું નહિ જાઉં તો ઈશ્વર મને શિક્ષા કરશે ! આવું મન લઈને જઈએ તો પછી ઈશ્વરનો સાક્ષાત્કાર કેમ કરીને થાય ?

આપણા સમર્થ લેખક અને 'સવાઈ ગુજરાતી' ફાધર વાલેસે એક સુંદર વાર્તા આ સંદર્ભમાં એમના પુસ્તકમાં લખી છે, તે મુજબ : એક મોટા શેઠને જ્યારે પણ વિમાનની મુસાફરી કરવાની થાય ત્યારે અચૂક પ્રથમ મંદિરમાં જઈને શ્રીફળ ચડાવે અને ત્યારબાદ જ વિમાનની મુસાફરી શરૂ કરે. આ વિધિને તેઓ પોતાનો જીવનવીમો કહે. એટલે આ શેઠના મત મુજબ ઈશ્વર એ 'જીવનવીમો' છે ! હવે એક દિવસ આ શેઠને તાત્કાલિક બહાર જવાનું થયું અને મોડું કરે તો વિમાન ચૂકી જવાય તેમ હતું. છતાં પણ તેઓ મંદિરમાં શ્રીફળ ચડાવવા ગયા અને તેમાં મોડું થયું એટલે વિમાન ચૂકી ગયા. એટલે શેઠની પત્નીએ કહ્યું કે, મોડું થતું હતું તો મંદિરમાં જવાને બદલે સીધા વિમાની મથક ગયા હોત તો વિમાન ચૂકી ના જવાત અને કામ રખડી ના પડત. તો જવાબમાં શેઠે કહ્યુ કે, 'ભલે વિમાન ચૂકી જવાયું પણ મંદિરમાં જઈને નાળિયેર ચડાવ્યું ના હોત તો રખે ને ભગવાન વિમાની અકસ્માત કરત અને મારું મૃત્યુ થાત !'

એટલે શેઠ ભગવાન વિશે શું માને છે ? એમને એવું હશે કે ભગવાનને આજે નાળિયેર ના ચડાવ્યું એટલે મને મારી નાખશે. હવે આ શેઠની ભક્તિને તમે શું કહેશો ? બસ બીક, વહેમ અને અવિશ્વાસ અને એ પણ ધર્મને નામે અને ઈશ્વરને નામે. એના બદલે જો શેઠે ઘરેથી જ એવી પ્રાર્થના કરી હોત કે, 'હે ભગવાન ! આજે સમય નથી એટલે સીધો વિમાન મથકે જાઉં છું, નાળિયેર રહી જાય તો વાંધો નથી ને !' તો એ ઈશ્વરને કેટલું ગમી જાત ! ઈશ્વરને તો એ પ્રેમ, સરળતા અને વિશ્વાસ જોઈએ છે. એના બદલામાં ઈશ્વરને મળે છે ફક્ત ડર.

*સામેના પાન ઉપર...*



# સ્વસ્થ જીવન

✍ ડૉ. રશ્મિ

સ્વાસ્થ્યની ચિંતા આજકાલ વિશેષ જોવા મળે છે કારણ સંપૂર્ણ સ્વસ્થ જીવન કેવળ કલ્પના કે સ્વપ્નથી વધારે કંઈ નથી ! એટલે આમપ્રજાને સ્વાસ્થ્ય અંગે જાગૃત કરવા માટે સંયુક્ત રાષ્ટ્ર સંઘ(UNO)ની આરોગ્ય વિષયક કામગીરી કરતી વિશ્વ આરોગ્ય સંસ્થા(WHO), ૧૯૪૮થી આજદિન સુધી ૭ એપ્રિલના રોજ વિશ્વ આરોગ્ય દિવસ(World Health Day)ની ઉજવણી કરે છે. 'સ્વાસ્થ્ય એટલે રોગ કે માંદગીની ગેરહાજરી જ નહિ, પરંતુ સાથોસાથ સંપૂર્ણ શારીરિક, માનસિક અને સામાજિક રીતે પણ સ્વસ્થ હોવું.' એવી વ્યાખ્યા આરોગ્ય સંસ્થાએ રજૂ કરી છે. તદુપરાંત દીર્ઘકાલીન સંશોધનને અંતે આધ્યાત્મિક સ્વાસ્થ્યને પણ આરોગ્યની વ્યાખ્યામાં સામેલ કરવામાં આવ્યું છે. એટલે સ્વાસ્થ્ય એ સંપૂર્ણ સુખાકારીની સ્થિતિ છે, એમ કહી શકીએ. ક્યારેક આધિ-વ્યાધિ-ઉપાધિ વચ્ચે પણ આનંદમગ્ન માનવી જોવા મળે એથી વિપરીત તમામ પ્રકારની સુખસુવિધા હોવા છતાં રોતલ માણસ મળી આવે ત્યારે આશ્ચર્ય અવશ્ય થાય.

સુંદર-સુઘડ શરીર, સારી ભૂખ અને ઊંઘ જેવાં બાહ્ય લક્ષણો વ્યક્તિના શારીરિક સ્વાસ્થ્યની પ્રતીતિ કરાવે છે. સંત પાઉલે (૧ કરિંથ ૬:૧૯-૨૦) આપણા શરીરને પવિત્ર આત્માનું મંદિર ગણાવી તેના દ્વારા ઈશ્વરનો મહિમા કરવા આગ્રહ કર્યો છે. એથી આગળ એફેસસ(૫:૧૮) ના ધર્મસંઘને વ્યસનથી દૂર રહી, સંયમ જાળવવા શીખ તેમણે આપી છે.

માનસિક સ્વાસ્થ્ય એ શારીરિક સ્વાસ્થ્ય કરતાં વધારે જટિલ છે. લાગણી અને વિચારમાં સમતોલન જાળવી તમામ પરિસ્થિતિમાં અનુકૂલન સાધનારો વ્યક્તિ માનસિક સ્વસ્થ છે, એમ માની શકાય. શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય એકબીજા પર ઓછાવત્તા પ્રમાણમાં અસર કરતાં હોય છે. 'તમારી બધી ચિંતા તેના પર નાખી દો, તે જ તમારી ચિંતા કરે છે.' એવો અનુરોધ કરીને સંત પીતરે(૧ પીતર ૫:૭) માનસિક આરોગ્ય જાળવવા શિખામણ આપી છે.

જો કોઈ વ્યક્તિ પોતાની જાત, કુટુંબ અને સમાજને સાથે સાંકળવામાં સક્ષમ જણાય તો તે સામાજિક સ્વાસ્થ્ય ધરાવે છે એમ માનવું વાજબી છે. વ્યક્તિની સામાજિક ફરજોની પરિપૂર્તિ સામાજિક સ્વાસ્થ્યની નિશાની ગણી શકીએ. એથી ઊલટું જાત પ્રત્યે કે કુટુંબ પ્રત્યે બેપરવાહ, ગુનાઈત પ્રકૃતિ અને વ્યસની લોકો સામાજિક સ્વાસ્થ્યની બાબતમાં નાદુરસ્ત છે. એવું ફલિત થાય છે. જે તે સમાજની હકારાત્મક પરંપરાઓ કે રીતરિવાજો તેમજ બાઈબલની દસ આજ્ઞાઓનું પાલન વ્યક્તિને સામાજિક રીતે સ્વસ્થ રહેવા મદદરૂપ બને છે. જોકે દસ આજ્ઞાઓનું પાલન વ્યક્તિને સામાજિક ઉપરાંત આધ્યાત્મિક સ્વાસ્થ્ય માટે પણ આશીર્વાદરૂપ છે. જેતે ધર્મનું પાલન, વ્યક્તિનો ધાર્મિકતાથી ધર્મપરાયણતા તરફનો ઝોક વગેરે બાબતો આધ્યાત્મિક સ્વાસ્થ્ય માટે આવશ્યક છે.

આમ શારીરિક, માનસિક, સામાજિક અને આધ્યાત્મિક સ્વાસ્થ્યનો સરવાળો વ્યક્તિને સંપૂર્ણ સ્વાસ્થ્ય જાળવવા મદદરૂપ બને છે, એટલે સ્વસ્થ જિંદગી માટે વ્યક્તિગત પ્રયત્ન જ કારગર નીવડે છે. પરિવાર, સમાજ કે ધર્મ તેમાં સહાયરૂપ બને પણ છેવટે તો તે વ્યક્તિ નિર્ભર છે. સામયિકો અને છાપામાં આ વિશે ઘણું જ પ્રગટ થાય છે અને લોકો તેને અનુસરતા પણ હોય છે, કારણ સૌને સ્વસ્થ રહેવું છે અને રહેવું જોઈએ પણ ખરું. કેટલીક બાબતોમાં આયાસપૂર્વક ધ્યાન આપીએ તો...

o આજના વ્યસ્ત-તણાવયુક્ત જીવનમાં થોડો સમય પોતાના માટે રાખીએ. o ખાવા-પીવાની બાબતોમાં કાળજી રાખીએ તો અડધી મુસીબતોથી છૂટકારો મળે. oબીજાના દોષ જોવાને બદલે આત્મનિરીક્ષણ કરીએ. યાદ કરીએ. o સતત પ્રવૃત્તિશીલ રહીએ તો ઘણા અવગુણોને જાકારો આપી શકીએ. o 'સર્વજન હિતાય' પ્રવૃત્તિ દુર્વૃત્તિઓનો નાશ કરી સદ્વૃત્તિનો વિકાસ કરશે. o અન્યધર્મીઓ માટે જે તે ધર્મનું શાસ્ત્ર કે સાત્વિક વાંચન પ્રેરણા આપશે. o અંગત અને સામુહિક પ્રાર્થના માટે સમય ફાળવીએ. o સત્સંગ ઉન્નતિકારક બની શકે છે.

ગલાતિયાના ધર્મસંઘ પર સંત પાઉલ(૫:૧૬-૨૩)ના પત્રના માર્ગદર્શનમાં પવિત્ર આત્માની દોરવણી પ્રમાણે જીવન ગાળીએ. ગુજરાતીમાં કહેવત છે, 'પહેલું સુખ તે જાત નર્યા...' એટલે સ્વાસ્થ્ય એ માનવનો મૂળભૂત અધિકાર જ નહીં, તમામ અધિકારોમાં સર્વોપરી છે. યાદ કરીએ બાઈબલના ઉત્પત્તિના ગ્રંથમાં પોતાના પ્રતિમૂર્તિરૂપ માનવના સર્જનથી માંડી, નવા કરારમાં પ્રભુ ઈસુ દ્વારા માનવના મુક્તિયજ્ઞની પરિપૂર્તિ, કેવળ માનવના સંપૂર્ણ આનંદ માટે જ પરમેશ્વરની યોજનાની ઘોષણા છે, એટલે જ્યારે તન, મન, થાકી જાય, દીશાહીન બની જઈએ ત્યારે પ્રભુનું શરણું લઈએ : 'ઓ થાકેલાઓ અને ભારથી કચડાયેલાઓ, તમે બધા મારી પાસે આવો ! હું તમને આરામ આપીશ.'(માથ્થી ૧૧:૨૮)

*ડો. રશ્મી... કેયા હોસ્પિટલ-નડિયાદમાં કન્સલ્ટ ડાયેટિશન અને 'હેલ્થવિલા ડાયટ ક્લિનિક એન્ડ વેલનેસ સેન્ટરના સ્થાપક છે.'*

*ઈ-મેઈલ : healthvillaclinic@gmail.com*

માણસો ઈશ્વરથી બીએ છે, પછી આપણે ઈશ્વરની નજીક કેમ કરીને જઈએ ! કહેવાનું તાત્પર્ય એટલું જ કે, હવેથી ઈશ્વરનો બિનજરૂરી ડર, સંકોચ કાઢી નાખીએ અને સાચા હૃદયથી ઈશ્વરને ચાહીએ, તેમને આપણા સૌથી નજીકના અને સાચા મિત્ર અને સખા માનીએ એમાં જ આપણું અને સૌનું કલ્યાણ છે. ઈશ્વરને પામવાનો આ જ એકમાત્ર માર્ગ છે. અનેક સંતો આવી પ્રેમલક્ષણા ભક્તિથી જ ઈશ્વરને પામી શક્યા છે. જ્યાં પોથી પંડિતો ગોથાં ખાય છે ત્યાં આવા સંતો જ આપણને ઈશ્વરને પામવાનો સાચો માર્ગ બતાવે છે. તો આવો આપણે ઈશ્વરથી ડરવાને બદલે ઈશ્વરને પ્રેમ કરીએ !●

*લેખકશ્રી અરુલ ફાર્મા લિમિટેડ કંપની, અમદાવાદમાં મેનેજર તરીકે સેવા આપે છે અને લેખનકાર્યમાં અભિરુચિ ધરાવે છે.*



# ઈસુનું મૌન



✍ ડૉ. મનુ માલવિયા, અમદાવાદ

વ્યક્તિએ સતત બોલવું તે સારી વાત નથી. જીવનમાં અમુક સમયે જ બોલવું, અમુક સમયે ન બોલવું. આપણી ગુજરાતી ભાષામાં કહેવત છે કે, 'ન બોલવામાં નવગુણ.' જીવનમાં અમુક સમયે ચૂપ રહેવું અથવા તો મૌન રહેવું. મૌન રહેવાના ઘણા ફાયદા છે. મૌન અને ચૂપ રહેવાની બાબતમાં મને ઈસુ સતત યાદ આવ્યા કરે છે. ઈસુનું મૌન મને ગમે છે.

ઈસુને ખબર પડી ગઈ હતી કે, હવે મારો અંત નજદીક આવી રહ્યો છે. તેથી ગેથેસેમાની વાડીમાં જઈને તે ઉપવાસ સહિત પ્રાર્થના કરે છે. પોતાની જાતને મૌન ધારણ કરી વધસ્થંભે બલિદાન આપવા તૈયાર કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો ઈસુ મનુષ્ય હતા તેથી તેઓ પોતાના આંતરિક મનને, આત્માને હવે પછી જે ઘટનાઓ બનવાની હતી, પોતાને સહન કરવાનું છે તે માટે પોતાની જાતને તૈયાર કરે છે. આત્મમંથન - ચિંતન કરે છે. મૌન ધારણ કરી લે છે. પ્રભુપિતા સાથે મનથી સીધી વાત કરે છે. પૃથ્વી પરના માનવજીવનને પાપી લોકોના તારણ માટે ઉદ્ધારની યોજના પૂરી કરવા દૃઢ મનોબળ કેળવી લે છે. મનની આંતરિક શક્તિ કેળવે છે.

આંતરિક મનોબળ કેળવવા જતાં પહેલાં શિષ્યોને કહે છે કે, 'હું પણે જઈને પ્રાર્થના કરું ત્યાં સુધી તમે અહીં બેસો.' (માથ્થી ૨૬:૩૬-૩૯) પ્રભુ શિષ્યોને મિત્ર પણ કહે છે. શિષ્યોને કહે છે કે, 'શાંત રહો અને પ્રાર્થના કરો' પરંતુ તે વાતને શિષ્યો સમજી શકતા નથી. તેઓ તો બસ ઊંઘ્યા કરે છે. ઈસુની વાતને, મર્મને તેઓ જરાપણ સમજી શકતા નથી. ઈસુની મૌન પ્રાર્થના એ તેમની આંતરિક તાકાતને વધુ મજબૂત અને જાગૃત કરે છે.

ઈસુએ ક્યાંય પોતાની વાત લંબાવી નથી. ટૂંકાક્ષરી જવાબ, ટૂંકા વાક્યો, નાનાં-ટૂંકા ઉદાહરણોથી જ પોતાની વાતને તેઓ રજૂ કરે છે. જરૂર પૂરતું બોલીને ઈસુ મૌન થઈ જતા હતા. ઈસુના જીવનમાંથી આ શીખવા જેવો સરળ ગુણ છે. જીવનમાં જ્યાં જરૂર પડે ત્યાં જ જરૂર પડતું બોલીને મૌન થવામાં જીવનની મજા છે.

પ્રાશ્ચાત્ય સાહિત્યના કવિ વિલિયમ વર્ડ્ઝવર્થ ખૂબ મોટા ગજાના કવિ હતા, તેમણે તેમના જીવનના અનુભવોમાંથી જે શીખવા મળ્યું તે મુજબ તેમની અનુભવવાણીનો સાર આવો હતો. 'દોડધામની દુનિયામાં લાંબો વખત જ્યારે આપણે આપણી જાતથી વિખૂટા પડી જઈએ, કામ કરવાથી કંટાળી જઈએ, સુખોના ભારથી વાજ આવી જઈએ ત્યારે આપણ બધાંને એકાંત કેટલું લાભકારક અને ઉપકારક બને છે. જીવનમાં મૌન રહેવા અને શાંતિ મેળવવા છેલ્લે ક્યારે સમય કાઢ્યો હતો ? એ યાદ આવતું નથી. તન, મન અને આપણા આત્માને નવપલ્લવિત કરવા એકાંતમાં મૌન રહી શક્તિ મેળવવા-મૌનનો પરિચય કેળવવા આપણે કદી સમય કાઢ્યો છે ?'

જોકે આપણે જાણીએ છીએ કે, આપણે બધાં કુટુંબ જીવનમાં ખૂબ જ વ્યસ્ત છીએ. ભાગદોડની જિંદગી જીવી રહ્યાં છીએ. ખૂબ જ વ્યસ્ત રહીએ છીએ, સમય ખૂટી જાય છે પરંતુ આવા વ્યસ્ત જીવનમાં થોરો કહે છે તે પ્રમાણે કરવું જોઈએ, 'કેવળ વ્યસ્ત હોવું એ મનુષ્ય માટે પર્યાપ્ત નથી, કીડીઓ પણ હંમેશા વ્યસ્ત રહેતી હોય છે. પ્રશ્ન એ છે કે આપણે ક્યા કામમાં આટલા બધા વ્યસ્ત છીએ ?'

જીવનમાં મોટાં કામો કરવા માટે મૌન એ અગત્યની બાબત છે. મોટાં કામો કરતાં હોઈએ ત્યારે તે વિશે કોઈને કશું જ કહેવું નહીં. કારણ કે કહીએ અને કદાચ પહોંચી ન શકીએ તો સમાજમાં હાસ્યાસ્પદ બનીએ છીએ. માટે મોટાં કાર્યો ગુપ્તતા જાળવીને કરવાં જોઈએ. સમય આવ્યે કાર્ય પૂરું થયું હશે તો લોકો જાણશે તો તેની કદર પણ કરશે.

જીવનમાં નકારાત્મક શક્તિ વારંવાર આપણી સામે આવતી હોય છે ત્યારે શક્તિ સામે સજ્જ થઈને લડીએ છીએ. ઘણીવાર પરિણામ સ્વરૂપ દુઃખ મળે છે. અશાંતિ મળે છે પરંતુ તેવે સમયે આક્રમક બન્યા વગર, શાંત રહી, થોડું જ ખસી જવાથી આવતી ઘટનામાંથી કંઈક અંશે રાહત મળે છે.

આ સંદર્ભે પ્રભુનો સેવક સ્તેફાન યાદ આવે છે. સ્તેફાનનો અર્થ મુગટ થાય છે. તે કરિંથ મંડળીનો સભાસદ હતો. પાઉલથી બાપ્તિસ્મા પામ્યો. પસંદ કરેલા સાત સેવકોમાંનો તે એક હતો. ખ્રિસ્તને માટે શહીદ થનાર પણ પ્રથમ તે જ હતો. પોતાને સતાવનારોની સામે ન થયો પણ તે શાંત રહ્યો. લોકોએ તેને પથ્થરે મારવા લીધો, ત્યારે સામે થવાને બદલે પ્રાર્થના કરવા લાગ્યો, ઘૂંટણે પડી મોટે ઘાંટે બૂમ પાડી પ્રાર્થના કરી કે, 'ઓ પ્રભુ, આ દોષ તેઓને માથે ન મૂક' એમ કહીને તે ઊંઘી ગયો. સ્તેફાન સામે થવાને બદલે મૃત્યુને માટે જીવન ન્યોછાવર કરી દે છે.

મને ઈસુ ગમે છે. હું ઈસુને ચાહું છું. સામે પક્ષે ઈસુ મને દરરોજ પ્રેમ કરે છે. ઈસુનું જીવન તપાસતાં ઈસુનું મૌન મને ગમી ગયું. ઈસુએ નવા કરારમાં મારી દૃષ્ટિએ બે વખત મૌન ધારણ કરેલું જોવા મળે છે. પ્રથમ ગેથસેમાની વાડીમાં આવનાર પરિસ્થિતિ સામે લડવા માટે ચાલીસ દિવસના ઉપવાસ, પ્રાર્થના કરી ઈસુ મૌન ધારણ કરી શાંત રહ્યા. રોમન સૈનિકોને હાથે યહૂદા દ્વારા પકડાઈ ગયા પછી પણ વધસ્તંભે જડાયા, ત્યાં સુધી તેઓ ચૂપ-મૌન જ રહ્યા. શાંત રહ્યા, કારણ કે પ્રભુપિતાએ તેમને જે કાર્ય પૂર્ણ કરવા માટે પૃથ્વી પર મોકલ્યા હતા તે કાર્ય પૂર્ણ કરવાનું હતું. તે કાર્ય પૂર્ણ કરવા મૌન જરૂરી હતું. કેટકેટલાંયે પ્રશ્નો પૂછાય છે છતાં એક પણ પ્રશ્નનો ઉત્તર તેઓ આપતા નથી.

આ પ્રસંગ પરથી બોધપાઠ મળે છે કે, **૧. ચૂપ રહીએ :** જીવનમાં ગમે તેવી પરિસ્થિતિ હોય પણ તેમાં શાંત રહેવાનું છે. ગુસ્સો કરવાનો નથી. નીતિવચન કહે છે તે મુજબ, 'કામ કરવામાં ધીમો તે બુદ્ધિમાન છે

અને ઉતાવળિયો તે મૂર્ખ છે, ક્રોધ કજિયો - કંકાસ ટંટો ઊભો કરે છે.' ગુસ્સાને કાબૂમાં રાખી પરિસ્થિતિ પર વિજય મેળવવા ઈસુ શાંત રહ્યા. મૌન રહ્યા. તેથી આપણે જીવનમાં આવતી અચાનક બનતી ઘટનાઓ, પ્રશ્નોમાં શાંત રહેવાનું છે.

**૨. પ્રાર્થના કરીએ :** ઈસુ ચોતરફ જોઈ મનમાં ગુસ્સે થયા હશે પરંતુ મંદિરના શુદ્ધિકરણનું કાર્ય કરવા માટે જરૂરી શક્તિ-હિંમત મેળવવા માટે તેઓ રવિવારની રાત્રે પિતાની સાથે પ્રાર્થના દ્વારા જોડાય છે. ઈસુએ જ્યાં જ્યાં મોટા કામો કર્યા છે ત્યાં તેઓએ પ્રથમ પ્રાર્થના કરેલી જોવા મળે છે. આપણે પણ વિકટ પરિસ્થિતિમાં મૌન રહી વિકટ પરિસ્થિતિનો સામનો કરવા જરૂરી શક્તિ અને હિંમત મેળવવા પ્રાર્થનામાં લાગી રહેવાનું શીખવા મળે છે.

**૩. દેવળ/મંડળી/ધર્મસભાની પવિત્રતા જાળવીએ :** મંદિરનો અંદરનો ભાગ પ્રભુની હાજરીવાળો ભાગ જ્યાં પ્રભુના અભિષિક્તો કામ કરતા હતા. મંડળી પ્રભુએ સ્થાપી છે. મંડળીને લેવા પ્રભુ આવવાના છે. મંડળી પવિત્ર છે તેની વિરુદ્ધ કચકચ કરાય નહીં. ઈસુખ્રિસ્ત અભિષિક્ત અને પરમપવિત્ર ભાગને હાથ પણ અડાડતા નથી, જ્યારે આપણે મંડળી વિરુદ્ધ, પ્રભુના અભિષિક્ત વિરુદ્ધ વારંવાર કચકચ કરીએ છીએ. અભિષિક્તોના કામનો બદલો પ્રભુ લેશે. પ્રભુ તેમના જીવનને - તેમના કાર્યને જોઈ રહ્યા છે તેમાં આપણે પડવાનું નથી. તેમનો આદર કરતાં શીખવાનું છે.

આ સંદર્ભે એક નાની વાત છે. ઈંગ્લેન્ડમાં ૨૦ મી સદીના આગળના વર્ષોમાં કામવાળી બાઈ તરીકે કામ કરતી ગ્લેડીસ એઈલવર્ડની ઈચ્છા ચીનમાં મિશનેરી તરીકે સુવાર્તા પહોંચાડવાની હતી. ચીનની એક મિશનેરી સંસ્થાને આ કાર્ય માટે જોડાવા તે અરજી કરે છે. થોડા સમય પછી સંસ્થાએ 'સેવા માટે અયોગ્ય' છે તેવું જણાવ્યું. ગ્લેડીસ હિંમત હાર્યા નહીં. ચૂપ-શાંત મૌન રહ્યાં. પ્રભુની સાથે પ્રાર્થનામાં લાગુ રહ્યાં. ચીનમાં જવાના દૃઢ નિશ્ચય સાથે સતત કોઈની પણ વિરુદ્ધ કચકચ કર્યા વગર અંદરની શક્તિ કેળવી, પ્રાર્થના કરી મૌન રહ્યાં. સાથે સાથે પ્રયત્નો પણ ચાલુ રાખ્યા, તેમની અઠાવીસ વર્ષની ઉંમરે ચીનની એક બીજી સંસ્થાએ ગ્લેડીસનો ચીનમાં જવાનો માર્ગ ખોલી આપ્યો પરંતુ સંસ્થાએ નાણાંની જવાબદારી ગ્લેડીસ ઉપર નાખી. ગ્લેડીસ પોતાની તમામ બચત ખર્ચીને ચીનમાં પહોંચી ગયાં.

પોતાનાં નાણાં પ્રભુને નામે વાપર્યા. ચીનમાં એક અંતરિયાળ વિસ્તારમાં એક નાનકડી શી ઓરડી રાખીને રહ્યાં. ત્યાં આવનાર-જનાર અનેક વ્યક્તિઓને તેમણે ઈસુની સુવાર્તાના કાર્યથી તેઓ ચીનમાં એક જાણીતી સુવાર્તિક બની ગયાં. ચીનમાં તેમની સુવાર્તિક તરીકેની સેવા વખણાઈ. ચીનના લોકોને તેમની સેવાની કદર કરી ચીની ભાષામાં 'એઈ-વેહ-ડેદ'ના (એઈ-વેહ-ડેહ) ના નામનું બિરુદ આપ્યું, જેનો અર્થ થાય છે 'સદ્‌ગુણી સ્ત્રી.'

મારા વ્હાલાંઓ જીવનમાં આવતી અનેક ઘટનાઓ, પ્રસંગો, આધિ, વ્યાધિને ઉપાધિમાં - જટિલ પ્રશ્નોમાં ઈસુના મૌનને યાદ કરવાનું છે. ચૂપ રહીએ, શાંત રહીએ, પ્રાર્થના કરીએ અને ઘટના - પ્રસંગ - સમસ્યા પર વિજય મેળવીએ. સંત પાઉલે હિબ્રૂઓને પત્ર ૧૩ઃ૫ માં 'હું તને મૂકી દઈશ નહિ અને તને તજીશ પણ નહિ' તેમ કહીને પ્રભુનાં વચનની યાદ અપાવે છે કે પ્રભુ આપણી સાથે હરહંમેશ છે માટે કશાની બીક, ડર રાખ્યા વિના જીવનને જીવીએ. જીવનમાં આવતી અનેક ઘટના-પ્રસંગો અને વિચિત્ર સમસ્યાઓમાં ઈસુની જેમ મૌન ધારણ કરી વર્તન કરી પરિસ્થિતિ પર વિજય મેળવીને જીવનમાં ઈસુના મૌનના મહિમાને વધારીએ.●

---

*લેખક, 'ખ્રિસ્તીબંધુ' તંત્રીમંડળ સભ્ય, મો. ૯૪૨૬૨ ૭૦૨૯૭*



Maxi Maker

(ગુજરાતનું સૌથી સસ્તું સ્થળ)

લગ્નની મેક્ષી, બર્થ ડે ફ્રોક, કોમ્યુનિયન ફ્રોક, ડાયમંડ સેટ તથા લગ્ન માટેના ચંપલ મળશે. રૂા. ૩,૫૦૦/- થી શરૂઆત થાય છે. **૧૫ વસ્તુ ફ્રી મળશે.**

એકવાર અમારી મુલાકાત લેવાનો અવશ્ય આગ્રહ રાખો.

ઈમરજન્સી ઓર્ડર લેવામાં આવશે.

સરોજબેન એસ. મેકવાન

સુનિલભાઈ એસ. મેકવાન (ચેનલવાળા) : નિર્મલનગર ગામડી, આણંદ

મોબાઈલ : ૯૯૦૪૮ ૨૦૧૭૩ / ૯૯૧૩૪ ૩૯૭૪૯

મકાન વેચવાનું છે



3 BHK, નવરંગ ટાઉનશીપ,

ગ્રીનલેન્ડ પાર્ક સોસાયટી પાસે,

મિશન રોડ, નડિયાદ

સંપર્ક : મો. ૯૪૨૭૧ ૦૯૮૯૮

હાર્દિક શુભેચ્છાઓ

'મારામાં બળ પ્રેરનાર ઈસુ ખ્રિસ્તને પ્રતાપે હું સર્વકાંઈ કરી શકું છું.'








કુ. શ્વેતા સાયમનભાઈ મેકવાન

(Bsc. (Maths), Msc(Maths), B.Ed)

મેકવાનું પરિવારનું ગૌરવ વધારનાર અમારી સુપુત્રી કુ. શ્વેતા સાયમનભાઈ મેકવાને હાલમાં 'Bachelor of Education'નો અભ્યાસ પૂર્ણ કરીને પ્રથમ ક્રમાંકે સ્થાન પ્રાપ્ત કરેલ છે. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા તરફથી તેઓને ત્રણ ગોલ્ડ મેડલ (સુવર્ણ ચક્ર)થી સન્માન કરવામાં આવ્યું છે. અમારી સુપુત્રી શ્વેતાને આ સિદ્ધિ હાંસલ કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.

લિ. સાયમન મેકવાન તથા સમસ્ત પરિવાર

મો. ૯૯૭૯૫ ૦૨૬૧૬ (બરોડા)



# પુરોહિત એટલે ઈસુના અંતેવાસી



✍ ફાધર વી.જી. દાસ

એક પુરોહિત જ્યારે પુરોહિતદીક્ષાની વર્ષગાંઠ કે રજતજયંતી ઉજવે છે ત્યારે 'આટલાં વર્ષ પુરોહિત જીવનનાં પૂર્ણ કર્યા તેની બડાશ મારવા ઉજવણી કરે તો...તે કેટલું વાજબી ?' આ વર્ષો દરમિયાન તેમણે કેટલું સિદ્ધ કર્યું ? શું પ્રાપ્ત કર્યું ? બાંધ્યું કે તોડ્યું ? કેટલા ધર્મવિભાગમાં સભાપુરોહિત તરીકે સેવા આપી ? કેટલી શાળામાં આચાર્ય તરીકે કામગીરી કરી ? કેટલા પ્રવાસનું આયોજન કર્યું ? કેટલા દેશ જોઈને આવ્યા ? તેની યાદી રજૂ કરી લોકો આગળ વાહવાહ મેળવવા ઉજવણી કરવાનો ઉદ્દેશ ન હોવો જોઈએ. જો પુરોહિત માની લે કે સભાયાજ્ઞિક કે આચાર્ય બનવું એ જ એની હાકલ છે તો તેઓ પંથ ભૂલ્યા છે. તેમણે લોકોને જે શીખવ્યું તે ખોટું છે, તેમનું જીવન નર્યો ઢોંગ છે, નકલી છે. કારણ કે ઈસુએ સભાપુરોહિત બનવા કે આચાર્ય બનવા સાદ નથી કર્યો. જ્યારે ઈસુએ પોતાના શિષ્યને પસંદ કર્યા ત્યારે શુભસંદેશ કહે છે : 'પોતાના અંતેવાસીઓ થવા માટે બોલાવ્યા.' (માર્ક ૩:૧૪-૧૫) એટલે એક પુરોહિતને પણ ઈસુ આ જ હેતુસર-અંતેવાસી બનવા આમંત્રણ આપે છે, તેમના મિત્રો થવા માટે, નિકટના સાથીદાર થવા માટે...

એટલે કોઈપણ ઉજવણી વખતે એક પુરોહિત, ઈસુના અંતેવાસી, મિત્ર કે સાથીદાર તરીકે જે હાંસલ કર્યું છે, તે બદલ પ્રભુનો આભાર માને છે. ઈસુના અંતેવાસી તરીકે કંઈક તો મેળવ્યું જ હશે તેના માટે તે અચૂક બડાશ મારી શકે, પરંતુ તે માનવની રીતે નહિ, સંત પાઉલે શીખવ્યા પ્રમાણે : 'જો બડાશ મારવાની જ હોય તો મારી નબળાઈઓની હું બડાશ મારીશ.'(૨ કરિંથ ૧૧:૩૦) ઈસુના શિષ્ય તરીકે કંઈ કર્યું હોય તો ઈસુના શિક્ષણ પ્રમાણે ઈશ્વરની બધી આજ્ઞાઓ પાળ્યા પછી કહેવું જોઈએ : 'અમે તો નકામા નોકરો છીએ. અમે કેવળ અમારું કર્તવ્ય જ બજાવ્યું છે.' (લૂક ૧૭:૧૦)

હવે પ્રશ્ન થાય કે 'આ ઉજવણી શાની કરે છે ?' અથવા 'આવી ઉજવણીની આવશ્યકતા છે ખરી ?' આ અને આવા કેટલાક પ્રશ્નોના પ્રત્યુત્તરમાં ત્રણ બાબત રજૂ કરી શકાય. ૧. ઉજવણી પાછળની આધ્યાત્મિકતા ૨. ધર્મપ્રાંતીય પુરોહિતની આધ્યાત્મિકતા. ૩. આધ્યાત્મિક સાપેક્ષવાદ.

૧. ઉજવણી પાછળની આધ્યાત્મિકતા : જ્યારે એક પુરોહિત, પુરોહિતદીક્ષાની ઉજવણી કરે છે ત્યારે જે તે દિવસ-વર્ષે મળેલી દીક્ષા અને ત્યાર પછી પસાર કરેલા એકએક દિવસ-વર્ષ માટે પ્રભુનો અહેસાનમંદ છે. પુરોહિતદીક્ષાનો દિવસ એ તેમની પસંદગી પામેલ દિવસ, ઋણ ચૂકવવાનો દિવસ છે. આ વર્ષ દરમિયાન જે અનુભવ થયો છે તેના માટે કૃતજ્ઞભાવે આભાર માનવાનો દિવસ છે. પયગંબર ઈર્મિયા દ્વારા ઈસ્રાયલની પ્રજાને આપેલાં વચન આપણા બધા માટે, એક પુરોહિત માટે પણ એટલાં જ સાચાં છે. '... હું અનંત પ્રેમથી તને ચાહું છું, એટલે મારી કરુણા તારી પર વરસાવ્યા કરું છું.' (૩૧:૩) ઈશ્વરે તેમનો શાશ્વત અને અપાર પ્રેમ એક પુરોહિત પર વરસાવ્યો છે, તેમનો હાથ પુરોહિતને માથે રહ્યો છે. પ્રભુનો સાથ મળતો આવ્યો છે, એટલે એક પુરોહિત ઈશ્વરના અખંડ પ્રેમનો સાક્ષી છે, એ પ્રેમની સાક્ષી પૂરે તે યોગ્ય છે, ઉચિત છે. એટલે ઉજવણી ઈશ્વરના પ્રેમની સાક્ષી પૂરવા માટેનું આયોજન છે. જો ઈશ્વરના પ્રેમની જાહેર સાક્ષી પૂરવામાં ન આવે તો શુભસંદેશમાં રજૂ થતા આભાર ન માનનારા નવ કોઢિયામાંના એક તે બની શકે !

એક પુરોહિતને સાક્ષી આપવા યોગ્ય પ્રેમનો અનુભવ આ વર્ષોમાં થયો હોય છે, એનો અર્થ એવો નથી કે આ વર્ષોમાં 'પેલા રાજાની વાર્તા જેમ ખાધું પીધું ને લહેર કરી !' એક દિવસ-એક વર્ષ ઘણાને માટે ફૂલોને બદલે કંટક છાયો માર્ગ સાબિત થયો હોય છે. પુરોહિતને પણ એક માણસ તરીકે જાતભાતની મુશ્કેલીઓ, કસોટીઓ, એકલતા જેવા કડવા અનુભવ અવશ્ય થાય છે. પુરોહિત જીવન સાચે જ કઠિન જીવન છે, એ બાબત પ્રત્યેક શ્રદ્ધાળુએ જાણવી જોઈએ, પણ સંત પાઉલના શબ્દો આફતમાં સપડાયેલા કોઈપણને સાંત્વના આપે છે. 'ચારે બાજુથી ભીંસ આવવા છતાં અમે અંતરાઈ જતા નથી, મૂંઝવણો આવવા છતાં અમે નિરાશ નથી થતા, પીછો પકડવા છતાં અમે એકલા નથી પડી જતા, પછડાયા છતાં અમે જાનથી મરતા નથી.'(૨ કરિંથ ૪:૮-૯) આમ પ્રત્યેક શ્રદ્ધાળુ-પુરોહિત, પોતાનાં દુઃખ કે તકલીફો વડે, પોતાના દેહમાં ઈસુની મૃત્યુવેદના વહન કરે છે.

એક પુરોહિત જે તે સ્થાનિક ધર્મસભા પ્રત્યે પણ આભારી હોય છે. કારણ આ ધર્મસભા, એક પુરોહિતને દત્તક પુત્ર તરીકે આવકારી, ભરપૂર પ્રેમ આપે છે. ધર્માધ્યક્ષથી માંડી અદના ધર્મજન, તેમના પ્રત્યે અપાર લાગણી-અનુરાગ વ્યક્ત કરે છે, તે સૌના માટે પ્રાર્થના કરતાં ઉજવણી કરે છે. એક પુરોહિતની પુરોહિતદીક્ષાની વર્ષગાંઠ-રજતજયંતીની ઉજવણી એ અંગત કરતાં જાહેર વધારે હોય છે, કારણ તે સમગ્ર ધર્મસભાની છે, કારણ તે પુરોહિતપણાની ઉજવણી કરે છે. પુરોહિતપણાની ઉજવણી એટલે ઈશ્વરના પ્રેમની ઉજવણી. છેલ્લા ભોજન વખતે ખ્રિસ્તે માનવજાત પ્રત્યેના પ્રેમ ખાતર વિશેષ રીતે બે સંસ્કારની સ્થાપના કરી હતી : એક પવિત્ર ખ્રિસ્તપ્રસાદ સંસ્કાર અને બીજો પુરોહિત દીક્ષાનો સંસ્કાર - પુરોહિતપણાનો સંસ્કાર. ખ્રિસ્તપ્રસાદ એ પ્રભુના પ્રેમની ખાતરી છે, પુરોહિત એ ઈશ્વરના પ્રેમની ખાતરીને અખંડ રાખનાર દીક્ષાર્થી છે.

ઈસુએ ઈશ્વરના રાજ્યની ઘોષણા કરવા જ્યારે શિષ્યોને રવાના કર્યા હતા ત્યારે એકલા નહીં પણ બબ્બેની ટૂકડીમાં મોકલ્યા હતા.(લૂક ૧૦:૧) એટલે પુરોહિત દીક્ષાની ઉજવણી એકલા એકલા નહિ પણ

સાથી પુરોહિતગણ સાથે, સકળ ધર્મસભા સાથે કરવામાં આવે એવી ઈશ્વરની ઈચ્છા છે. સૌ સાથે મળી ઉજવણી કરતાં ઈશ્વરના પ્રેમની જાહેર સાક્ષી પૂરે એ કેટલું ઉમદા છે !

૨. ધર્મપ્રાંતીય પુરોહિતની આધ્યાત્મિકતા : ધર્મપ્રાંતીય પુરોહિતની આધ્યાત્મિકતાનાં બે પાસાં છે. જેમાંનું પહેલું વડાધર્મગુરુ ફ્રાન્સિસના શબ્દોમાં - 'Pastors with the smell of the sheep.' અર્થાત્ ગોવાળ પોતાના ઘેટાંની ગંધ પારખે છે. બીજી વેટિકન વિશ્વ ધર્મપરિષદ પહેલાં પુરોહિતને એક યાજ્ઞિક તરીકે જ માત્ર જોવામાં આવતા, એટલે એક યાજ્ઞિક-પુરોહિતનું કર્તવ્ય કેવળ ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરવો, લોકોને આશીર્વાદ આપવો, પણ હવે દૃષ્ટિકોણ બદલાયો છે. પુરોહિત યાજ્ઞિક ઉપરાંત ગોવાળ-સેવક પણ છે. લગ્નસંસ્કારની જેમ પુરોહિત દીક્ષાનો સંસ્કાર પણ એક સેવાનો સંસ્કાર છે. તેથી સેવા કરવી એ પુરોહિતનું પરમ કર્તવ્ય છે. ઈશ્વર તથા ઈશ્વરની પ્રજા-લોકોની સેવા. ઈશ્વરની સેવા કરતાં પુરોહિત લોકોની મધ્યે આવે છે, લોકોનાં સુખદુઃખમાં ભાગીદાર બને છે, લોકો સાથે એકરૂપ થાય છે, એ રીતે લોકોને ઈશ્વરની નિકટતાનો અનુભવ કરાવે છે. જે પુરોહિત લોકસેવક-ગોવાળ બની જાય છે તે જ પોતાની પ્રજાને ઓળખે છે, ઘેટાંની ગંધ પારખે છે.

ધર્મપ્રાંતીય પુરોહિતની આધ્યાત્મિકતાનું બીજું પાસું છે - 'Priests with the perfume of Christ.' અર્થાત્ એક પુરોહિતમાં ખ્રિસ્તની સુગંધ મહેંકવી જોઈએ. પહેલું પાસું લોકોની પડખે રહેવા અને બીજું પાસું ખ્રિસ્ત કેન્દ્રી જીવન માટે પુરોહિતને હાકલ કરે છે. આ બંને પાસાંનો સુમેળ એક પુરોહિતના જીવનમાં સાધવામાં આવ્યો હોય ત્યારે જ પુરોહિત જીવનની આધ્યાત્મિકતા પરિપૂર્ણ બને છે, જેની પ્રાપ્તિ એકલા પુરોહિત માટે અશક્ય છે, કારણ જે ખુદ ઈસુએ કહ્યું હતું, 'મારા વગર તમારાથી કશું થશે નહિ.' (યોહાન ૧૫:૫) ઈસુ પોતાની જાતને દ્રાક્ષના વેલાનું રૂપક આપી આ વાત સુપેરે સમજાવે છે. દ્રાક્ષના વેલા સાથે જોડાયેલી ડાળીઓ જ પુષ્કળ ફળ આપે છે તેમ ખ્રિસ્ત સાથે સુગ્રથિત પુરોહિત જ જીવનફળ આપી શકે છે. વળી પુરોહિત દીક્ષા વખતે ધર્માધ્યક્ષશ્રી વિશેષ કરીને 'ભક્તજનોએ આપેલી ભેટો તરીકે પ્યાલો અને...' આપીને ઉચ્ચારે છે : 'આ પાવન વિધિઓ કરતાં કરતાં તમે પોતે પાવન બનતા રહો, સદા ક્રૂસ પર જડાયેલા ઈસુના આદર્શોને સામે રાખીને જીવો.' એટલે એક પુરોહિતના જીવનનો આદર્શ ક્રૂસ પર જડાયેલા ઈસુ છે. ક્રૂસે જડાયેલા ઈસુ એટલે બીજાને માટે સર્વસ્વ છોડી દેનાર, ત્યાગ કરનાર ઈસુ. એક પુરોહિતની નજર સામે ક્રૂસે જડાયેલા ઈસુ હોય તો, તેમના જીવનમાંથી ખ્રિસ્તની સુગંધ મહેંક્યા વિના રહે ખરી !'

આજની દુનિયામાં ઈસુના આદર્શ માથે ચડાવીને જીવવું એ એક મોટો પડકાર છે. એક પુરોહિતને ખ્રિસ્તકેન્દ્રી જીવન જીવવાના મનોરથ સામે ઢગલાબંધ કસોટીઓ અને આધ્યાત્મિક બીમારીઓનો સામનો કરવો પડે છે. વડાધર્મગુરુ ફ્રાન્સિસે નાતાલ-૨૦૧૫ માં શુભેચ્છા પાઠવતાં આવી ૧૫ આધ્યાત્મિક બીમારીઓની વાત કરી હતી. તદ્ઉપરાંત મારા મતે બીજી ત્રણ મહામારીઓ છે. ૧. વ્યક્તિવાદ (individualism) સ્વતંત્ર અને સ્વનિર્ભર જીવવાની આદતવાળા આવા માણસ હંમેશા સ્વકેન્દ્રી હોય છે. પોતાનું સુખ, સગવડ, સ્વાર્થ. ઈસુના આદર્શને બદલે 'હુંપણા' માં વ્યસ્ત પુરોહિત, પોતાનાં ઘેટાંને ખાતર પોતાના પ્રાણ પાથરી દેનાર ગોવાળને બદલે જોખમ સમયે ભાગી જનાર ભાડૂતી માણસ જેવો બને છે.(સંદર્ભઃયોહાન ૧૦:૧-૧૪)

૨. કારકિર્દીવાદ (careerism) : જીવનમાં આગળ ધપવાની, સફળ રહેવાની આદત કે સિદ્ધાંત. આ બીમારીમાં સપડાયેલા પુરોહિત રાતદિવસ એક જ વિચાર કરે છે, 'મદદનીશ પુરોહિતમાંથી સભાપુરોહિત ક્યારે બનું ?' 'મ.શિ.માંથી આચાર્ય ક્યારે બનું.' આવા વ્યક્તિની નજર આગળ ઈસુનો નમૂનો નહીં કેવળ હોદ્દો કે સત્તા જ હોય છે. કારકિર્દીવાદથી દૂર રહેવા વડાધર્મગુરુ પુરોહિતગણને શીખ આપે છે કારણ કારકિર્દીવાદ ધર્મસભાનો ગંભીર રોગ છે.

૩. આધ્યાત્મિક સાપેક્ષવાદ(spiritual relativism) : પોતાના મગજમાં ઠસી ગયેલા મૂલ્ય કે સત્યને જ સનાતન માની તે સિવાયનો અનાદર કરનાર પુરોહિતમાં આધ્યાત્મિક સાપેક્ષવાદ જન્મે છે, વૃદ્ધિ પામે છે, જે દેખાવે આધ્યાત્મિક, ધાર્મિક, નૈતિક કે સામાજિક પણ હોઈ શકે ! આવો વ્યક્તિ નીતિમત્તા અંગે શું કહેશે ? 'તમારું અંતઃકરણ જે કહેતું હોય તે કરો.' 'ધર્મ અંગે શું કહેશે !' 'તમે ખ્રિસ્તી ધર્મ પાળો કે હિંદુ ધર્મ પાળો તે બધું સરખું છે.' 'લગ્ન હિન્દુવિધિ પ્રમાણે કરો કે ખ્રિસ્તીવિધિ પ્રમાણે કરો, બંને સરખાં છે.'

જ્યારે એક પુરોહિત સાપેક્ષવાદી બને છે ત્યારે પોતાના ઝોકને પારાવાર નુકસાન કરે છે. લોકોને ગેરમાર્ગે દોરે છે. આત્મા ગુમાવે છે. 'સાપેક્ષવાદ આજની દુનિયાની અધમ બૌદ્ધિક સરમુખત્યારશાહી છે.' એવી ચમકી વડાધર્મગુરુ બેનેદિક્ત ૧૬ માએ ઉચ્ચારી હતી. પુરોહિતે પોતાની શિખામણ નહીં પણ ઈસુનું શિક્ષણ, સ્વયમ્ અનુસરીને શ્રદ્ધાળુઓને આપવાનું છે ત્યારે ઈસુની શિખામણને વફાદાર રહેવું અત્યંત આવશ્યક છે. તેનાથી દૂર, આજ્ઞાભંગ કરી મનફાવે તેમ જીવનાર- વર્તનાર માટે ઈસુએ જાહેર ચેતવણી આપી છે. 'જે કોઈ મારી આજ્ઞાઓમાંની નાનામાં નાનીનો પણ ભંગ કરશે તે ઈશ્વરના રાજ્યમાં ક્ષુદ્રમાં ક્ષુદ્ર ગણાશે.'(માથ્થી ૫:૧૯)

ઉપરોક્ત સૈધાન્તિક વાતને અંતે મારા અનુભવની એક વાત પુરોહિતગણ અને ધર્મજનો બંનેની આંખ ઉઘાડે તેવી છે. ૨૦૧૧ ના વર્ષમાં અભ્યાસ અર્થે મારા રોમ નિવાસ દરમિયાન પવિત્ર ગુરુવારે, વહેલી સવારે હું દેવળમાં જવા નીકળ્યો. દેવળની દીવાલ પર એક છેડાથી બીજા છેડા સુધી, ઈટાલિયન ભાષામાં એક ચેતવણી લખી હતી. 'bimbi, attenzione ai preti' અર્થાત્ 'બાળકો, પુરોહિતગણથી સાવધાન રહો.' મારી તો બહેર મારી ગઈ. હું શું વાંચું છું ! મને ઊંડો આઘાત લાગ્યો. 'કૂતરાથી સાવધાન' એવી ચીમકી વાંચી છે પણ આજે 'પુરોહિતથી...' આવી નોબત ઊભી થઈ તેના માટે જવાબદાર પરિબળ અંગે તમે જાણો છો. તેમ છતાંયે એક વાત સ્પષ્ટ છે કે, હજુ મોટો સમુદાય પુરોહિતગણનો આદર કરે છે, તેમના પ્રત્યે પ્રેમ દર્શાવે છે. આજકાલ પુરોહિતગણને પહેલાં જેવું માન મળતું નથી. કેટલાક લોકો નફરત કરે છે, તે સંજોગોમાં પુરોહિતગણ 'આવા' હોવા છતાં ધર્મસભામાં તેમની જરૂર છે. 'આપણને પુરોહિતની જરૂર છે કેમકે આપણને ખ્રિસ્તની જરૂર છે.'

*અનુસંધાન પાન નં. ૨૭ પર જુઓ...*



# આશીર્વાદિત થઈએ...



✍ પ્રા. યોગેશ પરમાર

'તમારાં હૃદયોને વ્યાકુળ થવા ન દો, તમે દેવ પર વિશ્વાસ રાખો, મારા પર પણ રાખો. મારા બાપના ઘરમાં રહેવાનાં ઠેકાણાં ઘણાં છે, નહિ તો હું તમને કહેત; કેમ કે હું તમારા માટે જગા તૈયાર કરવાને જાઉં છું. અને જો હું તમારે માટે જગા તૈયાર કરીશ, તો હું પાછો આવીશ, અને તમને મારી પાસે લઈ જઈશ;જેથી જ્યાં હું છું ત્યાં તમે પણ રહો.' (યોહાન ૧૪:૧-૩) ઈસુખ્રિસ્તનાં આ ખાતરીદાયક વચનો મારફત આપ સૌને ખ્રિસ્ત ઊઠ્યો છે તેની વધામણી સાથે પ્રેમી સલામ.

વ્હાલાંઓ, ઈસુખ્રિસ્તને પરસ્વાધીન કરીને વધસ્તંભે જડવામાં આવ્યા એ આખી અંતિમ પીડાદાયક યાત્રામાં તેમની સાથે કોઈ ન હતાં. માથ્થી ૨૭:૪૭ માં જોઈને તો ઈસુખ્રિસ્ત મોટેથી બૂમ પાડીને કહે છે 'ઓ મારા દેવ, તેં મને કેમ છોડી દીધો ?' આમ, જાણે કે યહોવાહ બાપે પણ તેમને તરછોડી દીધા હતા. અને એમ માથ્થી ૨૭:૫૦ મુજબ ફરીથી 'ઈસુએ મોટે ઘાંટે બૂમ પાડીને પ્રાણ છોડ્યો.' ટૂંકમાં કોઈ તેમની સાથે ન હતાં. એ બધામાં બે માણસો, યુસફ અને નિકોદેમસ જે સામે ચાલીને હિંમત કરી આગળ આવ્યા અને તે ઈસુના મરણની લાજ રાખનાર બન્યા. આ બે પાત્રો વિશે બાઈબલમાં ખૂબ ઓછું લખાયું છે, પણ જે છે તે દીવાદાંડીરૂપ છે.

માથ્થી ૨૭:૫૭-૬૦, માર્ક ૧૫:૪૩-૪૬, લૂક ૨૩:૫૦-૫૪ અને યોહાન ૧૯:૩૮-૪૨નો અભ્યાસ કરીએ તો યુસફ એ અરિમથઆઈનો વતની તથા યહુદી ન્યાયસભાનો એક માનવંતો સભાસદ હતો પણ તે યહુદીઓના મનસૂબા તથા કામમાં અસંમત હતો. યહુદીઓની ધાકને લીધે ગુપ્ત રીતે તે ઈસુનો એક શિષ્ય હતો અને તે દેવના રાજ્યની રાહ જોતો હતો. તેણે પહેલી વખત ઈસુના પક્ષમાં હિંમત રાખીને પિલાત પાસે ગયો અને જઈને ઈસુની લાશ માંગી અને તેને શણના લૂગડાંથી વીંટાળી, વણવપરાયેલી કબરમાં મૂકી, ચીવટપૂર્વક વજનદાર પથ્થર કબરના મુખ પર મૂક્યો, તે ચાલતો થયો. આ સિવાય વધુ કંઈ ખાસ બાઈબલમાં તેના વિશે લખાયું નથી.

એવી જ રીતે યોહાન ૧૯:૩૯-૪૦ મુજબ ઈસુની સેવામાં મદદે આવેલ બીજું એક પાત્ર તે નિકોદેમસ. નિકોદેમસ વિશે માત્ર યોહાનની સુવાર્તામાં જ ઉલ્લેખ થયો છે અને તે મુજબ જોઈએ તો તે પહેલવેલો તે રાત્રે ઈસુની પાસે આવ્યો હતો. તે પણ આશરે સો શેર બોળ તથા અગરનું મિશ્રણ લઈને આવ્યો અને યહુદીઓની દાટવાની રીત પ્રમાણે તેણે તેને સુગંધી દ્રવ્યો લગાડીને કબરમાં મૂક્યો. યોહાન ૩:૧-૧૦ મુજબ નિકોદેમસ ફરોશીઓમાંનો એક હતો, તે યહુદીઓનો અધિકારી હતો. તે ઈસુએ કરેલ ચમત્કારો વિશે તાજનો સાક્ષી હતો. ઈસુ સાથે વાર્તાલાપ કરતાં આપણને માલુમ પડે છે તેમ તે પણ ઈશ્વરના રાજ્યનો ભાગીદાર થવા ઈચ્છતો હતો, તે નવો જન્મ પામેલો જણાય છે.

આ બંને લોકો આજદિન સુધી સત્યને પડખે ઊભા રહેવામાં અચકાતા હતા. પણ હા, વધસ્તંભ ઉપર જ્યારે તેઓએ ઈસુનું પ્રગટીકરણ જોયું ત્યારે તેમનાં હૃદય પરિવર્તિત થયાં અને હિંમત સાથે ઈસુના પડખે ઊભા રહેવાનો નિર્ણય કર્યો. આ નિર્ણયથી ઈસુનું મરણ સુધર્યું, મોતનો મલાજો જળવાયો. યહુદી રીત પ્રમાણે મૃત્યુ પછી શબનું કબરમાં મૂકવું જરૂરી હતું. યશાયા પ્રબોધકના દર્શન મુજબ દુન્યવી માણસની જેમ તેનું મૃત્યુ થવું તથા કબરમાં મૂકાવવું અને ત્રીજે દિવસે તેનું પુનરુત્થાન થવું એ દેવની યોજના હતી. જો એમ ન થયું હોત તો ઈસુનું વધસ્તંભ પરનું મૃત્યુ નિરર્થક સાબિત થાત. પાપની ક્ષમા અને નવા જન્મની વાત એ માત્ર એક કપોલ કલ્પિત વાર્તા બનીને રહી જાત.

દોસ્તો આટલી વાત મૂક્યા પછી જરા આટલું વિચારીએ. આપણે સૌ જ્ઞાની છીએ, 'નીરક્ષીર વિવેક' ધરાવનારા છીએ. આપણાંમાના કેટલાક યૂસફ અને નિકોદેમસની જેમ સારી વગ ધરાવનારાં પણ છીએ. ભલે આપણે ઈસુએ કરેલ ચમત્કારોના તાજના સાક્ષીઓ કે અનુભવીઓ નથી. પરંતુ ક્યાંક ઈસુ થકી થયેલ ચમત્કારોના પ્રત્યક્ષ કે પરોક્ષ દૃષ્ટા તો છીએ જ. છતાં આપણામાંના કેટલાંક -

ખરા સમયે ઈસુ કે તેના લોક માટે સાક્ષી કે સાહેદી આપવાને બદલે પેલા શિષ્યોની જેમ છુપાઈ જઈએ છીએ. તો ક્યાંક પીતરની જેમ એમને ઓળખવાનો નકાર કરીએ છીએ. થોડી લાલચમાં આવી ઈસુને કે ઈસુની સંપત્તિ વેચનારા કે તેને પરસ્વાધીન કરનારા બનીએ છીએ. પેલા શાસ્ત્રીઓ, ફરોશીઓ અને વડીલોની જેમ તેમની ઉપર ફાંદો કસનારા બનીએ છીએ. ઘણી વખત કાયફાસની જેમ આપણે પણ મોટેમોટેથી દેવના ફરિસ્તાઓ વિશે દુર્ભાષણ કરનારાં બનીએ છીએ. વિધર્મીઓ મધ્યે પીતરની જેમ આપણે દેવનો નકાર કરીએ છીએ. વિશ્વાસીઓ વિરૂદ્ધ જઈને આપણે આપણી આસપાસના બે બારબ્બાસના પક્ષ લેનારા બનીએ છીએ. ક્ષણે-ક્ષણે પાપ કરીને, ખોટી સાહેદી ભરી કે ભરાવીને, ન કરવાનાં કામ કરીને આપણે ક્ષણે-ક્ષણે ઈસુ ખ્રિસ્તને દુઃખ પહોંચાડનારા બનીએ છીએ.

આપણને અને આપણી પ્રજાને સતાવનારા એ લોકો સાથે આપણે ભળી જઈને, બેરહેમ-બેશર્મ બની, આપણે જ આપણા એ ઈસુની પીઠ ઉપર કોરડા ઝીંકીએ છીએ. શા માટે આપણે પેલા શાસ્ત્રીઓ, ફરોશીઓ અને દંભીઓની માફક, ન્યાય સભાના ઠેકેદારો બની, આપણી મંડળી વિષયક, મંડળીના સભાસદો કે ઉપદેશકો વિષયક ન્યાય તોળનારા બનીએ છીએ ? શા માટે વિધર્મી મધ્યે ખોટી-ખોટી વાતો કરી, આપણે આપણી જ લાજ ઉતારનારા, તેઓને જલીલ-લજ્જીત કરી અકલ્પિત પીડા પહોંચાડીએ છીએ ? અને પાછાં શાહૂકાર બનીને, આપણે જ ઈસુને પૂછીએ છીએ કે - 'ઓ ખ્રિસ્ત તને કોણે માર્યો ?'

ક્યાંક આપણે પરાણે વધસ્તંભ ઊંચકીને ચાલનારા કુરેશીના સિમોન જેવા તો નથી ને ? અરે ! ધન્ય છે એ સ્ત્રીઓને કે ઈસુ પાછળ આંસુ સારનાર તો હતી. ધન્ય છે એ સ્ત્રીને કે જેણે રોમન સામ્રાજ્યની બધી બેડીઓ તોડી, આગળ આવી ઈસુનો પરસેવો લૂંછ્યો અને તેને પાણી પાયું. જ્યારે આપણે ! આપણે તો જીવનની બધી મર્યાદા તોડીને ઈસુ વિરોધી વર્તન કરીએ છીએ અને ઈસુને માટે રડવાનું કારણ બનીએ છીએ. શું આપણે જ તેને હાથે પગે ખીલા ઠોકનારા અને તેના છાતીમાં ભાલો ભોંકનારા નથી ? શું આપણે જ તેના માથે 'યહુદીઓનો રાજા' એવું બોર્ડ લગાવનારા નથી ? શું આપણે તેની મિલકત એટલે કે ઝભ્ભા માટે ચિઠ્ઠીઓ નાખનારાં નથી ? શું આપણે પેલા ચોરની જેમ મરતાં ઈસુને શાપ આપનારાં છીએ ?

જો આપણે ઉપર્યુક્ત જેવાં છીએ તો આવો, પાપનો પસ્તાવો કરીએ, ઈસુને આપણે આપણા અંગત તારનાર તરીકે સ્વીકારીએ અને જેમ બેથાનિયામાં સિમોન કોઢિયાના ઘરમાં પેલી સ્ત્રીએ ઈસુને સૌથી કીમતી એવા અત્તરનું અર્પણ કર્યું તેમ આપણે પણ ઈસુ માટે અમૂલ્ય અર્પણ બનીએ. પેલા શિષ્ય કે જેણે પુત્ર બની ઈસુની મા મરિયમની જવાબદારી સ્વીકારી અને તેને નિભાવી, તેમ આપણે પણ, મંડળી માટે ખરા અર્થમાં જવાબદારીનું વહન કરનારા અને એ રીતે મંડળીની સેવા કરનારા બનીએ.

મોડા-મોડા પણ આપણે યૂસફ અને નિકોદેમસની જેમ ડર મૂકીને આગળ આવનારા બનીએ અને સત્યને પડખે ઊભા રહેનારા બનીએ. જરૂર પડ્યે અંગત ખર્ચ કરીને પણ ઈસુને માટે અને તેના લોકોને માટે આર્થિક બોજો ઉપાડનારાં બનીએ. આપણું જે કંઈ પણ છે તે કોઈ લઈ ન જાય તે ચોરી ન જાય તે માટે યૂસફ અને નિકોદેમસની જેમ ચીવટપૂર્વક તેને સાચવનારાં બનીએ, આપણી બચી-ટકેલી આબરૂને ઉઘાડનારાં નહિ પણ તેને મજબૂત પથ્થર મૂકીને ઢાંકનારાં બનીએ.

જો આપણે આમ નહિ કરીએ તો ક્યાંક આપણને પીતરની જેમ રડવા વારો આવશે અને ત્યાં આપણાં આંસુ લૂંછનાર કોઈ નહિ હોય. ક્યાંક યહુદાની જેમ ગળે ફાંસો ખાવા વારો આવશે અને આપણને દાટવાવાળા કોઈ નહિ હોય. ક્યાંક પેલા પહેલા ચોરની જેમ આપણે પણ નરક અને આગની ખાઈમાં પડવાનો વારો આવશે.

તો ચાલો આપણે ખરા અર્થમાં યૂસફ અને નિકોદેમસ જેવા બનીને, ઉત્પત્તિના એ યાકૂબના દીકરા યૂસફની જેમ આશીર્વાદીત થઈએ. ત્રિએક દેવના નામમાં આમીન.●

*પ્રાધ્યાપક, બી.એડ્. કોલેજ, પેટલાદ*


## જૂજ પ્લોટ વેચવાના છે

**વિકસિત વિસ્તારમાં રો-હાઉસના જૂજ પ્લોટ બિલકુલ વ્યાજબી ભાવે વેચવાના છે. વહેલા તે પહેલાના ધોરણે.**

**સરનામું : સેંટ ઝેવિયર્સ સ્કૂલની પાછળ મેરી લેન્ડ પાર્ક પાસે - ચાવડાપુરા, આણંદ**

**સંપર્ક : મો. ૯૮૨૫૫ ૭૧૮૧૭, ૯૮૨૪૪ ૮૯૩૪૪**



## જીવનસાથી પાત્ર પસંદગી મેળો

**(આલ્ફા ઓમેગા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજીત)**

'માણસ એકલો રહે એ સારું નથી. હું એને માટે એને લાયક એક મદદ કરનાર બનાવીશ.' (ઉત્પત્તિ ૨:૧૮)

**ખ્રિસ્તી સમાજના લગ્ન ઈચ્છુક ભાઈઓ-બહેનો માટે**

**તારીખ :** ૨૬-૦૫-૨૦૧૯, રવિવાર

**સમયઃ** બપોરે ૧:૦૦ થી સાંજે ૭:૦૦ વાગ્યા સુધી

**સ્થળ :** કુશાભાવ ઠાકરે હોલ, સિંધવાયી માતાના મંદિર પાસે, સી.ટી.એમ., અમદાવાદ - ૩૮૦૦૨૪

**ફોર્મ જમા કરાવવાની અંતિમ તારીખ :** ૨૦-૦૫-૨૦૧૯

**રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો**

૧. હરેશભાઈ મેકવાન : મો. ૯૭૨૭૨૮૯૪૦૮
૨. સ્ટેફીબેન મેકવાન : મો. ૯૧૦૪૭૯૧૩૪૩
૩. શૌરીનભાઈ ક્રિશ્ચિયન : મો. ૯૦૩૩૮૪૦૪૧૩
૪. જેનીશનભાઈ ક્રિશ્ચિયન : મો. ૭૭૭૯૦૯૯૨૭૫
૫. યોહાનભાઈ રાઠોડ : મો. ૮૧૪૦૯૫૨૬૯૫
૬. સુધીરભાઈ રાઠોડ : મો. ૮૧૬૦૯૪૦૩૬૩

**ફોર્મ મોકલવાનું સરનામું :**

**બી/૭૬, પદમાશાળી સોસાયટી, વિભાગ-૨, વિરાટનગર રોડ, ઓઢવ, અમદાવાદ - ૩૮૨૪૧૫**


*અનુસંધાન પાન નં. ૨૫ પરથી ચાલુ...*

એવું વડાધર્મગુરુ બેનેદિક્ત ૧૬માએ દૃઢતાપૂર્વક જણાવ્યું હતું.

એટલે 'દૂત'ના વાચકોમાનાં માબાપને મારે કહેવું છે, 'કે પુરોહિત બનવા ઈચ્છા ધરાવતા તમારા દીકરાને રોકશો નહીં. વાંધો ઉઠાવશો નહીં. તેમને પ્રોત્સાહન આપજો, તે પુરોહિત બને તે માટે પ્રાર્થના કરજો. કારણ જે દિવસે પુરોહિતની હાજરી નામશેષ થશે તે દિવસે સંસ્કારરૂપમાં ખ્રિસ્તની હાજરી પણ ભૂંસાઈ જશે ! તમારાં સંતાનો ધર્મસભામાં સેવાનો માર્ગ પસંદ કરે, આગળ વધે એવી મારી પ્રાર્થના અને શુભાશિષ.

આપણા પુરોહિતગણ માટે તમે પ્રાર્થના કરો જેથી તેઓ કસોટી કે આધ્યાત્મિક બીમારીમાં ફસાઈ ન જાય પણ વડાધર્મગુરુ ફ્રાન્સિસની શીખ પ્રમાણે ખ્રિસ્તની મહેંક પમરાવતા અને ઘેટાંનો પગરવ પારખતા ગોવાળ બની રહે.

૨૭ જાન્યુઆરી, ૨૦૧૯ ના રોજ દસ ધર્મપ્રાંતીય પુરોહિતગણની રજતજયંતી ટાણે ખંભોળજમાં મોન્સીન્ગનોર વી.જી. દાસે આપેલ સંદેશ, થોડાક ફેરફાર સાથે પવિત્ર ગુરુવારની ઉજવણી નિમિત્તે પ્રકાશિત કર્યો છે.● - તંત્રીશ્રી

*વેટિકનમાં વડાધર્મગુરુના સીધા માર્ગદર્શનમાં નવ મહામંડળ કાર્યરત છે, જેમાંથી 'ધર્મ સિદ્ધાંત મંડળ' ના પદાધિકારી ફાધર વી.જી. દાસ છે, વડાધર્મગુરુએ તેઓશ્રીને મોન્સીગ્નોરની પદવી આપી છે. જેઓ હાલમાં રોમમાં રહીને 'કેનન લો'નો ગુજરાતી અનુવાદ કરી રહ્યા છે.*
*સંપર્ક : E-mail : frvgdhas@gmail.com*



# મૃત્યુમાં જીવન



✍ ફાધર એન્થોની પિચ્ચાઈ વેદમ્ એસ.જે.

આ તપઋતુની વેળાએ, આપણે આપણા પ્રભુ ઈસુની પીડા અને મરણનું સ્મરણ કરીએ છીએ. પયગંબર યશાયાના ગ્રંથમાં આપણે વાંચીએ છીએ કે "તેણે ભોગવેલી સજાને કારણે આપણે બધાં સુખશાંતિ ભોગવીએ છીએ અને તેને પડેલા ચાબખાથી આપણે સાજાસમાં છીએ". પ્રભુ ઈસુના જખમ અને દફન મારફતે આપણને સાજાપણું મળ્યું છે. જેઓ તેમને આધીન વર્તે છે તે તમામને ઈસુ શાશ્વત તારણ આપે છે. જ્યારે આપણા પ્રભુ ઈસુની મહાવ્યથા અને ક્રૂસ ઉપરના મૃત્યુ અંગે મનન ચિંતન કરીએ છીએ ત્યારે સ્પષ્ટ થાય છે કે, ઈસુએ આપણા પરના અમાપ પ્રેમને લીધે સમગ્ર માનવજાતનાં વિનાશક પાપ પોતે વહોરી લીધાં ! આપણે જાણીએ છીએ કે પાપ આપણને ઘાયલ કરે છે, આપણો નાશ કરે છે, સર્વનાશ કરે છે પણ ઈસુનો પ્રેમ સાજાપણું આપે છે, મુક્ત કરે છે, જીવન આપે છે, નવસર્જન કરે છે, ક્રૂસ દ્વારા પરમાત્માનો બિનશરતી પ્રેમ પ્રગટ થાય છે. માટે ક્રૂસનો માર્ગ જીવનનો માર્ગ છે. ક્રૂસમાં જ આપણું જીવન સમાયેલું છે. ઈસુના પુણ્યશાળી મૃત્યુએ દુનિયાને જીવન આપ્યું.

રોજિંદા જીવનમાં આપણે ઘણીબધી ભૂલ કરીએ છીએ, પાપ આચરીએ છીએ. આપણે જે કંઈ ખરાબ કરી રહ્યા છીએ, તેમાંનું કંઈપણ ઈસુ મારફતે સીંચાયેલા પિતાના પ્રેમથી આપણને અલગ કરી શકે તેમ નથી! માનવજાત પ્રત્યે પોતાનો પ્રેમ પ્રગટ કરવા તેમણે વચન આપ્યા પ્રમાણે, ઈસુએ પીડા ભોગવી અને ક્રૂસ પરનું મૃત્યુ સ્વીકાર્યું. ક્રૂસ ઉપર પોતાની જાતનું બલિદાન આપીને-તેમણે પોતાની જાતને ખાલી કરી નાખી, સમર્પિત પ્રેમ પરાકાષ્ઠાએ પહોંચાડ્યો. 'કોઈ પોતાના મિત્ર ખાતર પોતાના જીવનનું બલિદાન અર્પી દે તેના કરતાં મોટો પ્રેમ કોઈ હોઈ શકે ખરો ?'

ઈસુના જીવનનો આ એક જ મકસદ હતો, પિતાના માનવજાત પ્રત્યેના પ્રેમને પરાકાષ્ટાએ પહોંચાડવો, પિતાને આધીન રહીને, આપણાં પાપની, પોતાની જાતના બલિદાન દ્વારા કિંમત ચૂકવવી.

ઈસુ નિર્દોષ હતા પણ આપણા દોષ તેણે માથે નાખ્યાં. તેને રિબાવવામાં આવ્યો, પણ તેણે બધું શાંતિથી વેઠી લીધું. મોં સુદ્ધાં ખોલ્યું નહિ. મૂંગે મોઢે કતલખાને જતા ઘેટાની પેઠે તેણે મોં ખોલ્યું નહિ. (યશાયા ૫૩:૭)

જીવનદાતા ઈસુએ આપણા માટે પોતાના પ્રાણ પાથર્યા, તેમના દુશ્મનોની અપેક્ષાથી તદ્દન વિરુદ્ધ તેમના મૃત્યુનું જુદું જ પરિણામ આવ્યું. પોતાના મૃત્યુને પ્રતાપે તેમણે મૃત્યુની સત્તાને નાબુદ કરી, તેણે કોઈ ગુનો કર્યો ન હતો છતાં તેને દોષિત ગણવામાં આવ્યો. આપણા અપરાધોની સજા તેણે ભોગવી.

મોતના સન્નાટાના મૌનમાં હૃદયના અંતરાલમાં આપણી જાતને પ્રશ્ન કરીએ : 'ઈસુની મહાવ્યથા અને ક્રૂસ પરનાં મૃત્યુ, મારી આગળ કયું રહસ્ય પ્રગટ કરે છે ?'

સૌ પ્રથમ બાબત, પ્રભુ કોણ છે ? ઈસુની પીડા અને મરણના પ્રતીક સમાન આ ક્રૂસ પ્રભુની વ્યાખ્યામાં ફેરફાર કરે છે. પ્રેમને ખાતર સ્વેચ્છાએ પોતાની સત્તાની અદલબદલ કરે તેવા પ્રભુ છે. સમગ્ર દુનિયા અને માનવજાતને જીવન અર્પવા તેમણે પોતાની જાતને શૂન્યવત બનાવ્યા. યહૂદીઓ માટે શરમ અને શ્રાપનો પ્રતીક ગણાતો ક્રૂસ હવે આપણા માટે વિજય અને બિનશરતી પ્રેમનું પ્રતીક બન્યો છે.

બીજી બાબત જે જણાવે છે 'હું કોણ છું ?' હું પરમેશ્વરનું મૂલ્યવાન સંતાન છું. પ્રભુ તમને અને મને બિનશરતી-અમાપ પ્રેમ કરે છે. તેઓ ચાહે છે, કારણ આપણે કોણ છીએ તે તેઓ જાણે છે. આપણે આજે અને અત્યારે જેવા છીએ તેવા જ આપણને ચાહે છે. અન્યની પસંદગી પ્રમાણે આપણે ચાહવા યોગ્ય છીએ કે નહીં તેની પરવા તેઓ કરતા નથી. ઈસુએ ક્રૂસના બલિદાનથી મારું-તમારું મૂલ્ય આંક્યું છે. પોતાના જીવનની કુરબાની આપવા માટે, મારામાં ચાહવા યોગ્ય કંઈક તો છે જ ! મારી મુક્તિ માટે તે કંઈ પણ કરવા માટે ઉત્સુક છે. એટલે મારે, આપણે આપણું મૂલ્ય પારખવું જોઈએ. આપણે પ્રભુનાં પ્યારાં છીએ જેમના માટે આપણે અમૂલ્ય છીએ.

પ્રભુ મને માફ કરે છે, એટલા માટે જ તેઓ ક્રૂસ પર જડાયા, આપણા પાપની માફી માટે. પ્રભુ, મને સદૈવ માફ કરે છે, આપણે આપણી જાતને માફ કરવી જોઈએ.

પ્રભુ મારી સાથે છે, એટલે એકલા હાથે આપણા જીવનની તકલીફ ઉપાડવી જોઈએ એવું વિચારવા માટે કોઈ કારણ નથી. તેઓ આપણી સાથે છે. આપણા રોજબરોજના જીવનમાં આપણે તેમની હાજરી ઓળખવાની જરૂર છે.

ઈસુસંઘના સ્થાપક, લોયોલાના સંત ઈગ્નાસ, તેમની આધ્યાત્મિક સાધનામાં, ખ્રિસ્તની વ્યથા પર એક અઠવાડિયા માટે ચિંતન કરવા આગ્રહ કરે છે. પવિત્ર બનવાની આપણી તમામ મહત્ત્વાકાંક્ષાઓ, માત્ર ને માત્ર ક્રૂસ ઊંચકવાની આપણી ઈચ્છાઓ જેટલી જ મૂલ્યવાન છે. જો આપણે ઈસુના પગલે ચાલવા માંગતા હોઈએ તો તેમના જેવા પવિત્ર બનવા ખૂબ પ્રયત્ન કરવો જોઈએ, આપણી પાસે બીજો કોઈ વિકલ્પ નથી ! તેમની સાથે સામેલ થઈને ક્રૂસ ઊંચકવાની આપણી ઈચ્છા હોવી જોઈએ.

આપણો ક્રૂસ ઉપાડીને તેમની પાછળ ચાલવા ઈસુ આજે આપણને આમંત્રણ પાઠવે છે. આપણા ભૂતકાળના પાપમય જીવનને દફનાવી દઈને, તેમના શુભસંદેશના શિક્ષણ આધારિત નવું જીવન જીવવા

તેઓ બોલાવે છે. દુન્યવી ચીજવસ્તુઓના વળગણ બાજુ પર રાખીને શુભસંદેશની ઘોષણા માટે ઉત્સાહી બનવા, પ્રભુના રાજ્યની સ્થાપના કરવા તથા નવા જીવનતરાહની રચના કરવા અને છેવટે પ્રભુ તથા પાડોશી પ્રત્યે આપણો પ્રેમ પ્રગટ કરવા નિમંત્રણ પાઠવે છે.

ગલાતિયાના ધર્મસંઘ પ્રત્યે સંત પાઉલના પત્ર પ્રમાણે, આપણે પણ તેમની સાથે, એકરાર કરવા ઉત્સુક હોવા જોઈએ : 'ખ્રિસ્તની સાથે જ હું પણ ક્રૂસે જડાયેલો છું.' એટલે હવે જે જીવે છે તે હું નથી જીવતો, પણ ખ્રિસ્ત મારામાં જીવે છે; આ નશ્વર દેહે હું જે જીવું છું, તે મારા ઉપર પ્રેમ રાખનાર અને મારે ખાતર પોતાની જાત સમર્પી દેનાર ઈશ્વરપુત્ર ઉપરની શ્રદ્ધાને આધારે જીવું છું.' (૨:૧૯-૨૦)

આપણા પ્રભુ અને ઉદ્ધારકની પીડા અને મૃત્યુના સ્મારક ઉત્સવની ઉજવણી કરીએ છીએ ત્યારે ક્રૂસને આલિંગન કરવા આપણને એક પડકાર છે. ઈસુની મહાવ્યથા આપણા જીવનની વ્યથાને અર્થપૂર્ણ બનાવે છે. મહાવ્યથા અને મૃત્યુના સ્વીકાર મારફતે ઈસુએ આપણને મુક્તિ અને જીવન આપ્યાં છે. વેદના કે દુઃખ વગરના જીવનની માંગણી આપણે કરી શકીએ નહીં. મારા જીવનમાં અઘટિત બન્યું એટલે પ્રભુ મારી કાળજી રાખતા નથી, એવું આપણે કદી માની શકીએ નહીં. તેમણે પોતાના અનુયાયીઓને આ સિવાય બીજા કોઈ માર્ગનું વચન આપ્યું નથી !

પ્રભુ કહે છે 'જે કોઈ મારો અનુયાયી થવા માંગતો હોઈ તેણે દરરોજ પોતાનો ક્રૂસ ઉપાડીને મારી પાછળ ચાલવું જોઈએ.'

છેલ્લે, પીડા અને મૃત્યુ, આપણાં પાપ અને દુષ્કૃત્યોનું પરિણામ હોઈ શકે ! પણ તેના કરતાં વધારે, તે બધું આપણા તારણ માટે પ્રભુનું આપણા જીવનનું આયોજન છે. પ્રત્યેક વખતે આપણે ક્રૂસ નિહાળીએ છીએ, ત્યારે એ પણ નિહાળીએ કે ઈસુના ચહેરા પર પીડા અને વેદનાનું નામોનિશાન ન હતું ! તેમના ચહેરા પર માત્ર પ્રેમ જ હતો, આપણા દરેક માટેનો નિર્વ્યાજ પ્રેમ જ હતો. સહજ રીતે તેમણે પોતાની વેદના મારફતે પ્રેમ વ્યક્ત કર્યો.

જેથી આપણા સમગ્ર અસ્તિત્વ માટે બીજો કોઈ આધાર ન હોઈ શકે ! ખ્રિસ્તી હોવું એટલે પ્રભુના માટે તથા અન્ય માટે જીવવું, આપણી જાત માટે નહીં 'કોઈ પોતાના મિત્ર ખાતર, પોતાનું જીવન પાથરે તેના કરતાં બીજો કોઈ મહાન પ્રેમ નથી !' અને આજ આજનો સંદેશ.

પ્રભુની મહાવ્યથાના સ્મારક ઉત્સવમાં પસ્તાવો અને તેમના પ્રત્યેના આભારભર્યા હૃદય, કોઈપણ કિંમતે પાપ નહીં આચરવાના મક્કમ નિશ્ચય સાથે આપણે ભાગ લઈએ, જે ખ્રિસ્તના અનહદ પ્રેમની કદર કરવાની આ એક સ્પષ્ટ નિશાની હશે. આપણે પ્રભુ ઈસુ સાથે જોડાઈને પોતાના રોજિંદા જીવનનો ક્રૂસ ઉપાડીને ઈશ્વરના સમર્પિત અને બિનશરતી પ્રેમને સાક્ષીરૂપ બનવાનું છે. પ્રભુ ઈસુની મહાવ્યથા અને ક્રૂસ ઉપરનું મરણ આપણને સૌને આશિર્વાદિત કરે અને પવિત્ર બનાવે એજ મારી પ્રાર્થના.●

*લેખકશ્રી મેનેજર આણંદ પ્રેસ અને નિયામક ગુજરાત સાહિત્ય પ્રકાશ, આણંદ*




**આપણી મા, ડોંગર માવલી, આપણા સૌ માટે નિત્ય વિનંતી કરે છે**

## ડોંગર માવલીની યાત્રામાં જોડાવા પધારો...

**એક સારું પ્રાયશ્ચિત કરીએ, ખ્રિસ્તયજ્ઞની ઉજવણીમાં સહભાગી બનીએ,**
**ડુંગર પર બિરાજમાન ડોંગર માવલીને કાને આપણી મનોકામના સંભળાવીએ,**
**મા આપની મનોકામનાઓ જરૂર પૂર્ણ કરશે, આપણી સઘળી જરૂરિયાત પૂરી પાડશે.**

**ડોંગર માવલીનું પર્વ : મે ૩૧, ૨૦૧૯**

***દૂધની, દાદરા નગર હવેલી***

### પ્રાયશ્ચિત સંસ્કાર અંગીકાર

ગુજરાતી, અંગ્રેજી અને મરાઠી ભાષામાં કરી શકશો.
સવારે ૫:૩૦ થી બપોરે ૧૨:૩૦ અને
બપોરે ૩:૩૦ થી સાંજે ૦૪:૩૦

### પર્વનો ખ્રિસ્તયજ્ઞ

સવારે ૧૦:૩૦ કલાકે મરાઠી ભાષામાં
માનનીય ધર્માધ્યક્ષશ્રી
સાવિયો ફર્નાન્ડીઝ
(ઓક્ષિલરી બિશપ ઓફ બોમ્બે)
ના વરદ હસ્તે...

### ખ્રિસ્તયજ્ઞ

**સવારે ૦૬:૦૦ કલાકે મરાઠીમાં**
**સવારે ૦૭:૧૫ કલાકે ગુજરાતીમાં**
**સવારે ૦૮:૧૫ કલાકે મરાઠીમાં**
**સવારે ૦૯:૧૫ કલાકે અંગ્રેજીમાં**
**સવારે ૧૦:૩૦ કલાકે મરાઠીમાં**
**સાંજે ૦૫:૦૦ કલાકે મરાઠીમાં**

### વધારે માહિતી માટે સંપર્ક

**સભાપુરોહિત, સેન્ટ ઝેવિયર્સ ચર્ચ, દૂધની - ૩૯૬ ૨૩૦**
**મો. ૦૮૧૫૬૦ ૫૧૭૯૯**



# પુનરુત્થાન-કબરની પેલે પારનું જીવન

✍ જોન કાનીસ



ખ્રિસ્તી ધર્મને મોટાભાગના લોકો(ઈસુપંથીઓ સિવાયના અન્ય ધર્મીઓ પણ) પ્રેમનો ધર્મ માને છે અને એ સાચું પણ છે. ખ્રિસ્તી સાધુ-સાધ્વીઓ દ્વારા થતાં સેવાકાર્યોની પાછળ પ્રેમ રહેલો છે(ધર્માંતરની ધખના નહીં), પરંતુ બહુ ઓછા લોકો એ બાબતથી વાકેફ છે કે એ ભર્યાભર્યા પ્રેમનું મૂળ ભગવાન ઈસુ પરની શ્રદ્ધા છે; છતાં આપણે ઘણાબધાં એ બાબતથી અભાન છીએ કે ખ્રિસ્તી ધર્મ આશાનો ધર્મ પણ છે.

ભગવાન ઈસુના પુનરુત્થાનનું પર્વ એ એક દૃષ્ટિએ ઈસુના મૃત્યુ પરના વિજયનું પર્વ છે, નવજીવનનું પર્વ છે; પરંતુ આપણા સૌ માટે એ આશાનું પર્વ છે. ઈસુનું પુનરુત્થાન આપણને મૃત્યુની ઘોર રાત્રી બાદ નવજીવનનું પ્રભાત પ્રગટશે એવી આશા બંધાવે છે, અને તેથી જ પ્રેષિત પાઉલ (૧ થેસ્સલોનિકા ૪:૧૩) કહે છે - 'જેમને આશા નથી એવા બીજા માણસોની પેઠે તમારે શોક કરવાનો ન હોય.' પ્રભુ ઈસુ ત્રીજા દિવસે સજીવન થયા એ સમય 'પરોઢિયા'નો હતો. 'પરોઢિયું' એ નવા દિવસનો-નવા જીવનનો સંકેત છે.

હું 'દૂત'માં તંત્રીપદે હતો ત્યારે કોઈએ મને ક્રૂસ પર જડાયેલા ઈસુના ચહેરાનો ફોટો મોકલ્યો હતો. એની વિશિષ્ટતા એ હતી કે ક્રૂસજડિત ઈસુના એ ચહેરા પર વેદના કે પીડા નહીં પણ મધૂરું સ્મિત ફરકતું હતું. મને લાગે છે કે કલાકારે કદાચ ઈસુના મનને વાંચી લીધું હશે. ઈસુને શરૂઆતથી જ ખ્યાલ-ખાતરી હતાં કે એમનું જીવન ક્રૂસ આગળ જ અટકી જવાનું નહોતું. 'ક્રૂસ' કે 'કબર' એ ઈસુ માટે અંતિમ પગથિયું નહોતું. 'કબર' એ ઈસુ માટે અનંતજીવનના પ્રવેશનું - પુનરુત્થાનનું દ્વાર હતું.

જીવનમાં બે પ્રકારના માણસો આપણને જોવા મળે છે. એક, કબર સુધીનું જીવન જીવનારા, અને બીજા, કબરની પેલે પારનું જીવન જીવનારા. પ્રભુ ઈસુ બીજા પ્રકારનું જીવન જીવનાર વ્યક્તિ હતા. મોટાભાગના માણસો કમનસીબે પહેલા પ્રકારનું જીવન જીવનારા હોય છે. 'કબર' ખરેખર તો અણગમતી બાબત છે. 'કબર' કોણ પસંદ કરે ? 'કબર' મૃત્યુની યાદ અપાવે છે, તેમાંના હાડકાં અને શરીરને ખાઈ જતા કીડાઓની યાદ અપાવે છે. તેમાં સમાવિષ્ટ ગંદકી અને દુર્ગંધનો અહેસાસ કરાવે છે. વિશેષ તો એ જીવનના અંતનો અનુભવ કરાવે છે. કબર કોઈ ઈચ્છતું નથી. એ જ રીતે કબર સુધીનું જીવન જીવનારા લોકોથી પણ માણસો દૂર ભાગે છે. પુનરુત્થાનના આ પર્વને આપણે ઉજવી રહ્યા છીએ ત્યારે કઈ કઈ કબરો આપણને કબરની પેલે પારના જીવન સુધી જતાં રોકે છે એ બાબતે વિચારવું ઘટે.

**૧. મનનું નકારાત્મક વલણ :** આપણે મોટાભાગના હકારાત્મક કરતાં નકારાત્મક વધારે હોઈએ છીએ. આપણાં ૮૦ થી ૯૦ ટકા વલણ-અભિગમો નકારાત્મક હોય છે. પરિણામે આપણા જીવનમાં અને આપણી આજુબાજુ બનતા બનાવો-ઘટનાઓમાં આપણે કંઈ સારું - શુભ નિહાળી શકતા નથી. અન્યોમાં રહેલાં સારાં પાસાં-ગુણોને પારખવાની, એમની કદર કરવાની ક્ષમતા ગુમાવી દઈએ છીએ. આપણું નકારાત્મક વલણ આપણા મનને જડ બનાવી દે છે.

**૨. કૂપમંડૂકતા :** કૂવામાંના દેડકાની જેમ ઘણીવાર આપણે સંકુચિત અને ટૂંકી દૃષ્ટિ રાખીએ છીએ. પરિણામે રૂઢિગત ખ્યાલો-વિચારોમાં ડૂબેલા રહી, નવી વિચારધારાઓને ઝીલી શકતા નથી, સત્યને પામી શકતા નથી. આજે આપણા દેશની પ્રગતિમાં સૌથી વધારે અવરોધક બાબત આપણાં ટૂંકા ને સંકુચિત ખ્યાલો-વિચારો જ છે. આપણી જ વિચારધારાઓ, આપણી જ સંસ્કૃતિ, આપણાં જ દર્શન ઉત્તમ, શ્રેષ્ઠ અને સાચાં; આપણાં નરસાં પાસાંને-કુરૂઢિઓને પણ આપણે છાવરીએ છીએ, એનો લૂલો બચાવ કરવામાંથી જ ઊંચા આવતા નથી; પરિણામે નવાં સંશોધનોમાં આપણું યોગદાન શૂન્ય છે.

**૩. ચીલાચાલુ જીવન :** આપણી પ્રગતિ, જીવનવિકાસને રુંધતી બીજી એક કબર તે આપણે ચીલેચીલે ચાલવા ટેવાયેલા છીએ. ચીલાચાલુ જીવન નવીનતા અને વૈવિધ્ય વિહોણું, એકધારું હોય છે. ચીલો ચાતરીને ચાલનારા બહુ ઓછા લોકો હોય છે, કારણ, એમાં હિંમત, નિર્ભયતા અને સાહસ જોઈએ. ભગવાન ઈસુએ યહૂદી સમાજ અને એના ધૂરંધરોને ખળભળાવી મૂક્યા એનું આ એક કારણ. યહૂદી સમાજના ચીલાચાલુ રીતરિવાજો અને નિયમોને એમણે નવાં પરિમાણ બક્ષ્યાં, જૂનાં મૂલ્યો ફગાવીને નવાં મૂલ્યો પ્રસ્થાપિત કર્યાં. અમેરિકન કવિ સર રોબર્ટ ફ્રોસ્ટનું આ વિધાન ખૂબ જાણીતું છે - 'મારી સામે જંગલમાં જતા અનેક માર્ગ હતા, તેમાંથી ઓછો ખેડાયેલો માર્ગ મેં પસંદ કર્યો... અને તેનાથી જ સૌથી મોટો ફરક પડ્યો છે.' આપણા જીવનમાં ફરક ન પડવાનું આ પણ એક કારણ છે - ચીલાચાલુ જીવન જીવવાનું વલણ.

**૪. વિકલ્પો વિનાનું જીવન :** વર્તમાન પત્રોમાં અને સમાજમાં પણ જુદાં જુદાં કારણોસર જીવન ટૂંકાવી દેવાના કિસ્સા આપણે વાંચીએ - સાંભળીએ છીએ. 'બોર્ડની પરીક્ષામાં નાપાસ થતાં ધો. ૧૨ના વિદ્યાર્થીએ આત્મહત્યા કરી', 'સંતાનપ્રાપ્તિ ન થતાં પરિણીતાએ કરેલું અગ્નિસ્નાન', 'વેપારમાં દેવું થઈ જતાં કુટુંબ સહિત વેપારીએ જીવન ટૂંકાવ્યું,' 'પ્રેમમાં નિષ્ફળતા મળતાં યુવાને કાંકરિયામાં ઝંપલાવ્યું.' અંગ્રેજીમાં કહેવત છે કે 'When God Closes one door, He opens another;' પણ મોટાભાગના લોકો બંધ થયેલા દરવાજાને જોવામાં એટલા વ્યસ્ત હોય છે કે ઈશ્વરે ખોલેલું બીજું દ્વાર જોઈ શકતા નથી !

**૫. ભૂતકાળનો ભાર વેંઢારવો :** સ્માર્ટ ફોનમાં ક્ષમતા કરતાં વધુ ડેટા ભેગો થાય ત્યારે આપણે બિનજરૂરી મેસેજસ, ચિત્રો, વીડિયો ડીલિટ કરી દઈએ છે. એ જ રીતે મનમાં ભરાયેલો નકામો કચરો, ભૂતકાળની

કડવી યાદો, પૂર્વગ્રહો, બિનજરૂરી આસક્તિ-મોહ-માયાનો વીડિયો મગજમાંથી ડીલિટ કરી નવી ઉર્જા અને હકારાત્મક વિચારોથી મનને રીચાર્જ કરવું ઘટે. ભૂતકાળને આપણે પાછો લાવી શકતા નથી અને ભવિષ્ય આપણા હાથમાં નથી. વર્તમાનને જ માણતાં શીખીએ.

**૬. જીવન એક ઉત્સવ :** સંત પાઉલ ઈસુપંથીઓને કાયમ આનંદમાં રહેવા જણાવે છે. ઈશ્વરપિતા પણ ઈચ્છે છે કે આપણે આનંદમાં જીવીએ. ઈશ્વરપિતાનું કોઈપણ સંતાન દુઃખી, ઉદાસ કે નિરાશ કેવી રીતે હોઈ શકે, જો ઈશ્વર પિતા સ્વયં આનંદસ્વરૂપ હોય ? પણ ઘણાબધા લોકોને તો કવિ ભાસના 'ઉત્તરરામચરિત'નો 'एको रसः करुणः ऐव' વધુ ગમે છે. ઘણાબધાની નજર સૂર્યાસ્ત પર એટલી બધી હોય છે કે તેઓ સૂર્યોદયને નિહાળવાની દૃષ્ટિ ગુમાવી બેસે છે. આવા લોકો હતાશામાં, નિરાશાવાદી જીવન જીવે છે. તેઓ સમજવા ઈચ્છતા નથી કે 'કંઈ લાખો નિરાશામાં એક અમર આશા છૂપાયેલી હોય છે.'

**૭. બૂરી આદતો ને વ્યસનોમાં ડૂબેલી જિંદગી :** આમાં બે પ્રકારના લોકો છે. એક, એવા લોકો જે એમની બૂરી આદતો કે વ્યસનથી સભાન નથી અથવા તો એમાં જ જિંદગીનો અર્થ જુએ છે. જેમકે, શરાબ પીધેલી કોઈ વ્યક્તિ ગટરમાં પડી જાય અને માને કે હું તો અમૃતના સાગરમાં સ્નાન કરી રહ્યો છું. બીજા પ્રકારના લોકો પોતાની બૂરી આદતો-વ્યસનોથી સભાન છે પણ એમાંથી બહાર નીકળવાનું મનોબળ ગુમાવી બેઠા છે.

એકવાર રવિશંકર મહારાજને એક દારૂડિયાએ કહ્યું કે મહારાજ, આપ મને દારૂ છોડવા કહો છો, પણ વાત એમ છે કે દારૂ મને છોડતો નથી. બીજા દિવસે વહેલી સવારે 'મને કોઈ છોડાવો' એવી મહારાજની બૂમોથી પેલો શરાબી જાગી ગયો ને જોયું કે મહારાજ, વીજળીના થાંભલાને વળગીને બૂમો પાડતા હતા. દારૂડિયાએ કહ્યું, 'મહારાજ, થાંભલાએ તમને પકડ્યા નથી. તમે થાંભલાને પકડ્યો છે. તમે થાંભલો છોડી દો, છૂટી જશે.' મહારાજે થાંભલો છોડી દેતાં કહ્યું, 'મારા ભાઈ, હું પણ તને એ જ સમજાવવા માગું છું. દારૂ તને નહીં પણ દારૂને તું વળગ્યો છે. એને છોડી દે, છૂટી જશે.' આવા લોકો એમની બૂરી આદતો - વ્યસનો સાથે જ નામશેષ થઈ જાય છે.

**૮. 'હુંપદ'ની છત્રછાયામાં જીવતા લોકો :** આવા લોકો કાયમ પોતાને જ કેન્દ્રમાં રાખી જીવે છે. તેઓ કાયમ પોતાને જ સાચા ઠેરવવા, પોતાનો જ કક્કો ખરો કરવા પ્રયાસશીલ હોય છે. અન્યો સાથે તેઓ કાયમ વાદ-વિવાદ કરતા રહે છે. આવા લોકો મિત્રો કરતાં શત્રુઓ વધુ ઊભા કરે છે.

**૯. સંગ્રહખોરીમાં રાચતા લોકો :** આવા લોકો બિનજરૂરી ભૌતિક ચીજો જીવન દરમ્યાન ભેગી કરતા રહે છે, જે કદાચ ક્યારેય એમના કામમાં આવતી નથી. ઘણાબધા પૈસા, ધનસંપત્તિ ભેગી કરવામાં જીવન ખરચી નાખે છે અને જીવનનો સાચો આનંદ, પ્રેમ, સંબંધો ગુમાવી બેસે છે. આવી ભૌતિક બાબતો તમને કદાચ સગવડ આપી શકે, સુખ નહીં. ઘણીવાર તો આ બધી ભૌતિક ચીજો મેળવ્યા બાદ એમને માણવાની ક્ષમતા વ્યક્તિ ગુમાવી બેસે છે.

પુનરુત્થાન પામેલા ઈસુ આપણને આવી બધી કબરોમાંથી બહાર આવવા આમંત્રણ આપે છે. પુનરુત્થાન એ કંઈ ભૂતકાળની ઘટના નથી. આપણા રોજબરોજના જીવનમાં આપણે પુનરુત્થાનનો અનુભવ કરીએ છીએ. હા, કબરનો અનુભવ પણ કરીએ છીએ. ઈસુને પણ જીવનમાં કબરો નહોતી મળી ? ગરીબ, લાચાર માબાપ, પિતાની છત્રછાયા વિનાનું જીવન, ચંચળ, મતલબી, ડરપોક અને દગાખોર શિષ્યો, સતત વિરોધ કરતા અને કાવતરાં રચતા ફરોશીઓ ને આગેવાનો-ઘણું બધું, પણ ઈસુ આ બધાં આગળ ઝૂકી ગયા ? એમણે હાર માની લીધી ? જરાય નહીં. જીવનભર, મૃત્યુ સુધી આ બધાંનો તેઓ સામનો કરતા રહ્યા અને અંતે એ બધાં પર વિજયી નીવડ્યા. કારણ, ઈસુને પોતાના લક્ષ્યની ખબર હતી. પરમપિતાની ઈચ્છા પૂરી કરવી એ એમના જીવનનું એકમાત્ર લક્ષ્ય હતું અને એ લક્ષ્યને નજર સામે રાખીને તેઓ જીવ્યા. પુનરુત્થાન પામેલા ઈસુ આપણા સૌ માટે, વિશેષ તો નિરાશામાં ડૂબેલા, હતાશ લોકો માટે એક દીવાદાંડી-એક મશાલ છે. તેઓ આપણને નવું જીવન, નવી આશા અને નવી દિશા ચીંધે છે.

તો ચાલો, આપણે આપણાં તમામ નિરાશાવાદી અને નકારાત્મક વલણોને ફેંકી દઈને, નવી ઉર્જા અને નવી આશા સાથે જીવનમાં આગળ વધીએ અને ભગવાન ઈસુ સાથે નવજીવનમાં પ્રવેશીએ. ●

**સ્રોત :** ફાધર જોન બાપ્ટિસ્ટનો એક ધર્મોપદેશ

---

*શ્રી જોન કાનીસ, પૂર્વ તંત્રી 'દૂત' - મરિયમપુરા, પેટલાદ*

## આનંદમય ૪૦મી લગ્ન વર્ષગાંઠ



"હે પરમેશ્વર, અમે અમારાં સ્નેહાળ માતાપિતા **મધુબેન** અને **રાવજીભાઈ**, જેમણે લગ્નજીવનનાં ૪૦ વર્ષ સદ્‌ભાવ અને સહકારથી સાથે મળીને ગુજાર્યા છે, એ બદલ આપનો આભાર માનીએ છીએ. ૪૦ વર્ષ પહેલાં જે સુહામણી મુસાફરી શરૂ થઈ હતી, તેની આજે ઉજવણી કરી રહ્યાં છીએ. અમારાં માતાપિતાએ અનેક હાડમારીઓનો સામનો કરીને પરસ્પર પ્રેમ અને કરુણાના સંસ્કારોથી અમારું જીવન ઘડતર કર્યું છે."

"પ્રભુ પરમેશ્વર અમારાં માબાપને નિરામય દીર્ઘાયુષ્યનું વરદાન આપો. તેઓશ્રીનાં પ્રેમ, કરુણા, ક્ષમા, ધીરજ અને શ્રદ્ધા અમારા જીવનને આશીર્વાદિત કરે એ જ નમ્ર પ્રાર્થના."

આવનાર વર્ષો આશાઓથી ભરપૂર અને દીપકની જેમ ઝળહળતાં રહો...! પ્રભુ આપની મહત્ત્વકાંક્ષાઓ પૂર્ણ કરે, એ જ અભ્યર્થના.

**સ્નેહ અને પ્રાર્થનાસહ, આપનાં પ્રેમાળ સંતાનો,**
**સી. અંજના ઓ.પી., મોનિકા પરમાર અને કેતુલ પરમાર**



# ‘બીશો નહિ...’



✍ ફાધર એન્ડ્રયુ સિલ્વેરા એસ.જે.

નદી કિનારે ભર બપોરે એક છોકરો. મારી રહ્યો હતો એક લટાર. અચાનક નદીમાં સંભળાયો ફફડાટ. મગરબેન ફસાયાં હતાં માછીની જાળમાં. છોકરાને જોઈને મગરબેને આજીજી કરી, ‘મારા ઉપર દયા કર બેટા ! જોને ! મને કોઈ માછીએ આ જાળમાં કેવી ફસાવી દીધી છે !’

છોકરો બોલ્યો, ‘મગરબેન ! તમે મને તમારી પૂંછડીનો એક ફટકો મારીને તમારા મોઢામાં ઘાલી દો તો ! તમારો શો ભરોસો ?’ ‘ભરોસો રાખ ! તને એમ લાગે છે કે મારી મુશ્કેલીઓમાંથી મને મુક્ત કરનાર તારકની હું મારક બનું ?’ મગરબેનની વાતથી છોકરો પીગળી ગયો. એ નદીમાં નીચે ઉતરીને મગરબેનને જાળમાંથી છોડાવવા ગયો અને ત્યાં જ મગરબેને છોકરાને મોઢામાં લઈ લીધો. વિવશ થઈને છોકરો બોલ્યો, ‘હું તો તમને જાળમાંથી છોડાવવા આવ્યો અને ...’

મગરબેન એને સમજાવતાં ઠાવકાઈથી બોલ્યાં, ‘જો ખોટું ન લગાડીશ પણ હકીકત જાણી લે ! દુનિયાની રીત જ એવી છે. આ વાતની સમજણ પડશે ત્યારે જાગૃત થઈને તું દુનિયા વિશેના તારા ભ્રમમાંથી મુક્ત થશે. આમ પણ તારા જેવા માણસો ઊંઘમાં જ જન્મે છે. ઊંઘમાં જ લગન કરી લે છે. ઊંઘમાં જ ઘરડા થાય છે અને બિચારા ! જાગીને જિંદગીને માણે તે પહેલાં જ મરી જાય છે. જાગ. ઊંઘમાંથી જાગ. હવે છે કોઈ પ્રશ્ન ? હોય તો મને કહેજે.’ મગરબેનની આ વાત છોકરાના ગળે ઉતરી નહિ.

બહુ રકઝક થઈ ત્યારે મગરબેને કહ્યું, ‘લાગી શરત, પૂછી લેજે એક બે જણાને અને કરી લેજે વાતની ખરાઈ. વાત તારી હશે સાચી તો જિત તારી. પછી તો હું તને છોડી દઈશ.’ છોકરાએ એક પંખીડું ડાળખી ઉપર બેઠેલું જોયું. એને પૂછ્યું, ‘અરે ઓ પંખીડા ! જો ને આ મગરબેન શું કહે છે ? વાત એમની સાચી છે કે મારી ?’ પંખીડાએ કહ્યું, ‘અલબત્ત વાત તો મગરબેનની જ સાચી છે. એક દિવસ મારાં બાળકો માટે કંઈક ખાવાનું લઈને હું ઘરે આવી રહી હતી તો મારી નજર સામે જ મારા માળામાં એક સાપ ઘૂસીને બચ્ચાઓને ખતમ કરતાં મેં જોયો. મદદ માટે મેં બહુ ચીસો પાડી પણ કોઈ મારી મદદ કરવા આવ્યું નહિ !’ પણ છોકરાએ આંખ આડા કાન કરીને કહ્યું, ‘મને બીજા કોઈને પૂછવા દો.’ નદી કિનારે રઝળતો હતો એક રીટાયર્ડ ગધેડો. છોકરાએ ગધેડાને પૂછ્યું, ‘શું આ મગરબેન કહે છે તે તેમની આ વાત સાચી છે ?’ ગધેડાએ કહ્યું, ‘હાસ્તો વળી, એમની જ વાત સાચી છે, મારી તરફ જોઈ લે. હું જુવાન હતો ત્યારે માલિક ધીકતો ધંધો કરતો પણ હવે ઘરડો થયો એટલે...!’ ‘જોયું ને બેટા, હવે માંડી વાળીએ વાત.’ ‘એક આખરી તક આપજો. મને બીજા કોઈને પૂછવા દો.’ ‘ઠીક તો લઈ લે આખરી તક.’

ત્યાંથી એક સસલું જઈ રહ્યું હતું. છોકરાએ એને રોકીને પૂછ્યું, : ‘કેમ સસલાજી, આ મગરબેનની વાત સાચી ખરી ? ‘વાત ગંભીર છે. એના વિશે સાથે મળીને ચર્ચાવિચારણા કરીને જ નિર્ણય લેવો પડે. પણ જ્યાં સુધી છોકરો તમારા મોઢામાં છે ત્યાં સુધી ચર્ચા તો ન જ થાય ને ! આપણે મીટિંગ લઈને આ વાતનું ફીટીંગ કરી લઈએ. ‘જબરા છો તમે સસલાજી ! હું એને મોઢામાંથી મુક્ત કરું તો લાગ જોઈને એ ભાગી તો ન જાય ?’ ‘મગરબેન ! લાગે છે કે તમે તમારી જાતને કમ લેખી રહ્યાં છો ? ‘ઠીક છે તો હું એને મોઢામાંથી છોડી દઉં છું.’ મગરબેને છોકરાને છોડી દીધાની સાથે જ સસલાએ બૂમ પાડી, ‘ભાગ છોકરા ભાગ !’ પછી સસલાએ ઉમેર્યું કહ્યું, ‘જા અને ગામના લોકોને...’ વાત સાંભળીને ગામના લોકો હથિયાર લઈને નદી તરફ દોડવા લાગ્યા. ગામના કૂતરાએ આ બધું જોયું. એણે પણ દોટ મૂકી અને જૂઓ તો ખરાં ! એ બધાંની આગળ નીકળીને દોડવા લાગ્યો. નદી કિનારે કૂતરાએ સસલાંને જોતાં તરાપ મારી અને કૂતરાએ સસલાને ફાડી ખાધો. સસલાને મરતા જોતાં એણે ઉદ્ગાર કાઢ્યા : ‘મગરબેનની વાત જ સાચી છે. દુનિયા તો આવી છે.’

હવે છોકરો કહેવા લાગ્યો, ‘હા, મગરબેનની જ વાત સાચી છે.’ આ દુનિયામાં આટલું બધું દુઃખ, હિંસા, અત્યાચાર, પાશવી બળાત્કારો અને અન્યાય કેમ ? જીવન તો અટપટું છે. જીવન એક રહસ્ય જ છે. બસ ! ઊંઘમાંથી જાગી જાઓ. ભ્રમ છોડો. આભાસ અને હકીકત વચ્ચે માત્ર એક પાતળી રેખા જ છે. બધું દેખાય છે તેવું નથી હોતું. બધું ચળકે છે તે સોનું નથી હોતું. સમજો અને સાવધ થઈને સ્વીકારજો. એટલે જ ઈસુ શિષ્યોને સલાહ આપતાં કહે છે, ‘હું તમને વરુઓની વચ્ચે ઘેટાંની જેમ મોકલું છું. સાવધ રહેજો ! સાપ જેવા ચતુર અને પારેવા જેવા નિર્દોષ રહેજો.’ (માથ્થી ૧૦:૧૬)

સમાજના ચોકઠામાંથી સહેજ બહાર ડોકિયું કાઢીને નિરીક્ષણ તો કરી જુઓ સમાજના વાસ્તવનું. એ વાસ્તવમાં દુઃખ છે. એની સામે આંખ આડા કાન ન કરી શકાય. એનો સામનો કર્યા સિવાય કોઈ છૂટકો જ નથી. આપણી આસપાસ જોઈ લઈએ. પ્રથમ તો કાળા-ગોરાનો ભેદભાવ. પછી વર્ણવ્યવસ્થા. અમીર-ગરીબ વચ્ચે ભેદભાવ. પુરુષ-સ્ત્રી વચ્ચેય. નાત, જાત, જાતિ પછી ધર્મો વચ્ચેય અસમાનતા. રાજકારણ, સમાજ, ધર્મોમાં પદાધિકારશાહી. પદાધિકારશાહીના કારણે ખ્રિસ્તી ધર્મ-સંપ્રદાયમાં પ્રથમ સ્થાને પોપ, પછી કાર્ડિનલ, પછી બિશપ, પછી ધર્મગુરુ અને ત્યારપછી ગૃહસ્થો એવું વર્ગીકરણ થયું. કાલાન્તરે સંન્યસ્ત અને ગૃહસ્થો વચ્ચે ભેદરેખા ઊભી થઈ.

ઈશ્વરના પ્રેમમાંથી સકલ સૃષ્ટિનું સર્જન થયું. એમની પ્રતિમારૂપ માણસની નિર્મિતિ થઈ. સકળ સૃષ્ટિ ઉપર માણસને સર્વ સત્તા મળી. પરિસ્થિતિ સર્વાંગ પરિપૂર્ણ. પોતે બનાવેલું બધું જોઈને ઈશ્વરને અનહદ્ આનંદ થયો. કેવું અદ્ભુત ! માણસનો ઈશ્વર સાથે સુમેળ, પરસ્પર સાથે

મનમેળ. અત્ર, તત્ર અને સર્વત્ર પૂર્ણ જ પૂર્ણ. પૂર્ણસ્વરૂપ ઈશ્વરમાંથી જ પૂર્ણસ્વરૂપ જગત પ્રગટ્યું. ઈશ્વરના સર્જનમાં કોઈયે અપૂર્ણતા નહોતી. પણ માણસના મનમાં એક વિકાર ઉદભવ્યો. 'ઈશ્વરે મનાઈ કરેલા ઝાડનાં ફળ ખાઈશ તો હું સાક્ષાત દેવ સમાન બની જઈશ. સર્વજ્ઞાની બનીને હું સારાસારનું જ્ઞાન પ્રાપ્ત કરીશ. હાલ તો હું મનુષ્યમાત્ર જ છું. મનુષ્ય તરીકે મારી શું કિંમત ? મારે તો ઈશ્વરને ખસેડીને એની જગ્યા હાંસલ કરવી જ પડશે.' અને માણસે ઈશ્વર થવાની લાલચમાં ફળ તો ખાઈ લીધું.

જીવનદાતા ઈશ્વરથી વિખૂટો પડી ગયો. અર્ધાંગિનીથી વિદ્રોહિત થયો. કુદરતથી વિમુખ થયો અને આખરે ખુદ પોતાથીયે અળખામણો થઈ ગયો. હુંપણાની અસલામતીમાંથી ઉદ્ભવતી હિંસક વૃત્તિ, લઘુતાગ્રંથિ, લઘુતા છૂપાવવાની ડોળ કરતી ગુરુતાગ્રંથિ, સ્વપીડન ઢાંકવા પરપીડન અને એ પણ દૂબળા, નબળા, વંચિત અને ગરીબોનું. ઊંઘ હરામ કરતી માણસની લાગણીઓ, અધૂરપ, લાલચ અને અસંતોષ. આ બધી ગંદકી સ્વ-ભયમાંથી જ પ્રગટે છે. આ સ્વ-ભય પીડિત, અભયદાન પ્રદાન કરનાર વ્યક્તિની હાજરીમાં તે અસ્વસ્થ થાય છે. એટલે જ એ એને ખતમ કરવા એ એની આસપાસ ભયનું વાતાવરણ ઊભું કરવાનું આવરણ ફેલાવે છે. સ્નાનસંસ્કાર યોહાનની હાજરીમાં હેરોદ અસ્વસ્થ થતો, ઈસુની હાજરીમાં હેરોદ, પિલાત અને ફરોશીઓ અસ્વસ્થ થઈ જતા હતા. એટલે જ અસ્વસ્થ માણસોની અસ્વસ્થતા કે અસલામતીની વિધ્વંસક લાગણી, સારા અને સ્વસ્થ માણસોની હાજરીને ખતમ કરવાની કોશિશ કરે છે.

ઈસુ યરુશાલેમના મંદિરે ગયા. મંદિરમાં બળદ, ઘેટાં અને કબૂતરના વેપારીઓ અને શરાફોને બેઠેલા જોયા. દોરડીઓનો ચાબખો બનાવીને તે બધાને ઢોરો અને ઘેટાં સાથે મંદિરમાંથી હાંકી કાઢ્યા. શરાફોના સિક્કા વેરી નાખ્યા. તેમના ગલ્લા ઉથલાવી પાડ્યા. 'મારા પિતાનું-પ્રાર્થનાનું ઘર તમે ચોર અને લૂંટારુંઓનો અડ્ડો બનાવી દીધો છે. તોડી પાડો એ મંદિરને અને ત્રણ દિવસમાં હું એને પાછું ઊભું કરી આપીશ.' ઈસુએ યહૂદી જનસમાજના લોકોના મર્મ ઉપર તીવ્ર ઘા કર્યો હતો. બહુ જોખમી પગલું હતું આ. પોતાના જીવનને હોડમાં ઊતાર્યું હતું. પરિણામે એમનું કાસળ કાઢવાનું કાવતરું ઘડાઈ ગયું. મંદિર યહૂદી લોકોના સામાજિક, આર્થિક, રાજકીય અને ધાર્મિક જીવનનું કેન્દ્ર હતું. આ મંદિરમાં ઈશ્વરના કરારની હાજરી હતી. એ ઈઝરાયેલની સલામતી હતી. ઈશ્વર અને ઈશ્વરના પસંદ એવી ઈઝરાયેલી પ્રજાની એકતા-આત્મીયતાની અનુભૂતિ અહીં થતી હતી પણ આ મંદિર અને એના પૂજારીઓ ભ્રષ્ટ થયા હતા.

ઈશ્વરના લોકો સાથેના કરારની પણ કોઈની પડી નહોતી. મંદિર ચોર અને લૂંટારુંઓનો અડ્ડો બની ચૂક્યું હતું. એવા ભ્રષ્ટ લોકોના હાથમાં મંદિરનો વહીવટ આવ્યો હતો. મંદિરનો ઉદ્દેશ હતો એક જ ઈશ્વરની પ્રાર્થનાનું ઘર, પણ એ બની ગયું હતું પૈસા, સત્તા, પ્રતિષ્ઠા અને એશઆરામનું ભ્રષ્ટાલય. પ્રવચનોના બદલે પૈસો માગવાનો મંચ. ધર્મપ્રવચકે ધારદાર પ્રવચનો આપીને લોકોના શ્રદ્ધેય જીવનને સમૃદ્ધ કરવાનું હોય પણ પ્રવચકમાં જ છીછરાપણું કે પ્રવચનની પ્રવીણતા જ ન હોય તો દીવા નીચે અંધારું જ બની જાય. ઈસુ મંદિરમાંથી નીકળીને જતા હતા. એવામાં તેમના શિષ્યો તેમને મંદિરના મકાનો બતાવવા પાસે આવ્યાં. પણ ઈસુએ કહ્યું, 'તમે આ બધું જુઓ છો ને ? હું તમને ખાતરીથી કહું છું, આમાંનો એક પણ પથ્થર બીજા ઉપર રહેવાનો નથી. બધા જ ઉથલાવી પાડવામાં આવશે. હવે તમારું આ ઘર ત્યજી દેવાયું જ જાણો ? તોડી નાખો એ મંદિર અને એને હું ત્રણ દિવસમાં ફરી પાછું ઊભી કરી આપીશ.' ઈસુ પોતે જ જીવંત મંદિર બની ગયા. ઈસુની ઈશ્વરના રાજ્યની ચળવળ આગળ યરુશાલેમના મંદિરનો ઉદ્દેશ જ ખતમ થઈ ગયો.

ઈસુએ મંદિરમાંથી વેપારીઓને હાંકી કાઢ્યા એની નોંધ લેવાઈ ગઈ. સિપાઈઓ અને સુરક્ષાદળના ચોકીદારો એ જોઈ ગયા. તેઓ લોકોનો કોલાહલ શાંત થઈ જાય અને યાત્રિકો થાળે પડી જાય એની રાહ જોઈ રહ્યા હતા. રોમન અધિકારીઓનો અને મંદિરના પૂજારીઓનો પણ મિજાજ બગડી ગયો હતો. પ્રમુખ ધર્મગુરુનો પ્રકોપ રોમન સરકારને પાલવે એવો નહોતો. ગમે તે હિસાબે આ નાઝરેથના ઈસુની ભડકાઉ વાણી અને ઈશ્વરના રાજ્યની ક્રાંતિકારી ચળવળને નાથવી જ પડે નહિ તો આ એક માણસના લીધે રોમન સરકાર સમગ્ર ઈઝરાયેલની પ્રજાના માથે પડશે. એટલે જ એને ગમે તે હિસાબે ખતમ કરવો જ પડશે. અને એને ખતમ કરવાનું કાવતરું સક્રિય બની ગયું.

ઈસુ પણ સમજી ગયા કે એના દિવસો ભરાઈ ગયા છે. પોતાના પ્રિય શિષ્યોને ધીરજ આપવા અને ઈશ્વરના રાજ્યનાં ચળવળનાં સૂત્રો એમને સોંપવા એમણે પાસ્ખા પર્વ નજીક આવતાં જ પ્રીતિભોજનનું આયોજન કર્યું. ભોજન વખતે તેઓ ઊભા થયા. હાથમાં રોટલી લીધી, ઈશ્વરની આભાર સ્તુતિ કરી, રોટલીના ટુકડા કર્યા, શિષ્યોને આપતાં કહ્યું, 'આ મારું શરીર છે, જે તમારી ખાતર અર્પણ થનાર છે. મારા સ્મારક તરીકે એ કરતા રહેજો.' એ જ રીતે ભોજન પછી એક પ્યાલો લઈને કહ્યું, 'આ પ્યાલો તમારા માટે રેડાનાર મારા લોહીથી થયેલો નવો કરાર છે.'

રોમનસામ્રાજ્ય અતિક્રમણથી બચાવવા ખાતર એને બલિનો બકરો બનાવવામાં આવ્યો. નહિતર એ સાવ નિર્દોષ હતો.

પણ એને ગુનેગાર ગણવામાં આવ્યો.

આમ આરોપ તો ટોળામાંના બધા ઉપર જ હતો.

પણ એમાંના એક જ જણે બધાના ગુનાઓ પોતા ઉપર લઈ લીધા.

બધાયે એ પાપી સ્ત્રી પર, પથ્થર ફેંકવા ઉપાડ્યા
એણે ચોખવટ કરી : 'નિષ્પાપ હોય તે જ પથ્થર મારે,'
એ એક જ માણસ નિષ્પાપ હતો જેને બધાયે મળીને
એના હાથે પગે ખીલા ઠોકીને ક્રોસ ઉપર લટકાવ્યો.
એની પ્રેમસભર કૂંખ વીંધી. એના મોંઢામાં ઝેરનો ડૂચો મૂકીને
એની વાણીને કાયમની દબાવવાની કોશિશ કરી
છતાંયે તેનો શબ્દ 'અમર' બન્યો.
શ્રદ્ધેયના અંતરનો ખોરાક બન્યો.
ક્રોસનું એક ઊભું લાકડું એટલે કે ઈશ્વર સાથે સુમેળ અને
ક્રોસનું એક આડું લાકડું એટલે માનવ સાથે મનમેળ.

પણ પ્રીતિભોજન પછી ઈસુની ધરપકડ કરાવવામાં આવી. એમના જ એક શિષ્યે ગુરુને ત્રીસ સિક્કામાં વેચી દીધો. એક ચુંબનની ઓળખથી એની ધરપકડ કરાવી. એક જણે એમનો ત્રણ વખત ઈન્કાર કર્યો. નવ જણ ભાગી ગયા. માત્ર એક જ શિષ્ય એમની પાસે રહ્યો જેના પ્રત્યે એમને પ્રેમ હતો. એ એકલો અટૂલો ઝડપાઈ ગયો. હાથેપગે ખીલા ઠોકાયા. ક્રોસ ઉપરથી એમણે આક્રંદ કર્યું. 'મારા ભગવાન, મારા ભગવાન તમે મને કેમ છોડી દીધો ?' 'પૂરું થયું !' એમ બોલીને તેમણે પ્રાણ છોડી દીધો. સજીવન થયેલા પ્રભુ ઈસુએ વેરવિખેર થયેલ બધા નિરાધાર શિષ્યોને પ્રેમ, પ્રાર્થના, પ્રોત્સાહન અને માર્ગદર્શન વડે સંગઠિત કર્યા. ધર્મસભારૂપે સજીવન થયેલ આત્મસ્વરૂપ પ્રભુ ઈસુનું જીવંત મંદિર ઊભું થયું.

મારી યાદગીરી તરીકે આવુ પ્રેમભોજન માણીને મેળસુમેળ કરતા રહેજો. ઈશ્વરનો આ આદેશ લઈને પરસ્પર સાથે શાંતિમાં રહેજો. ઘરે જતા રસ્તે ને વાટેઘાટે શિષ્યોની જેમ સુવાર્તા પ્રગટ કરાય. ઈસુના બે શિષ્યોનું ઉદાહરણ જોઈ લઈએ. કબરમાં ઈસુના શબને દાટીને ઈસુના બે શિષ્યો યરુશાલેમથી સાતેક કોસ દૂર એમ્માઉસ ગામે જતા હતા અને મરી ગયેલા ઈસુની વાતો કરતા કરતા જતા હતા અને અચાનક ઈસુ એમની સાથે ભળી ગયા. પણ એમને ઈસુની ઓળખાણ ન પડી. ઈસુએ પૂછ્યું, 'તમે શાની વાત કરો છો ?' શિષ્યોને નવાઈ લાગી. એમણે સ્પષ્ટતા કરી, 'યરુશાલમેમાં તમે જ એવા એક રહેવાસી છો, જેને આજકાલ ત્યાં શું શું બની ગયું એની ખબર નથી ?' ઈસુએ કહ્યું, 'શું બની ગયું ?' પછી એમણે અતઃથી ઈતિ સુધી ઈસુની વ્યથાની કથા સંભળાવી. એના હાથે જ તો ઈઝરાયેલની મુક્તિ થવાની હતી. પણ એ જ માર ખાઈને મરી ગયા. મરી ગયાને ત્રણ દિવસ તો થઈ પણ ગયા પણ હજી એનો કોઈ પત્તો જ નથી. એનું શબ જ ગાયબ થયું છે. અમુક સ્ત્રીઓ એમ પણ કહે છે કે એમને દેવદૂતનાં દર્શન થયાં છે અને એમને કહેવામાં પણ આવ્યું છે કે તેઓ સજીવન થયા છે પણ અમને કાંઈ એમનાં દર્શન થયાં નથી. પછી ઈસુએ શાસ્ત્રમાં લખેલ એમના વિશેની બધી વાતો સમજાવી. સાંજ પડી એટલે શિષ્યોએ ઈસુને એમની સાથે રહેવાનો આગ્રહ કર્યો. ઈસુ તેમની સાથે જમવા બેઠા. તેમણે હાથમાં રોટલી લઈ ઈશ્વરની સ્તુતિ કરી અને રોટલીના ટુકડા કરીને તેમને આપ્યા ત્યારે તે લોકોની આંખ ઉઘડી, અને તેમણે ઈસુને ઓળખ્યા પણ ઈસુ અંતર્ધાન થઈ ગયા. રસ્તે ઈસુ તેમની સાથે વાત કરતા હતા અને શાસ્ત્ર સમજાવતા હતા ત્યારે એમનાં અંતર ઝળાંઝળાં થતાં હતાં એનું એમને ભાન થઈ ગયું.

ઈસુ મળે છે આપણને જ્યાં હળે, મળે ને ભળે છે બે કે ત્રણ એમના નામે, અને કરે છે વાતો ઈસુની. જ્યાં પ્રભુ વાણીનું થાય છે વાંચન ભાવથી. અને ઈસુની યાદગીરી તરીકે પ્રેમભોજન વેળાએ રોટલી ભાંગવાની પ્રક્રિયા થાય ત્યારે. પ્રભુભોજન પછી વાટેઘાટે સાત્વિક વાર્તાલાપ કરીશું તો જ ખ્રિસ્તયજ્ઞમાં મેળવેલું ભાથું સુવાર્તારૂપે ઘરે લઈ શકાય.

શ્રદ્ધેયના અંતરે વાસ કરતા એ પ્રભુ ઈસુ ખ્રિસ્ત પળે પળે વિશ્વાસુઓને બાંયધરી આપી રહ્યા છે : 'બીશો નહિ, યુગોના અંત સુધી હું તમારી સાથે હોઈશ.'●

*લેખક અને મદદનીશ સભાપુરોહિત, આરોગ્ય માતા દેવાલય - ભરૂચ*


## TEACHERS WANTED

**KUTCH SEVA TRUST MANAGED**

*ST. XAVIER'S ENGLISH SCHOOL*

The Teachers having qualification in B.A. / M.A - B.Ed., B.Sc./ M.Sc. - B.Ed, D.P.Ed / B.P.Ed / M.P.Ed & Sanskrit Teacher for English Medium. May Send the Application with all the necessary documents within 7 Days in the following Address:

**Principal**
**St. Xavier's English School**
**P.B. No-7, Baroi Road**
**Mundra-Kachchh 370421**

## ST. CYRIL'S SCHOOL (English Medium), Anand

Invites application from trained and experienced Teachers with sound knowledge of subject, language and Computer skills for Primary, Secondary and Higher Secondary sections (General Stream).

**Qualification : B.A. / M.A. / B.Com. / M.Com. / B.PEd. / B.Sc. / M.Sc. with B.Ed.**

Candidates should have good communication skills and good at co-curricular activities.


Contact with applications alongwith CV, attaching all the relevant testimonials to :

**The Managing Trustee, St. Cyril's School,**
**Opp. Gamdi Catholic Church,**
**St. Xavier's Road, Anand.**
**Contact No. : 9879592699**
**or email at : st.cyrilschool@ymail.com**

# કિશોરમિત્ર

**એપ્રિલ ૨૦૧૯**

**આ અંક ભારતીય સૈન્યને સમર્પિત**



વહાલા કિશોરમિત્રો, તાજેતરમાં આતંકીઓએ આપણા લશ્કરના સૈનિકો પર આત્મઘાતી હુમલો કર્યો હતો. ચાલીસથી વધારે જવાનોના મોત નિપજ્યાં હતાં. ભારતીય લશ્કરના જવાનોની અનેક વીરતાભરી કથાઓ ભારતીય સેનાના ચોપડે સોનેરી અક્ષરોથી કંડારેલ છે. આ વીરતાભરી ઘટનાઓમાં અનેક ખ્રિસ્તી શૂરવીરોનાં પરાક્રમ પણ જોવા મળે છે. તો ચાલો આજે એવી થોડી વીરરસથી ભરપૂર ઘટનાઓ વાગોળીએ. કિશોરમિત્રનો આ અંક ભારતીય સૈન્યને સમર્પિત કરીએ છીએ.

## ગ્રુપ કેપ્ટન જોય ટી. કુરિયન



તાજેતરના આતંકી હુમલા પછી ભારતીય વાયુસેનાએ પાકિસ્તાન સ્થિત આતંકી અડ્ડાઓ પર હુમલો કર્યો. આ એર સ્ટ્રાઇક સમયે આપણા યુદ્ધ વિમાનના પાઇલટ વિંગ કમાન્ડર અભિનંદનના યુદ્ધ વિમાનને પાકિસ્તાની સૈનિકોએ તોડી પાડ્યું. અભિનંદન પેરાશૂટ વડે કૂદી પડ્યા અને પાકિસ્તાની લશ્કરના હાથે પકડાયા. પછી જીનીવા સંધિ અંતર્ગત તેમનો છુટકારો થયો ત્યારે પહેલી માર્ચની મોડી સાંજે વાઘા બોર્ડરે તેમને ભારતીય લશ્કરને સોંપી દેવામાં આવ્યા. આ સમયે તેમની સોંપણી માટે પાકિસ્તાન સ્થિત એલચી કચેરી ખાતે ફરજ બજાવતા ભારતીય હવાઇદળના ગ્રુપ કેપ્ટન જોય ટી. કુરિયનને અભિનંદનની સોંપણીનું કાર્ય સોંપવામાં આવ્યું હતું. જોય ટી. કુરિયન આપણા અમદાવાદ ધર્મપ્રાંતના સભ્ય છે. પાકિસ્તાન ખાતેની એલચી કચેરીમાં ત્રણ વર્ષ પહેલાં નિમણૂક પામતાં પહેલાં તેઓ અમદાવાદના સંત જુડ પેરિશ થલતેજના સભ્ય હતા. આવી અત્યંત મહત્ત્વની કામગીરી માટે પસંદગી પામવા બદલ ગ્રુપ કેપ્ટન જોય ટી. કુરિયનને સલામ...

## મેજર જનરલ કારડોઝ



ભારતીય લશ્કરના ગોરખા રેજીમેન્ટના આ જાંબાઝ અફસરનું નામ સુવર્ણ અક્ષરે લખાયેલ છે. બાંગ્લાદેશની મુક્તિ અને સ્વતંત્રતા સમયના ૧૯૭૧ના યુદ્ધમાં તેમણે અદમ્ય વીરતા અને સાહસ બતાવ્યા હતા.

આ યુદ્ધમાં મેજર જનરલ કારડોઝ ગોરખા રેજિમેન્ટની એક પલટનનું નેતૃત્વ કરી રહ્યા હતા. તેમની પાસે દારૂગોળો અને ખોરાક ખતમ થવા આવ્યાં હતાં. છતાં તેઓ વીરતા પૂર્વક લડતા રહ્યા. દસ દિવસ સુધી આ લડાઈ ચાલતી રહી. અંતે પાકિસ્તાને હાર કબૂલી અને બાંગ્લાદેશ નામે એક નવો જ દેશ અસ્તિત્વમાં આવ્યો.

આ દરમિયાન એક સમયે મેજર જનરલ કારડોઝનો પગ જમીનની અંદર સંતાડેલી લેન્ડ માઈન - સુરંગ પર પડ્યો અને બૉમ્બ વિસ્ફોટ થયો. મેજર કારડોઝનો એક પગ અત્યંત ખરાબ રીતે ઘવાયો. તેમને તાત્કાલિક ટેન્ટમાં લઈ જવામાં આવ્યા. કોઈ ડૉક્ટર હાજર ન હતા. કે પછી ન હતી કોઈ દવાની સગવડ. ગોરખા લોકો પોતાની પાસે કૂફરી નામે એક ચાકુ જેવું હથિયાર રાખે છે. મેજર કારડોઝે પોતાના સાથી સૈનિકને કૂફરીથી પોતાનો ઈજાગ્રસ્ત પગ કાપી નાખવા કહ્યું. એ સૈનિકને પોતાના ઉપરી અફસરનો પગ કાપવાની હિંમત ન ચાલી. ત્યારે મેજર કારડોઝે પેલા સૈનિકને હુકમ કર્યો, 'લાવ તારી કૂફરી મને આપ...' સૈનિકે પોતાની કૂફરી સાહેબને આપી. મેજર સાહેબે કૂફરી ચાકુ લઈ હિંમતભેર પોતે જ પોતાનો પેલો ઈજાગ્રસ્ત પગ કાપી નાખ્યો. કાપેલ પગ પેલા સૈનિકને આપતાં કહ્યું, 'જાવ... આને અહીજ ક્યાંક દાટી દો...' થોડા સમય પછી યુદ્ધકેદી તરીકે પકડાયેલ પાકિસ્તાની લશ્કરના મેજર મહોમ્મદ બશીર નામના ડૉક્ટરે તેમના પગનું ઓપેરશન કરી આપ્યું હતું.

ત્યાર પછી તેમને લાકડાનો પગ બેસાડવામાં આવ્યો. આમ છતાં મેજર જનરલ કારડોઝ ચુસ્તતા ને શારીરિક સક્ષમતાના મામલે અત્યંત સ્ફૂર્તિવાન હતા. એક જ પગ હોવા છતાં શારીરિક શક્તિ કસોટીમાં તેઓ ઘણા બીજા સક્ષમ અધિકારીઓને પણ હરાવી દેતા. મેજર કારડોઝે પોતાનો પક્ષ તે સમયના ભારતીય લશ્કરના વડા ટી. એન. રૈના સમક્ષ મુક્યો. જનરલ રૈના મેજર કારડોઝને પોતાની સાથે લડાખ લઈ ગયા. લડાખ એટલે અત્યંત કઠિન ભૌગોલિક પરિસ્થિતિવાળી જગ્યા. ચારે બાજુ બરફ જ બરફ. હાડ થીજવી દે એવી માઇનસ ૨૦ ડિગ્રી જેવું તાપમાન. જનરલ રૈનાએ જોયું કે મેજર કારડોઝ આવી વિષમ પરિસ્થિતિમાં પણ જોમ અને ઉત્સાહથી પોતાનું સઘળું કામ ઉમદા રીતે પાર પાડી શકે છે. આથી જનરલે તેમને લશ્કરની એક બટાલિયનનું સુકાન સંભાળવા મંજૂરી આપી. થોડા વર્ષો પછી જયારે મેજર કારડોઝના પ્રમોશનનો સમય આવ્યો ત્યારે ફરી તેમના શારીરિક કૌશલ્યની કસોટી કરવામાં આવી. અહીં પણ મેજર સફળ થયા અને પાંચ બટાલિયનની એક એવા બ્રિગેડનું કમાન તેમને સોંપવામાં આવ્યું. આમ મેજર કારડોઝ ભારતીય લશ્કરના પ્રથમ દિવ્યાંગ ઓફિસર બન્યા જેમણે લશ્કરની પલટન અને પછી બ્રિગેડનું નેતૃત્વ કર્યું હોય. તેમના અદમ્ય સાહસ અને વીરતાને લીધે મેજર કારડોઝને અતિ વિશિષ્ટ સેવા મેડલ સહીત અનેક લશ્કરી ચંદ્રકોથી નવાજવામાં આવ્યા. હાલ મેજર કારડોઝ નિવૃત જીવન જીવી રહ્યા છે પરંતુ નિવૃત્તિમાં પણ અત્યંત પ્રવૃત રહી અનેક સંસ્થાઓમાં સેવા આપે છે.

## કેપ્ટન કેઈશિંગ ક્લિફર્ડ નોંગ્રુમ



૧૯૯૯ના કારગિલ યુદ્ધ વખતે રણભૂમિમાં અત્યંત શૂરવીરતા દર્શાવવા બદલ કેપ્ટન કેઈશિંગ ક્લિફર્ડ નોંગ્રુમને સેનાના દ્વિતીય સર્વોચ્ચ પુરસ્કાર મહાવીરચક્રથી સન્માનિત કરવામાં આવ્યા. ઉત્તર પૂર્વીય રાજ્ય મેઘાલયમાંથી તેઓ એકમાત્ર સૈનિક છે જેમને આ પુરસ્કાર પ્રાપ્ત થયો હોય.

૭ માર્ચ ૧૯૭૫ના રોજ જન્મેલ કેપ્ટન નોંગ્રુમની શરૂઆતની તાલીમ શિલોંગની ડોન બોસ્કો ટેક્નિકલ સ્કૂલ અને પછી સેન્ટ એન્થોની કોલેજમાંથી મેળવી. ત્યાર બાદ ચેન્નાઇ ખાતેની ઓફિસર્સ ટ્રેનિંગ અકાદમીમાં અભ્યાસ પૂરો કરી જમ્મુ કાશ્મીર લાઈટ ઇનફેન્ટરીમાં ૧૨મી બટાલિયનમાં જોડાયા અને કારકિર્દી શરુ કરી. કારગિલ યુદ્ધ સમયે તેમની બટાલિયનને પોઇન્ટ ૪૮૧૨ જીતી લઈ તેનો કબ્જો મેળવવાનો આદેશ મળ્યો. આ પોઇન્ટ દુશ્મન દેશના કબ્જા હેઠળ હતો. પરંતુ આ જગ્યા પર કાબુ મેળવવો કારગિલ યુદ્ધમાં અત્યંત જરૂરી હતો. ૩૦ જૂન અને ૧ જુલાઈ ૧૯૯૯ મધ્યેની રાત્રે કેપ્ટન કેઈશિંગ ક્લિફર્ડ નોંગ્રુમ પોતાના મિશન પર નીકળી પડ્યા. પોઇન્ટ ૪૮૧૨ પર પહોંચવું અત્યંત કઠિન હતું. એકદમ સીધું ચઢાણ. લગભગ નવ હજાર ફૂટની બર્ફીલી ઊંચાઈ પર આવેલી જગ્યા. દુશ્મન દેશના અહીં અનેક બંકરો આવેલાં હતાં. દુશ્મન સૈનિકોએ કેપ્ટન કેઈશિંગ નોંગ્રુમની ટુકડી પર જોરદાર ગોળીબાર શરુ કર્યો. રાત્રીના અંધકારમાં લગભગ બે કલાક ગોળીબાર ચાલ્યો. આવા ગોળીબાર વચ્ચે પોતાના જાનની પરવા કર્યા વિના કેપ્ટન નોંગ્રુમ દુશ્મન બંકર તરફ ધસી ગયા. પહેલા બંકર પર ગ્રેનેડ ફેંકી બંકરને તહેસનહેસ કરી છ દુશ્મન સૈનિકોને મારી નાખ્યા. તેઓ પોતે અત્યંત ખરાબ રીતે ઘાયલ થયા હોવા છતાં દુશ્મન સૈનિકની સામે ધસી જઈ તેની મશીનગન ખેંચી લીધી. આ ઓચિંતા હુમલાથી દુશ્મન સૈન્ય ટુકડી હતપ્રત થઇ ઊઠી અને આપણા સૈનિકોને હુમલો કરવા સમય મળી ગયો. યુદ્ધમાં આવી ઓચિંતી મળતી તક ખૂબ મહત્ત્વની હોય છે. આપણા સેનિકોએ હુમલો બોલી દીધો. કેપ્ટન કેઈશિંગ નોંગ્રુમ ગંભીર પણે ઘાયલ થયા હોવા છતાં પીછેહઠ કરવા ના ભણી. આખરે આપણી સૈન્ય ટુકડીએ પોઇન્ટ ૪૮૧૨ ઉપર કબ્જો મેળવ્યો. પણ એ બહાદુર યોદ્ધા કેપ્ટન નોંગ્રુમએ રણભૂમિ પર જ દમ તોડ્યો. તેમના અદમ્ય સાહસ અને વીરતાને લીધે કેપ્ટન કેઈશિંગ ક્લિફર્ડ નોંગ્રુમને મરણોપર્યન્ત મહાવીરચક્રથી સન્માનિત કરવામાં આવ્યા. તેમની યાદમાં શિલોંગ ખાતે તેમની પ્રતિમા મુકવામાં આવી છે.

## લેફ્ટેનન્ટ કર્નલ ડેસમન્ડ હેઇન્સ



૧૯૬૫ના યુદ્ધમાં ડોગરેય નામની જગ્યાનો કબ્જો મેળવવાની લડાઈ ભારતીય યુદ્ધ ઇતિહાસમાં લડાયેલ સહુથી કઠિન લડાઈ તરીકે અંકિત થયેલ છે. ડોગરેય એવી જગ્યા પર આવેલ છે કે યુદ્ધમાં આ જગ્યા એક મહત્ત્વનો પોઇન્ટ ગણાય છે. આ જગ્યા પર કાબૂ મેળવવા સામસામે હાથોહાથની લડાઈ લડવી પડે. લેફ્ટેનન્ટ કર્નલ ડેસમન્ડ હેઇન્સ ભારતીય સેનાના જાટ રેજિમેન્ટની બટાલિયનનું નેતૃત્વ કરી રહ્યા હતા. તેમણે પોતાના સૈનિકોને આ લડાઈનું મહત્ત્વ સમજાવ્યું. પછી તેમણે પોતાની પલટનને પૂછ્યું, 'આજ રાત જાટ સૈન્ય ટુકડી ક્યાં હશે ?' અને આખી ટુકડી એક અવાજે બોલી ઊઠી, 'ડોગરેય... ડોગરેય...' જયારે લેફ્ટેનન્ટ કર્નલ ડેસમન્ડને ખબર પડી કે તેમની ટુકડી તેમનું મિશન સમજી ચુકી છે તો તેમણે બીજો સવાલ કર્યો, 'અગર મને ગોળી વાગી તો શું કરશો ?' ત્યારે તેમના સાથી ઓફિસર બોલી ઊઠ્યા, 'સર, જો આપને ગોળી વાગી તો આપને અમારા ખભે ઊંચકી લઈશું પણ રોકાઈશું તો ડોગરેય પહોંચીને જ !' લેફ્ટેનન્ટ કર્નલ ડેસમન્ડ હેઇન્સે પોતાના સૈનિકોને ભરોસો આપ્યો કે જો આખી પલટન રણભૂમિ છોડી દેશે તો પણ તેઓ એકલા યુદ્ધભૂમિમાં અડગ ઊભા રહેશે.


ડોગરેય લાહોર પાસે સ્થિત છે એટલે કે પાકિસ્તાનની સરહદથી ખાસું બધુ અંદર. ૨૧ સપ્ટેમ્બર ૧૯૬૫ની એ રાત્રે લેફ્ટેનન્ટ કર્નલ ડેસમન્ડ હેઇન્સના નેતૃત્વ હેઠળ જાટ રેજિમેન્ટે એક નહિ પણ બે વખત ડોગરેય ફતેહ કર્યું. આપણા સૈન્યના ૮૬ જવાનો શહીદ થયા જયારે સામે પક્ષે ૩૦૦થી વધુ સૈનિકો મૃત્યુ પામ્યા. કેવી ભીષણ લડાઈ હશે એ !



આ સાહસ માટે કર્નલ ડેસમન્ડ હેઇન્સની પલટનને ત્રણ મહાવીરચક્ર, ચાર વીર ચક્ર અને સાત સેના મેડલથી નવાજવામાં આવ્યા. એક જ લડાઈમાં ભારતીય સેનાની કોઈ એક જ ટુકડીએ એક સાથે આટલા બધા મેડલ મેળવ્યાનો આ એક રેકોર્ડ છે. અત્યંત વિકટ પરિસ્થિતિમાં પોતાની ટુકડીના સફળ નેતૃત્વ માટે લેફ્ટેનન્ટ કર્નલ ડેસમન્ડ હેઇન્સને મહાવીર ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા.

લેફ્ટેનન્ટ કર્નલ ડેસમન્ડ હેઇન્સ બ્રિગેડિયર પદ પરથી ભારતીય લશ્કરમાં ૩૦ વર્ષની દીર્ઘ સેવા પછી નિવૃત થયા. નિવૃત્તિ પછી તેઓ ઉત્તરાખંડમાં સ્થાયી થયા. અહીં તેમણે નિવૃત સૈનિકો માટે કામ કર્યું અને બાળકો માટે એક સ્કૂલ ઊભી કરી. માભોમના આ બહાદુર સપૂતનું ૨૦૧૩માં અવસાન થયું.

## મેજર આઇવન ક્રાસ્ટો



હિમાચલ પ્રદેશના ચંદીગઢથી શિમલા જવાના રસ્તે પરવાનૂ નામની જગ્યા પાસે ટિમ્બર ટ્રેલ નામનો એક રિસોર્ટ આવેલો છે. લગભગ બે હજાર ફૂટની ઊંચાઈએ આવેલ આ રિસોર્ટ હોટેલથી એક રોપ વે સહેલાણીઓને બીજા ત્રણ હજાર ફૂટ ઉપર લઈ જઈ કુલ પાંચ હજાર ફૂટની ઉંચાઈ અને લગભગ પોણા બે કિલોમીટર દૂર આવેલ પર્વતની ટોચે લઈ જાય છે. રોપ વેની આ મુસાફરી આઠ મિનિટની હોય છે.

ઓક્ટોબર ૧૯૯૨માં આ રોપ વેને એક ભયંકર દુર્ઘટના નડી. કેબલ કારની એક કેબીનનો રસ્સો તૂટી ગયો અને રોપવેની આ કેબિન હવામાં લટકી ગઈ. કેબિનમાં એક કુટુંબનાં ૪ સભ્યો; જેમાં એક તો ફક્ત સાડા ચાર વર્ષનું બાળક ઉપરાંત બીજા ૩ નવદંપતીઓ, એમ કુલ દસ પ્રવાસીઓ હતા. રોપવેની કેબિન ત્રણ હજાર ફૂટની ઊંચાઈએ હવામાં ઝોલાં ખાવા લાગી અને આખરે હવામાં લટકી ગઈ. એ આખી રાત આ દસ લોકો જીવન-મરણ વચ્ચે કેબલ કારમાં હવામાં લટકેલાં રહ્યાં.

બીજી સવારે રિસોર્ટના માણસોએ કસૌલી સ્થિત ભારતીય ફોજને જાણ કરી. ફોજના માણસો તરત જ એકશનમાં આવી ગયા. તેમણે સ્થળ પર જઈ પરિસ્થિતિનો તાગ મેળવ્યો અને સાંજે વાયુસેનાને ખબર પહોંચાડી. બીજી સવારે વાયુસેના તરફથી મંજૂરી મળી. વાયુસેનાના જાંબાઝ જવાનોએ અલગ અલગ ત્રણ રીતે બચાવ કામગીરી કરવા પ્લાન બનાવ્યો. આખરે સૌથી સારો ઉપાય હેલિકોપ્ટર દ્વારા કમાન્ડોને ઉતારી રોપવેમાં ફસાયેલ લોકોને બચાવવાનું નક્કી કરવામાં આવ્યું.

ગ્રુપ કેપ્ટન ફલી હોમી વાયુસેનાનું ચોપર વિમાન ઉડાવી રહ્યા હતા. ત્યાર પછી ચિત્તા વિમાન અને આખરે મિગ-૧૭ વિમાનને કામગીરીમાં સામેલ કરવામાં આવ્યું. ત્રણ હજાર ફૂટની ઊંચાઈ અને કેબલ કારના રસ્સાથી અંતર જાળવી રાખવું ખૂબ અઘરું હતું. આ દિલધડક કામગીરીમાં મેજર આઈવન ક્રાસ્ટો નામના ૨૮ વર્ષીય યુવા વાયુ સેનાનીને વિમાનમાંથી રસ્સા વડે લટકાવવામાં આવ્યા. રશિયામાં ખાસ તાલીમ મેળવેલ મેજર ક્રાસ્ટો ગોવામાં તેમની માતાના મૃત્યુ પછી દફનવિધિ પુરી કરી સીધા આ બચાવ કામગીરીમાં જોડાયા હતા. રસ્સા વડે લટકી મેજર આઈવન ક્રાસ્ટો કેબલ કારમાં પ્રવેશ્યા અને એક પછી એક એમ પાંચ લોકોને બહાર કાઢ્યા. આ કામગીરી પાછળ આખો દિવસ નીકળી ગયો. બાકી ફસાયેલ પાંચ લોકોને હિંમત પુરી પાડવા મેજર ક્રાસ્ટોએ રાત પેલી લટકતી કેબલ કારમાં જ વિતાવવાનું નક્કી કર્યું. કેબલ કારમાં ફસાયેલ લોકોને એમ કહી હિંમત પુરા પાડ્યાં કે, 'મારે ઘેર મારાં બે બાળકો મારી રાહ જુવે છે. હું અહીં તમારી સાથે કેબલ કારમાં રાત એટલા માટે ગુજારું છું કે કોઈ જોખમ નથી.' આમ કહી મેજર ક્રાસ્ટોએ ફસાયેલ સહેલાણીઓને મનોબળ પૂરું પાડ્યું.

બીજી સવારે એટલે કે ૧૫ ઓક્ટોબરના દિવસે બાકીના પાંચ પ્રવાસીઓને પણ ઉગારી લેવામાં આવ્યા. જોખમી રીતે લટકી રહેલ કેબલ કારમાંથી સહુથી છેલ્લે મેજર આઈવન ક્રાસ્ટો બહાર આવ્યા. બહાદુરીભર્યા પરાક્રમને લીધે ટિમ્બર ટ્રેલ બચાવ કાર્યના હીરો મેજર આઈવન ક્રાસ્ટોને કીર્તિ ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા.

ભારતીય વાયુ સેનાના આ પરાક્રમની ખાસ વાત એ છે કે કેબલ કારમાં ફસાયેલ હિન્દુ મહિલા ભગવાનને પ્રાર્થના કરતી હતી કે આ આફતમાંથી ઉગારી લે, ત્યારે એક પારસી પાઈલટ(ગ્રુપ કેપ્ટન ફલી હોમી)ના વિમાનમાંથી એક ખ્રિસ્તી જાંબાઝ સેનાની (મેજર આઈવન ક્રાસ્ટો) ઊતરી પડે છે અને લોકોનો બચાવ કરે છે... વિવિધતામાં એકતાની કેવી અદભુત ઘટના...



## ચિંતન પુષ્પ

'હે પિતા, આ લોકોને માફ કર; પોતે શું કરે છે એનું એમને ભાન નથી.' (લૂક : ૨૩ : ૩૪)

ક્રૂસ પરના મૃત્યુ સમયે જલ્લાદોને માફી આપતાં

પ્રભુ ઈસુએ ઉચ્ચારેલ અંતિમ વચનોમાંનું એક વચન.

રાજેશ ક્રિશ્ચિયન (M) ૯૪૨૬૫ ૮૪૦૨૮ Email : rajesh.christian@yahoo.co.in

# અંકુર

## આશાદીપ માનવ વિકાસ કેન્દ્ર, વલ્લભ વિદ્યાનગર

અંકુર એટલે આપણા સમાજના આશાસ્પદ વિદ્યાર્થીઓને યોગ્ય તાલીમ આપી સ્પર્ધાત્મક પરીક્ષા માટે તૈયાર કરવા, તેમનામાં રહેલી સુષુપ્ત શક્તિઓને ખીલવવી અને તેમનામાં સામાજીક સભાનતા, જીવનના સાચા મૂલ્યોનું સિંચન કરવાની સાથે ઇંગ્લીશ, સામાન્ય જ્ઞાન, તર્કશક્તિ, વ્યક્તિત્વ વિકાસ વિગેરે પ્રકારની તાલીમ આપી, સ્પર્ધાત્મક પરીક્ષા તથા જીવનની પરીક્ષાઓ માટે તૈયાર કરવા માટેની આશાદીપ, માનવ વિકાસ કેન્દ્ર, વલ્લભ વિદ્યાનગરની મહત્વાકાંક્ષી યોજના.

શાળા કોલેજના અભ્યાસની સાથે વધારાની તાલીમ લેવા ઇચ્છતા વિદ્યાર્થીઓ અને તાલીમ માટેની જવાબદારી ઉપાડવા તૈયાર હોય તેવા વાલીઓને અંકુર આવકારે છે. અંકુર તાલીમ એ લાંબાગાળાની યોજના છે અને તેથી ટૂંકા સમયમાં લાભ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓ અને વાલીઓને વિશેષ ફાયદો નહીં થાય.

### ➡ કોણ પ્રવેશ મેળવી શકે? :

- ✓ હાલ સાતમાં ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ.
- ✓ હાલ આઠમાં ધોરણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મર્યાદિત સંખ્યામાં પ્રવેશ આપવામાં આવશે.
- ✓ હાલ ધોરણ ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મર્યાદિત સંખ્યામાં પ્રવેશ આપવામાં આવશે.

### ➡ પ્રવેશ ક્યારે અને કેવી રીતે? :

| | |
|---|---|
| પ્રવેશપત્ર ભરવાની તારીખ : | ૧૩, ૧૪ અને ૨૦ એપ્રિલ ૨૦૧૯ (૩ દિવસ). |
| સમય : | સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ સુધી. |
| પ્રવેશપત્ર ભરવાનું સ્થળ : | આશાદીપ માનવ વિકાસ કેન્દ્ર, નાનાબજાર, વિદ્યાનગર. |
| નોંધ : | ફોર્મ સ્થળ પર ભરી પરત કરવાનું રહેશે. |
| ફોર્મ ભરવા આવો ત્યારે : | (૧) શાળા કે કોલેજમાં લેવાયેલ અગાઉની પરીક્ષાની માર્કશીટની ઝેરોક્ષ.<br>(૨) બોનાફાઇડ સર્ટીફીકેટ અથવા સ્કૂલ લીવીંગ સર્ટીફીકેટની ઝેરોક્ષ.<br>(૩) તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો.<br>(૪) ફોર્મમાં વિદ્યાર્થી અને જવાબદાર વાલીની સહી જરૂરી હોવાથી વિદ્યાર્થી અને વાલીની હાજરી ફરજીયાત છે. |

**નોંધઃ પ્રવેશ પરીક્ષા, તાલીમ પ્રક્રિયા, ફી તથા અન્ય માહિતી ફોર્મ ભરવા આવો ત્યારે આપવામાં આવશે**

**વધુ માહિતી માટે સંપર્કઃ**

**'અંકુર' સંયોજક, 'આશાદીપ માનવ વિકાસ કેન્દ્ર' (મોબાઈલ :- ૮૪૮૫૯૭૦૯૧૭)**
શાસ્ત્રી રોડ, ગાયત્રી ડાયનીંગ હોલ પાસે, નાના બજાર, વલ્લભ વિદ્યાનગર, જિ. આણંદ – ૩૮૮ ૧૨૦
ફોન નંબર (૦૨૬૯૨)૨૩૭૬૦૩, ૨૩૮૦૩૩



# આપણી શ્રદ્ધા જાગી ઊઠે !



✍ ફાધર ડૉ. કુમાર

આજે પણ સમગ્ર વિશ્વમાં ભારત ધાર્મિકતા માટે જાણીતું છે, પરંતુ આધ્યાત્મિકતા માટે નહીં. હા, જમાનો હતો જ્યારે ઘણા બધા દેશમાંથી ભારતની ધાર્મિકતા ને આધ્યાત્મિકતાનો લાભ લેવા લોકો અહીં આવતા. પણ હવે એ ધાર્મિકતામાં છુપાયેલાં અજ્ઞાન, અંધશ્રદ્ધા અને પાખંડને દુનિયા ઓળખી ગઈ છે. શાળાઓ અને હોસ્પિટલોના સ્થાને પણ મંદિરો બાંધવામાં આવે છે અને ઈશ્વર તથા મંદિરના નામે પણ માનવ મંદિર નાશ કરવામાં આવે છે. દિવસે દિવસે મંદિરો અને મસ્જિદો વધી રહ્યાં છે, પરંતુ માનવતા, પ્રેમ અને દયા ઘટી રહ્યાં છે. તીર્થધામો ને યાત્રાઓની સંખ્યા અને તેમના પર ખર્ચવામાં આવતા નાણાંમાં વધારો થતો જાય છે. આવાં યાત્રાધામો અને ધાર્મિક સંમેલનો ખરેખર પ્રજા-પ્રજા વચ્ચેના સંબંધને પ્રોત્સાહન આપવાં જોઈએ. પરંતુ વાસ્તવમાં, પરિવારો, સમુદાયો અને કોમો વચ્ચેનું અંતર વધી રહ્યું છે. ધાર્મિકતામાં છુપાયેલી અજ્ઞાનતા, અંધશ્રદ્ધા અને ઢોંગની ત્રિપુટી-દુષ્ટતા કેટલાકને આતંકવાદ અને હિંસા તરફ દોરી જાય છે. સાથે સાથે, લોકોની આવી ધાર્મિક લાગણીઓનો દુરુપયોગ કરી પોતાના સ્વાર્થને સંતોષવા સ્વયંસેવી નેતાઓ તો બેઠા જ છે.

ઈસુએ તેમના અનુયાયીઓને ધાર્મિકતામાં ફરોશીઓ અને શાસ્ત્રીઓ જેવા ન બનવા માટે પડકાર ફેંક્યો હતો.(માથ્થી ૫:૨૦). તેમણે તેમને ચેતવણી આપી કે તેઓ તેમની ધાર્મિક પ્રવૃત્તિઓને જાહેરમાં પ્રદર્શિત કરે નહિ. તેમના મત મુજબ ધાર્મિક વિધિઓ ખાનગીમાં થવી જોઈએ. મહત્વની વસ્તુ એ છે કે આવી ધાર્મિક પ્રવૃત્તિઓથી માનવની શ્રદ્ધા પરિપક્વ થઇ એને પોતાના પડોશી તરફ દોરી જવી જોઈએ. (યાકોબ ૨:૧૪-૨૬). જે શ્રદ્ધા માનવમાં સામાજિક મૂલ્યોનું સિંચન કરતી નથી એને સંત પાઉલ કાચી શ્રદ્ધા અથવા બાલિશ શ્રદ્ધા ગણે છે. (૧ કરિંથ ૩)

ગુર્જર ભૂમિમાં ધર્મસભાનું બીજ વાવ્યાને ૧૨૫ વરસ થયાં છે. પરંતુ શું આપણી ધાર્મિક પ્રવૃત્તિઓથી આપણી શ્રદ્ધા વૃદ્ધિ પામી પરિપક્વ બની છે? શું ઈસુમાંની આપણી શ્રદ્ધા સજીવન થઈ છે? આપણે જાણીએ છીએ કે જ્યારે ઈસુ મૂએલામાંથી જાગી ઊઠ્યા ત્યારે તેમના અનુયાયીઓની શ્રદ્ધા પણ સજીવન થઈ હતી. જે શિષ્યો બીકના માર્યા એક ઓરડીમાં બારી-બારણાં બંધ કરીને બેઠા હતા, તેઓ નીડરતાથી બહાર આવી આનંદથી પોકાર કરતા હતા. તેઓએ ઈસુનાં મૂલ્યોનું પ્રચાર કરવાનું ને માનવ કલ્યાણ અર્થે તેમણે બતાવેલાં કાર્યો કરવાનું શરૂ કર્યું. ડરપોક પીતર પોતે શુભસંદેશની ઘોષણા કરવા માટે મંદિરમાં ને શેરીઓમાં ગયો. પ્રજાને, અધિકારીઓને અને આગેવાનોને તેણે કહ્યું કે હવે એમનાથી સત્યની સાક્ષી પૂર્યા વગર રહેવાય એમ નથી. જે શિષ્યો તેમના રાબેતા મુજબનું જીવન ફરીથી શરૂ કરવા માટે એમ્માઉસ જતા હતા તેઓ ખ્રિસ્તની સાક્ષી પૂરવા યરૂશાલેમ પાછા ફર્યા. જે લોકો ઈસુમાં શ્રદ્ધા રાખતા થયા તેઓ જે કાંઈ એમની પાસે હતું તે બધું એકબીજાને વહેંચી આપી એક સરળ અને સુખી જીવન જીવતા થયા. તેઓએ ખાતરી કરી કે તેમની વચ્ચે કોઈ પણ જરૂરિયાતમંદ કે ગરીબાઈમાં સપડાયેલી વ્યક્તિ ના હોય. ટૂંકમાં, તેમની શ્રદ્ધા પાકી બની; તે જીવંત અને પરિપક્વ બની. આવી રીતે પુનર્જીવન પામેલી શ્રદ્ધાનાં લક્ષણો આ પ્રમાણે છેઃ

જીવંત શ્રદ્ધા મૂર્તિપૂજા અને વ્યક્તિપૂજાને અવગણે છે. તે આપણને શીખવે છે કે એક જ ઈશ્વર છે અને માત્ર તેઓ જ આપણા જીવનનું કેન્દ્ર બની શકે છે. પાકી શ્રદ્ધા કોઈપણ અન્ય વ્યક્તિ કે વસ્તુને એ સ્થાન લેવા દેતી નથી, ભલે એ મા મરિયમ હોય કે કોઈ સંત. તેઓ બધાં આપણા જીવનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેમ છતાં ઈશ્વર કે ઈસુ જેટલાં મહત્વપૂર્ણ નથી. તેઓ બધા આપણને પ્રેરણા આપી શકે છે અને ઈશ્વર તરફ જવા માર્ગદર્શન આપી શકે છે, પરંતુ તેઓ ઈશ્વરનું સ્થાન ગ્રહણ કરી ન શકે. ઉપરાંત, સાચી શ્રદ્ધા આપણને ટી.વી., મોબાઇલ ફોન, ક્રિકેટ, વિવિધ પ્રથાઓ ને પરંપરાઓના ગુલામો બનવા દેશે નહીં.

જીવતી જાગતી શ્રદ્ધા નામ, ખ્યાતિ, પૈસા, સંપત્તિ કે સત્તા શોધતી નથી. તે આપણને ઈશ્વર આપણી બધી જરૂરિયાતો યોગ્ય સમયે પૂરી પાડશે એવી ખાતરી આપી એમના પર પૂરો મદાર રાખવા પ્રેરે છે. પરિણામે ચિંતા, માનસિક તણાવ, ડર, અસલામતીનો ભય, વગેરે આપોઆપ અલોપ થઈ જાય છે. આપણે સરળ અને નમ્ર બનીએ છીએ. આપણામાં બીજા ઉપર સત્તા ચલાવવાની તીવ્ર ઈચ્છાને સ્થાને સંત મધર થેરેસાની જેમ બીજાની સેવા કરવાની એક તમન્ના જાગે છે. આપણા વડા ધર્મગુરુ ફ્રાન્સિસ વારંવાર ખાસ સન્યસ્ત વર્ગને સંબોધતાં કહે છે કે 'જેનું હૃદય ખાલી હોય અને જેનામાં અસલામતીનો ભય વધારે હોય તે જ પૈસા, સંપત્તિ ને સત્તાની પાછળ પડે છે ને એમના ગુલામ બને છે. આવી મેનિયા કે ઘેલછામાંથી મુક્ત થવાનો એક માત્ર રસ્તો છે ઈશ્વરમાંની પાકી શ્રદ્ધા, કારણ જ્યાં આપણો ખજાનો છે, ત્યાં જ આપણું હૃદય પણ હશે. (માથ્થી ૬:૨૧)

પુનર્જીવન પામેલી શ્રદ્ધા મંદિરો, યાત્રાધામો ઉપરાંત ધર્મને પણ પાર કરે છે. એ સર્વત્ર અને ખાસ દરેક મનુષ્યમાં ઈશ્વરનાં દર્શન કરી શકે છે; અંતરની આંખોથી ઈશ્વરને નિહાળી શકે છે. પુનિત શ્રદ્ધા માનવને વ્યાપક દિલ-દિમાગ આપી એને સમજુ ને સહનશીલ બનાવે છે. એવી શ્રદ્ધા ધરાવનાર માણસ બધા ધર્મોને પાર કરે છે અને સર્વ સૃષ્ટિના માલિક એક જ હોવાથી આપણે સૌ એક પરિવાર છીએ એમ સમજતો થાય છે. ઈસુએ કોઈ ખાસ ધર્મ અથવા મંદિરને ક્યારેય મહત્ત્વ આપ્યું નથી. તેના બદલે, તેમણે આપણને શીખવ્યું છે કે આપણે આત્મા અને સત્યમાં ઈશ્વરની ઉપાસના કરવી જોઈએ. ધર્મ ઝનૂનીઓને તેમને મારી નાખવાનું એક કારણ આ પણ હતું ને!

પરિપક્વ શ્રદ્ધા વિધિ-વિધાનો અને યાત્રાઓથી સંતોષ ન પામે. જો કે કર્મકાંડ અને તીર્થધામો માટે આપણા ધાર્મિક તથા સામાજિક જીવનમાં સ્થાન અને મૂલ્ય તો છે જ. પરંતુ, એ બધા માટે વધારે પડતું મહત્ત્વ આપીએ તો આપણી શ્રદ્ધા હંમેશ માટે બાળકની શ્રદ્ધા રહી જશે. તેથી જ પ્રાચીન કાળથી કહેવામાં આવ્યું છે કે ઈશ્વરને બલિદાન કરતાં ધર્મ અને ન્યાયનું આચરણ વધારે પસંદ છે. (સુભાષિતો ૨૧:૩) પયગંબરો ને સંતો અને ઘણા ધાર્મિક સુધારકો પણ વિધિ-વિધાનો, બલિદાનો અને પ્રણાલીઓની તીખી ટીકા કરવાની હદે ગયા છે. માત્ર કેટલાક પુરોહિતો ને પૂજારીઓ અને અન્ય લોકો, જેમનો ઈરાદો સામાન્ય પ્રજાને પોતાના કાબુમાં રાખવાનો હોય છે, તેઓ જ આ બધી વસ્તુઓને વધારે પડતું મહત્ત્વ આપતા હોય છે અને સામાન્ય ને અજ્ઞાન પ્રજા એવા સ્વાર્થીઓની રમતનો ભોગ બની જતી હોય છે.

જીવંત શ્રદ્ધા આરાધના ને અધિવેશનથી તૃપ્તિ પામતી નથી. જો કે ધાર્મિક અને આધ્યાત્મિક જીવનમાં એવી પ્રવૃત્તિઓની ભૂમિકા તો છે જ. શક્યતા છે કે તેઓ માત્ર સમય પસાર કરવા માટેની મનોરંજનની પ્રવૃત્તિઓ બની આપણી શ્રદ્ધા ઊંડી ને મક્કમ થવામાં અવરોધરૂપ બને અને એને પ્રાથમિક તબક્કામાં જ કાયમ માટે રાખે. ચિંતા ને દબાણ હેઠળ જીવનાર માણસોને તેઓ માનસિક રીતે હળવાશનો અનુભવ કરાવી શકે. એ સારી વસ્તુ છે. તેમ છતાં આવી ધાર્મિક પ્રવૃત્તિઓ એનાથી મળતા હળવાશને કારણે સામાન્ય પ્રજા માટે વ્યસનરૂપ બની શકે છે. ઘણી વાર આવી ધાર્મિક પ્રવૃત્તિઓ માનવને પોતાની માનસિક, કૌટુંબિક ને સામાજિક સમસ્યાઓ ને પ્રશ્નો માટે કામચલાઉ ઉકેલ આપી એને સંતોષતી હોય છે. પરંતુ, પરિપક્વ શ્રદ્ધા તો માનવને લાગણીઓ અને ભાવનાઓને પાર કરી વાસ્તવિકતામાં રહેવા ને મનન-ચિંતન કરી પોતાના પ્રશ્નો માટે લાંબા ગાળાના આધ્યાત્મિક, માનસિક ને સામાજિક ઉકેલ કાઢવા પ્રેરણા આપતી હોય છે. તેથી, જો એવી પ્રવૃત્તિઓ આપણી આધ્યાત્મિકતામાં વધારો લાવી, આપણને ઈશ્વર, પાડોશી અને સૃષ્ટિ તરફ લઈ જતી હોય, તો જ તેમને પ્રોત્સાહન આપવું જોઈએ. નહિતર તેમનાથી સાવચેત રહેવાની જરૂર છે.

પુનર્જીવિત શ્રદ્ધા કાર્ય લક્ષી છે, કારણ કે તે ઈશ્વર પ્રેમ અને પાડોશી પ્રેમ પર આધારિત છે અને પ્રેમનો પૂરાવો કાર્યમાં થાય છે. એવી શ્રદ્ધા આપણને સમાજકલ્યાણના તરફેણમાં સકારાત્મક પગલાં ભરવા દોરી જાય છે. જેમ કાર્ય વિનાનો પ્રેમ વાંઝણો છે તેમ કાર્ય વિનાની શ્રદ્ધા પણ વાંઝણી છે. પોતાના પિતામાંની ઈસુની શ્રદ્ધાએ તેમને સમાજમાં કલ્યાણકારી કાર્યો કરવા અને કાયદા, કર્મકાંડ અને પરંપરાઓના ગુલામ બનેલા ફરોશીઓ અને શાસ્ત્રીઓની આખરી ટીકા કરવા હિંમત અને શક્તિ આપ્યાં. અપરિપક્વ શ્રદ્ધા માનવને મંદિર, નીતિ-નિયમો અને રીત-રીવાજો પૂરતું મર્યાદિત રાખે છે. તેથી તે અન્ય માણસો સુધી પહોંચી શકતો નથી જેમને મદદની જરૂર હોય છે. કાચી શ્રદ્ધા માનવને એવો આંધળો બનાવી દે છે કે એ બીજાનાં દુઃખ કે સમસ્યાઓ જોઈ શકતો નથી અને બીજાની લાગણી કે પરિસ્થિતિને સમજી શકતો નથી.

જીવતી જાગતી શ્રદ્ધા સર્જન અને અન્ય મનુષ્યની સંભાળ રાખે છે. સૃષ્ટિની સંભાળ એ ઈશ્વરે માણસને સોંપેલી એક પ્રથમ ફરજ છે (ઉત્પત્તિ ૨:૧૫; ૭:૨-૩). આપણી શ્રદ્ધા મજબૂત હોય તો આપણે ઈશ્વરના સર્જનના સૌંદર્યને માનીશું ને એનું જતન પણ કરીશું. શ્રદ્ધાની આંખો ઈશ્વરને માત્ર મંદિરમાં નહીં, પણ દરેક મનુષ્યમાં, દરેક પ્રાણી ને પક્ષીમાં ને આખી સૃષ્ટિમાં જૂએ છે, કારણ કે દરેક જણ અને દરેક વસ્તુ ઈશ્વર તરફથી આવે છે. ઉપરાંત, સમગ્ર સૃષ્ટિને ઈશ્વરે માનવને સોંપી દીધી છે. પુખ્ત શ્રદ્ધા આપણને ખ્યાલ આપે છે કે આ સમગ્ર સર્જનની કાળજી લેવી એ આપણી ફરજ છે. ખાસ કરીને જરૂરિયાતમંદની પડખે રહેવું એ ઈશ્વરમાં શ્રદ્ધા રાખનારનું એક પ્રથમ કર્તવ્ય છે, ભલે તે મનુષ્ય હોય કે પ્રાણી, પક્ષી હોય કે વૃક્ષ, નદી હોય કે હવા.

આપણો અનુભવ સાક્ષી પૂરે છે કે આપણા દેશમાં આપણાં પવિત્ર સ્થળો, યાત્રાધામો, તહેવારો, યાત્રાઓ ને અન્ય ધાર્મિક પ્રવૃત્તિઓ પ્રજા-પ્રજા વચ્ચેના સંબંધને પ્રોત્સાહન આપવાને બદલે એવા સંબંધમાં ખલેલ પહોંચાડતાં આવ્યાં છે; પરિવારો, સમુદાયો, અને સંસ્કૃતિઓ વચ્ચેનું અંતર વધારતા આવ્યા છે. એટલે જ કહી શકાય છે કે ભારતીયોની ધાર્મિકતામાં છુપાયેલી અજ્ઞાનતા, અંધશ્રદ્ધા અને ઢોંગની ત્રિપુટી દુષ્ટતાએ પોતાના સ્વાર્થ માટે કામ કરતા રાજકીય, સામાજિક અને ધાર્મિક નેતાઓ અને આગેવાનોને જાણે અજાણ્યે લોકોની ધાર્મિક લાગણીનો લાભ લેવા છૂટ આપી દીધી છે.

ઈસુએ પોતાના અનુયાયીઓને કહ્યું હતું, “જ્યાં સુધી તમારું ધર્માચરણ શાસ્ત્રીઓ અને ફરોશીઓના ધર્માચરણ કરતાં ચડિયાતું નહિ હોય, ત્યાં સુધી તમે ઈશ્વરના રાજ્યમાં કોઈ પણ હિસાબે દાખલ થઈ શકવાના નથી.” (માથ્થી ૫:૨૦) શાસ્ત્રીઓ અને ફરોશીઓનું ધર્માચરણ તેમની શ્રદ્ધાને પ્રાથમિક તબક્કામાં જ રહેવા દીધી. એમની શ્રદ્ધા કાર્ય વગર વાંઝણી ને મરેલી જ રહી ગઈ હતી. તેઓ વિધિ-વિધાન, કાયદા-કાનૂન ને ધાર્મિકતાની સીમાઓથી આગળ જઈ જ ના શક્યા. એનાથી ઉલટું, ઈસુના અનુયાયીઓની શ્રદ્ધા ઈસુના પુનરુત્થાન સાથે સજીવન થઈ ગઈ હતી. ઈસુની સાથે આપણી શ્રદ્ધા પણ જાગી ઊઠે!●

*ફાધર ડો. આરસકુમાર, ગુજરાત વિદ્યાદીપ-સેવાસી, વડોદરામાં પ્રાધ્યાપક અને બોચાસણમાં સભાયાજ્ઞિક છે.*


## Matrimonial

A Gujarati catholic family is interested in alliance for their 26 year son Height 5' 8", Education BE+MBA (IRMA) Serving in MNC as a Manager, Annual income 12 Lakhs. Seeking suitable partner.

**(M) - 95100 70938**

## લગ્નવિષયક

**ગુજરાતી કેથોલિક યુવક ઉંમર ૩૦ વર્ષ, ઊંચાઈ ૫'૪" અભ્યાસ M.A.B.Ed. હાલમાં ગ્રાન્ટેડ માધ્યમિક સ્કૂલમાં કાયમી શિક્ષકની નોકરી કરતાં યુવક માટે સરકારી નોકરી કરતી યુવતીના વાલીએ બાયોડેટા સહિત નીચેના નંબર પર સંપર્ક કરવા વિનંતી. આ જાહેરાતનો હેતુ યોગ્ય પસંદગી માટેનો છે.**

મો. ૯૬૬૨૪-૧૧૦૬૯



# પાસ્ખા પર્વ નવજીવનનું પ્રભાત

✍ પીયૂષ એમ. પરમાર




યુરોપના એક દેશની વાત છે. ખ્રિસ્તી હોવા છતાં શ્રદ્ધાની ઉણપે અલગ થયેલ એક વ્યક્તિને ખ્રિસ્તીધર્મ અને દુનિયાના ધર્મોમાં અપૂર્તતા દેખાઈ. તેણે એક નવો ધર્મ સ્થાપવાની જાહેરાત કરી. પોતાના નવા ધર્મમાં તેણે વિવિધ ધર્મનાં સારાં પાંસા-સારા વિચારોને ભેગા કર્યા. પોતાના ધર્મના પ્રચાર માટે તેણે ખૂબ પ્રયત્ન કર્યા. મીડિયા, અખબારોમાં જાહેરાત આપી. પુષ્કળ ધનનો ખર્ચ કરવા છતાંયે કોઈએ તેનો ધર્મ સ્વીકાર્યો નહિ. હતાશ અને નિરાશ થયેલા તેણે પોતાના એક મિત્ર પાસે આનું કારણ પૂછ્યું. તેના મિત્રએ સુંદર જવાબ આપ્યો. 'તમારો ધર્મ શ્રેષ્ઠ છે, પરંતુ દુનિયામાં પ્રચાર કરવો હોય તો એક શુભ શુક્રવારે તમારે ક્રૂસ ઉપર મરવું પડે અને ત્રીજે દિવસ રવિવારે પુનરૂત્થાન પામવું પડે.'

ઈસુના ક્રૂસ પરના કરુણ મૃત્યુને સ્વીકારવાથી આપણને પાપમુક્તિ મળી નથી, પરંતુ તેમનું પુનરૂત્થાન જ આપણી પાપમુક્તિનું પ્રમાણ આપે છે. માનવસમુદાયને પાપમાંથી મુક્તિ, સ્વર્ગનું વરદાન અને પુનરૂત્થાનની શક્તિથી નવું જીવન મળ્યું. 'મારી તો એક જ ઝંખના છે. ઈસુના અને તેમના પુનરુત્થાનના સામર્થ્યનો સાક્ષાત્કાર કરવો. તેમના દુઃખોમાં ભાગીદાર બની તેમના મૃત્યુમાં તેમના જેવા થવું. એ આશાએ કે હું પણ મૃત્યુમાંથી ફરી સજીવન થાઉં.' (ફિલિપ્પી ૩:૧૦-૧૧)

તત્કાલિન યહુદી સમાજ, ઈસુનું ક્રૂસ પર કરુણ મૃત્યુ થશે, એ ભયાનક મૃત્યુ પછી તેના પર જીત મેળવી પુનરુત્થાન પામશે, આવું વિચારી શકતો પણ ન હતો. પરંતુ માનવીની આ સામાન્ય ધારણા વચ્ચે ઈશ્વરની યોજનાનુસાર ઈસુ પુનઃ જીવિત થયા. જો મૃત્યુ વિદાય છે, તો પુનરુત્થાન નવજીવન છે. વિયોગ અને બેચેન બનેલા શિષ્યો બારણાં બંધ કરી, ઓરડામાં ભરાઈ ગયા હતા, ત્યાં પુનરુત્થાન પામેલ ઈસુ પ્રગટ થયા.

ઈસુનું પુનરુત્થાન એ ખ્રિસ્તીધર્મનું કેન્દ્રબિંદુ છે, આ આપણી શ્રદ્ધા છે. મુક્તિ અને આશાનો પાયો છે. ઈસુના પુનરૂત્થાનથી આપણને નવજીવનની ખાતરી મળી છે. તેમના પુનરૂત્થાનથી માનવ અને ઈશ્વર વચ્ચે અતૂટ નાતો બંધાયો છે. આપણને શાંતિનું વરદાન પ્રાપ્ત થયું છે. આજે વિશ્વમાં ચોતરફ અશાંતિનું વાતાવરણ વધતું જાય છે. અસહિષ્ણુતા વધી છે. કોમ, જાત, ધર્મ અને સંપ્રદાય વચ્ચેના ભેદભાવથી સમાજ નિર્બળ બનતો જાય છે. દરેકને શંકાની નજરે જોવાય છે.

આપણા પરિવારમાં પણ અશાંતિ છે. પતિ-પત્ની, સંતાનો-માતાપિતા વચ્ચે, પડોશીઓ વચ્ચે સંઘર્ષ વધતો જાય છે. બાંધછોડ ન કરવાની વૃત્તિથી લગ્નજીવનની સમસ્યાઓ તથા લગ્ન વિચ્છેદથી અશાંતિ વધતી જાય છે. દુનિયા શાંતિ ઈચ્છે છે, ત્યારે આપણે શાંતિદાતા ઈસુ પર દૃઢ શ્રદ્ધા રાખીએ.

ખાલી કબરે પહોંચેલી સ્ત્રીઓને સ્વર્ગીય દૂતે કહ્યું, 'બીશો નહિ.' ઈસુએ પણ કહ્યું, 'બીશો નહિ.' આપણા જીવનમાં ભયને કારણે, યોગ્ય કાર્ય કરવામાં તથા ઈશ્વરની ઈચ્છા પ્રમાણે જીવવામાં અસફળ રહીએ છીએ. ભયને કારણે જ પીતરે ત્રણ વખત ઈસુનો ઈન્કાર કર્યો. ભયને કારણે શિષ્યો નાસી ગયા!

વર્તમાન સમયમાં ભયને કારણે જ આપણે બેચેન બનીએ છીએ. આતંકવાદ, ધાર્મિક કટ્ટરવાદ,ધર્માંધતા અને સ્વાર્થથી ભરેલ દુનિયામાં માનવી સદાયે ભયભીત રહે છે. દેશમાં થતા બોમ્બબ્લાસ્ટ, દલિતો પર થતા અત્યાચાર, લઘુમતી સમાજ પ્રત્યે અન્યાય વગેરે જોઈને આપણું હૃદય કંપી જાય છે. આપણે સલામતી શોધીએ છીએ. ભય માણસને નિષ્ક્રિય બનાવી દે છે. તેની અસર તેના સ્વાસ્થ્ય પર થાય છે. માનસિક સમતુલા બગડે છે. આપણે ઈસુ પર દૃઢ શ્રદ્ધા રાખીએ. પુનરુત્થાન પામેલા ઈસુ પર ધીરજ ધરી, સતત પ્રાર્થના કરતા રહીએ. ઈસુના સાનિધ્યમાં રહેવાથી જ આપણે ભયરહિત બનીશું.

'એને શરણે ગયો હું, ને એણે કરી વ્હાર,<br>
સર્વ ભયમાંથી મને એણે કાઢ્યો બહાર.' (સ્તોત્ર સંહિતા ૩૪:૪)

ઈસુના મૃત્યુથી તેમના શિષ્યોની આશા અને સ્વપ્નો નષ્ટ થઈ ગયાં. ઈસુ પોતાના શિષ્ય અને જગતને આ સત્ય બતાવે છે કે, 'જીવન ગોલગાથાની પીડાથી કબરની શૂન્યતામાં સમાપ્ત થતું નથી. બધું જ ખતમ થઈ ગયું એવું વિચારી નિરાશ વદને મસ્તક નમાવી, આંખમાં આંસુ લાવી બેઠેલા શિષ્યોને ઈસુ કહે છે : 'પુનરૂત્થાનની આશામાં તમારાં મસ્તક ઊંચા કરો. તમારી આંખો ઊંચે ઉઠાવો.'


બુરાઈ શક્તિઓની જીત ક્ષણિક હોય છે. કૈફાસ જેવા ક્રૂર માનવીનું આયુષ્ય પણ મર્યાદિત હતું. સત્યને હંમેશને માટે છુપાવી રાખવાથી અસત્ય સફળ થતું નથી. સત્ય છૂપાવવા તેના પર પડદો નાખવાનો જેટલો પણ પ્રયત્ન કરીએ, છેલ્લે તો સત્ય કબર ભેદીને બહાર આવે છે. અંતે દુનિયામાં ઈસુની જ જીત થશે. જીવનમાં યાતનાઓ ભોગવતાં ઈસુમાં શ્રદ્ધા રાખીએ, જેમણે અપાર યાતના અને વેદના ઉપર જીત મેળવી છે. પુનર્જીવન પામ્યા છે. નવજીવન પામેલ ઈસુએ આપણને દૃઢ આશા આપી છે, 'જે મારા ઉપર શ્રદ્ધા રાખે છે, તે મૃત્યુબાદ પુનરૂત્થાન પામશે.'

'જો તું તારા હોઠે એમ કબૂલ કરતો હોય કે ઈસુ પ્રભુ છે, અને તારા અંતરથી એમ માનતો હોય કે તેમને ઈશ્વરે મરેલામાંથી સજીવન કર્યા હતા તો તારો ઉદ્ધાર થશે.' (રોમ ૧૦:૯) વચન વાગોળીએ, નવું જીવન મેળવીએ.●

*લેખકશ્રી, વિમલ મિરિયમ, હાઈસ્કૂલ-ગામડી-આણંદના નિવૃત્ત શિક્ષક છે.*



# સિલેક્શન અને ઈલેક્શન



✍ અનિલ જે. રોઝા 'બેખબર'

ભારતીય ચૂંટણીપંચે તાજેતરમાં ૨૦૧૯ ની લોકસભાની ચૂંટણી યોજવાનું જાહેરનામુ બહાર પાડ્યું. તે સાથે જ દેશ આખામાં ચૂંટણીનો ગરમાવો શરૂ થઈ ગયો. હવે આગામી બે માસ દરમ્યાન લોકચર્ચામાં અને મીડિયામાં ચૂંટણી છવાઈ જશે.

'સિલેક્શન'(પસંદગી) અને 'ઈલેક્શન'(ચૂંટણી દ્વારા પસંદગી) વચ્ચે એક મોટી ભેદરેખા છે. આ ભેદરેખા નૈતિકતા અને ભૌતિકતાના બે કિનારા વચ્ચેથી પસાર થાય છે. બંનેના અર્થ ખરેખર સમજવા જરૂરી છે.

આપણા પવિત્રશાસ્ત્રમાં 'સિલેક્શન' થતું જોવા મળે છે. સૃષ્ટિના પ્રારંભથી પરમેશ્વર પસંદગી કરતા રહ્યા છે. આબ્રાહામથી લઈ મોશે અને છેક માતા મારિયા સુધીના તમામ પયગંબરો-સેવકો પસંદ કરાયેલા સેવકો અને પસંદ કરાયેલી પ્રજા ઉપર સતત પરમેશ્વરની કૃપા ઉતરતી જોવા મળે છે.

'પસંદગી' નૈતિકતા સાથે સંકળાયેલ છે. જ્યાં પસંદગી હોય ત્યાં ચડસાચડસી, તરફેણ કે વિરૂદ્ધ જવાનું વલણ હોઈ ન શકે. ના પસંદ કરાયેલાઓને, પસંદ કરાયેલ સામે કોઈ વેર, ઈર્ષા કે દ્વેષભાવ હોતો નથી. યાદ કરો, ઈસુ બાર શિષ્યોની પસંદગી કરે છે ત્યારે બાકીના શિષ્યો કોઈ બડબડાટ કરતા નથી.

અહીં એ બાબત નોંધાવી ઘટે; એક તો પસંદ કરનારનું વજૂદ. બીજું પસંદ થનારની યોગ્યતા. જ્યાં પસંદગી થાય ત્યાં પસંદ કરનાર અને પસંદગી પામનારે કોઈ કસોટીની એરણ પર ચડવાની જરૂર નથી.

'ચૂંટણી' ભૌતિકતા સાથે સંકળાયેલ છે. સાંસારિક દૃષ્ટિકોણથી બહુમત આધારિત પસંદગી થાય છે. 'વધુ મત મળે તેની પસંદગી' એ ચૂંટણીનું હાર્દ છે. પરિણામે પસંદ થવા ઈચ્છુકો વચ્ચે જાતજાતની તરકીબો, <u>નુમાઈસ</u> અને ક્યારેક પેંતરાબાજી થતી જોવા મળે છે. તેમાંથી જ ઉદ્ભવે છે રાજકારણ ! એમ કહી શકાય કે, ચૂંટણીની આડપેદાશ એટલે રાજકારણ. રાજ કરવાની અભિપ્સા અને જિજીવિષા ચૂંટણીની સમગ્ર પ્રક્રિયાને રાજરમતમાં ફેરવી નાંખે છે. ચૂંટણીમાં વિજેતા બનવાની હોડ શરૂ થાય છે. જે હરીફને યેન કેન રીતે 'પછાડવા'ની મનોવૃત્તિ તરફ દોરી જાય છે.

કદાચ એટલે જ એક વિચારકે ચૂંટણીને 'ફ્રી સ્ટાઈલ રેશલિંગ' સાથે સરખાવી છે. જ્યાં હરીફને પછાડ્યા વિના વિજેતા ન બની શકાય. જીત મેળવવા કરતાં બીજાને હરાવવાની મનોવૃત્તિ મોટેભાગે પાશવતાને નોતરે છે. જો કે આ વૈશ્વિક પ્રશ્ન છે. ભૌતિક પ્રશ્ન છે. સરેરાશ માનવી તેની સાથે અચૂકપણે જોડાયેલો છે. ક્યારેક તો ચૂંટણીનું મજબૂત ગણાતું પાસુ એવા 'મતદાર'નું અવમૂલ્યન થાય છે. મતદાર પાસે કહેવાતી તાકાત છે પરંતુ તેની અસર તદ્દન નહિવત્ હોય છે. અગાઉ નોંધ્યું તેમ પસંદગીમાં પસંદ કરનાર વજૂદ ધરાવે છે. જ્યારે, ચૂંટણીમાં પસંદ કરનારનું કદ તદ્દન વામણું હોય છે. એક ગાણિતિક ઉદાહરણ લઈએ : ધારો કે ૧૦૦ મતદાર છે. ૭૦ ટકા મતદાન થયું. તેમાંથી એક ઉમેદવારને ૬૦ ટકા અને બીજાને ૪૦ ટકા મત મળતા પ્રથમ ઉમેદવાર બહુમતીથી જીતી જાય છે. હવે ૧૦૦ મતદાનમાંથી ૭૦ મતદારે મત આપ્યા. જેમાંથી પ્રથમને ૪૨(૬૦ ટકા) બીજાને ૨૮ (૪૦ ટકા) મત મળતા હોય તો કુલ ૧૦૦-૪૨ લેખે ૫૮ મત વિજેતા ઉમેદવારને મળતા ન હોવા છતાં જીતનારને બહુમતી મળી ગણાય... અહો આશ્ચર્યમ્ !

ખેર ! ભારતીય લોકશાહી તંત્ર વિશ્વમાં સૌથી મોટી લોકશાહી ધરાવતો દેશ છે. ભારતીય બંધારણ સૌથી શ્રેષ્ઠ ગણાય છે. ચાલુ વર્ષની ચૂંટણી પ્રક્રિયામાં અંદાજે ૫૦,૦૦૦ કરોડ રૂા. ખર્ચ થવાનો છે. (પક્ષો દ્વારા થતો ખર્ચ અલગ) ત્યારે આવી વિશાળ, જટિલ છતાં મહત્ત્વની ઈલેક્શન પ્રક્રિયામાં એક ઈસુપંથી હોવા ઉપરાંત ભારતીય તરીકે આપણી જવાબદારી શી ?

- નાત-જાત-ધર્મની વાડાબંધીથી દૂર રહીએ.
- એક સાચા ભારતીય તરીકે ચૂંટણી સ્વીકારીએ.
- ચૂંટણીની સમગ્ર પ્રક્રિયામાં નિષ્પક્ષ રહીએ.
- ટૂંકાગાળાની લલચામણી 'દરખાસ્તો'થી દૂર રહીએ.
- કોઈ પણ પક્ષની તરફેણમાં કે વિરૂદ્ધમાં મંતવ્ય ન આપીએ.
- ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન આંખ-કાન ખુલ્લાં, મ્હોં બંધ રાખીએ.
- મતદાનની પવિત્ર ફરજ અદા કરીએ.
- ચૂંટણીમાં સોંપાતી કામગીરી નિષ્ઠાપૂર્વક અદા કરીએ.
- ધર્મ નહિ કર્મને પ્રાધાન્ય આપતો ઉમેદવાર પસંદ કરીએ.
- વાણી-વર્તન પર કાબૂ રાખીએ.
- દેશને વફાદાર રહીએ તથા પ્રાર્થના કરીએ કે

'પરમેશ્વર આપણા દેશના વિકાસ માટે સબળ નેતૃત્વ પૂરું પાડે.'

'પ્રેમ, ક્ષમા અને પ્રાર્થના આપણાં હથિયાર છે.'

રાજકારણ જરાય ચોખ્ખું નથી. તેમ છતાં તેના સિવાય કોઈ વિકલ્પ પણ નથી. સત્તાનું સ્વપ્ન ભલભલાને ચલાયમાન કરી દેતું હોય છે. માટે જ રોજિંદી પ્રાર્થનામાં 'દેશનું ભલું થાય' તે વિનંતી સતત ઈશ ચરણે ધરીએ, 'સ્વતંત્ર ભારતના સ્વતંત્ર નાગરિક' તરીકે આપણું તેમજ આપણા રાજનેતાઓનું કર્તવ્ય શું હોવું જોઈએ તે માટે સર્વશક્તિમાન પરમેશ્વર સૌને સદ્બુદ્ધિ અને કૃપા બક્ષે એ જ અભ્યર્થના.●

*શ્રી અનિલ રોઝા 'બેખબર' કાવ્ય, લેખન તથા લઘુકથાઓ (રણકાર) થકી સાહિત્ય ક્ષેત્રે યોગદાન આપતા રહ્યા છે. કૅથોલિક સમાચારના તંત્રી છે. તથા વ્યવસાયે શિક્ષક છે. (વિમલ મિરિયમ હાઈ.ગામડી)*



# પૃથ્વી પાડે પોકાર

✍ સુશીલા રાઠોડ, ગાંધીનગર



૨૨ એપ્રિલ એટલે વિશ્વ પૃથ્વી દિવસ...International Mother Earth day...આપણા બધાના જીવનનો એક અત્યંત અગત્યનો દિવસ.આપણા જીવંત ગ્રહ પૃથ્વીના પર્યાવરણને રક્ષણ પૂરું પ ડવા તથા તેના પર્યાવરણ પ્રત્યે લોકોને જાગૃત કરવા માટે તેમ જ પૃથ્વી પ્રત્યે ઋણાનુભાવ પ્રદર્શિત કરવા આ દિવસની ઉજવણી અત્યંત જરૂરી છે. આમ તો માતા, માતૃભાષા અને ધરતીમાતાનું ઋણ કદી ચૂકવી શકાય નહિ. પૃથ્વી દિવસની પહેલી ઉજવણી સને ૧૯૭૦ માં થઇ હતી જેથી આ વર્ષની ઉજવણી આપોઆપ જ ખૂબ મહત્ત્વની બની જાય છે, કારણ હવે આપણે એની ઉજવણીના સુવર્ણ જયંતી વર્ષમાં પ્રવેશ કરીશું. છેલ્લા ૫૦ વર્ષમાં માનવીય પ્રવૃત્તિઓથી પૃથ્વી પરના પર્યાવરણનું લગભગ નિકંદન નીકળી ગયું છે, પૃથ્વી નિસ્તેજ અને મૃતઃપ્રાય બનતી જાય છે ત્યારે આ દિવસની ઉજવણી અને એના વિશે જાણકારી અત્યંત મહત્ત્વની બની જાય છે. આ વર્ષનો વિષય છે : 'Protect our Species'

અર્થાત્ 'આપણી બાકી રહેલી પ્રજાતિઓનું રક્ષણ કરીએ.'

**પૃથ્વી પરિચય :** પૃથ્વી જેના માટે સૌને આપોઆપ જ પૂજ્યભાવ ઉદ્‌ભવે છે કારણ વિશ્વના બધા જ દેશોમાં એને માતાનું બિરુદ મળેલું છે. ધરા, ધરતી, અવની, જગત-જનની, પૃથ્વી, Mother earth, mother nature વગેરે નામોથી તેને સંબોધવામાં આવે છે.

પૃથ્વી, એ સૌરમંડળનો ત્રીજો આંતરિક ગ્રહ છે. તેને સૂર્યની ફરતે ભ્રમણ કરતા લગભગ ૩૬૫ દિવસ લાગે છે જેને લીધે ઋતુ પરિવર્તન થાય છે. પૃથ્વી પોતાની ધરી પર ૨૩.૫ અંશ જેટલી નમેલી રહે છે. તે પોતાની ધરી પર પણ ફરે છે, એ માટે તેને લગભગ ૨૪ કલાક લાગે છે જેને લીધે રાત-દિવસનો અનુભવ કરી શકાય છે. પૃથ્વીનો ઉપગ્રહ જેને ચંદ્ર તરીકે ઓળખવામાં આવે છે. આ ચંદ્ર, પૃથ્વીનું પરિભ્રમણ લગભગ ૩૦ દિવસમાં પૂરું કરે છે જેથી શુક્લ પક્ષ(પૂર્ણિમા) અને કૃષ્ણ પક્ષ (અમાવસ્યા) અનુભવાય છે.

પૃથ્વીનો અભ્યાસ કરનારને ભૂસ્તરશાસ્ત્રી કે geologist કહેવાય છે. પૃથ્વીના ગોળા પર આડી અને ઊભી કાલ્પનિક રેખાઓ દોરેલી છે જેને અક્ષાંશ- રેખાંશ તરીકે ઓળખવામાં આવે છે જેની મદદથી કોઈ પણ સ્થળનું પૃથ્વી પરનું ચોક્કસ સ્થાન જાણી શકાય છે. મધ્યમાંથી મોટામાં મોટું અક્ષાંશ(૦) વિષુવવૃત્ત પસાર થાય છે.અહી સૂર્યનાં સીધાં કિરણોને લીધે અતિ ગરમી અને વર્ષા વર્તાય છે. જેનાથી સમાન અંતરે ઉત્તરમાં કર્ક અને દક્ષિણમાં મકરવૃત્ત પસાર થાય છે, અહી વાતાવરણ સમ-શીતોષ્ણ પ્રકારનું છે. માફકસર ગરમી અને ઠંડી. રેખાંશમાં ગ્રિનીચને (૦) ગણવામાં આવે છે જેનાથી આખી દુનિયાનો સમય નક્કી થાય છે. છેક ગોળાર્ધની ઉપર ઉત્તર ગોળાર્ધ અને નીચે દક્ષિણ ગોળાર્ધ નામના ધ્રુવ પ્રદેશો છે જે બરફાચ્છાદિત અને અતિ ઠંડાગાર હોવાથી નિર્જન છે. અહી સૂર્યનાં કિરણો પહોચી ન શકતાં હોવાથી ૬ મહિના રાત અને ૬ મહિના દિવસ રહે છે.ઉત્તરમાં આર્કટીક મહાસાગર છે અને દક્ષિણમાં એન્ટા'કેટિક ખંડ છે જે સમગ્ર પૃથ્વીની લગભગ ૧૦% જમીન રોકે છે.( -૯૦ ) ડિગ્રીસેન્ટીગ્રેડ જેટલું ઠંડુ હોવાથી વૈજ્ઞાનિકો સિવાય બીજી કોઈ વસ્તી નથી. છતાં પણ અહી સીલ, પેન્ગ્વીન વગેરે જીવ સૃષ્ટિ પાંગરેલી છે.

પૃથ્વીના પેટાળમાં ઘણી પ્રક્રિયાઓ નિરંતર ચાલતી જ રહે છે. અતિશય ગરમી ક્યારેક જ્વાળામુખી સ્વરૂપે બહાર આવે છે તો વળી કોઈવાર ભૂકંપ થાય. હવાનું દબાણ વધ-ઘટ પામે તો વાવાઝોડું, ચક્રવાત કે ત્સુનામી આવે. આ બધી ઘટનાઓ પૃથ્વીને તણાવમુક્ત થવામાં, હળવી થવામાં મદદ કરે છે.

**બાઈબલ અને પૃથ્વીઃ** બાઈબલનું પ્રથમ વાક્ય, 'આદિ દેવે આકાશ તથા પૃથ્વી બનાવ્યાં.' પૃથ્વી તો બનાવી પણ સાથે સાથે જીવનપયોગી બધા જ કુદરતી તત્વોનું પણ સર્જન ક્રમબધ્ધ રીતે કર્યું. આપણી આસપાસ જે પણ કુદરત પથરાયેલી છે એ આપણને કુદરત તરફથી મળેલી અણમોલ ભેટ છે. બાઈબલના ઉત્પત્તિ નિર્માણ મુજબ પૃ થ્વી, નદી, પર્વતો, પશુ, પક્ષી અને બીજું ઘણું બધું છે જે આપણા માટે સર્જાયું છે. એદન વાડી પૃથ્વી પરનું સ્વર્ગ જ હતું, કહીએ તો પણ કશું ખોટું નથી. એ સ્વર્ગ આપણી જ ભૂલને લીધે પરમેશ્વરે છીનવી લીધું હતું એ પણ આજના દિવસે યાદ કરીએ.

બાઈબલની દૃષ્ટિએ, માનવ પ્રકૃતિનું શ્રેષ્ઠ સર્જન છે. પરમેશ્વરે, તમામ જીવોના જતન માટે તેનું સર્જન કર્યુ હતું, એટલે કે પૃથ્વી પરની સમગ્ર સૃષ્ટિને રક્ષણ પૂરું પાડવાની જવાબદારી અંતે તો ફક્ત અને ફક્ત માણસની છે. પરંતુ માણસે પૃથ્વી અને પ્રકૃત્તિને જેટલું નુકસાન પહોચાડ્યું છે એટલું નુકસાન બીજા કોઈ જીવે નહિ પહોચાડ્યું હોય. આજે આ શ્રેષ્ઠ સર્જનની જ મતિ મારી ગઈ છે. માણસ જ પોતાની માણસાઈ ભૂલી રહ્યો છે ત્યારે ફરીથી એકવાર પરમેશ્વરનો અને સાથેસાથે પ્રકૃતિનો કોપ સહન કરવો જ રહ્યો. એમાંથી ભગવાન પણ બચાવી શકે નહિ.

**વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી શા માટે ? :** પૃથ્વી પર ૭૪ ટકા જેટલું પાણી હોવાથી તે Blue Planet એટલે કે ભૂરા ગ્રહ તરીકે પણ ઓળખાય છે. આ પાણી જ તો સમગ્ર જીવ સૃષ્ટિનો આધાર છે. પૃથ્વી એક અનોખો ગ્રહ છે કારણ ફક્ત અને ફક્ત અહીં જ જીવન ધબકે છે. આપણા પ્રાણ માટે જરૂરી પ્રાણવાયુ પણ ફક્ત અહી જ ઉપલબ્ધ છે. આપણે એ સમજવાની જરૂર છે કે, પૃથ્વી એ આપણા સૌનું સહિયારું ઘર છે. એની કાળજી રાખવી એ તમામ ગ્રહવાસીઓની પહેલી જવાબદારી છે. માણસે બીજા બધા ગ્રહો પર ફાંફાં મારી જોયાં છે પણ ક્યાંય સફળતા મળી નથી. કારણ રહેવા માટે પરમેશ્વરે ફક્ત પૃથ્વી સર્જી છે. તો

મનુષ્યનું સફળ થવું લગભગ અશક્ય છે. પૃથ્વી પર વ્યાપ્ત હવા, પાણી અને હરિયાળી સાથે છેડછાડ કરવામાં આવે કે પ્રદુષિત કરવામાં કે પછી વૃક્ષોની આડેધડ કત્લેઆમ કરવામાં આવે તો સમગ્ર સૃષ્ટિમાં અસંતુલન પેદા થાય, જે છેલ્લે સમગ્ર સૃષ્ટિના ધ્વંશ તરફ દોરી જાય...કારણ શુધ્ધ હવા, પાણી કે ખોરાક વિના તંદુરસ્ત જીવન સંભવી શકે નહિ. પૃથ્વીની હાલની જે દશા છે તેમાં સુધારો કરવા આપણા પ્રયત્નો ખૂબ અગત્યના છે. સને ૧૯૭૦થી પૃથ્વી દિવસ ઉજવાય છે. બીજા પર્યાવરણને લગતાં બધા જ દિવસોનો ઉદય આ જ અરસામાં થયો. એનો અર્થ તો એવો થયો કે ૫૦ વર્ષ પહેલાં જ લોકો પર્યાવરણ બાબતે ચેતી ગયા હતા, જાગી ગયા હતા. આજે તો પર્યાવરણ બચાવવાની જરૂરિયાત ૫૦ ગણી વધી ગઈ છે કહીએ તો પણ કશું ખોટું નથી.

થોડું પ્રકૃતિ ધ્વંશનું આંકડાશાસ્ત્ર પણ જોઈ લઈએ. સને ૧૯૭૦ પછી આપણે લગભગ ૭૫% કિટકો, ૪૦% પક્ષીઓ, ૩૮% વન્ય પ્રાણીઓ, ૭૫% જળસૃષ્ટિ અને ૪૦% સ્થળચર પ્રાણીઓનો ખાત્મો બોલાવી દીધો છે. આજે પણ ઘણાં જીવો, જીવન ટકાવી રાખવા સંઘર્ષ વેઠી રહ્યા છે તો કોઈ લુપ્તતાના આરે ઊભા છે. આજે વ્હેલ, કોરલ( પરવાળા) વગેરેને માણસજાતથી ખતરો છે. લગભગ ૨૫% જેટલી દરિયાઈ સૃષ્ટિ કોરલને સહારે જીવે છે. અત્યાર સુધીમાં પોણા ભાગની કોરલ સૃષ્ટિનો નાશ આપણે કરી નાખ્યો છે. કોરલનો નાશ એટલે મોટાભાગની જળસૃષ્ટિની સામુહિક આત્મહત્યા જ !!! જો પ્રકૃતિનું નિકંદન આજ દરે વણથંભ્યું ચાલુ જ રહે તો ડાયનાસોરની જેમ ઘણી બધી પ્રજાતિઓ લુપ્ત થઇ જાય... ઈતિહાસ કે અવશેષ બની જાય !!!

જંગલોમાં દવ લાગે છે ત્યારે green કવર ( હરિયાળી ) ઘટે છે ... કાર્બન ડાયોક્સાઈડ અને મોનોક્સાઈડનો ઉમેરો થાય છે જે ગ્રીન હાઉસ ગેસ હોવાથી ગ્લોબલ વૉર્મિંગમાં વધારો કરે છે. પૃથ્વી પર તાપમાન વધે છે જેને લીધે બરફ પીગળે છે જેથી સમુદ્રની સપાટી વધી રહી છે. જે કિનારાનું ધોવાણ અને નાશ બંને કરી રહ્યાં છે અને ત્સુનામીનો ખતરો પણ વધારી રહ્યા છે.

કુદરતી સંપતિનો દુરુપયોગ... ઔદ્યોગિક કચરાનું ઝેર ઠાલવીને, નદીઓને ગટરમાં પરિવર્તીત કરી, નદીને અકાળે મોત આપ્યું છે. જળ, જમીન, હવા, ખોરાક વગેરેનું પ્રદુષણ, ઓઝોનમાં ગાબડું, વિકાસના નામે જંગલોનો આડેધડ વિનાશ, વીજળી બચાવવામાં રસ નથી, વાહનો વાપરવા પર કોઈ નિયંત્રણ નથી, જંતુનાશકોના ઉત્પાદન અને ઉપયોગ પર કોઈ રોકટોક નથી, ગ્લોબલ વૉર્મિંગ, કલાયમેટ ચેન્જ વગેરે જેવી મહાદશાઓ આ દુનિયા પર લાવનાર બીજું કોઈ નહિ માણસ ખુદ જ છે. આપણું જીવન ૮૦ % જેટલાં કુદરતી તત્વો પર નિર્ભર છે. એને ન બચાવવાથી કે એનું પ્રમાણ ઘટી જવાથી ૫૦-૬૦ % જેટલું અનાજ મોંઘુ બનશે !!! ગંદા પાણીથી પણ જીવ ગુમાવવો પડશે !!! વૃક્ષો એ એકમાત્ર ઓક્સિજનનું કારખાનું છે...ગ્રીન કવર ઘટે તો indoro – outdoro(આંતર-બાહ્ય) હવા પ્રદુષણથી અકાળે મૃત્યુના આંકડા વધશે. premature કે જન્મ પહેલાં જ મૃત્યુનું પ્રમાણ વધશે !!!

**વિશ્વ પૃથ્વી દિવસ કેવી રીતે ઉજવી શકાય ? :** આ દિવસ નાના-નાના પગલાં ભરીને કે આપણી કુટેવોને સુધારવાથી પણ ઉજવી શકાય. હવા અને પાણી પ્રદુષિત થતા રોકવા એ આપણી દરેકની જવાબદારી છે. એનો વિવેકપૂર્ણ ઉપયોગ કરીએ એ આજની માંગ છે.

o યોગ્ય જગ્યાએ વૃક્ષારોપણ કરી તેનું જતન કરીને, ગ્રીન કવર વધારીને. o 'Protect our Species' એ આ વર્ષનો વિષય છે ત્યારે આપણી નજીકની લુપ્તતાને આરે ઉભેલી પ્રજાતિ ચકલીને દાણા, પાણી, માળા અને આપણા ઘરના કોઈ ખૂણામાં એને આશ્રય આપી બચાવવાનો પ્રયાસ કરીએ. દરેક જીવનું એક અનોખું મહત્ત્વ છે એ સમજીએ અને બીજાને પણ સમજાવીએ. આજે મધમાખી, પરવાળા(croal), વ્હેલ, ઘોરાડ, વાઘ, હાથી જેવાં જીવોના રહેઠાણને માણસથી ખતરો છે. 'જીવીએ અને જીવવા દઈએ' o પ્લાસ્ટીકનો ઉપયોગ ટાળીએ, જેથી જમીન અને પાણીનું પ્રદુષણ ઘટાડી શકાય અને તે થકી જળ સૃષ્ટિ બચાવી શકાય. o પૃથ્વી બચાવવા માટે ત્રણ ખુબ મહત્ત્વનાં છે. રીસાયકલ... રિયુસ ... અને રીડ્યુસ o સૌર ઊર્જાનો મહત્તમ ઉપયોગ કરીએ. o અમેરિકાએ DDT જેવા જંતુનાશકનો ઉપયોગ બંધ કરી, લુપ્તતાને આરે ઊભેલી ગરુડની એક પ્રજાતિ બચાવીને ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આજે આપણા લુપ્તતાના આરે ઊભેલાં ગીધ, ઘોરાડ અને બીજા અનેક જીવો માટે આવી તરફદારી શક્ય બનશે ખરી ??? o ચિત્ર, સ્લોગન ,નિબંધ વગેરે સ્પર્ધાનું આયોજન કરીને લોક જાગૃતિ ફેલાવી શકાય.

કુદરતમાં ક્યારેય એકલું અસ્તિત્વ શક્ય હોઈ શકે નહિ. મધમાખી મધ એકઠું કરે છે પણ ક્યારેય કોઈ ફૂલને ડંખ મારી ઘાયલ કર્યું હોય કે તેનું ખૂન કર્યું હોય એવું નોંધાયું નથી.આને કહેવાય સહજીવન. આપણે એકબીજાના પૂરક બનવાનું છે. આખરે ધરતી આપણી માતા છે અને આપણે સૌ એનાં સંતાન. ધરતીમાતાનું ઋણ અદા કરવું હશે તો આપણે બીજાના અસ્તિત્વને માન આપવું જ પડશે. જૈવિક વિવિધતા હશે તો જ જીવન ધબકતું રહેશે. આપણે જીવન અને મૃત્યુ બંને પૃથ્વી પર જ પૂર્ણ કરીએ છીએ. બાઈબલ પ્રમાણે, 'તું ધૂળમાંથી લેવાયો છે, તું ધૂળ છે અને ધૂળમાં મળી જશે.' જો આપણા જીવનનું તથ્ય આ જ હોય તો ફક્ત એક જ દિવસ નહિ પણ બધા જ દિવસોને પૃથ્વી દિવસ તરીકે ઉજવવા જોઈએ એવું નથી લાગતું ? ટીપે ટીપે સરોવર ભરાય એમ આપણા નાના નાના પ્રયત્નો થકી આપણે એક દિવસ ફરીથી આ જ ધરા પર સ્વર્ગનું નિર્માણ કરી શકીશું.

આપણો પ્રમાણિક પ્રયત્ન એકવાર ફરીથી હવા, પાણી અને ખોરાકને પ્રદુષણ મુક્ત કરશે જ. ભૂતકાળમાં પૃથ્વી પરનું સ્વર્ગ આપણા દુષ્કૃત્યોને લીધે ગુમાવી દીધું હતું. આજે એ જ સ્વર્ગ સ્થાપવા જરૂર છે હરિયાળા સદ્કૃત્યોની, જરૂર છે લીલાછમ વિચારોની અને કર્તવ્યની. ચાલો... એકવાર ફરીથી વૃક્ષો થકી આ અવનીને લીલી ચૂંદડીનો શણગાર કરીએ અને પર્યાવરણની બધી સમસ્યાઓને દૂર કરીએ. એકવાર ફરીથી શાંતિમય જીવન અહીં જ વ્યતિત કરી શકાય એવી પૃથ્વીનું સર્જન કરીએ. પૃથ્વીનો પોકાર પણ ક્યારેક સંભાળીએ અને એના કોપમાંથી બચીએ. જો આજે અર્થ ડે પૂરી ગંભીરતાથી નહિ ઉજવાય તો ઘણો અનર્થ સર્જાય શકે છે એ પણ યાદ રાખીએ. 'દૂત'ના તમામ વાચકોને 'વિશ્વ પૃથ્વી દિવસ'ની લીલીછમ શુભેચ્છાઓ.●

e.mail :sushila.rathod2@gmail.com

# બાર પ્રેષિતો

✍ તંત્રીશ્રી

ઈસુના બાર પ્રેષિતો, ધર્મસભાના પાયાના પથ્થર હતા, જેમાંના કેટલાકે તો બાઈબલના કેટલાક ભાગનું લેખન કર્યું છે. દર્શનના ગ્રંથ(૨૧:૧૪)માં કહ્યું છે : 'નગરીના કોટને બાર પાયા હતા અને તેના પર ઘેટાના બાર પ્રેષિતોનાં નામ હતાં.' અર્થાત્ નવી યરુશાલેમની દીવાલો પર આ બાર પ્રેષિતોનાં નામ કોતરાયેલાં હશે, એટલે આ વાત સ્પષ્ટ છે કે આ બાર પ્રેષિતોને પરમેશ્વર, રાજદૂતો જેવું મોટું સન્માન આપે છે. ઈસુના પ્રથમ સૈકાના આ બાહોશ શિષ્યોના જીવન વિશે, ઈસુના જમાનામાં શિષ્ય બનવું એટલે શું ? વગેરેનો તલસ્પર્શી અભ્યાસ કરીએ તો, ૨૧મી સદીમાં ઈસુના અનુયાયી તરીકે શિષ્યત્વનો કેવો મહાન આધ્યાત્મિક વારસો આપણને મળ્યો છે, તે જાણી આશ્ચર્ય થયા વિના રહેશે નહીં !

કેથોલિક પંચાગ-૨૦૧૯ નાં પાન ૫૨ ઈસુના બાર શિષ્યોનાં ચિત્ર પ્રકાશિત કરવામાં આવ્યાં છે ત્યારે, નવા કરારમાં દર્શાવ્યા પ્રમાણે, આદરપૂર્ણ પૌરાણિક પરંપરાઓ પ્રમાણે તેમના જીવનની ઝાંખી રજૂ કરવાનો અત્રે નમ્ર પ્રયાસ છે. આ કથા તેમજ પૌરાણિક પરંપરાઓ એ કાયદેસર ઐતિહાસિક સત્ય છે, એ અમારું અનુમાન છે, એમ કહેવાનો અમારો આશય નથી. 'જેણે જગતમાં સમૂળગું પરિવર્તન આણ્યું.' તેમના જીવનના અભ્યાસમાં કંઈક તો તથ્ય છે,' તેવું અમે જરૂર માનીએ છીએ.

'બાર પ્રેષિતોની પસંદગી'(લૂક ૬:૧૨-૧૩)માં જાણવા મળે છે : 'તે અરસામાં ઈસુ પ્રાર્થના કરવા માટે ડુંગર પર ચાલ્યા ગયા અને આખી રાત ઈશ્વરની પ્રાર્થનામાં ગાળી. સવાર થતાં તેમણે પોતાના શિષ્યોને પાસે બોલાવ્યા અને તેઓમાંથી બારને પસંદ કરી 'પ્રેષિતો' એવું નામ પાડ્યું.' આ બાર જણાએ ઈસુની હાકલને પ્રતિસાદ આપ્યો. તેઓ અભણ, સામાન્ય વર્ગના, સાદા સીધા ભોળા યહુદીઓ હતા. જેઓએ ઈસુ પર શ્રદ્ધા રાખી, સર્વસ્વનો ત્યાગ કરી, ઈસુના શિષ્ય બન્યા. ત્રણેક વર્ષના સત્સંગથી તેઓ આગેવાન તરીકે પાક્યા. ઈસુએ આરંભેલું કાર્ય, આ આગેવાનો - શિષ્યગણ છેવટે આગળ ધપાવશે તેવી ઈસુની યોજના હતી. ઈસુએ તેમના પર પસંદગીની મહોર પણ મારી હતી : 'તમે મને પસંદ નથી કર્યો, પણ મેં તમને પસંદ કર્યા છે.' આ બાર પ્રેષિતો અને યહૂદાની જગ્યા લેનાર પ્રેષિત મથ્થિયાનો પરિચય આ પ્રમાણે છે.

**૧. પીતર :** સિમોન પીતર, યોનાનો પુત્ર, માછીમાર જે બેથસૈદા અને કફરનહૂમમાં રહેતો હતો. છેક બાબિલ સુધી તેણે યહુદીઓ મધ્યે ઈસુના શિક્ષણનો ઉપદેશ આપી, પ્રૈષિતિક કાર્ય કર્યું હતું. તે ઈસુનો અંતેવાસી હતો અને નવા કરારમાં બે પત્રના લેખક તરીકે તેનું નામ જાણીતું છે. પીતરને રોમમાં ઊંધા મસ્તકે ક્રૂસે ચડાવવામાં આવ્યો હતો, એમ પરંપરાગત જાણવા મળે છે.

ચારેય શુભસંદેશકારે આપેલ શિષ્યોની નામાવલિમાં પીતરનું નામ પહેલું છે, જોકે પીતરનાં અન્ય નામ પણ હતાં. ખ્રિસ્તના જમાનામાં ગ્રીક ભાષા સામાન્ય હતી, એટલે તેનું ગ્રીક નામ સિમોન હતું.(માર્ક ૧:૧૬, યોહાન ૧:૪૦, ૪૧). તેનું હિબ્રૂ નામ કેફા(૧ કરિંથ ૧:૧૨, ૩:૨૨, ૯:૫ અને ગલાતિયા ૨:૯) હતું. ગ્રીક નામ સિમોનનો અર્થ ખડક થાય છે અને કેફાનો અરબી અર્થ પણ ખડક થાય છે.

વ્યવસાયે પીતર માછીમાર હતો. તે પરિણીત હતો(૧ કરિંથ ૯:૫) અને તેની સાસરી કફનહૂમમાં હતું. ઈસુએ જ્યારે કફનહૂમની મુલાકાત કરી હતી ત્યારે તેને મુખ્યાલય બનાવ્યું હતું. અન્ય શિષ્યની જેમ પીતર પણ ગાલીલનો હતો. ઈતિહાસકાર યોસેફેસ ગાલીલના લોકોનું આ રીતે વર્ણન કરે છે : 'નવું આવકારવાના તેઓ શોખીન હતા અને સ્વભાગત પરિવર્તન માટે પણ તત્પર રહેતા હતા. તેઓ ખુશમિજાજી હતા તેમજ બંડ પોકારવામાં પણ આગળ પડતા હતા. આગેવાનની પાછળ ડગ માંડવા ઉત્સુક રહેતા, એટલે સુધી કે બળવો કરવામાં પણ નેતાને સાથ આપતા. તેઓ ગુસ્સો કરવામાં ઉતાવળા અને ઝઘડાળુ સ્વભાવના હતા પણ એવા જ પરાક્રમી પણ હતા.' તાલમુદના કહેવા પ્રમાણે 'ગાલીલના લોકો કંઈપણ ગુમાવીને પણ માન મરતબો મેળવવા માટે વધારે આતુર રહેતા હતા. તેઓ શીઘ્ર ક્રોધાવેશમાં આવનારા મનમોજી, લાગણીજન્ય અને સાહસ કરવાની અપીલનો ત્વરિત પ્રતિસાદ આપનારા તથા છેવટ સુધી વફાદાર રહેનારા હતા.'

પણ, એક વિશેષ ગાલીલી હતો. બાર પ્રેષિતોમાં પીતર આગેવાન હતો. બાર શિષ્યના પ્રવક્તા તરીકે તેની છાપ ઊભી થઈ છે. 'ઈશ્વર તે જાણ્યો આચાર'માં, 'અમને પેલી અવળવાણીનો અર્થ સમજાવો.' (માથ્થી ૧૫:૧૫) એમ પૂછવાની સાહજિક હિંમત પીતર જ કરે છે. 'પોતે કોણ છે ?' એવો પ્રશ્ન ઈસુએ શિષ્યગણને કર્યો હતો ત્યારે કેવળ પીતર જ સાચો પ્રત્યુતર વાળે છે. 'આપ તો ખ્રિસ્ત છો, ચેતન સ્વરૂપ ઈશ્વરના પુત્ર.'(માથ્થી ૧૬:૧૬) 'પ્રભુ મારો ભાઈ, મારો અપરાધ કરે, તો મારે કેટલીવાર ક્ષમા કરવી ! સાત વાર ?' (માથ્થી ૧૮:૨૧) એવો પ્રશ્ન ઈસુને કરવાની હિંમત પણ પીતર જ કરે છે ! 'જુઓ, અમે સર્વસ્વનો ત્યાગ કરીને આપની પાછળ આવ્યા છીએ.' (માર્ક ૧૦:૨૮) તો અમને શો બદલો મળશે ! એવો સીધો પ્રશ્ન કરનાર પણ પીતર જ હતો. ઈસુના 'દિવ્યરૂપ દર્શન'ના સાક્ષી બનવા માટે યાકોબ અને યોહાન સાથે પીતર પણ ત્યાં હાજર હતો. (માથ્થી ૧૭:૧-૮)

યાઈરની દીકરીને ઈસુએ જીવનદાન આપ્યું હતું તે પળે પણ પીતર પ્રભુ સાથે હતો(માથ્થી ૧:૧૯-૧૯) અને તેમ છતાંયે નોકરડી આગળ 'બાઈ, હું તો એને ઓળખતો સુદ્ધાં નથી.' (લૂક ૨૨:૫૭) એવો ઈન્કાર પીતરે જ કર્યો હતો ! પીતર એક પ્રેષિત હતો, જેણે પોતાના માલિક ખાતર પોતાના પ્રાણની આહુતિ આપી હતી ! એ સાચું છે કે પીતરની ઘણી મર્યાદાઓ હતી છતાં પ્રભુના પ્રેમાળ હૃદયમાંથી તેના બચાવની સરવાણી વહી હતી. કંઈ વાંધો નહિ, પીતરનું પતન અને પરાજય ઘણીવાર થયા હોવા છતાં તેણે પોતાની હિંમત અને પવિત્રતા પુનઃ પ્રાપ્ત કર્યા હતાં.


૧.


૨.


૩.


૪.


૫.


૬.

પીતર ક્રૂસ પર શહીદ થયો હતો. પોતાના ગુરુની જેમ ઉપર તરફ માથું રાખીને ક્રૂસે જડવા પોતે લાયક નથી એટલે ઊંધે માથે ક્રૂસે લટકાવા વિનંતી કરી હતી. ઉપરની બાજુ નીચે તરફ વાળા ક્રૂસ સાથે એકબીજા પર ચાવી, એ પીતરનું પ્રૈષિતિક પ્રતીક છે.

**૨. આંદ્રિયા :** આંદ્રિયા, સિમોનનો ભાઈ અને યોનાનો પુત્ર હતો. તે બેથસૈદા અને કફરનહૂમમાં રહેતો હતો. ઈસુએ તેને હાકલ કરી તે પહેલાં તે માછીમાર હતો. મૂળમાં તે સ્નાનસંસ્કારક યોહાનનો શિષ્ય (માર્ક ૧ : ૧૬-૧૮) હતો. આંદ્રિયા, તેના ભાઈ સિમોનને ઈસુ પાસે લઈ આવ્યો(યોહાન : ૧:૪૦) હતો. દેશ પરદેશના મિશનરી તરીકેનું બિરુદ મેળવનાર તે સર્વપ્રથમ હતો. રશિયા, સ્કોટલેન્ડ અને ગ્રીસ - ત્રણ દેશના રક્ષકસંત તરીકે તેની ગણના થાય છે. ઘણા અભ્યાસીઓ માને છે કે તેણે સીરિયા, ગ્રીસ અને એશિયા માઈનોરમાં શુભસંદેશની ઘોષણા કરી હતી.

આંદ્રિયાએ ઘણાનો પરિચય ઈસુને કરાવ્યો હતો. તેમ છતાંયે સંજોગોએ તેને એવાં માનમરતબો આપ્યાં કે જેથી તે અન્યના દ્વેષ અને રોષનો ભોગ બન્યો હતો. તે આશાવાદી હતો અને શુભસંદેશની જાણકારીમાં બીજા સ્થાને હતો. તમામને માલિક પાસે લાવવા એક માત્ર તેના જીવનનો મુખ્ય ઉદ્દેશ હતો.

ગ્રીસના અખાયાના પતરા નગરમાં આંદ્રિયાએ શહાદત વહોરી હતી એવી માન્યતા પ્રચલિત છે. જ્યારે ગવર્નર આઈપાસનાં પત્નીને સાજાપણું મળ્યું અને તેમણે ખ્રિસ્તી શ્રદ્ધાનો સ્વીકાર કર્યો, વળી થોડા સમય પછી ગવર્નરનો ભાઈ પણ ખ્રિસ્તી બન્યો ત્યારે આઈપાસ ક્રોધે ભરાયો. તેણે આંદ્રિયાની ધરપકડ કરી અને ક્રૂસ પરના મૃત્યુ માટે દોષિત કરાવ્યો. પોતાના માલિક જેવા જ ક્રૂસના આકારમાં પોતાને જડી દેવા માટે અયોગ્ય ગણતાં આંદ્રિયાએ પોતાને જુદા જ ક્રૂસ પર જડી દેવા માટે વિનંતી કરી, એટલે તેને એક્સ (X) આકારના ક્રૂસ પર જડવામાં આવ્યો, જે આજે પણ સંત આંદ્રિયાના ક્રૂસ તરીકે જાણીતો છે અને તેને પ્રેષિતોના પ્રતીક તરીકે ઓળખવામાં આવે છે. બે માછલીથી રચિત ક્રૂસને પણ સંત આંદ્રિયાના ક્રૂસ તરીકે ઓળખવામાં આવે છે કારણ અગાઉ તે માછીમાર હતો.

**૩. યાકોબ(નાના) :** આલ્ફેયુસ અથવા ક્લિયોપાસ તથા મરિયમનો દીકરો, પ્રેષિત યોહાનનો ભાઈ યાકોબ ગાલીલનો નિવાસી હતો. એક માન્યતા પ્રમાણે તેણે પત્ર લખ્યા હતા. પાલેસ્તાઈન અને ઈજિપ્તમાં શુભસંદેશ ફેલાવ્યો હતો જોકે યાકોબ, ઓછો જાણીતો પ્રેષિત હતો. યાકોબ, ગુસ્સાવાળો અને મજબૂત મનનો વ્યક્તિ હતો છતાં એક અન્ય વાયકા પ્રમાણે રક્તસાક્ષી બન્યો હતો. તેના શરીરના ટૂકડા કરવામાં આવ્યા હતા. કરવત તેનું પ્રૈષિતિક પ્રતીક તરીકે ઓળખાયું છે.

**૪. યોહાન :** બને-રગેશ, ઝબદી અને સાલોમીનો પુત્ર તથા પ્રેષિત યાકોબનો ભાઈ. ઈસુના 'વ્હાલા શિષ્ય' તરીકે તે જાણીતો હતો. ધંધે માછીમાર અને બેથસૈદા, કફરનહૂમ તથા જેરુશાલેમનો નિવાસી હતો. તે પણ ઈસુનો અંતેવાસી હતો. યોહાન શુભસંદેશકાર તરીકે જાણીતો છે તથા તે પહેલો, બીજો અને ત્રીજો એમ ત્રણ પત્ર લેખક અને 'દર્શન'ના ગ્રંથના લેખક તરીકે પણ પ્રખ્યાત છે. એશિયા માઈનોરના વિસ્તારમાં ધર્મસંઘને તેણે શુભસંદેશ સંભળાવ્યો હતો. પાતમસના ટાપુ પર તેને દેશનિકાલ કરવામાં આવ્યો હતો, બાદમાં તેની સજા રદ કરવામાં આવી હતી અને કુદરતી મૃત્યુ ભેટ્યો હતો. યોહાન નામાંકિત પ્રેષિત હતો. નવા કરારમાં ઘણી જગ્યાએ તેના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તે કર્મયોગી હતો, મહત્ત્વાકાંક્ષી હતો. તે વિસ્ફોટક મિજાજ અને અનુદાર દિલનો માણસ હતો. તેનું બીજું નામ બને-રગેસ હતું જેનો અર્થ છે મેઘગર્જનાના પુત્રો. યોહાન અને તેનો ભાઈ યાકોબ, અન્ય શિષ્યની સરખામણીમાં ખાધેપીધે સુખી પરિવારમાંથી આવ્યા હતા.

જોકે તેના પિતાજીએ માછીમારી માટે મજૂરો રોક્યા હતા(માર્ક ૧:૨૦) એટલે તે પોતાની જાતને બધાની પર માનતો હતો. તે પીતરની નજીક હતો તેઓ બન્ને એકસાથે પ્રૈષિતિક કાર્યમાં જોતરાયા હતા. જોકે પીતર તમામને એકજૂથમાં બાંધનારો પ્રેષિત હતો. સમયાંતરે યોહાન નરમ પડ્યો હતો. મોડે મોડે જીવનમાં તે સર્વકાંઈ ભૂલી ગયો હતો, તેની મહત્ત્વકાંક્ષાઓ, જલદ મિજાજ વગેરે વિસરાઈ ગયાં હતાં. કેવળ પ્રભુની પ્રેમની આજ્ઞા તેનામાં પ્રજ્જવલિત હતી.

ઝેરનો પ્યાલો આપી તેનું કાસળ કાઢી નાખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો પણ 'જેને રામ રાખે, તેને કોણ મારે !' છેવટે કુદરતી મોતથી તેના જીવનનો અંત આવ્યો હતો. સર્પ અંકિત પ્યાલો તેનું પ્રૈષિતિક પ્રતીક છે.

**૫. ફિલિપ :** ઈસુના શિષ્ય ફિલિપે ફ્રિજીયામાં ઉપદેશ આપ્યો હતો અને તે હિયરાપૉલિસમાં શહીદ બન્યો હતો. પીતર અને આંદ્રિયાની જેમ ફિલિપ પણ બેથસૈદાનો વતની હતો.(યોહાન ૧:૪૪) અન્ય શિષ્યની જેમ તે પણ માછીમાર હતો. જોકે પ્રથમ ત્રણ શુભસંદેશ(માથ્થી ૧૦:૩, માર્ક ૩:૧૮, લૂક ૬:૧૪ અને પ્રેષિતોનાં ચરિતો ૧:૧૩)માં તેના નામનો ઉલ્લેખ જોવા મળે છે. યોહાનના શુભસંદેશમાં ફિલિપની માત્ર જાણીતી વ્યક્તિ તરીકે નોંધ છે.

બાઈબલના કેટલાક અભ્યાસીઓ ફિલિપ અંગે સાશંક છે. પ્રેષિતોનાં ચરિતોમાં બાર પ્રેષિતોએ સાત સહાયક પ્રતિષ્ઠિત, વહેવાર બુદ્ધિવાળા અને પવિત્ર આત્માથી સભરભર્યો હોય એવા વ્યક્તિઓને ચૂંટી કાઢ્યાનો ઉલ્લેખ છે, તેમાંના(પ્રેષિતોનાં ચરિતો ૬:૫) એક તરીકે ફિલિપનું નામ છે, જેણે ઈથોપિયાના ખોજાને સ્નાનસંસ્કાર(પ્રેષિતોનાં ચરિતો ૮:૨૬) કરાવ્યો હતો. તેણે પાઉલ સાથે કૈસરિયામાં પણ વસવાટ કર્યો હતો(પ્રેષિતોના ચરિતો ૨૧:૮) અને પ્રારંભના ધર્મસંઘમાં સાહસિક શુભસંદેશવાહકમાં તેની નોંધપાત્ર ગણના થાય છે.

ફિલિપનો ભેટો થતાં ઈસુએ તેને કહ્યું, 'મારી પાછળ પાછળ આવ.' એવું વર્ણન યોહાનના શુભસંદેશ(૧:૪૩)માં વાંચવા મળે છે. હવે આ ફિલિપ જ્યારે નથનિયેલને મળે છે ત્યારે તે ઈસુની ઓળખ કરાવે છે.

'જેને વિશે મોશેએ ધર્મસંહિતામાં અને પયગંબરોએ પણ લખેલું છે તેનો અમને ભેટો થયો છે, તે યોસેફના પુત્ર નાસરેથના ઈસુ છે.'(યોહાન ૧ : ૪૫) નથનિયેલ નાસ્તિક હતો પણ ફિલિપે તેની સાથે દલીલ કરી નહિ, તેણે સહજભાવે કહ્યું, 'ચાલ અને જો.' (યોહાન ૧:૪૬) આ પ્રસંગમાં ફિલિપના વ્યક્તિત્વનાં બે પાસાં જાણવા મળે છે. પહેલું એક સંશયી વ્યક્તિ સાથે તેનું વાજબી વલણ અને ખ્રિસ્ત પ્રત્યે સ્વાભાવિક શ્રદ્ધા અને બીજું તેનામાં પડેલી જન્મજાત મિશનરી કૂનેહ.

ફિલિપ હાર્દિક હૃદય અને નિરાશાવાદી દિમાગ ધરાવતો હતો. અન્ય માટે કંઈક કરી છૂટવાની તેનામાં ભારોભાર તમન્ના હતી પણ તે કેવી રીતે કરવું તેની કંઈ ગતાગમ નહતી પડતી ! તેમ છતાં આ ભલાભોળા ગાલીલીએ પોતાની પાસે જે કંઈ હતું તે આપી દીધું, પ્રતિભાવમાં પ્રભુએ તેને શુભસંદેશના પ્રચાર-પ્રસારનો માધ્યમ બનાવ્યો. ક્રૂસ એ ખ્રિસ્તીધર્મ અને વિજયની નિશાની છે એવું ફિલિપે આગ્રહપૂર્વક જાહેર કર્યું હતું. એવું કહેવામાં આવે છે કે તેને ફાંસી આપવામાં આવી હતી. મરતી વખતે તેણે વિનંતી કરી હતી કે, 'ઈસુના શબને શણના કાપડમાં વીંટાળ્યું હતું એટલો તે યોગ્ય નથી એટલે તેના શબને જળવનસ્પતિ(પેપીરસ)માંથી બનેલા કાપડમાં વીંટાળવામાં આવે !' ઈસુએ પાંચ હજારને જમાડ્યા હતા એ ચમત્કારમાં ફિલિપની ભાગીદારી હતી એ ધ્યાનમાં રાખી તેનું પ્રૈષિતિક પ્રતીક 'ટોપલી' છે.

**૬. બર્થોલ્મી અથવા નથનિયેલ :** તાલ્માઈનો પુત્ર અને ગાલીલનો તે રહેવાસી હતો. ત્રણ સમાંતર ચપ્પુ બર્થોલ્મીનું પ્રૈષિતિક પ્રતીક છે. તે આર્મેનિયામાં મિશનરી હતો એવી માન્યતા છે. ઈસુના બાર શિષ્યમાંથી કેવળ બર્થોલ્મી જ રાજવીકુળ, ખાનદાન પરિવારમાંથી આવ્યો હોય એમ સંખ્યાબંધ તજજ્ઞોનું માનવું છે. તેના નામનો અર્થ તોલમાઈ અથવા તાલ્માઈનો પુત્ર(૨ શમુએલ ૩ : ૩) એવો થાય છે. ઈસુના શિષ્યગણની દરેક નામાવલિ (માથ્થી ૧૦:૩, માર્ક ૩:૮, લૂક ૬:૧૪, પ્રેષિતોનાં ચરિતો ૧:૧૩)માં બર્થોલ્મીનું નામ જોવા મળે છે. બર્થોલ્મી તેનું પ્રથમ નામ નથી તેમ છતાંયે બીજું તો છે જ. મોટાભાગે તેનું પહેલું નામ નથનિયેલ હતું, જેને ઈસુએ આવકાર્યો હતો 'જુઓ, આ એક સાચો ઈસ્રાયલી આવે છે, એનામાં લગારે કપટ નથી.' (યોહાન ૧:૪૭)

નવા કરારમાં તેના વિશે ખૂબ જ ઓછી માહિતી મળે છે. તેઓ શાસ્ત્રના સંશોધક, કાયદાના અભ્યાસી અને ઉપદેશક હતા એમ પરંપરા અનુસાર જાણવા મળે છે. નાઝરેથના સુથારનું સંપૂર્ણ શરણ તેણે પોતાના જીવન કવનમાં પ્રગટ કર્યું હતું. ધર્મસંઘના અનેક સાહસિક પ્રેષિતોમાંનો તે એક હતો. ફિલિપ સાથે તેણે ફ્રીઝિયા અને હિયરાપૉલિસમાં તેમજ અર્મેનિયામાં શુભસંદેશની ઘોષણા કરી હતી. અર્મેનિયન ધર્મસંઘ આજે પણ બર્થોલ્મીને સ્થાનિક ધર્મસંઘના સ્થાપક અને શહીદ માને છે. તેમ છતાંયે એક લોકવાયકા પ્રમાણે તેમણે ભારતમાં પણ શુભસંદેશનો પ્રચાર કર્યો હતો અને અહીં જ મૃત્યુ પામ્યા હતા. તેણે પોતાના સ્વામી માટે પ્રાણ પાથર્યા હતા. તેમના જીવતે જીવ ચામડી ઉતરડી કાઢી હતી !

**૭. માથ્થી અથવા લેવી :** આલ્ફેયુસનો પુત્ર જે કફરનહૂમમાં રહેતો હતો. તે જકાતદાર અથવા 'કલાલ' હતો. ચાર શુભસંદેશકારોમાંનો તે એક છે, જેણે ઈથોપિયામાં શહાદત વહોરી હતી.

એક પ્રેષિત તરીકે માથ્થીની હાકલ માર્ક(૨:૧૪), માથ્થી(૯:૯) અને લૂક(૫:૨૭-૨૮)માં વાંચવા મળે છે, જેના પરથી જાણવા મળે છે કે તે લેવી નામે ઓળખાતો.

મધ્યપૂર્વના દેશોમાં ખ્રિસ્તના જમાનામાં માણસોનાં બે નામ હોય તે સર્વસામાન્ય રીવાજ હતો. માથ્થીના નામનો અર્થ થાય છે, 'પ્રભુની ભેટ.' કદાચ ઈસુએ જ તેને બીજું નામ 'લેવી' આપ્યું હશે. ઈસુના બાર શિષ્યોમાંનો એક યાકોબ(નાનો), આલ્ફેયુસનો પુત્ર તે માથ્થીનો પણ ભાઈ હોય તેવી એક સંભાવના છે, તેમ છતાંયે માથ્થી વિશે વ્યક્તિગત રીતે આપણે ઓછું જાણીએ છીએ, પણ તે જકાતદાર હતો તે સર્વવિદિત બાબત છે. 'કિંગ જેમ્સ વર્ઝન' પ્રમાણે તે કલાલ હતો, લેટિન અનુવાદ પ્રમાણે તેનો અર્થ 'જાહેર સેવા સાથે સંકળાયેલો' અને જેનું મુખ્ય કામ જાહેર નાણાંનો હિસાબ કિતાબ રાખનાર અથવા કર વસૂલાત કરનાર એવો થાય છે.

દુનિયાના તમામ રાષ્ટ્રોની પ્રજામાં યહુદીઓ, જકાતદારો પ્રત્યે સૌથી વધારે આક્રોશ કે નફરત ધરાવનાર પ્રજા છે. કેવળ પરમેશ્વરને જ દસમો ભાગ આપવો જોઈએ એવી ધાર્મિક ફરજ યહુદીઓ માનતા હતા, તે સિવાય અન્ય કોઈને પણ કર આપવો તે પરમેશ્વરની આજ્ઞાના ઉલ્લંઘન બરાબર તેઓ માનતા હતા પરંતુ કેવળ ધાર્મિક કારણસર જકાતદારોનો તિરસ્કાર કરવામાં આવતો ન હતો પણ તેઓમાંના મોટાભાગના અન્યાય માટે પણ કુખ્યાત હતા. ઘણા યહુદી લોકોના મનમાં જકાતદારો, ગુનેગાર કરતાં ઓછા ન હતા. નવા કરારના સમયમાં તેઓ ચારિત્ર્યહીન, અસભ્ય કે પાપી તરીકે વર્ગીકૃત કરવામાં આવતા હતા.(માથ્થી ૧૮:૧૭, ૨૧:૩૧, ૯:૧૦, માર્ક ૨:૧૫, લૂક ૫:૩૦)

સામાન્ય પ્રજાને અસહ્ય આકારણી કરી, પ્રવાસીઓને ઊંચા વ્યાજથી ધીરનાર જકાતદાર તરીકે આમ જનતામાં તેમની ઓળખ હતી, જેમાંનો એક માથ્થી હતો, છતાં પણ ઈસુએ તેની પસંદગી કરી અને પોતાનો શિષ્ય બનાવ્યો. લોકોમાં અપ્રિય-તિરસ્કૃત માણસ-કફરનહૂમના જકાતદારમાં ખ્રિસ્તે હીર પારખ્યું હતું.

માથ્થી અન્ય શિષ્ય, જેઓમાંના મોટાભાગના માછીમાર હતા - કરતાં અલગ હતો. તે કલમનો ઉપયોગ જાણતો હતો એટલે સૌ પ્રથમ વાર, હિબ્રૂ ભાષામાં ભગવાન ઈસુના શિક્ષણનાં લેખાંજોખાં પ્રસિદ્ધ કર્યાં હતાં. તત્કાલીન જમાનાના તિરસ્કૃત જકાતદારે ખ્રિસ્તીધર્મ પર કરેલ ઉપકારનો અંદાજ કાઢવો ખરેખર અશક્ય છે. જન સામાન્ય એ વિચાર્યું હોય કે માથ્થીની સુધારણા કરવી અશક્ય છે, પણ પ્રભુ માટે બધું જ શક્ય છે. ઈસુના શિક્ષણને કલમબદ્ધ કરવાનું પ્રથમ શ્રેય માથ્થીને ફાળે જાય છે. માથ્થી શુભસદેશના પ્રચાર-પ્રસારનો મિશનરી હતો જેણે પોતાનું જીવન પોતાના માલિક પરની આસ્થામાં ન્યોચ્છાવર કર્યું. ઈસુની હાકલ પહેલાં માથ્થી જકાતદાર હતો તેની યાદગીરી સમાન તેનું પ્રૈષિતિક પ્રતીક 'ત્રણ નાણાં કોથળી' છે.

**૮. થોમસ જોડિયો :** ગાલીલનો સહેવાસી હતો. પરંપરાગત માન્યતા પ્રમાણે તેણે પાર્થ, પારસ અને ભારતમાં શુભસંદેશના પ્રચાર માટે હાડતોડ મહેનત કરી હતી. છેવટમાં ઈસુને કારણે ભારે વેદના સહન કરી, મદ્રાસ નજીકના પર્વત પર શહાદત વહોરી હતી. થોમસ તેનું હિબ્રૂ નામ અને દિદીમુસ તેનું ગ્રીક નામ હતું. માથ્થી, માર્ક અને લૂક














તેના નામના ઉલ્લેખ સિવાય વધારે કોઈ માહિતી આપતા નથી, જોકે યોહાન પોતાના શુભસંદેશમાં તેના વિશે સ્પષ્ટ વાત કરે છે. લાઝરસને સજીવન કર્યો (યોહાન ૧૧:૨-૧૬) એ ચમત્કાર વેળાએ થોમા અર્થાત્ 'જોડિયો'ની હાજરી હતી. 'પ્રભુ આપ ક્યાં જવાના છો, તે અમે જાણતા નથી, પછી અમને રસ્તાની ખબર શી રીતે હોય ?' એવો પ્રશ્ન થોમા (યોહાન ૧૪:૧-૬)એ ઉપલી મેડી પર કર્યો હતો. 'જ્યાં સુધી હું તેમના હાથે ખીલાનાં ચિહ્નો ન જોઉં અને ખીલાની જગ્યામાં આંગળી ન ઘાલું ત્યાં સુધી - પ્રભુ સજીવન થયા છે એમ - હું કદી માનું નહિ.' (યોહાન ૨૦-૧૫)એવી શંકા પણ થોમાએ દર્શાવી હતી અને એટલે જ થોમાને અશ્રદ્ધાળુ શિષ્ય તરીકે ઓળખાયો હતો.

સ્વભાવગત થોમા નિરાશાવાદી હતો. સતત મુંઝવણમાં રહેતો માણસ હતો. તેમ છતાંયે તે હિંમતવાન વ્યક્તિ હતો. જોયા વિના ભરોસો ન કરનાર શિષ્ય હતો. ઈસુનાં દર્શન પછી તેનામાં શ્રદ્ધા અને ભક્તિનો ઉછાળો જોવા મળ્યો હતો. સજીવન થયેલા ઈસુ, શિષ્યોને બીજી વાર દર્શન આપે છે ત્યારે ઈસુ જ સામેથી તેની શંકા દૂર કરવા આમંત્રણ આપે છે. 'તારી આંગળી અહીં લાવ, આ રહ્યા મારા હાથ અને તારો હાથ આમ લાવ અને મારા પડખામાં ઘાલ, અશ્રદ્ધા ખંખેરી નાખ, શ્રદ્ધા રાખ.' (યોહાન ૨૦:૨૭) ત્યારે થોમા પોતાની ભૂલની કબૂલાત કરે છે અને શ્રદ્ધાનો એકરાર પણ કરે છે. 'ઓ મારા પ્રભુ અને મારા પરમેશ્વર.' (યોહાન ૨૦:૨૪) થોમાની અશ્રદ્ધા શ્રદ્ધામાં પરિવર્તિત થઈ. આ ઘટનાથી થોમાની શ્રદ્ધા મહાન, ઉત્કટ અને પ્રતીતિજનક બની. એમ કહેવામાં આવે છે કે ભારતમાં મહેલ ચણવા માટે રાજાએ તેને આદેશ કર્યો હતો પણ અંતે ભાલાથી વીંધાઈને તે શહીદ થયો હતો. ભાલાઓ, બાણો અને પથ્થરોનો ઢગલો તેનું પ્રૈષિતિક પ્રતીક છે.

**૯. યાકોબ અલ્ફી(મોટા) :** બને-રગેસ, ઝબદી અને સાલોમીનો પુત્ર, પ્રેષિત યોહાનનો ભાઈ, એક માછીમાર જેમણે બેથસૈદા, કફરનહૂમ અને યરુશાલેમમાં વસવાટ કર્યો હતો. તેણે યરુશાલેમ અને યહુદિયામાં સંદેશ સંભળાવ્યો હતો અને હેરોદ દ્વારા તેનો ઈ.સ. ૪૪ માં વધ કરવામાં આવ્યો હતો.(પ્રેષિતોનાં ચરિતો ૧૨ : ૧, ૨) તે ઈસુનો અંતેવાસી હતો અને એટલા જ કારણથી વિશેષ સવલત તેને મળી હતી, નવો કરાર યાકોબ વિશે ખૂબ ઓછી માહિતી આપે છે. તેનું નામ ક્યારેય એકલું આવ્યું નથી, તેના ભાઈ યોહાન સાથે જ તેની વાત થઈ છે. યાકોબ અને યોહાન, અલગ ન કરી શકાય તેવી જોડ હતી (માર્ક ૧:૧૯-૨૦, માથ્થી ૪:૨૧, લૂક ૫:૧-૧૧)

તે હિંમતવાન અને ક્ષમાદાન કરનાર વીર હતો, તેનામાં લગીરેય ઈર્ષા ન હતી. તે હંમેશા યોહાનનો પડછાયો બની જીવતો હતો, તેનામાં અસાધારણ શ્રદ્ધા હતી. બાર પ્રેષિતોમાંથી શહાદત વહોરવાનું માન સૌ પ્રથમ યાકોબને મળ્યું હતું. દરિયાઈ માર્ગે મુસાફરી કરી હોવાથી તેનું પ્રતીક ત્રણ છીપલાં છે.

**૧૦. જહાલ સિમોન :** બહુ જ ઓછા પરિચિત શિષ્ય સિમોન, કાના ગામનો વતની હતો અને ગાલીલમાં રહેતો હતો. તેને ક્રૂસે ચડાવવામાં આવ્યો હતો એમ પરંપરા જણાવે છે.

'કિંગ જેમ્સ વર્ઝન' પ્રમાણે તેને કનાની(માથ્થી ૧૦:૪ અને માર્ક ૩:૧૮) અને અન્ય વર્ણનમાં તેને જહાલ સિમોન(લૂક ૬:૧૫ અને પ્રેષિતોનાં ચરિતો ૧:૧૬) તરીકે ઓળખવામાં આવે છે.

સિમોન જહાલ હતો. એ સિવાય વ્યવહારિક ધોરણે નવા કરારમાં સિમોન વિશે વ્યક્તિગત કોઈ માહિતી ઉપલબ્ધ નથી. જહાલ યહુદીઓ ધર્માંધ રાષ્ટ્રવાદી હતા, જેમના મનમાં યાતનામાં સહભાગી બનવું ભારોભાર ઉપેક્ષિત બાબત હતી, વિશેષમાં કઠિન પરિસ્થિતિને તેઓ શ્રદ્ધાની શુદ્ધતાની પરીક્ષા માનતા હતા. પાગલપણાની હદે, જહાલ યહુદીઓ રોમનો પ્રત્યે ઘૃણા દર્શાવતા હતા. રોમનો પ્રત્યેની નફરતને કારણે જ યરુશાલેમ નગરનો નાશ થયો હતો. યોસેફસના મતે જહાલ યહુદીઓ સાહસિક અને ઉત્સાહી હતા પરંતુ નિરર્થક બાબતોમાં બેપરવા અને અવિચારી પણ હતા.

આ પશ્ચાત્ ભૂમિકામાં સિમોન પણ જહાલ રાષ્ટ્રવાદી હતો, કાયદા-કાનૂન પ્રત્યે નિષ્ઠાવાન અને રોમ સાથે કોઈપણ વાતે સમાધાન કરનાર પ્રત્યે ભારે ઝેરીલો પણ હતો; છતાં એક શ્રદ્ધાવાન શિષ્ય તરીકે તે ઉભરી આવ્યો હતો. તેણે પોતાની ધૃણા, શ્રદ્ધામાં તબદીલ કરી હતી, જે પોતાના માલિક પ્રત્યે વ્યક્ત થઈ હતી. વિશેષમાં રોમન જકાતદાર માથ્થી અને બાકીના શિષ્યગણ પ્રત્યે પ્રેમ દર્શાવવામાં પણ તેણે ક્યાંય ઉણપ આવવા દીધી ન હતી.

સિમોન જહાલ, એક વખત ઈસ્રાયલ પ્રત્યેની વફાદારીને કારણે માર્યો ગયો હોત, પણ પ્રભુને જોયા બાદ તેણે સમર્પિત સેવામાં જીવન ખર્ચી નાખ્યું હતું. પરંપરા પ્રમાણે તે શહીદ બન્યો હતો. પૂર્વ જીવનનો માછીમાર, હવે માણસ પકડનાર પ્રેષિત બન્યો હતો તેથી તેની સ્મૃતિમાં તેનું પ્રૈષિતિક પ્રતીક બાઈબલ પર અંકિત માછલીનું ચિત્ર છે.

**૧૧. પ્રેષિત યહૂદા(જુડ) અથવા થદેયુસ(થદી) :** આલ્ફેયુસ અથવા ક્લેયોફાસ અને મરિયમનો પુત્ર તે થદેયુસ અથવા લેબેયુસ. તે નાના યાકોબનો ભાઈ હતો. અણ જાણીતા શિષ્યમાંનો તે એક છે જે ગાલીલનો રહેવાસી હતો. પરંપરા પ્રમાણે તેણે અશૂર અને પારસમાં શુભસંદેશની ઘોષણા કરી હતી અને પારસમાં શહીદ થયો હતો. યહૂદા, જૂડને 'ત્રિનોમિઅસ' તરીકે ઓળખાવે છે, જેનો અર્થ થાય છે, ત્રણ નામવાળો માણસ. માર્ક (૩:૧૮) તેને થદી તરીકે, માથ્થી (૧૦:૩) તેને લીબ્બેયુસ તરીકે ઓળખાવે છે. તેની અટક થદી હતી. લૂક (૬:૧૬) અને પ્રેષિતોનાં ચરિતો (૧:૧૩)માં યહૂદાને યાકોબના ભાઈ તરીકે દર્શાવ્યો છે. યહૂદા થદી, યહૂદા, જહાલ તરીકે પણ ઓળખાતો. વ્યક્તિ તરીકે તે અત્યંત લાગણીશીલ અને ઝનૂની રાષ્ટ્રપ્રેમી હતો. પસંદગીના લોકો પર વર્ચસ્વ અને સત્તા જમાવવાનું તેનું સ્વપ્ન હતું. નવા કરાર(યોહાન ૧૪:૨૨)માં, છેલ્લા ભોજનના સમયે યહૂદાએ ઈસુને પૂછ્યું હતું 'પ્રભુ,

એવું શું બન્યું છે કે આપ અમને સાક્ષાત્કાર કરાવશો પણ જગતને નહિ કરાવો ?' દુનિયાને ઈસુની જાણ થાય એવી યહુદાની ઈચ્છા હતી. પીડા ભોગવનાર તારણહાર તરીકે નહિ પણ શાસક રાજા તરીકે ! પ્રેમની અવેજીમાં સત્તા કારગર ન બને તે ઈસુના જવાબમાં સ્પષ્ટ હતું. યહુદાએ યુફ્રાત નદીના પ્રદેશ-એડેસ્સામાં શુભસંદેશનો પ્રચાર કર્યો હતો. ત્યાં તેણે ઘણા બીમારને સાજા કર્યા હતા અને ઘણા ઈસુ પર શ્રદ્ધા રાખતા થયા હતા. યહુદા ત્યાંથી અનેક જગ્યાએ શુભસંદેશના પ્રચાર માટે ગયો હતો. અરાતમાં બાણ વડે તેની હત્યા થઈ હતી. તેનું પ્રૈષિતિક પ્રતીક જહાજ છે, કારણ તે એક માછીમાર હોવા સાથે તે એક મિશનરી પણ બન્યો હતો.

○ **યહૂદા ઈશ્કરિયોત, વિશ્વાસઘાતી :** જે સિમોનનો પુત્ર હતો અને યહુદિયામાં નિવાસ કરતો હતો. જેણે ચાંદીના ત્રીસ સિક્કા ખાતર ઈસુને દગો દીધો હતો અને પાછળથી પોતાની જાતે ગળે ફાંસો ખાધો હતો. (માથ્થી ૨૬:૧૪,૧૬)

યહૂદા, એ માણસ જે વિશ્વાસઘાતી નીવડ્યો, તે નવા કરારનું સર્વોપરિ ગૂઢ પાત્ર છે, કારણ એ માનવું મુશ્કેલ છે, જે ઈસુની નજીક હતો, જેણે ઘણા ચમત્કાર જોયા હતા અને ગુરુજીની શાશ્વત વાણી સાંભળી હતી; તે જ આખરે દગો કરીને પોતાના માલિકને દુશ્મનોના હાથમાં સોંપી દે છે ! ત્રણ શુભસંદેશકારોની શિષ્યગણની નામાવલિમાં તેનું નામ જોવા મળે છે. (માથ્થી ૧૦:૪, માર્ક ૩:૧૯, લૂક ૬:૧૯) એમ કહેવામાં આવે છે કે યહૂદા, યેરિખો નજીકના યહૂદામાંથી આવતો હતો. તે યહૂદી હતો અને બાકીના બધા શિષ્ય ગાલીલના હતા. તે શિષ્યસંઘનો ખજાનચી હતો અને છટાદાર બોલનાર આગેવાનોમાં તેની ગણના થતી હતી. યહૂદા રાષ્ટ્રવાદી હિંસક યહુદી હતો. પોતાની રાષ્ટ્રીય ભાવના અને સ્વપ્નો ફળીભૂત થશે એવી આશાએ તે ઈસુનો અનુયાયી બન્યો હતો. યહૂદા લોભી માણસ હતો અને વખતોવખત શિષ્યસંઘના ખજાનચી તરીકેના હોદ્દાનો દુરુપયોગ કરનારો, સામાન્ય ભંડોળમાંથી નાની મોટી ચોરી કરનારો લાલચુ હતો, જેનો ભાગ્યે જ કોઈ ઈન્કાર કરી શકે. યહૂદાએ પોતાના માલિકનો દગો કેમ કર્યો તેનું કોઈ નિશ્ચિત કારણ નથી, એટલું જ નહીં કેવળ તેના વિશ્વાસઘાતે ઈસુને ક્રૂસે ચડાવ્યા એમાં તથ્ય નથી, આપણાં પાપને કારણે ઈસુએ ક્રૂસનું મરણ સહન કર્યું. ફાંસીનો ગાળિયો અથવા ચાંદીના સિક્કા વેરાતા હોય એવી ગાંઠડી, યહૂદાનું પ્રૈષિતિક પ્રતીક છે.

**૧૨. પ્રેષિત મથ્થિયા :** યહુદા ઈશ્કરિયોતની જગ્યા કોણે લીધી ? એવો પ્રશ્ન કોઈને પણ થાય. પ્રેષિતોનાં ચરિતોમાં જણાવ્યા અનુસાર(૧:૧૫-૨૬) મથ્થિયાની, યહુદાની જગ્યાએ પસંદગી કરવામાં આવી હતી. તેની સાથે અન્ય નામ પણ હતું બાર્સાબાસ તરીકે ઓળખાતો યોસેફ ઉર્ફે યુસુફ(પ્રેષિતોનાં ચરિતો ૧:૨૪-૨૬). આ બેમાંથી એકની પસંદગી માટે તેમણે પ્રાર્થના કરી હતી. મથ્થિયા અંગે બાઈબલમાં આછી પાતળી માહિતી મળે છે. ઈસુના પુનરુત્થાન પછી સ્નાનસંસ્કાર અંગીકાર કરનાર મથ્થિયા, ઈસુ સાથે હતો એવો કોઈ પુરાવો બાઈબલમાં મળતો નથી. મથ્થિયાનું મરણ ઈ.સ. ૮૦ માં થયું હતું, એવી ઐતિહાસિક માહિતી મળે છે. તેણે કાસ્પિયન અને કપ્પાદોકિયાના કિનારાના પ્રદેશમાં શુભસંદેશની ઘોષણા કરી હતી.●

- Source : Internet





# હાકલ શિબિર

**તારીખ : ૨૩-૦૪-૨૦૧૯**
**સવારે ૧૦:૦૦ કલાકથી**

**તારીખ : ૨૪-૦૪-૨૦૧૯**
**સાંજના ૪ કલાક સુધી**

**સ્થળ : સેંટ જોસેફ સેમિનરી, પાસ્ટ્રલ સેન્ટર, ડુમરાલ રોડ, નડિયાદ - ૩૮૭ ૦૦૨**
**ફોન નં.: (૦૨૬૮) ૨૫૫૪૧૭૦**

ધોરણ ૮ અને તેની ઉપરના વિદ્યાર્થીઓને હાકલ શિબિરમાં જોડાવા આમંત્રણ

આવો... અમદાવાદ ધર્મપ્રાંત આપને આવકારે છે

## સંપર્ક કરો

**ફાધર જીગ્નેશ : ૯૭૩૭૫ ૮૨૮૭૮**
**ફાધર નિલેશ : ૯૪૨૭૫ ૪૮૪૪૨**
**ફાધર એડવિન : ૯૯૭૪૨ ૦૪૧૩૬**
**ફાધર પ્રદિપ : ૯૦૯૯૧ ૬૧૬૪૭**
**ફાધર લિઓ : ૯૪૨૭૭ ૨૮૪૮૧**
**ફાધર નટુ : ૯૮૯૮૩ ૫૮૬૯૦**



**લઘુકથા**

# કપટની કારીગરી

✍ ફાધર વિનય મેકવાન એસ.જે.

ચાલીના છેડે આલીશાન અલાયદું મકાન, લોકો એને બંગલો કહેતા. બંગલાના માલિક નામે સુહાસભાઈ. રોજ બપોરે એમના ઘરનો ડોરબેલ રણકે, એક યુવાન દરવાજા સામે ઊભો હોય, સુહાસભાઈ પોતાના જાજરમાન ઓરડામાંથી નીચે ઉતરે, દરવાજો ખોલે ને સામે ઊભેલા યુવાનને કંઈક આપે, પેલો યુવાન એના ખિસ્સામાં તે મૂકે અને ચાલતો થાય.

દિવસોના દિવસો, મહિનાઓના મહિનાઓ વર્ષોમાં પરિવર્તિત થયા. બસ આજ નિત્યક્રમ, રોજ બપોરે, ડોરબેલ... પેલો યુવાન... સુહાસભાઈનું કંઈક આપવું... પેલા યુવાનનું તે ખિસ્સામાં મૂકવું... ને ચાલતી પકડવી... ના કોઈ વાતચીત, ના બીજો કોઈ વ્યવહાર...

સુહાસભાઈના પાડોશી આ બધું રોજ જુએ, વર્ષોથી ! આજે એમણે અનાયાસે પૂછી કાઢ્યું, 'સુહાસભાઈ, કોણ છે પેલો યુવાન, રોજ તમને મળવા આવે છે, તમે રોજ એને કાંઈ આપો છો, ને રોજે રોજ પેલો ઝડપથી ખિસ્સું સંભાળતો નીકળી જાય છે ?'

સુહાસભાઈએ માર્મિક સ્મિત આપીને કહેવાનું શરૂ કર્યું, 'એટલે, તમે રોજ આ પ્રક્રિયા જોતા હતા, એમને ? તો સાંભળો. આ પેલા ગુંડા જેવા મણિયાનો મોટો છોકરો, એનો બાપ દાંડમાંનો દાંડ, મારી સાથે ઝઘડેલો. મેં એના છોકરાની દોસ્તી કરી. રોજ આવે છે ને હું એને પે'લા રૂ.૧૦ આપતો'તો હવે રૂ. ૨૦ આપું છું.'

પાડોશીભાઈને વાત કંઈ સમજાય નહીં !

જાણી જોઈને પાડોશીભાઈ બોલ્યા, 'કંઈ ફોડ પાડીને વાત કરો, તો કંઈ સમજાય.' સુહાસભાઈએ ફોડ પાડ્યો...

'જુઓ ભાઈ, એના દાંડ બાપે વર્ષો પે'લાં મારી બેઈજ્જતી કરી હતી. હવે આ એના છોકરાને દારૂ પીવાની ટેવ છે, પણ પૈસા ક્યાંથી લાવે ? એટલું હું એને પે'લા રૂા. ૧૦ આપતો, તે રોજ એમાંથી પીવે. પછી ભાવ વધ્યા, રૂા. ૨૦ થયા. હવે રોજ રૂા. ૨૦ આપુ છું, અત્યારે તો અદ્દલ દારૂડિયો બની ગયો છે. મારે શું ? ભલેને બગડે ? આ લોકોનું આવું જ થવું જોઈએ.'

વર્ષો વીત્યાં...<br>
કેટલીયે પાનખર ને કેટલીયે વસંત,<br>
કેટલીયે નાતાલો ને કેટલીયે તપઋતુઓ.

એ જ સુહાસભાઈ, હવે ખાસ્સાં વયોવૃદ્ધ થયા છે. તાબાના સભા પુરોહિત જે ખૂબ જ ભલા છે, એમની આગળ બેઠાં-બેઠાં સુહાસભાઈ રડતાં-રડતાં પોતાના જીવનમાં પડતા દુઃખોની વાતો કરી ફાધરને પોતાને માટે પ્રાર્થના કરવાનું કહે છે; 'ફાધર, પ્રભુને કહો મારા દીકરાઓ બે ય દારૂડિયા કેમ થઈ ગયા છે ? કેમ અમને બંનેને આટલું પીડે છે ? ફાધર હું આટલું દાન આપું છું તોયે પ્રભુ કેમ મારી સામે જોતો નથી ! મેં જીવનમાં કાંઈ ખોટું કર્યું નથી તોય છતે પૈસે કેમ અમે પતિ-પત્ની આ વૃદ્ધાવસ્થામાં હેરાન થઈએ છીએ ?'

ઘરડા ફાધર એટલું જ બોલે છે... 'સુહાસભાઈ, પ્રભુ કોઈને દુઃખ આપતો નથી. પ્રભુ ક્યારેય સજા કરતો નથી, પ્રભુ ક્યારેય કોઈ બદલો લેતો નથી. એના ઉપર શ્રદ્ધા રાખો, સહું સારાં વાનાં થશે...'

*મદદનીશ સભાપુરોહિત, ગામડી અને જાણીતા કથાકાર, સંગીતકાર*

## પાંચમી પુણ્યતિથિ



**સ્વ. સુમિત્રાબેન પાઉલભાઈ પરમાર**

જન્મઃ ૧૭-૬-૧૯૪૭ ★ અવસાનઃ ૧૩-૪-૨૦૧૪

"હું જ પુનરુત્થાન અને હું જ જીવન છું."<br>
જેને મારામાં શ્રદ્ધા છે,<br>
તેનું મૃત્યુ થાય તો પણ તે જીવતો થશે.

**લિ. પાઉલભાઈ તથા દુઃખી પરિવાર, આણંદ**

## સાતમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. શ્રીમતી સુમિત્રાબેન જશુભાઈ ડાભી**


જન્મઃ ૧૫-૧૦-૧૯૪૧ ★ અવસાનઃ ૧૬-૦૪-૨૦૧૨

પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.<br>
પ્રભુ તમારા આત્માને શાંતિ આપે.

**લિ. અનિલભાઈ જશુભાઈ ડાભી તથા પરિવાર**

૧૯, સાંઈબાબા પાર્ક, હરિપુરા નજીક, મણિનગર - પૂર્વ

## ૧૫મી પુણ્યતિથિ



**સ્વ. પીટરભાઈ મિખાએલભાઈ મેકવાન**

**(પુંજાભાઈ અમૈદાસ)**

જન્મઃ ૧૯-૪-૧૯૨૩ ★ અવસાનઃ ૧૪-૪-૨૦૦૪

પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. મેકવાન પરિવાર**

વંદનાપાર્ક, પેટલાદ

**૧૯મી પુણ્યતિથિ** **૩૧મી પુણ્યતિથિ**



**સ્વ. નારણભાઈ જી. ક્રિશ્ચિયન**

**અવસાનઃ ૩૧-૧૨-૧૯૯૯**

'પુનરુત્થાનના દિવસે ફરી મળીશું'

**સ્વ. મોનિકાબેન એન. ક્રિશ્ચિયન**

**અવસાનઃ ૨૯-૦૪-૧૯૮૮**



**લિ. આપનો કાંતિલાલ એન. ક્રિશ્ચિયન (નિવૃત્ત ટીડીઓશ્રી) (પુત્ર)**

**કલ્પેશ, પ્રજ્ઞા, પ્રગ્નીલ, કીએરા**

*નિલગીરી પાર્ક, આણંદ*

## સરકાર માન્ય લગ્ન પ્રમાણપત્ર (ઘરે બેઠા)

● આપના લગ્નોની નોંધણી ગુજરાત સરકારશ્રીની કચેરી ગાંધીનગર ખાતે કરાવી દેશ-વિદેશની સરકારી કચેરીઓમાં માન્ય એવું સરકારી લગ્ન સર્ટી. મેળવો. (માત્ર ફોન દ્વારા ઘેર બેઠા.)

● નવા તેમજ જૂના લગ્નોની નોંધણી ગાંધીનગર કચેરી એ ભારતીય ખ્રિસ્તી લગ્ન ધારા 1872 sec.6&9 હેઠળ નોંધાવી ગુજરાત સરકાર દ્વારા પ્રમાણિત કરેલ સરકારી લગ્ન પ્રમાણપત્ર મેળવો.

**નોંધ :** આપના લગ્નનો રેકર્ડ ગાંધીનગર કચેરીએ કાયમી ધોરણે સાચવી જરૂરિયાત હોય ત્યારે માત્ર એક ફોન દ્વારા સરકાર માન્ય લગ્ન સર્ટી ઘરે બેઠા મેળવો.

● આપના સમય, સ્થળ તેમજ બજેટ અનુસાર ખ્રિસ્તી વિધિ દિક્ષિત પાળકના હસ્તે લગ્ન કરાવી સરકાર માન્ય લગ્ન રજિસ્ટ્રાર દ્વારા સરકારી લગ્ન પ્રમાણપત્ર મેળવો.

**ખાસ નોંધ :** ઉપરની તમામ સેવાઓ સમગ્ર ગુજરાતના ખ્રિસ્તિભાઈ બહેનો ઘેરબેઠા મેળવી શકો છો.* (* conditations apply)

● તમારા લગ્ન સર્ટીમાં કોઈપણ ભૂલ સુધારો કરાવવા માંગતા હોવ તો સંપર્ક કરો. ● બાપ્તિસ સંસ્કાર પળાવવા સંપર્ક કરો. ● લગ્નની નોંધણી ગાંધીનગર કચેરીએ અવશ્ય કરાવી ચિંતા મુક્ત બનો.

(લગ્નની નોંધણી ગાંધીનગર કચેરીએ મફત કરાવી આપીશું.)

**સંપર્ક : એસ.આર. ક્રિશ્ચિયન**
**(સરકાર માન્ય ક્રિશ્ચિયન લગ્ન રજિસ્ટ્રાર) ગાંધીનગર ગુજરાત**
**મો. ૭૪૮૭૮ ૨૩૩૩૩**

## ✝ મીત વિઝન ફોટોગ્રાફી ✝

● મેરેજ ફોટોગ્રાફી એન્ડ વિડિયોગ્રાફી ● ઈવેન્ટ ફોટોગ્રાફી એન્ડ ફેશન ફોટોગ્રાફી ● ઈન્ડસ્ટ્રીયલ ફોટોગ્રાફી ● મોડેલીંગ ફોટોગ્રાફી ● મેરેજ પ્રિ. વેડીંગ ફોટો-વિડિયો શુટ ● ઓફસેટ આલ્બમ એન્ડ કરિશ્મા આલ્બમ.

**તમારા દરેક શુભપ્રસંગને ફોટો-વીડિયોરૂપે સુશોભિત કરી આપવામાં આવશે.**

**અમિત ખન્ના : મો. ૮૧૪૧૧ ૦૨૭૬૬**

*શ્રુતિપાર્ક સોસાયટી, તુલસી ગરનાળા રોડ, ગામડી, આણંદ*

## લગ્નવિષયક

ગુજરાતી કેથોલિક યુવતી ઉ.વ. ૨૮, ઊંચાઈ ૫ ફૂટ ૫ ઈંચ યુ.એસ.એ.માં નોકરી કરતી યુવતી માટે એચ.૧, ગ્રીનકાર્ડ અથવા સીટીઝન ધરાવતા યુવકોના વાલીઓએ સંપર્ક કરવો. કુટુંબ કેથોલિક, સંસ્કારી, ધાર્મિક હોવું જરૂરી છે. જાહેરાત યોગ્ય પસંદગી માટે જ છે.

**મો. ૭૬૦૦૦ ૧૦૩૩૧**

## How may i help you?




**શું તમને તમારી ઈન્શ્યોરન્સ પોલીસીની સેવા તમારા એજન્ટ તરફથી નથી મળી રહી?**

જેમ કે પૉલીસી પાકી ગઈ છે પણ તેની મેચ્યોરિટી નથી મળી રહી
પૉલીસી પર લોન, બંધ થયેલી પૉલીસી ચાલુ કરાવવા, હેલ્થ ઈન્શ્યોરન્સ,
ફોર વ્હીલર-ટુ વ્હીલર ઈન્શ્યોરન્સ, મ્યુચ્યુઅલ ફંડ, NRI ઈન્વેસ્ટમેન્ટ,
બાલક પાલક યોજના, કન્યાદાન યોજના,
ચિલ્ડ્રન ગિફ્ટ ફંડ સહિતની તમામ માહિતી માટે સંપર્ક કરો.

**MO : 97242 13363**



## શેરોન વેડિંગ ડ્રેસ ડિઝાઈનર

ક્રિશ્ચિયન લગ્ન માટે પંદર વસ્તુઓનું પેકેજ
ફર્સ્ટ કમ્યુનિયન માટે મેક્ષી, નેટ, ક્રાઉન, ગ્લોઝ
મેક્ષી, ડાયમંડ સેટ, ક્રાઉન અને બૂકે મળશે.

**પરવીન એસ.:** ફેશન ડીઝાઈનર
**મો. ૯૬૨૪૩ ૬૦૬૮૯ / ૯૯૯૮૧ ૧૩૫૦૩**

શ્રીકૃષ્ણ ચોક, જૂનો સરપંચનો વાડો, બાકરોલ, તા.જિ. આણંદ

*બહારથી આવનારે એપોઈન્ટમેન્ટ લેવી. મેક્ષી હોલસેલ ભાવે બનાવી આપવામાં આવશે. તદ્દન નવા સ્ટોકમાં, ઈમરજન્સી ઓર્ડર લેવામાં આવશે.*

## લગ્નવિષયક

**ગુજરાતી કેથોલિક યુવક ઉંમર ૩૪ વર્ષ, ઊંચાઈ ૫'૬'', સરકારી નોકરી ક્લાસ-૧ ઓફિસર, ધાર્મિક, વેલસેટ ફેમિલી, સંસ્કારી, નોકરી કરતી યુવતીઓના વાલીઓએ સંપર્ક કરવો.**

**મો. ૯૪૨૭૮ ૫૭૪૮૫ / ૯૪૨૮૬ ૫૬૭૪૭**

## Matrimonial

Seeking suitable match for Gujarati Catholic girl, **BD :**Dec 1991, **Edu:** BE, MBA(Marketing), currently working in a reputed company.

* Interested parents, pl. email, bio-data of your son with photographs on **rcmacwan@gmail.com**

**(M) - 9327460567 /9925031175 /9879003934**

## લગ્નવિષયક

ગુજરાતી કેથોલિક યુવતી, ઉંમર ૩૦ વર્ષ, ઊંચાઈ ૫'૪'', અભ્યાસ B.Tech/M.Tech હાલમાં નોકરી કરતી યુવતી માટે સારી નોકરી કરતા યુવકના વાલીએ સંપર્ક કરવો.

આ જાહેરાતનો હેતુ યોગ્ય પસંદગી માટેનો છે.

**મો. ૯૪૨૯૧ ૮૨૧૯૮/૯૪૨૬૫ ૮૨૭૧૪**

Travel with Registered Travel Agent
**Passport Expert®**
Your Favorite Travel Company
**(M) 94290 29021**
www.PassportExpert.in

**એરટીકીટ, ટુરીસ્ટ વીઝા, પાનકાર્ડ, મેરેજ સર્ટીફીકેટ**

**ઈઝરાયેલ, જોર્ડન, ઈજીપ્ત, દુબઈ** — દુબઈ સાથે ₹ 1,25,000 / દુબઈ વિના ₹ 99,000

**દુબઈ** 6N/7D — ₹ 59,500 લપિતા રીસોર્ટ સાથે

**થાઈલેન્ડ** 4N/5D — ₹ 14,500 સફારી વર્લ્ડ, મરીન પાર્ક

**સીંગાપોર with ક્રૂઝ** 6N/7D — ₹ 96,000

Address : Above Jay Jalaram Nasta House, Juna Rasta, ANAND

**પાસપોર્ટના કોઈપણ પ્રકારના પ્રોબ્લેમનો નિકાલ કરી આપીશું.**

## લગ્નવિષયક

ગુજરાતી કેથોલિક યુવતી ઉ.વ. ૨૯, B.E.I.T. સોફ્ટવેર એન્જિનિયર M.N.C. કંપનીમાં જોબ કરે છે. એને સમકક્ષ યોગ્યતા ધરાવતા વેલસેટ ફેમિલિ યુવકનાં વાલીઓએ સંપર્ક કરવો. અમદાવાદ

**મો. ૮૪૬૦૩ ૧૨૯૪૯/૯૬૬૨૦ ૨૧૨૫૯**

## સતીશ ફોટોગ્રાફર, આયોજિત પ્રવાસ

(૨x૩ લક્ઝરી બસ દ્વારા પ્રવાસ)

**પ્રવાસ ૧. દૂધની, સેલવાસ, દમણ**

પ્રવાસ દિવસ : ૨ પ્રવાસ ટિકિટ : ૨૦૦૦ રૂા.

પ્રવાસ તા. ૩૦-૩૧, મે ૨૦૧૯

**પ્રવાસ ૨. દિવાળી વેકેશન પ્રવાસ વેલાંકની, કન્યાકુમારી, કેરાલા**

બીજી વેલાંકની યાત્રા (રેલવે તથા ૨+૨ લક્ઝરી બસ દ્વારા પ્રવાસ)

**ચૈન્નાઈ, પોન્ડીચેરી, વેલાંકની, ઓરીયુર, રામેશ્વર, કન્યાકુમારી, કોવાલમ, એલ્લેપી, થેક્કડી, મુન્નાર, કોચીન, કોડોઈકેનાલ, અથવા ઉટી, ત્રિચી**

પ્રવાસ તા. દિવાળી વેકેશનની શરૂઆતમાં,

પ્રવાસ દિવસ : ૧૪, ટિકિટ રૂા. ૧૭,૦૦૦/-

- રહેવા જમવા સાથે. હોટેલ બુકીંગ ૨/૩ વ્યક્તિએ એક રૂમ.
- રેલવે રીઝર્વેશન સમય મર્યાદામાં કરાવવાનું હોવાથી તા. ૧-૦૬-૧૯ પહેલા નામ નોંધાવો.

**નામ નોંધાવવા અને વધુ માહિતી માટે સંપર્ક કરો**

**સતીશભાઈ ફોટોગ્રાફર : મો. ૯૮૨૫૯ ૬૪૧૦૯**

*સંગમ સોસાયટી, સાંગોડપુરા, આણંદ*

## ઉનાળુ વેકેશન પ્રવાસ

**પ્રવાસ ૧ : સાસણગીર-જૂનાગઢ-વીરપુર-ગોંડલ પરત**

તા. ૨૭-૦૪-૨૦૧૯ થી ૨૮-૦૪-૨૦૧૯

ટિકિટ : રૂા. ૧૫૦૦/- રહેવા જમવા સાથે

બસ ઉપડવાની તા. ૨૬-૦૪-૧૯ રાત્રે ૦૯:૦૦ વાગે

પરત તા. ૨૯-૦૪-૨૦૧૯ સવારે દિવસ : ૨

**પ્રવાસ ૨: લોનાવાલા-ખંડાલા-પંચગીની-મહાબળેશ્વર-ગોવા-પરત**

તા. ૦૯-૦૫-૧૯ થી ૧૪-૦૫-૧૯ સુધી

ટિકિટ : રૂા. ૫૫૦૦/- રહેવા જમવા સાથે.

બસ ઉપડવાની તા. ૦૮-૦૫-૧૯ ની રાત્રે ૦૯:૦૦ વાગે

પરત તા. ૧૫-૦૫-૧૯ સવારે દિવસ : ૬

**પ્રવાસ ૩ : ઉદેપુર-શ્રીનાથજી-અજમેર-પુષ્કર-મેડતા-આશિયા-જૂના રણૂજા-પોંખરણ-જોધપુર-મા. આબુ-અંબાજી-પરત**

તા. ૦૯-૦૫-૧૯ થી તા. ૧૩-૦૫-૧૯ સુધી

ટિકિટ : રૂા. ૪૦૦૦/- રહેવા જમવા સાથે.

બસ ઉપડવાની તા. ૦૮-૦૫-૧૯ની રાત્રે ૦૯:૦૦ વાગે

પરત તા. ૧૪-૦૫-૧૯ દિવસ: ૫

- પ્રવાસ ૧-૨-૩ના એડવાન્સ રૂા. ૧૦૦૦/- ● બે ટાઈમ જમવાનું સવારે ચ્હા નાસ્તો

| સંપર્ક કરો | બસ ઉપડવાનું સ્થળ |
|---|---|
| વિનુભાઈ એસ. મકવાણા<br>મો. ૯૮૨૪૩ ૧૫૯૫૭ | એલીમ મેથોડીસ્ટ ચર્ચ પાસે,<br>મિશન રોડ, નડિયાદ |




✝ ઈસુ ગોવાળ છે મારો ✝

## આશીર્વાદ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ

૩+૨ લક્ઝરી બસ દ્વારા પ્રવાસ

**પ્રવાસ નં. ૧ :** કુલુ-મનાલી-સિમલા-અમૃતસર-વાઘા બોર્ડર-જયપુર-બિકાનેર-ડેલહાઉસી

પ્રયાણ તા. ૦૫-૦૫-૨૦૧૯ બપોરે ૨:૦૦ કલાકે

પરત તા. ૧૬-૦૫-૨૦૧૯ સવારે ૭:૦૦ કલાકે

દિવસ : ૧૨ ટિકિટનો દર : રૂા. ૧૫,૦૦૦/-

**પ્રવાસ નં. ૨ :** ઈઝરાયેલ-જોર્ડન-પેલેસ્ટાઈન-ઈજિપ્ત (મિસર) પવિત્ર ભૂમિના દર્શન

પ્રયાણ મે માસમાં

દિવસ : ૧૦ ટિકિટનો દર : રૂા. ૧,૦૦,૦૦૦/-

**પ્રવાસ નં. ૩ :** મહાબળેશ્વર-પંચગીની-ગોવા(૩ દિવસ)-લોનાવાલા-ખંડાલા-મુંબઈ

પ્રયાણ તા. ૨૭-૦૫-૨૦૧૯ બપોરે ૨:૦૦ કલાકે

પરત તા. ૦૪-૦૬-૨૦૧૯ સવારે ૭:૦૦ કલાકે

દિવસ : ૦૮ ટિકિટનો દર : રૂા. ૬૨૦૦/-

- દરેક પ્રવાસ અમદાવાદ-નડિયાદ-આણંદ-વડોદરાથી પીકઅપ અને ડ્રોપ કરવામાં આવશે.
- પ્રવાસમાં ચા-નાસ્તો તથા બે ટાઈમ ભોજન આપવામાં આવશે.
- રહેવાની વ્યવસ્થા હોટલમાં કરવામાં આવશે. ● રૂા. ૧૦૦૦/- આપી આપની સીટ બુક કરાવો.

**બસ ઉપડવાનું સ્થળ :**

(૧) ટી.પી. ૧૩, છાણી જકાતનાકા, વડોદરા, (૨) ખોખરા સર્કલ, મણીનગર, અમદાવાદ

**સંપર્ક કરો** સંજયભાઈ : મો. ૯૭૨૩૮ ૨૨૩૧૧

આશીર્વાદભાઈ : મો. ૭૩૮૩૫ ૧૪૨૩૮

ફાધર જયંત રાઠોડ એસ.જે. : મો. ૯૪૨૭૦ ૬૨૬૨૧

## નીલરાજ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ આયોજિત પ્રવાસ

**પ્રવાસ ૧ : મહાબળેશ્વર, ગોવા, લોનાવાલા અને મુંબઈ દર્શન**

પ્રવાસ તા. ૧૩ મે ૨૦૧૯ ઉપડવાની (૮ દિવસ) બપોરે ૦૨:૦૦ વાગે

ટિકિટ દર : રૂા. ૭૭૫૦/- (એસી. બસ), ૬૫૦૦/- (નોન એસી. બસ)

આ પ્રવાસ માટે જૂજ સીટ બાકી છે

**પ્રવાસ ૨ : બરડીપાડા, ઉનાઈ, સેલવાસ, દૂધની (ડુંગરમાવલીનો મેળો) અને દમણ**

પ્રવાસ તા. ૨૯ મે ૨૦૧૯ ઉપડવાની (૩ દિવસ) રાત્રે ૧૧:૦૦ વાગે

ટિકિટ દર : રૂા. ૨૧૦૦/- (નોન એ.સી. બસ)

દૂધની માટે એક બસ થઈ ગઈ છે. બીજી બસ માટે બુકિંગ ચાલુ છે.

● આણંદ, બરોડા, ભરૂચના પેસેન્જર્સને પીક-અપ તથા ડ્રોપની સુવિધા આપવામાં આવશે. ● પ્રવાસમાં સવારે ચા-નાસ્તો, બે ટાઈમ ભોજન, રહેવાની વ્યવસ્થા હોટલમાં.

**નિલેષભાઈ : મો. ૯૪૨૮૮૭૯૨૮૧ (WA)**
**દિનેશભાઈ : મો. ૯૯૦૯૧૪૭૬૭૯ (આણંદ)**
**રાજેશભાઈ : મો. ૯૪૨૭૭૮૬૮૭૫ (બરોડા) (WA)**
**સેમ્યુલભાઈ : મો. ૭૫૭૪૮૭૫૨૭૩ (ચાવડાપુરા)**

## HOLY LAND TOUR

May 2019

Jordan / Israel / Palestine / Egypt

**11 Days**

"feel the experience with Gujarati Guide"

**Rs. 1,00,000/- only**



**Pk Enterprise**
S-7, 2nd Floor, Triveni Arcade,
Anand-Vidhya Nagar Road,
Anand-388001, Gujarat
Email : pkenterprise06@yahoo.com
Ph : +91 9727703403 /9825146833
8460859006 /7574925929

## મહેશ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

**(૧) સિમલા - કુલુ - મનાલી - કૂફી - ડેલહાઉસી - ખજીયાર - અમૃતસર - વાઘા બોર્ડર - જોધપુર - જયપુર**

**પ્રવાસ તા.** ૧૯/૦૫/૧૯ **રાત્રે** ૮:૦૦ કલાકે

**પરત તા.** ૦૧/૦૬/૧૯ **ટિકિટ દર :** રૂા. ૧૫૯૯૦ (એ.સી. બસ)

**(૨) દિવ - સોમનાથ - દેવાળીયા પાર્ક**

**પ્રવાસ તા.** ૧૯/૦૪/૧૯ **રાત્રે** ૮:૦૦ કલાકે

**પરત** તા. ૨૨/૦૪/૧૯ સવારે

**ટિકિટ દર :** રૂા. ૨૨૦૦ (એ.સી. બસ)

**(૩) ગોવા - મહાબળેશ્વર - પંચગીની - ખંડાલા - લોનાવાલા - ખંડાલા - મુંબઈ**

**(બસ ૧) પ્રવાસ** તા. ૨૪/૦૪/૧૯ **બપોરે ૧૨:૦૦** કલાકે

**પરત** તા. ૦૨/૦૫/૧૯ સવારે

**(બસ ૨) પ્રવાસ** તા. ૦૭/૦૫/૧૯ **બપોરે ૧૨:૦૦** કલાકે

**પરત** તા. ૧૫/૦૫/૧૯ સવારે

**ટિકિટ દર :** રૂા. ૬૯૦૦ (એ.સી. બસ)

**ટિકિટ દર :** રૂા. ૬૨૦૦ (નોન. એ.સી. બસ)

**(૪) સાપુતારા - દમણ**

**(બસ ૧) પ્રવાસ** તા. ૧૨/૦૪/૧૯ **રાત્રે** ૮:૦૦ કલાકે

**પરત** તા. ૧૫/૦૪/૧૯ સવારે

**(બસ ૨) પ્રવાસ** તા. ૦૭/૦૬/૧૯ **રાત્રે** ૮:૦૦ કલાકે

**પરત** તા. ૧૦/૦૬/૧૯ સવારે

**ટિકિટ દર :** રૂા. ૧૮૦૦ (એ.સી. બસ)

**નોંધ :–**

- દરેક પ્રવાસ મહેશ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સની નવી એસી. બસમાં કરવામાં આવશે.
- દરેક પ્રવાસમાં એક ટાઈમ ચ્હા–નાસ્તો તથા બે ટાઈમ જમવા તેમજ હોટલમાં રહેવા સાથે.
- દરેક પ્રવાસની બસ વડોદરા–આણંદ–નડિયાદ–અમદાવાદ–થઈને બસ જશે. તેમજ સીટનું બુકીંગ પણ થશે.
- રૂા. ૧૦૦૦/– આપી સીટ બુક કરાવો.

**બસ ઉપડવાનું સ્થળ**

(૧) સી.ટી.એમ. અમદાવાદ
(૨) ટી.પી.–૧૩, પાણીની ટાંકી પાસે, છાણી જકાતનાકા, વડોદરા

**સંયોજક**

**મહેશ એચ. વાઘેલા (ક્રિશ્ચિયન)**
**મો. ૯૮૨૫૫ ૬૮૨૮૧ / ૮૩૨૦૧ ૫૦૭૩૮**



## મકાન વેચવાનું છે

સંપૂર્ણ સુવિધાવાળું ડુપલેક્ષ નવું બાંધકામ,
ખુલ્લી જમીન સાથે,
(ફક્ત ખ્રિસ્તી પરિવાર માટે)
ન્યૂ ટેરેસા પાર્ક, મરિયમપુરા, પેટલાદ

**સંપર્ક: મો. ૭૩૮૩૪ ૬૭૩૬૧**

## મકાન વેચવાનું છે

3 BHK, સંપૂર્ણ સુવિધાવાળુ, ફર્નિચર સાથે, બે બાજુ ખુલ્લી હવા ઉજાસવાળું તેમજ સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ દેવળની તદ્દન નજીક એવું ટેનામેન્ટ વેચવાનું છે. કિંમત ૩૫ લાખ (Negoteable)

*બી-૨૬ બેરીઝ એરીઝ એવન્યુ ચાવડાપુરા, આણંદ*

**સંપર્ક: મો. ૯૭૧૪૩૪૯૮૬૨/૯૯૦૪૩૫૫૩૬૨**

## મકાન વેચવાનું છે

**2 BHK રો-હાઉસ ડુપ્લેક્ષ**

પુરસોત્તમ પાર્ક, ગ્રીનલેન્ડ સોસાયટીની બાજુમાં,
મિશન રોડ, નડિયાદ

**સંપર્ક: મો. ૮૮૬૬૧ ૬૮૯૨૭, ૯૮૨૫૨ ૭૧૦૨૪**

## આસ્થા ટ્રાવેલ્સ (વડોદરા)

**પ્રવાસ ૧ : મહાબળેશ્વર - પંચગીની - ગોવા - લોનાવાલા - ખંડાલા - મુંબઈ દર્શન સાથે**

**ઉપડવાની તારીખ :** ૦૯-૦૫-૨૦૧૯ (૮ દિવસ)
**ટિકિટ દર :** રૂા. ૭૫૦૦/- (એ.સી. બસ)

**પ્રવાસ ૨ : કુલ્લુ - મનાલી - કૂકી - ડેલહાઉસી - ખજીયાર - અમૃતસર - વાઘાબોર્ડર - જોધપુર - જયપુર**

**ઉપડવાની તારીખ :** ૧૯-૦૫-૨૦૧૯
**પરત તારીખ :** ૦૧-૦૬-૨૦૧૯
**ટિકિટ દર :** રૂા. ૧૪,૫૦૦/-

- પ્રવાસમાં સવારે ચ્હા-નાસ્તો, બપોર અને રાત્રી ભોજન આપવામાં આવશે.
- હોટલ બુકીંગ ગોવામાં રીસોર્ટ રહેશે.
- બુકીંગ ચાલુ - ૧૦૦૦/- આપી સીટ બુક કરાવો. વહેલા તે પહેલાના ધોરણે સીટ મળશે.
- ગોવામાં ૧૧મી ટ્રીપ બદલ ઈશ્વરપિતાનો ખૂબ ખૂબ આભાર.
- નાની મોટી ગાડીઓ, ફેમીલી બુકીંગ માટે પણ સંપર્ક કરો.
- પેસેન્જરની સગવડતા મુજબ પીક-અપ, ડ્રોપની વ્યવસ્થા થશે.

**ઈમાનુએલ શર્મા**
**મો. ૯૭૧૨૬૨૦૦૯૭ / ૮૧૪૦૪૪૫૭૨૮**

# મહિમા ટાયર્સ

## સેલ્સ એન્ડ સર્વિસ

**સુરેશ મેકવાન M. : 9825585370** **કેનિથ મેકવાન M.: 90335 04754**

CEAT TVS RALCO Automobile Tyres MRF TYRES

કાર ટાયર્સ પર આકર્ષક ભેટ



apollo TYRES JK TYRE TOTAL CONTROL MICHELIN A better way forward BRIDGESTONE

**દરેક પ્રકારના ટાયર તેમજ ટ્યુબ હોલસેલ ભાવે મળશે**

**દુકાન નં-૪, કૈલાસ કોલોની, સી.ટી.એમ., હાઈવે રોડ પાસે, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬**

# ધર્મવસુધા

## પક્ષ જોડાણ કે સેવા ?

**વેટિકનઃ** એક કેથોલિક રાજકારણી માટે કોઈપણ રાજકીય પક્ષમાં જોડાવા ઉપરાંત સામાન્ય માનવીની ચિંતા વધારે મહત્ત્વની છે. ઉપેક્ષિત અને વંચિત વર્ગની સમસ્યાઓ કાને ધરવી અને તેમનું સશક્તિકરણ કરવું એ અગત્યની બાબત છે. એવી અપેક્ષા ૩ માર્ચના રોજ વડાધર્મગુરુ ફ્રાન્સિસે લેટિન અમેરિકાનાં ૨૬ યુવા અગ્રણીઓને રાજકારણ અને ધર્મસભાનું સમાજ શિક્ષણ વિષય પરના શિબિરમાં સંબોધન કરતાં વ્યક્ત કરી હતી. 'તમારી શ્રદ્ધાને પરિપૂર્ણ રીતે જીવવા હું તમને આમંત્રણ પાઠવું છું. કોઈએક રાજકીય પક્ષ પ્રત્યેની નિષ્ઠા એ જ સર્વસ્વ છે એમ માનવું ભૂલભરેલું છે.'

'એક કેથોલિક રાજકારણી કોઈપણ જાતના અતિરેક વગર સર્વ લોકોનું શક્ય હોય તેટલું ભલું કરવામાં રાચે છે.' એમ તેઓશ્રીએ ઉમેર્યું હતું અને વડાધર્મગુરુ સંત પાઉલ છઠ્ઠાની ઉક્તિ ટાંકી હતી : 'જટિલ સમસ્યાઓ વચ્ચે, જાહેર હિત સંબંધી, યર્થાથ સંખ્યાબંધ વિકલ્પની પરખ એક આગેવાનને થવી જોઈએ. જાતભાતની કર્તવ્ય વિભાવનામાં પણ એ જ ખ્રિસ્તી નિષ્ઠા-આસ્થા વ્યક્ત થવાં અનિવાર્ય છે.'

આ જ કારણથી કેથોલિક રાજનીતિજ્ઞ જુદા જુદા રાજકીય પક્ષમાં ભલે જોડાણ કરે અને અન્ય ધર્મીઓ સાથે કામકાજ કરે તે બધામાં શ્રદ્ધાને સહારે સામાન્ય હિતને જરૂર અગ્રિમતા આપશે. જ્યારે કોઈપણ કેથોલિક શ્રદ્ધાળુ રાજકારણમાં પ્રવેશ કરે છે ત્યારે સ્નાનસંસ્કારની દીક્ષાની હાકલને પ્રતાપે અને શ્રદ્ધાના પ્રતિપોષણના બળે સમુદાયની સેવા કરે છે, આ પ્રોત્સાહન વિના સત્તા, રાજકારણ અને કામકાજના પડકારો સામે તે લાચાર બની જશે. બાળકો, યુવાનો તથા મહિલાઓના પ્રશ્નોને હંમેશા પ્રાથમિકતા આપવી અનિવાર્ય છે. મહિલાઓ ધર્મ-સમાજના ઘડતરમાં પ્રમુખ આધારરૂપ છે. ચોતરફના અજંપાને કારણે યુવાનોમાં અસંતોષ વધતો જાય છે, તેઓ બળવાખોર બની રહ્યા છે, તે સંજોગોમાં તેમની સમસ્યાઓનું નિરાકરણની તાતી જરૂરિયાત છે. બાળકો, યુવાનો, મહિલાઓ તથા ગરીબની સેવા મારફતે તેમની હાજરી, તેમની પ્રસન્નતા અને ખાસ કરીને તેમની પરેશાનીઓ જાહેર સેવાનો ભેખ ધારણ કરનારાઓ માટે નિદ્રામાંથી જાગવાનો ખરો સમય છે. તેમની જરૂરિયાતો પૂરી કરવી સમયનો તકાજો છે. રાજકારણીઓ કે આગેવાનો માત્ર સૂત્રો કે વાયદાઓ આપે છે, તેનાથી સેવા શક્ય નથી.

*– CRUX*

## સુપીરિયર જનરલ સાથે મુલાકાત

**પૂણે (મહારાષ્ટ્ર):** ૭મી માર્ચ, ૨૦૧૯નો દિવસ દક્ષિણ એશિયામાં કાર્યરત ઈસુસંઘી ધર્મબંધુઓ માટે, ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે કારણ આ દિવસે ઈસુસંઘના સર્વોપરિ વડા-સુપીરિયર જનરલ પરમ પૂજ્ય ફાધર આરતુરો સોસા અબ્લેકલની મુલાકાત આ ધર્મબંધુઓ સાથે થઈ, જેમાં ૧૬૦ માંથી ૭૨ ધર્મબંધુઓ હાજર હતા. જીવનદીપ વિદ્યાપીઠના પી.જી. બ્લોકમાં અન્ય પદાધિકારીઓ સાથે, સ્વર્ગસ્થ ધર્મબંધુઓને મૌન શ્રદ્ધાંજલિ અર્પણ કરી, મુલાકાતનો આરંભ થયો હતો. રાંચી પ્રાંતના પ્રાન્તાધ્યક્ષ ફાધર મારિયાનુસ કુંજુરે વડાને શાલ ઓઢાડી, ફૂલહાર પહેરાવી સ્વાગત કર્યું હતું. સંબોધનમાં ફાધર આરતુરોએ એક ઠેકાણે મોટી સંખ્યામાં ધર્મબંધુઓને મળવાની ખુશી વ્યક્ત કરી હતી.

ધર્મબંધુઓ પણ ધર્મગુરુઓની જેવી જ પોતાની હાકલમાં સહભાગી બને છે અને ઈસુસંઘના ઉદ્દેશની પૂર્તિ કરે છે. '૧૫૪૬માં વડાધર્મગુરુ પાઉલ છઠ્ઠાએ ઈસુ સંઘના સશક્તિકરણ માટે આધ્યાત્મિક અને સાંસારિક બંને પ્રકારના સહયોગીઓની વરણી કરવા ઈસુસંઘને સંમતિ આપી ત્યારથી ધર્મબંધુઓ ઈસુસંઘનું એક અભિન્ન અંગ બની રહ્યા છે.' એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ધર્મબંધુઓનું તેડું એ ધર્મગુરુઓના જેવું જ છે, કોઈપણ સંગઠનમાં આપણે એક સાથે કામ કરીએ છીએ. શરીરનું કોઈપણ અંગ બીજાને કહી શકે ખરું કે, મારે તારી જરૂર નથી ! તમામ ઈસુસંઘીઓની હાકલ એક સમાન છે. એવું જી.સી. ૩૪માં જાહેર કરવામાં આવ્યું હતું.



ધર્મબંધુઓએ સંન્યસ્ત જીવનનો સાર આત્મસાત કરવાનો છે. ઈસુની સોંપણી અનુસાર દરેક પ્રકારનાં સેવાકાર્ય માટે ધર્મબંધુઓએ સુગ્રથિત રહેવું અનિવાર્ય છે, ઈસુસંઘનું મૂલ્ય, સંખ્યાબળ નહીં પણ ગુણવત્તા નિર્ભર છે. ઈસુસંઘની તાલીમના પ્રથમ તબક્કા(નોવિશિયેટ)માં જ ઉમેદવારની પસંદગી ધર્મબંધુ કે ધર્મગુરુની હાકલ માટે છે તે નિશ્ચિત થવું જોઈએ, એટલા માટે હાકલ અભિવૃદ્ધિ સમિતિમાં ધર્મગુરુ સાથે ધર્મબંધુ પણ હોવા આવશ્યક છે. વિશ્વભરના એક હજાર ધર્મબંધુઓ પ્રથમ વખત જનરલ કોન્ગ્રિગેશનમાં મતાધિકારી બન્યા હતા. ધર્મબંધુઓના અનન્ય સંન્યસ્ત જીવન અંગે વેટિકન દસ્તાવેજમાં પણ નોંધ લેવામાં આવી છે.

ધર્મબંધુઓની હાકલ અંગે, હાકલ નિયામક વિશેષ મહત્ત્વ આપતા નથી. એમ કહેવામાં આવે છે એ દુઃખદ બાબત છે. તેઓએ ધર્મબંધુઓની હાકલ અંગે ચિંતા દર્શાવી હતી.

૪૦ મિનિટ સુધી ફાધર આરતુરોએ, પ્રવચન આપ્યું હતું. ચારેક પ્રતિનિધિઓના પ્રશ્નોના ઉત્તર પણ તેમણે આપ્યા હતાં. 'ધ પીર્લસ ઓફ સાઉથ એશિયા' (The Pearls of South Asia) નામે પુસ્તકનું વિમોચન પણ વડાએ કર્યું હતું. જેમાં દક્ષિણ એશિયામાં કાર્યરત ધર્મબંધુઓનાં ચરિત્ર ચિત્રણનું સંપાદન થયું છે. આંધ્ર પ્રાંતના ધર્મબંધુ ઝેવિયર અમલ દ્વારા સંકલિત સીડીનું પણ વિમોચન વડાએ કર્યું હતું.

દક્ષિણ એશિયા કાર્યક્ષેત્રના સંયોજક બ્રધર સિલુવિનાથને સમગ્ર વર્ષનો અહેવાલ રજૂ કર્યો અને વર્ષ દરમિયાન મદદરૂપ બનનાર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. ફોટો સેશન તથા કોફી બ્રેક બાદ ફરી એકવાર સમાપન કાર્યક્રમ માટે સૌ હોલમાં એકત્ર મળ્યા. પુર્ન ઉર્જા અને નવો ઉત્સાહ મેળવી, એકબીજાનો આભાર માનતાં ફાધર આરતુરોને વ્યક્તિગત શુભેચ્છા પાઠવતાં મુલાકાતને અંતિમ ઓપ આપ્યો હતો.

*– બ્રધર કાર્લોસ એસ.જે.*

# ધર્મભારતી

## શહીદોને શ્રદ્ધાંજલિ

**કોલકત્તાઃ** સેંટ ઝેવિયર્સ કોલેજના 'રાષ્ટ્રીય સેવા યોજના' (N.S.S.) એકમે પુલવામાના શહીદોને વિશેષ શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ૧૭ ફેબ્રુઆરીના રોજ મહાનગરના વંચિત બાળકોની સુષુપ્ત શક્તિઓને પ્રોત્સાહન આપવા આ એકમે 'શિશુ મેળા'નું આયોજન કર્યું હતું, જ્યારે ૧૯ ફેબ્રુઆરી, ૨૦૧૯ ના રોજ શહીદોના માનમાં મીણબત્તી સરઘસનું આયોજન કર્યું હતું; જેમાં એન.એસ.એસ. ના સ્વયંસેવકો, કોલેજના વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓ તથા આચાર્ય ફાધર દોમિનિક સાવિયો જોડાયા હતા. આ રીતે આતંકવાદીઓનો ભોગ બનેલા વીર જવાનો તથા તેમના પરિવારજનો પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી હતી.

*– સૌજન્ય : કોલકત્તા જેસુઈટ ન્યૂઝ લેટર, માર્ચ ૨૦૧૯*

## મુખ્યમંત્રીના નિધનનો શોક

**ગોઆઃ** રાજ્યના મુખ્યમંત્રી મનોહર પરિકરના અવસાન નિમિત્તે રાજ્યના નેતાઓ તથા સમાજના આગેવાનો સાથે કેથોલિક ધર્મસભાના ધર્માધિકારીઓ શોકસભામાં જોડાયા હતા. 'ગોઆ અને ભારતે એક મહાન નેતા તથા ખ્રિસ્તી સમુદાયે એક વફાદાર તથા પ્રમાણિક મિત્ર ગુમાવ્યો છે એવું કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી.' એમ શોક સંદેશમાં ભારતની કેથોલિક ધર્માધ્યક્ષ પરિષદે(CBCI) જણાવ્યું હતું. ધર્માધ્યક્ષશ્રીએ પરિકરની હિંમત તથા નિર્ણયશક્તિનાં વખાણ કર્યાં હતાં.

લોયલા હાઈસ્કૂલ-મારગોઆમાં તેમણે શિક્ષણ મેળવ્યું હતું. એ બાબતનું અમને ગૌરવ છે. આવા નામાંકિત, સમર્પિત અને પ્રતિબદ્ધ નેતાના ઘડતરમાં મિશનરી શાળાનું યોગદાન રહ્યું છે, તે આદરપાત્ર છે. ખ્રિસ્તી સમુદાયની જરૂરિયાત પ્રત્યે તેઓ હંમેશા સભાન હતા. ૨૦૧૨ માં પવિત્ર શુક્રવારની રજા ફરી એકવાર જાહેર કરી તેમણે ખ્રિસ્તીઓ પ્રત્યે સહાનુભૂતિ પ્રગટ કરી હતી. વડાધર્મગુરુ ફ્રાન્સિસની ભારત યાત્રા માટે પણ તેમણે ઉત્સુકતા દર્શાવી હતી, એટલું જ નહીં આ મુલાકાત દરમિયાન તેઓ ધર્માધિકારીઓની સાથે રહેશે એવું વચન પણ આપ્યું હતું. અફસોસની વાત, હવે તેઓ આપણી મધ્યે નથી. પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અને પરિવારજનોને સાંત્વના આપે.

*– UCAN EWS*

## ચૂંટણી, પુણ્ય સપ્તાહ અને ફરજ

**ન્યુ દિલ્હીઃ** ચૂંટણી નિર્વાચન દ્વારા ૧૭મી લોકસભાની ચૂંટણીની સત્તાવાર જાહેરાત કરી છે તે પ્રમાણે ૧૧ એપ્રિલથી ૧૯ મે ૨૦૧૯ સુધી સાત તબક્કામાં આ કાર્યક્રમ પૂર્ણ થશે. વિશેષમાં આ જ સમયગાળામાં તપઋતુ અંતિમ ચરણમાં હશે એટલે કે ચૂંટણી અને પુણ્ય સપ્તાહની ઉજવણી કેટલેક ઠેકાણે એક સાથે આવે છે. ભારતનાં ૧૩ રાજ્ય-આસામ, બિહાર, છત્તીસગઢ, જમ્મુ અને કાશ્મીર, કર્ણાટક, મહારાષ્ટ્ર, મણિપુર, ઓરિસ્સા, તમિલનાડુ, ત્રિપુરા, ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ અને પોંડેચેરી-માં મતદાનની તારીખ ૧૮ એપ્રિલ છે, એટલે કે તે દિવસે પવિત્ર ગુરુવાર છે. પવિત્ર ગુરુવારને કારણે મતદાનની ટકાવારીમાં ઘટાડો થવાની પણ શક્યતા છે.

આ સંદર્ભમાં ગ્લોબલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયન ક્રિશ્ચિયનના પ્રેસિડેન્ટશ્રી સાજન કે. જ્યોર્જે ખ્રિસ્તીઓની નારાજગી એશિયા ન્યૂઝના સંવાદદાતા આગળ વ્યક્ત કરી હતી.

કેથોલિક ધર્માધ્યક્ષશ્રીઓએ પણ ચૂંટણી નિર્વાચનને મતદાનની તારીખ બદલવા અરજ કરી હતી. તમિલનાડુ, બિશપ્સ કાઉન્સિલના પ્રેસિડેન્ટ, મદુરાઈના આર્ચબિશપ ડૉ. એન્થોની પપ્પુસામીએ ૧૧ માર્ચના રોજ તમિલનાડુના મુખ્ય ચૂંટણી અધિકારીને આ સિવાય અન્ય દિવસે મતદાન તારીખ જાહેર કરવા વિનંતી કરી હતી. બેંગ્લોરના આર્ચબિશપ પીતર મચાડો તથા કેટલાંક ખ્રિસ્તી સંગઠનોએ પણ ચૂંટણી નિર્વાચનને તારીખમાં ફેરફાર કરવા રજૂઆત કરી હતી.

સરકારી નોકરીમાં કાર્યરત સેંકડો ખ્રિસ્તી અધિકારીઓ ચૂંટણી ફરજ પર હાજર થતાં ધાર્મિક વિધિઓમાં હાજરી આપવાથી વંચિત રહેવા પામશે, એવી ચિંતા આર્ચબિશપ એન્થોનીએ વ્યક્ત કરી હતી. વળી, ગ્રામ્યવિસ્તારની ધર્મસભા સંચાલિત અનુદાન પ્રાપ્ત કરતી શાળાઓમાં પર્વ ટાણે પટાંગણમાં ઉપાસના વિધિ રાખે છે એટલે મતદાન અને ઉપાસનાવિધિ બંને લગભગ એક જ પટાંગણમાં આવે એવું શક્ય બને તો એ પણ ચિંતાનું એક કારણ બની શકે એમ છે. '૧૯૮૦ના અરસામાં ચૂંટણી અને પવિત્ર સપ્તાહ, એક સમયે આવતાં, સરકારી અધિકારીને જાણ કરતાં, તમિલનાડુના પૂર્વ મુખ્ય મંત્રીશ્રી એમ.જી. રામચંદ્રને તાત્કાલિક ધોરણે લોક લાગણીને માન આપ્યું હતું.' એવું સ્મરણ તમિલનાડુ બિશપ્સ કાઉન્સિલના સેક્રેટરી ફાધર સહાયા રાજે કર્યું હતું.

૨૭ માર્ચની માહિતી પ્રમાણે તમિલનાડુ હાઈકોર્ટે મતદાનની તારીખ ફેરબદલી કરવાની અરજ નામંજૂર કરી છે. પણ પવિત્ર ગુરુવારની ઊપાસના વિધિઓમાં મતદાનને કારણે કોઈ અવરોધ ઊભો ન થાય તેની ખાતરી આપવા માટે હાઈકોર્ટે ચૂંટણી આયોગને આદેશ આપ્યો છે. હાઈકોર્ટના વલણને તમિલનાડુ બિશપ્સ કોન્ફરન્સના સેક્રેટરીએ સુખદ ગણાવ્યો છે.'અરજ ભલે ન માન્ય રાખી છતાં પવિત્ર ગુરુવારની ઉપાસના વિધિઓ પ્રત્યેક ખ્રિસ્તીજન માટે પવિત્ર શુક્રવાર જેટલી જ મહત્ત્વની છે એ બાબત હાઈકોર્ટે સ્વીકારી, ઉપાસનાવિધિમાં કોઈપણ પ્રકારની રુકાવટ ન આવે તે જોવા આદેશ આપ્યો છે.'

જોકે આ બધા વચ્ચે મદ્રાસ હાઈકોર્ટે, ચૂંટણી પ્રક્રિયામાં સહકાર આપવાની દરેક નાગરિકની અરજ છે, એ વાત યાદ આપવી હતી.

મતદાન તારીખ ફેરબદલી કરવાની વાંધા અરજી સામે ચૂંટણી નિર્વાચને જણાવ્યું છે કે, મતદાનની તારીખના રોજ તહેવાર આવવો એ કારણે તારીખ બદલવી શક્ય નથી. આ પ્રમાણે તારીખ નક્કી કરવી એટલું વ્યવહારિક નથી. જસ્ટિસ એસ. મનીષકુમાર અને જસ્ટિસ સુબ્રમણ્યમની બેન્ચે ચૂંટણી આયોગની દરખાસ્તને માન્ય રાખી હતી. એકવાર ચૂંટણીની તારીખ જાહેર થાય ત્યાર પછી તેમાં હસ્તક્ષેપ કરવો વાજબી નથી, પણ આદેશને આવકાર્યો હતો : 'પવિત્ર ગુરુવારના રોજ મતદાન તારીખ હોવાથી, શ્રદ્ધાળુઓને દેવળમાં ઉપાસનાવિધિ માટે જવામાં કોઈપણ પ્રકારનો અવરોધ ન આવે તેમ જોવા ચૂંટણી આયોગ પાસે અપેક્ષા રાખવામાં આવી છે.'

*– UCAN EWS*

# ધર્મગુર્જરી

## પર્યાવરણ જાગૃતિ

**વડોદરાઃ** ગુજરાત જેસુઈટ ઈકોલોજી મિશનના છ સભ્યગણમાંથી ત્રણ સભ્ય ઔપચારિક શિક્ષણમાં જોતરાયેલા છે, એટલે 'પર્યાવરણ જાગૃતિ' માટેની કર્તવ્યનિષ્ઠા હવે એકમેકને સોંપવાની નોબત આવી ગઈ છે. આ સંજોગોમાં પર્યાવરણ જાગૃતિ અને કામગીરીનો વ્યાપ વધારવા યોગ્ય તાલીમબદ્ધ ધર્મજનોને આ જવાબદારી સોંપવામાં આવી છે. આગળ પડતાં અને ઉદાહરણીય, ઉત્સાહી બે આદિવાસી મહિલાઓએ આ કામ પૂરજોશમાં શરૂ કર્યું છે. દક્ષિણ ગુજરાતમાં પ્રિયંકા ચૌધરી અને મોનિકા ગામીત 'પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમ' નાં પ્રોત્સાહકો છે. તેઓ વિદ્યાર્થી સમુદાયને પર્યાવરણ અંગે શિક્ષણ આપે છે અને ધરતી માતાનું જતન કરવાના પાઠ શીખવે છે.

આ વિસ્તારની ૨૬ શાળાઓમાંથી મોટાભાગની શાળાના આચાર્યગણ તેમજ કર્મચારીગણ આ ચળવળને સમર્થન આપે છે અને તેમના કામની કદર પણ કરે છે. તેઓ વિદ્યાર્થીઓને વર્ગખંડની બહાર લઈ જઈ પ્રકૃતિના સાંનિધ્યમાં વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા પર્યાવરણ પ્રત્યે સભાન કરે છે. સરળ ભાષામાં, સામાન્ય નમૂનાઓ દ્વારા ઊંડી સમજ તેમને પ્રાપ્ત થાય છે, જે ભાવિ પેઢીનું નિર્માણ કરશે. *– ફાધર રપ્પાઈ એસ.જે.*

## દશાબ્દી મહોત્સવની ઉજવણી

**આણંદઃ** ગામડી પેરિશ, સીનિયર સીટીઝન ફોરમે, ૬ ઠ્ઠી ફેબ્રુઆરીએ ફોરમની સ્થાપનાનાં દસ વર્ષની ઉજવણી ફોરમના અધ્યક્ષ તથા સભાપુરોહિત ફાધર મેક્સિમ એસ.જે. તથા મુખ્ય મહેમાન ફોરમના આદ્યસ્થાપક ફાધર આલ્બર્ટ દલગાડો એસ. જે.(સભાપુરોહિત સંત જોસફ પેરિશ વડોદરા) ની ઉપસ્થિતિમાં થઈ. આ પ્રસંગે અન્ય મહાનુભાવો સાથે સુજ્ઞશ્રી મધુબેન રાઠોડ(નિવૃત્ત આચાર્યા), સરોજબેન મેકવાન(નિવૃત્ત શિક્ષિકા), ઈન્દિરા ડાભી (નિવૃત્ત શિક્ષિકા), આમંત્રિતો, દાતાઓ તથા સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં. ઈશ્વરસ્તુતિ, શાસ્ત્રપઠન પછી દીપ પ્રાગટ્ય કરી મહેમાનોએ સમારંભને ખુલ્લો મૂક્યો. ફોરમના પ્રમુખ વિનુભાઈએ સૌનું સ્વાગત કર્યું. ત્યારબાદ મહાનુભાવોનો પરિચય તથા શાલ ઓઢાડી સન્માન કર્યું. આ પ્રસંગે દાતાઓ, ફોરમના કારોબારી સભ્યો તથા પૂર્વ પ્રમુખોનું પણ સન્માન કર્યું. ફાધર આલ્બર્ટે જીવનનાં ૭૫ વર્ષ પૂર્ણ કરેલ હોઈ ફોરમ તરફથી જન્મદિનની ઉજવણી કરવામાં આવી જેમણે પેરિશમાં વર્ષ ૨૦૧૨માં 'ફાધર પરીઝા ફાધર આલ્બર્ટ શિષ્યવૃત્તિ' શરૂ કરી છે. ફોરમ પ્રતિ વર્ષે તેમાં સહાયભૂત થાય છે. આ વર્ષે પણ ફોરમે રૂા. ૫૨ હજારનો ચેક ફાધર મેક્સિમને અર્પણ કર્યો. ફોરમે અત્યારે સુધી કુલ રૂા. ૫,૪૧,૪૧૧.૦૦ શિષ્યવૃત્તિ પેટે આપ્યા છે.

મહાનુભાવોએ ફોરમની પ્રવૃત્તિઓને બિરદાવી હતી. શ્રી વિનોદ જાદવે ફોરમનાં દશ વર્ષનાં લેખાંજોખાં રજૂ કર્યા હતાં. શ્રી સોમાભાઈએ આભારવિધિ કરી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પીયૂષભાઈએ કર્યું. અંતે પ્રભુ પ્રાર્થના, આશીર્વાદ મેળવી પ્રીતિભોજન લઈ સૌ વિખૂટા પડ્યા હતા.

*– પીયૂષભાઈ એમ. પરમાર*

## કન્યા છાત્રાલયની રજત જયંતી

**પણસોરાઃ** 'પ્રત્યેક નાની શરૂઆત એક મહાન કાર્યમાં પરિણમે છે.' આકાશમાંથી વરસતા વરસાદનાં ફોરાં એક બિંદુ હોય છે. દરેક ક્રાન્તિનું મૂળ એક ચિનગારી હોય છે, પાકથી લચી પડેલાં મોલના મૂળમાં એક બીજ હોય છે. કોઈપણ મુસાફરીનો આરંભ એક નાના કદમથી જ થાય છે. વરસાદના ફોરાં વિના ઝરણું ક્યાંથી ? બીજ વિના પાક ક્યાંથી ? વિલિયમ વિલ્બરફોર્સના આ વિધાને જ જગપ્રકાશ કન્યા છાત્રાલયનું સર્જન કર્યું છે, જેણે આજે રજતજયંતીની શાનદાર ઉજવણી ૩જી ફેબ્રુઆરીથી ૯ ફેબ્રુઆરી સુધી ગૌરવભેર તથા ભારે ઉત્સાહથી કરી છે. કેન્દ્રની આજુબાજુનાં ગામડામાં ચાલતા શિક્ષણ વર્ગ(VEP)ના વિદ્યાર્થીઓએ ૩જી ફેબ્રુઆરીના રોજ વાલીદિનની ઉજવણી કરી. ૫ ફેબ્રુઆરીએ ઓક્ષિલિયમ પ્રાયમરી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલનો વાર્ષિક દિન તથા 'સ્વ સહાય જૂથ'ની બહેનોએ ૭ મી ફેબ્રુઆરીએ ઉમંગથી ઉજવણી કરી.

૯ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ ઉજવણીનો આરંભ ખ્રિસ્તયજ્ઞથી કરવામાં આવ્યો, જેમાં માનવીય ધર્માધ્યક્ષશ્રી રત્નાસ્વામી તથા અન્ય પુરોહિતગણ જોડાયા હતા અને સંઘ સાથે પરમપિતાનો આભાર માન્યો હતો. ૨૫ વર્ષમાં સીમાચિહ્નરૂપ પ્રસંગોને સાંકળી લઈ છાત્રાલયની બાળાઓએ પ્રાર્થનાનૃત્ય રજૂ કર્યું હતું. ધર્માધ્યક્ષશ્રી અને સંઘનાં પ્રોવિન્શિયલ સિ.રીટા શેરા થોમસે રજતજયંતી સ્મૃતિગ્રંથનું વિમોચન કર્યું હતું. જગપ્રકાશ કન્યા છાત્રાલયની બાળાઓ, ગામડામાં ચાલતા શિક્ષણવર્ગ(VEP) તથા વ્યવસાયિક માર્ગદર્શન વર્ગ (VTC) ના વિદ્યાર્થીઓ તેમજ સ્વસહાય જૂથની મહિલાઓના અથાક પ્રયત્નથી રજતજયંતી મહોત્સવની ઉજવણી સૌના માટે એક યાદગાર નજરાણું-સંભારણું બની ગઈ. ઉજવણીના અંતે છાત્રાલયની બાળાઓએ રજતજયંતી ગાન મધુર સ્વરે રજૂ કર્યું. સમૂહ ભોજનના અંતે ઉજવણીનું સમાપન થયું હતું.

*– સૌજન્ય : TAM-March-2019*

## લુડર્સનાં માતાના પર્વની ઉજવણી

**અમદાવાદઃ** સી.ટી.એમ. - રામોલ ધર્મવિભાગ ખાતે ત્રણેક દિવસની સંધ્યાભક્તિ બાદ ૧૦ ફેબ્રુઆરી ૨૦૧૯ ના રોજ લુડર્સનાં માતા મરિયમના પર્વની ઉજવણી કરી હતી. અમદાવાદ ધર્મપ્રાંતના ખજાનચી ફાધર થોમસ વડેક્મે પર્વ નિમિત્તે ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો અને અગિયાર બાળકોને પ્રથમ ખ્રિસ્તપ્રસાદ પ્રદાન કર્યો હતો. સોસાયટીના હોદ્દેદારોએ બાળકો અને તેમનાં માબાપને અભિનંદન પાઠવ્યાં હતાં. આ પ્રસંગે બાળકોને ભેટ આપી, કેઈક આપી મોં મીઠું કરાવ્યું હતું. તાબાના રક્ષક સંતના તહેવારની ઉજવણીમાં ધર્મજનોનો ઉત્સાહ અનેરો હતો. લુડર્સનાં માતા મરિયમ સૌને સ્વાસ્થ્ય આપે એ જ પ્રાર્થના. *– પૉલ વિલિયમ મેકવાન*

## 'પવિત્ર આત્મા દેવાલય'નો આશીર્વાદ

**લીમડાપુરાઃ** ૨૦૦૧માં આણંદમાંથી લીમડાપુરા તાબાની નવરચના થઈ. તાબાના શ્રદ્ધાળુઓ ઉપાસના વિધિઓ માટે હોલમાં એકત્ર મળતા એટલે પૂર્વ સભાયાજ્ઞિકે

દેવાલયના નિર્માણ માટે સ્વપ્ન જોયું, જે સાકાર થતાં ૧૦ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ બપોરે ૩:૧૫ કલાકે ધર્માધ્યક્ષશ્રી રત્નાસ્વામીએ તેનો આશીર્વાદ આપ્યો. મધર પાર્કથી સરઘસરૂપે શ્રદ્ધાળુઓ ભજન કીર્તન કરતા દેવાલય સુધી પધાર્યા હતા. ધર્માધ્યક્ષશ્રીએ રીબન કાપી દેવાલયનાં દ્વાર ધર્મજનો માટે ઉઘાડ્યાં હતાં. ખ્રિસ્તયજ્ઞ દરમ્યાન ધર્માધ્યક્ષશ્રીએ આપણા જીવનમાં પવિત્ર આત્માના મહત્ત્વ વિશે સમજ આપી હતી. પવિત્ર આત્માનો નિવાસ દેવળમાં તો હોય છે જ પણ આપણા હૃદયમંદિરમાં વાસ કરે તે માટે હૃદયનાં દ્વાર ખુલ્લાં રાખવા ધર્માધ્યક્ષશ્રીએ અનુરોધ કર્યો હતો.

ખ્રિસ્તયજ્ઞ બાદ સત્કાર સમારંભમાં, સોનામાં સુગંધ ભળે તેમ, ધર્માધ્યક્ષશ્રીનો જન્મદિવસ હોવાથી સૌએ ઉમંગભેર તેઓશ્રીને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી. ધર્મસેવા સમિતિના ઉપપ્રમુખશ્રી બેનેદિક્તભાઈ તલાટીએ સૌનું સ્વાગત કર્યું હતું. ધર્માધ્યક્ષશ્રીએ ફાધર કે. ટોની, ફાધર જોસાફાત, ફાધર એન્થોની, સાધ્વી બહેનો તેમજ ધર્મજનોને આ નૂતન દેવાલયના નિર્માણ માટે અભિનંદન પાઠવ્યાં હતાં અને આભાર માન્યો હતો. આ પ્રસંગે લગભગ બે હજાર લોકોએ સાથે ભોજન લીધું હતું. ધર્મવિભાગના શ્રદ્ધાળુઓ પવિત્ર આત્માનાં વરદાન અને બાળ ઈસુના આશિષ મેળવવા વારંવાર વધારે એ જ અભ્યર્થના.

*– સૌજન્ય : TAM-March-2019*

## પ્રથમ ખ્રિસ્તપ્રસાદ અને બળસંસ્કાર

**ખંભોળજ:** ૧૦ ફેબ્રુઆરી, ૨૦૧૯ ના રોજ અનાથોની માતા દેવાલયના કુલ ૩૮ બાળકો અને યુવક યુવતીઓને અનુક્રમે પ્રથમ ખ્રિસ્તપ્રસાદ તથા બળસંસ્કાર, અમદાવાદ ધર્મપ્રાંતના ધર્માધ્યક્ષ રત્નાસ્વામીએ પ્રદાન કર્યો. સભાપુરોહિત ફાધર લોરેન્સ એ. તથા મદદનીશ સભાપુરોહિત ફાધર રાજ અને બ્રધર્સ દ્વારા તેમને સંસ્કાર માટે તૈયાર કર્યા હતાં. આધ્યાત્મિક તૈયારીરૂપે આગળના દિવસે તમામે પ્રાયશ્ચિત સંસ્કાર પણ અંગીકાર કર્યો હતો. ખ્રિસ્તયજ્ઞ દરમિયાન ક્વાયરની ભજનસેવા પણ પ્રસંશનીય હતી.

*– લોરેન્સ જે. રાઠોડ*

## શિક્ષારત્ના સન્માન

**વડોદરા:** શ્રી વિદ્યાલયના વાર્ષિકોત્સવ પ્રસંગે ૧૫ ફેબ્રુઆરીના રોજ, ગ્રીન સેંટ ઝેવિયર્સ સ્કૂલના મેનેજર ઈસુસંઘી ફાધર જોલી નડુકુદિયીલને 'પર્યાવરણ અને શિક્ષણ' ક્ષેત્રે વિશેષ કામગીરી બદલ શિક્ષા રત્ના સન્માન એવોર્ડ. ૨૦૧૮-૧૯ અર્પણ કરવામાં આવ્યો હતો. ઉજ્જડ વેરાન પ્રદેશને હાડતોડ મહેનતથી તેમણે હરિયાળો બનાવ્યો છે, એટલું જ નહીં સતત સ્થળાંતર કરતી જાતિનાં બાળકો માટે 'ઓપન સ્કૂલ' શરૂ કરી પાયાનું શિક્ષણકાર્ય કર્યું છે. આ સંજોગોમાં ફાધર જોલીને રાષ્ટ્રના ઉત્થાન માટેની તેમની સેવાની કદર કરી વિવિધ વિવિધ સેવા સંગઠનોએ પુરસ્કાર એનાયત કર્યા છે. પર્યાવરણ અને શિક્ષણપ્રેમીઓ માટે તેમની સેવા પ્રેરણાનો સ્રોત છે. ફાધરને અભિનંદન અને શુભેચ્છાઓ.

*– સૌજન્ય : જેસુઈટ સમાચાર*

## રજતજયંતી મહોત્સવ

**રાધનપુર:** ૧૬ ફેબ્રુઆરી, ૨૦૧૯ ના રોજ, ઉત્તર ગુજરાતની પ્રજાની સેવામાં સમર્પિત ૨૫ વર્ષની ઉજવણી સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલમાં કરવામાં આવી. આ પ્રસંગે ઉત્તર ગુજરાતના સંસદ સભ્યશ્રી અલ્પેશ ઠાકોર મુખ્ય મહેમાન તરીકે પધારવાના હતા પણ અનિવાર્ય સંજોગોને કારણે તેમની અનુપસ્થિતિમાં તેમના સેક્રેટરી પધાર્યા હતા. અન્ય આમંત્રિત મહેમાનોમાં ગાંધીનગર મહાધર્મપ્રાંતના મહાધર્માધ્યક્ષ શ્રી થોમસ મેકવાન, ગુજરાત ઈસુસંઘના પ્રાન્તાધ્યક્ષ ફાધર ફ્રાન્સિસ પરમાર તથા ક્રૂસ દૂહિતાઓ (ડૉટર્સ ઓફ ધ ક્રોસ)નાં પ્રોવિન્શિયલ સિસ્ટર બેનિતા ફર્નાન્ડીઝ હાજર રહ્યા હતાં. તદુપરાંત સંખ્યાબંધ પુરોહિતગણ, સાધ્વીબહેનો અને સ્થાનિક પ્રજાજનો આ ઐતિહાસિક ઘટનાનાં સાક્ષી બન્યાં હતાં. 'શિક્ષણ'ને કેન્દ્રમાં રાખી રજૂ થયેલ સાંસ્કૃતિક કાર્યક્રમ સૌએ વખાણ્યો હતો. ઉજવણીને અંતે સમૂહભોજનમાં સૌ જોડાયાં હતાં. શાળાના મેનેજર ફાધર થોમાસ કોલાડી, શાળાનાં આચાર્યા સિ. પુષ્પા એફ. સી. અને કર્મચારીઓએ ઉજવણીમાં અથાક સહયોગ આપ્યો હતો. *– ફાધર કોસમોસ*

## જીવનસાથી પસંદગી મેળો

**વડોદરા:** કેથોલિક સત્સંગ પરિવાર-અભિલાષા સભા દ્વારા ૧૭ ફેબ્રુઆરી, ૨૦૧૯ ના રોજ લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કર્યું હતું, જેમાં ૧૦૨ જેટલાં યુવક-યુવતીઓએ ભાગ લઈ મેળાને સફળ બનાવ્યો હતો. મેળાના આરંભે ૧૩ ફેબ્રુઆરી ૨૦૧૯ ના રોજ પુલવામાં શહીદ થયેલા જવાનોને મૌન શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ફાધર લાઝરસ પરમાર એસ.જે. અને મહાનુભાવોએ દીપ પ્રગટાવી મેળાનો શુભારંભ કર્યો હતો. મહેમાનોનો પરિચય, સ્વાગત અને ટૂંકા પ્રાસંગિક સંદેશ બાદ હાજર યુવક-યુવતીઓએ પોતાનો પરિચય આપ્યો હતો, જેમાંથી ઘણાંએ એકબીજા પર પસંદગી ઉતારી હતી. પરિવારના ઉત્સાહી યુવા કાર્યકર રજનીકાંત રાઠોડના સફળ આયોજનમાં અંદાજે ૩૫૦ લોકોએ, મેળાની સફળતાનો સંતોષ માણ્યો હતો. પ્રમુખશ્રી શાંતિલાલ મેકવાને, કારોબારી સભ્યો તથા મેળામાં હાજરી આપનાર સૌનો આભાર માન્યો હતો. આ પ્રકારના 'જીવનસાથી પસંદગી મેળા' અનેક યુવક-યુવતીઓના જીવનમાં આશીર્વાદ સમાન હોય છે, તેમાં શંકા નથી.

*– રાજેશ પરમાર*

## સંત જોસફ દેવાલયનો આશીર્વાદ

**અહિમા(ખંભોળજ):** ૧૭ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ બપોરે ૩:૦૦ કલાકે સેન્ટ જોસફ દેવાલયનો આશીર્વાદ માનનીય ધર્માધ્યક્ષશ્રી રત્નસ્વામીના વરદ્ હસ્તે થયો. છેલ્લાં બે વર્ષથી ગામ લોકોએ દેવળના બાંધકામનું કામ ઉપાડ્યું હતું. ગામેગામે દાન માટે ટહેલ નાખી, આખરે કામ પૂર્ણ કર્યાનો આનંદ ધર્મજનોમાં છલકાતો હતો. ગ્રામ પંચાયતથી ધર્માધ્યક્ષશ્રીનું સામૈયું કરવામાં આવ્યું હતું; જેમાં ગામના યુવાનોએ ભજનમંડળીમાં રમઝટ બોલાવી હતી. ખ્રિસ્તયજ્ઞ દરમ્યાન ધર્માધ્યક્ષશ્રીએ દેવાલયના દરવાજા, દીવાલો અને વેદીનો આશીર્વાદ કર્યો હતો. તેઓશ્રીએ નૂતન દેવાલયના નિર્માણ કાર્ય માટે ધર્મજનોને અભિનંદન પાઠવ્યાં હતાં અને રોજ રોજ દેવાલયમાં પ્રાર્થના કરવા અનુરોધ કર્યો હતો. ખ્રિસ્તયજ્ઞ બાદ સમૂહભોજન અને

રાત્રે દેવળના આશીર્વાદના માનમાં ચારેક ગામની ભજનમંડળીઓએ પ્રભુની સ્તુતિ કરી હતી. *– શૈલેષ વાણિયા*

## પારિવારિક વર્ષની ઉજવણી

**ગોધરાઃ** વડોદરા ધર્મપ્રાંત 'પરિવાર આયોગ' (The family commission) દ્વારા પંચમહાલ ડીનરીનાં દંપતીઓ માટે ૨૩ ફેબ્રુઆરી, ૨૦૧૯ ના રોજ, સેંટ મેરીસ ચર્ચ ખાતે એક દિવસનો આધ્યાત્મિક સાધના શિબિર રાખવામાં આવ્યો હતો, જેનું સંચાલન ફાધર જયંતી મેકવાને(સભાપુરોહિત-ભેસ્તાન-સુરત) કર્યું હતું. 'પ્રેમ એ જ સર્વોત્તમ માર્ગ'(૧ કરિંથ ૧૩ઃ૪-૭) ને ટાંકીને તેમણે પ્રેમનાં સ્વભાવગત લક્ષણોની વિસ્તૃત સમજ આપી હતી. ધૈર્ય, કરુણા, માનવતા, ઉદારતા, માફી, સ્વીકાર જેવા સદ્‌ગુણોથી સમૃદ્ધ પરિવાર, ઈસુ મારિયા-યોસેફના પવિત્ર પરિવાર જેવું પરિપૂર્ણ બને છે. સાધના સાથે ફાધર પ્રવીણ વિગાસની દોરવણીમાં 'જેરીખો શાંતિ યાત્રા'માં દંપતીઓએ ભાગ લીધો હતો અને ઉમળકાથી દેવાલયની સાતવાર પ્રદક્ષિણા કરી હતી. જેના અંતે ફાધર પ્રવીણે અન્ય પુરોહિતગણ સાથે ખ્રિસ્તયજ્ઞ અર્પણ કર્યો હતો. તેમણે દંપતીઓને પવિત્ર કુટુંબના આદર્શને અનુસરવા અને સાપ્રંત સમસ્યાઓ અને પડકારોનો શ્રદ્ધા તથા હિંમતથી મુકાબલો કરવા અનુરોધ કર્યો હતો. સભાપુરોહિત ફાધરે સ્લીવા એ સાધનાને સફળ બનાવવા કોઈ કસર છોડી ન હતી. સાધનામાં હાજર ૧૨૦ સભ્યગણે ખ્રિસ્તી પારિવારિક જીવનનો અર્થ સુપેરે ગ્રહણ કર્યો હતો અને જીવનમાર્ગ તરીકે અપનાવવા નિર્ધાર કર્યો હતો. 'પરિવાર આયોગ'ના નિયામક તરીકે ફાધર પ્રવીણે સૌ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

*– સૌજન્ય : બરોડા સ્પોટ લાઈટ, માર્ચ-૨૦૧૯*

## ભૂતપૂર્વ વિદ્યાર્થિની સ્નેહસંમેલન

**આણંદઃ** વિમલ મિરિયમ હાઈસ્કૂલ, ગામડીખાતે શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓનો એક સ્નેહ સંમેલન કાર્યક્રમ, સ્ત્રી કેળવણી ક્ષેત્રે અગ્રેસર એવી મંડળ સંચાલિત શિક્ષણ સંકુલના પ્રાથમિક વિભાગનાં ૧૧૦ વર્ષ અને હાઈસ્કૂલ વિભાગનાં ૬૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે ૨૪ ફેબ્રુઆરી ૨૦૧૯ના રોજ યોજાયો હતો, જેમાં મુખ્ય મહેમાન તરીકે શાળાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થિની અને ગુજરાત રાજ્ય વન અને પર્યાવરણ વિભાગનાં ડેપ્યુટી સેક્રેટરી શ્રીમતી અંજનાબેન ક્રિશ્ચિયન ઉપસ્થિત રહ્યાં હતાં. તદુપરાંત મંડળનાં કાઉન્સિલર અને શાળાનાં ભૂતપૂર્વ મેનેજર સિસ્ટર સુશીલા, વર્તમાન મેનેજર સિસ્ટર મેરી, ભૂતપૂર્વ શિક્ષિકા અને મહાત્મા ગાંધી વિદ્યાલયનાં ભૂતપૂર્વ આચાર્યા શ્રીમતી ક્લેરાબેન, ઋષિ ક્લાસીસનાં મેનેજર શ્રીમતી એની અર્ચન, સી.એમ. સ્મિતનાં મેનેજર શ્રીમતી અંજનાબેન ગોહિલ, એસ. પી. યુનિ.નાં પ્રોફેસર શ્રદ્ધાબેન, સેન્ટ ઝેવિયર્સ સ્કૂલનાં ભૂતપૂર્વ આચાર્યા શ્રીમતી મરિયમબેન, સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલનાં શ્રીમતી સ્મિતાબેન સોલંકી, લિંબાસી હાઈસ્કૂલનાં શ્રીમતી શિલ્પાબેન વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. મંગલદીપ પ્રગટાવી કાશ્મીરના શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી હતી. નૃત્ય, પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા અહેવાલ રજૂઆત, મહેમાનોનો પરિચય અને સ્વાગત બાદ શાળાના ગૌરવભર્યાં સંભારણા યાદ કર્યા હતાં. ગરબા નૃત્ય, કોમેડી નાટકના અંતે રાષ્ટ્રગીતના સમૂહગાન દ્વારા સ્નેહ મિલન કાર્યક્રમનું સમાપન થયું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી અનિલ રોન્ઝાએ કર્યું હતું.

*– શૈલેષ ક્રિસ્ટી*

## સ્વ. ફાધરને શ્રદ્ધાંજલિ

**ઉંટેશ્વરી (કડી):** ૩ ફેબ્રુઆરીના રોજ ખ્રિસ્તયજ્ઞ દ્વારા સ્વ. ફાધર લારુમ્બેને શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી. સભાપુરોહિત ફાધર વેલાંગણીએ ફાધરની છબીને હાર પહેરાવી, શ્રદ્ધાંજલિ યજ્ઞનો આરંભ કર્યો હતો. ફાધર તથા અન્ય ધર્મજનોએ ફાધરના જીવનકવન વિશે વણલખી વાતો રજૂ કરી હતી. આ પ્રસંગે સંત આન્ના મંડળનાં સાધ્વીબહેનો પણ ઉપસ્થિત રહ્યાં હતાં. શ્રી રમેશ કાનજી અસારીની છેલ્લી પ્રાર્થના દ્વારા શ્રદ્ધાંજલિનું સમાપન થયું હતું.

**સરોલી (વિજયનગર):** ૨૪ ફેબ્રુઆરીના રોજ ધર્મવિભાગમાં સ્વ. ફાધર લારૂમ્બેને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી, જેમાં ભજનો, શાસ્ત્રપાઠ વાંચન તથા પ્રતિનિધિઓ દ્વારા ફાધરના સંસ્મરણ રજૂ કરવામાં આવ્યા હતાં.

*– પ્રકાશભાઈ એમ. અસારી*

## ચૂંટણીમાં યુવાનોની ભૂમિકા

**વડોદરાઃ** ગુજરાત જેસુઈટ યુથ મિનિસ્ટ્રી દ્વારા ૨૩ ફેબ્રુઆરી ૨૦૧૯ ના રોજ 'જીવનદર્શન' ખાતે 'ભારતનું બંધારણ અને ચૂંટણીમાં યુવાનોની ભૂમિકા' વિષય પર શિબિર યોજાયો. જેમાં અલગ અલગ તાબાઓમાંથી ૧૯ જેટલા યુવાનોએ ભાગ લીધો હતો. અખિલ ગુજરાત વિદ્યાર્થી સંઘના રાહુલ પરમાર તથા વૈભવ ડાભીએ, ભારતના બંધારણમાં ચૂંટણી અને સરકારની રચના, ચૂંટણીનો ઈતિહાસ, આવનાર ચૂંટણી સામેના પડકારો અને તે બધાની સાથે યુવાનોની ભૂમિકા અંગે સમજ આપી હતી. લોકશાહી તંત્રમાં મતદાનનું મહત્ત્વ તથા ચૂંટણીકાર્ડ કઢાવવાની પ્રક્રિયા અંગે સુજ્ઞશ્રી પુષ્પાબેન મેકવાને સમજણ પૂરી પાડી હતી.

બપોરના ભોજન પછી યુવાનોને ત્રણ ટૂકડીમાં વહેંચી કેટલાક મુદ્દા : ૧. બંધારણ અને હું, ૨. મતદાન શા માટે ? તથા ૩. ચૂંટણી દરમિયાન ઊભા થતા પ્રશ્ન - ચર્ચા માટે આપ્યા હતા. જૂથ ચર્ચાને અંતે પ્રત્યેક ટુકડીએ પોતાનો અહેવાલ રજૂ કર્યો હતો. શિબિરના અંતે યુવાનોએ ચૂંટણી સંદર્ભમાં જાગૃતિ માટે ભાવિ કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં પોતે મેળવેલાં માહિતી-જ્ઞાન, વિસ્તાર મુજબ બે ત્રણ કલાકની બેઠક ગોઠવી, વધારેમાં વધારે યુવાનો સુધી પહોંચાડવા નિર્ધાર કર્યો હતો. રાજકારણ પ્રત્યે યુવાનોને અભિમુખ કરવાનો આ શિબિર, યુથ મિનિસ્ટ્રીના ડાયરેક્ટર ફાધર નગીન મેકવાન એસ.જે.ના માર્ગદર્શનમાં અને સિસ્ટર મંજુલા આર.જે. એમ.ના સહકારથી સંપન્ન થયો હતો. આયોજકો અને શિબિરાર્થીઓને ધન્યવાદ. જૂથ ફોટો અને પ્રમાણપત્ર એનાયત થકી શિબિર પૂર્ણ થયો હતો. *– જિગ્નેશ ક્રિશ્ચિયન, વટવા*

## બાઈબલ અધિવેશન

**માંડલઃ** ઈસુએ પોતાના બાર શિષ્યોને પાસે બોલાવીને ઈશ્વરના રાજ્યની ઘોષણા કરવા અને માંદાઓને સાજા કરવા મોકલી આપ્યા.(લૂક ૯ઃ૨) ઈસુના આ આદેશને માથે ચડાવી સંત જોસફ ધર્મ વિભાગે ૨૨ થી ૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૯ ના રોજ, શ્રદ્ધાળુઓ માટે ત્રિદિવસીય બાઈબલ અધિવેશનનું




આયોજન કર્યું; જેનું સંચાલન કપુચિન ફાધર થોમસ ઓ.એફ.એમ. તથા સાથીદારોએ કર્યું હતું. માંડલ-વ્યારાના ધર્મજનોએ આ ટાણે 'પરિવારની ભેટ' માટે પરમેશ્વરનો આભાર પણ માન્યો હતો. આ અધિવેશન એક યાદગાર આધ્યાત્મિક સંભારણું હતું. ધર્મવિભાગના વિવિધ સંગઠનના પ્રતિનિધિઓ, સાધ્વીબહેનો તથા પુરોહિતગણની 'અધિવેશન સમિતિ' એ આયોજન કર્યું હતું અને તેનું અમલીકરણ પણ કર્યું હતું. આભાર અને અભિનંદન.

*— ફાધર જોન પૉલ લોબો*

## આંતરરાષ્ટ્રીય મહિલા દિન

**અમદાવાદઃ** ૧૦ માર્ચ, ૨૦૧૯ રવિવારના રોજ, સેંટ ઝેવિયર્સ ચર્ચ-નવરંગપુરા ખાતે 'રોશની' વીમેન્સ ગૃપ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલાદિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી. ખ્રિસ્તયજ્ઞના આરંભે ગૃપની બહેનોએ પ્રવેશ નૃત્ય રજૂ કર્યું હતું. ખ્રિસ્તયજ્ઞમાં ફાધર ફ્રાન્સિસ ડિસા સાથે અન્ય પુરોહિતગણ જોડાયા હતા. પ્રાર્થનાનૃત્ય બાદ ગૃપનાં પ્રમુખ ઈન્દુ રાવે આ વર્ષના સૂત્રવિધાન 'Balance for better'ની સાથે 'સમકક્ષ વિચારો, કાબેલ બનો, પરિવર્તન માટે નવું કરો'ની સમજ ઉજવણીની પૂર્વભૂમિકામાં રજૂ કરી હતી.

ગૃપના કોર કમિટીના સભ્યગણે મીણબત્તી પ્રગટાવી અને સભાપુરોહિત ફાધર જોસ તથા શ્રદ્ધાળુઓના તાળીઓના ગડગડાટ વચ્ચે ઉજવણી આગળ વધી હતી. ગૃપના માર્ગદર્શક અને સલાહકાર ફાધર ફ્રાન્સિસ ડીસાએ 'Balance for better' સૂત્રવિધાનનો અર્થ માર્મિક રીતે રજૂ કર્યો હતો. ખ્રિસ્તયજ્ઞમાં વેદીસજાવટ, શાસ્ત્રપાઠ વાંચન, અર્પણ, ભજનગાન એમ સઘળી જવાબદારી બહેનોએ ઉપાડી હતી. ખ્રિસ્તયજ્ઞ બાદ સાંસ્કૃતિક કાર્યક્રમમાં દીપ પ્રાગટ્ય, પ્રાર્થનાગીત બાદ સિ. રીટા જોસફ(સુપીરિયર-ડૉટર્સ ઓફ સેંટ પૉલ)એ પ્રાસંગિક પ્રાર્થના કરાવી હતી. ડૉ. રાજશ્રી શર્માએ પ્રાકૃતિક ઉપચારો વિશે તેમજ સુજ્ઞશ્રી શીલામનીએ દિવ્યાંગ બાળકોના ઉછેર માટે વિચારો રજૂ કર્યા હતા. ત્રીજા વક્તા ડૉ. સુજા નાયરે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા મહિલાઓના કુટુંબ, સમાજ તથા અન્ય ક્ષેત્રોમાં પુરુષો તથા મહિલાઓ દ્વારા થતા શારીરિક-માનસિક અત્યાચારોની રજૂઆત કરી, સત્ય ઘટનાઓને આધારે આ સંદર્ભમાં કાયદાકીય માહિતી આપી હતી.

ત્રણેય વક્તવ્યની વચ્ચેવચ્ચે લોકનૃત્ય, નાટક, રાસ-ગરબા અને ગીતોની અભિવ્યક્તિએ વાતાવરણને સમતલ રાખ્યું હતું. આ સાથે સુજ્ઞશ્રી વંદના ક્રિશ્ચિયન અને પુષ્પા ડી'સોઝા તથા શોભા વર્ગીસે પોતાના કાર્યક્ષેત્રના અનુભવોનું બયાન આપી બહેનોને સાહસિક બનવા પ્રેરણા આપી હતી. ગૃપ દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિનની પ્રથમ વખતની ઉજવણી, યાદગાર બની રહેશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રેની ક્લેમેન્ટે કર્યું હતું.

*— જેનીફર ડાયસ*

## પરીક્ષા પૂર્વે માર્ગદર્શન

**નડિયાદઃ** સેન્ટ જોસફ ધર્મવિભાગના ધોરણ ૧૦ અને ૧૨ના પરીક્ષાર્થીઓ માટે જાહેર પરીક્ષા પૂર્વે માર્ગદર્શનનો કાર્યક્રમ તાબામાં કાર્યરત સ્ટાર ગૃપ દ્વારા ૩જી માર્ચ, ૨૦૧૯ ના રોજ યોજાયો હતો, જેમાં સેંટ મેરીસ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના આચાર્ય ફાધર જોન બાપ્તિસ્તએ પરીક્ષાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. યુવાનોનું આ સ્ટાર ગૃપ ગાંઠનાં નાણાં ખર્ચી, સમાજ અને ધર્મસભા ઉપયોગી ઘણી પ્રવૃત્તિઓ વર્ષ દરમિયાન કરે છે. અભિનંદન.

*— વિરલ પરમાર*

## વિદ્યાર્થિનીઓને સાઈકલ વિતરણ

**અમદાવાદઃ** સોસાયટી ઓફ સેન્ટ વિન્સેન્ટ દે પોલ સેન્ટ મેરીસ વીમેન કોન્ફરન્સ દ્વારા જરૂરિયાતમંદ વિદ્યાર્થિનીઓને સાઈકલ વિતરણનો કાર્યક્રમ ૩ માર્ચ, ૨૦૧૯ના રોજ સાંજે ૪:૦૦ કલાકે ચર્ચ હોલ ખાતે યોજાયો હતો. આ પ્રસંગે સેન્ટ્રલ કાઉન્સિલ અમદાવાદના પ્રમુખશ્રી દાનિયેલ ક્રિસ્ટીએ કોન્ફરન્સના સભ્યગણને સેવા પ્રવૃત્તિ માટે અભિનંદન પાઠવ્યાં હતાં. વેસ્ટર્ન ઈન્ડિયા રીજિયોનલ કાઉન્સિલના પ્રોજેક્ટ મોનિટરિંગ ઓફિસર બ્રધર સિરિલ મેકવાને પ્રોજેક્ટ અંગે માહિતી પૂરી પાડી હતી અને સભાપુરોહિત ફાધર વોલ્ટર ડી'સોઝાએ બાર સાઈકલ તથા લાભાર્થી વિદ્યાર્થિનીઓને આશીર્વાદ આપ્યા હતા. કોન્ફરન્સનાં પ્રમુખ સુજ્ઞશ્રી ફિલોમીનાબેન ક્રિશ્ચિયને, કોન્ફરન્સની વિવિધ સેવા પ્રવૃત્તિની જાણકારી આપી, મહિલા અને બાળ ઉત્કર્ષની કામગીરી ઉત્સાહથી કરવા ખાતરી આપી હતી. આ પ્રસંગે કાઉન્સિલ તથા કોન્ફરન્સના હોદ્દેદારો, લાભાર્થી બહેનો તથા તેમનાં સ્વજનો ઉપસ્થિત રહ્યાં હતાં. ૮ માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય મહિલાદિનની ઉજવણી પ્રસંગે સમગ્ર પ્રજાજનો મહિલા સશક્તિકરણ મહિલાદિનની ઉજવણી પ્રસંગે સમગ્ર પ્રજાજનો મહિલા સશક્તિકરણનાં વચનોની લહાણી કરે છે ત્યારે વીમેન્સ કોન્ફરન્સે વિદ્યાર્થિનીઓને સાઈકલ વિતરણ કરી, સશક્તિકરણનું ઉદાહરણ પૂરું પાડ્યું છે.

*— શ્રી રાજેશ સોલંકી*

## માતા મરિયમની ટેકરીનો આશીર્વાદ

**સારોલી(વિજયનગર):** 'શિશુપ્રેમી ઈસુ મંદિર'ના પટાંગણમાં લુર્ડસનાં માતા મરિયમની નવીન ટેકરીનો આશીર્વાદ ૩જી માર્ચ, ૨૦૧૯ ના રોજ ગાંધીનગર મહા ધર્મપ્રાંતના મહાધર્માધ્યક્ષ થોમસ મેકવાને કર્યો હતો. 'પવિત્ર ગુલાબમાળા વર્ષ' ની ઉજવણી અને સ્વ. ફાધર લારુમ્બેની સ્મૃતિમાં આ ટેકરીનું નવીનીકરણ કરવામાં આવ્યું છે. એવો ઉલ્લેખ સભાપુરોહિત ફાધર મિકીએ આ પ્રસંગે કર્યો હતો.

ખ્રિસ્તયજ્ઞ દરમિયાન મહાધર્માધ્યક્ષશ્રીએ માતા મરિયમના ચમત્કારોની જાણકારી શ્રદ્ધાળુઓને આપી હતી. શ્રદ્ધાળુઓએ અગરબત્તી પ્રગટાવી માતાજી પ્રત્યે સન્માન પ્રગટ કર્યું હતું. એક દાતાની ઉદારતાથી સૌને પ્રસાદીનું વિતરણ કર્યું હતું.

*— અસારી પ્રકાશ એમ.*

## ‘કોરવી માતા દિન’ની ઉજવણી

**વડોદરાઃ** ૧૭ ફેબ્રુઆરી, ૨૦૧૯ ના રોજ વડોદરા આદિવાસી પરિવારે પ્રથમ વખત ડૉન બોસ્કો સ્કૂલ હોલ-મકરપુરા ખાતે ‘કોરવી માતા દિન’ની ઉજવણી કરી હતી, જેમાં દક્ષિણ ગુજરાતમાંથી સ્થળાંતર કરી વડોદરા મહાનગરમાં સ્થાયી થયેલાં ૩૫ પરિવાર - ૧૩૦ સભ્યગણે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ‘કોરવી મા’ ની છબી સાથે આદિવાસી નૃત્ય સંગાથે, ખ્રિસ્તયજ્ઞનો આરંભ થયો હતો. મુખ્ય યાજક ફાધર દલસુખ વસાવા સાથે ફાધર જોયલ પાયસ(વિકર જનરલ-વડોદરા ધર્મપ્રાંત) અને ફાધર દરેશ રાઠવા એસ.ડી.બી. જોડાયા હતા. ફાધરે પોતાની આગવી લાક્ષણિક શૈલીમાં, કોરવી મા ના સાંનિધ્યમાં થયેલા અનુભવ, વસાવીમાં રજૂ કર્યા હતા. ‘કેવળ માતા મરિયમ જ આપણને ઈસુ તરફ દોરી જાય છે, જો મા આપણી સાથે હોય તો પ્રભુ ઈસુનો આશીર્વાદ મળવાનો જ છે.’ એવી ખાતરી તેમણે ઉચ્ચારી હતી. ખ્રિસ્તયજ્ઞ બાદ પ્રાર્થનાનૃત્ય, દીપ પ્રાગટ્ય અને સાંસ્કૃતિક કાર્યક્રમથી ઉજવણીને વેગ મળ્યો હતો.

વડોદરા આદિવાસી પરિવારના પ્રમુખશ્રી રમેશ વસાવાએ આમંત્રિત મહેમાનો અને પરિવારજનોનું સ્વાગત કર્યું હતું. મંત્રીશ્રી મથુર વસાવાએ પરિવારની સફળ યાત્રા અને ભાવિ દર્શન રજૂ કર્યા હતાં. મહારાજા સયાજીરાવ યુનિ. વડોદરામાંથી સામાજિક કાર્યક્ષેત્રે પી.એચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરનાર ડૉ. નરેન્દ્ર વસાવાનું અનન્ય સિદ્ધ માટે આ પ્રસંગે બહુમાન કર્યું હતું. સમાજમાં શિક્ષણ, સેવા અને ભાગીદારીની જરૂરિયાત માટે તેમણે સંદેશ આપ્યો હતો. જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજ-ગોત્રી વડોદરામાંથી એમ.બી.બી.એસ.ની ડિગ્રી પ્રાપ્ત કરનાર ડૉ. આઈરિસ રજવાડીનું પણ બહુમાન કર્યું હતું. ‘ધ બરોડા આદિવાસી પરિવાર ન્યૂઝ લેટર’, સમાજના મુખપત્રની પ્રથમ આવૃત્તિનું વિમોચન ફાધર દલસુખ વસાવાના હસ્તે કરવામાં આવ્યું હતું. દર સપ્તાહના અંતે આદિવાસી સમાજ મધ્યે પ્રૈષિતિક સેવા કરનાર બ્રધર અનિસ દેવેસિયાનું સન્માન કરવામાં આવ્યું હતું.

‘સ્થળાંતરિત આદિવાસી સમાજે પોતાની અસ્મિતા-ઓળખ જાળવી રાખવા માટે સહભાગીદારીની આવશ્યકતા છે.’ એવો સંદેશ ફાધર જોયલે આપ્યો હતો. વિશેષમાં સમાજની બહેતર સેવા માટે સંન્યસ્ત જીવન માટે યુવાન-યુવતીઓ આગળ આવે એવો અનુરોધ પણ તેમણે કર્યો હતો. સમૂહભોજનના અંતે ઉજવણીનું સમાપન થયું હતું.

*— સૌજન્ય : બરોડા સ્પોટ લાઈટ-માર્ચ, ૨૦૧૯*

## યુવાવર્ષનું સમાપન

**વડોદરાઃ** ૧૬, ૧૭ ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ વડોદરા ધર્મપ્રાંતનો ‘યુવાવર્ષ સમાપન’ કાર્યક્રમ જીસસ એન્ડ મેરી કોન્વેન્ટ સ્કૂલમાં યોજાયો, જેમાં ધર્મપ્રાંતના ૩૫૦ થી વધારે યુવક-યુવતીઓએ હાજરી આપી હતી. ધર્મપ્રાંતના પ્રૈષિતિક વહીવટકર્તા પૂર્વ મહાધર્માધ્યક્ષ ગાંધીનગર મહાધર્મપ્રાંત પરમપૂજ્ય સ્તાનિસલાઉસ ફર્નાન્ડીઝ એસ.જે., અને ફાધર જોયલ પાયસ-ધર્મપ્રાંતના વિકર જનરલ તથા મોટાભાગના ધર્મવિભાગમાંથી પધારેલા પુરોહિતગણ તથા સાધ્વીબહેનોની હાજરી એ યુવાવર્ગને પ્રોત્સાહન મળ્યું હતું. યુવાવર્ગ તરફથી રજૂ કરવામાં આવેલા વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમે પ્રેક્ષકોને જકડી રાખ્યા હતા. એક એકથી ચડિયાતા ડાન્સની અભિવ્યક્તિએ સૌનાં દિલ જીતી લીધાં હતાં. આ કાર્યક્રમમાં અ) સોશ્યલ મીડિયાનો વિવેકપૂર્ણ ઉપયોગ, બ) પર્યાવરણ અને યુવાનો, ક) પારિવારિક જીવન અને યુવાનો તથા, ડ) વર્તમાન સામાજિક, ધાર્મિક અને રાજકીય સ્થિતિમાં યુવાનોની ભૂમિકા જેવા મહત્ત્વના મુદ્દાઓની વિગતવાર રજૂઆત-ચર્ચા યુવાનો સાથે કરવામાં આવી હતી.

વડોદરા મહાનગરમાં સ્થિત ધર્મવિભાગ તથા કેન્દ્રના પુરોહિતગણ, સાધ્વીબેનો તથા ધર્મપ્રાંતના યુવા સંયોજક ફાધર રાકેશ મેકવાનની અથાગ મહેનતથી કાર્યક્રમ સફળ રહ્યો હતો.

*— સૌજન્ય : બરોડા સ્પોટ લાઈટ - માર્ચ ૨૦૧૯*


## આદિવાસી ભાષામાં અજોડ સીમાચિહ્ન

**વ્યારા :** સંયુક્ત રાષ્ટ્રસંઘે(UNO) વર્ષ ૨૦૧૯ ને ‘વિશ્વ આદિવાસી ભાષા વર્ષ’ તરીકે જાહેર કર્યું છે, ત્યારે ‘વિશ્વ માતૃભાષા દિવસ’ ૨૧ ફેબ્રુઆરીના રોજ, દક્ષિણાપથ વિવિધલક્ષી વિદ્યાલય-વ્યારામાં ગુજરાતના રાજ્યપાલ મહામહિમ ઓ.પી. કોહલીજીના વરદ્ હસ્તે ઈસુસંઘી ફાધર રેમન્ડ ચૌહાણના પુસ્તક ‘ચૌધરી ભાષા’નું લોકાર્પણ કર્યું હતું, જે ગુજરાતના આદિવાસી ભાષા સહિતમાં એક સીમાચિહ્નરૂપ ઘટના છે. આ પ્રસંગે સંખ્યાબંધ ઈસુસંઘીઓ અને અંદાજે ૨૦૦૦ જેટલા ચૌધરી આદિવાસીઓ તેમજ ફાધરનાં પરિવારજનો ગૌરવ સાથે ઉપસ્થિત રહ્યાં હતાં. આદિવાસી ભાષાઓમાં પારંગત ફાધર રેમન્ડના અન્ય આદિવાસી ભાષાઓના વ્યાકરણ ગ્રંથ-ગામિત(૧૯૯૭), ડાંગી(૨૦૧૧) અને વસાવી(૨૦૧૬)-આ અગાઉ પ્રકાશિત થયા છે. એકલે હાથે આદિવાસી ભાષાઓના વ્યાકરણગ્રંથનું સર્જન કરી ફાધર રેમન્ડે ભગીરથ કામ પાર પાડ્યું છે.

‘આદિવાસી ભાષા વર્ષ અને માતૃભાષા દિવસની ઉજવણી નિમિત્તે આ વ્યાકરણ ગ્રંથનું લોકાર્પણ એક વિરલ પ્રસંગ છે,’ એવો પ્રતિભાવ વ્યારાના અગ્રગણ્ય મેડિકલ ડૉક્ટર શ્રી સુરેશ ચૌધરીએ આપ્યો હતો. ‘આદિવાસી ભાષા સંવર્ધન જતન કાર્યક્રમ’નું આયોજન આદિવાસી સાહિત્ય અકાદમી દ્વારા કરવામાં આવ્યું હતું પણ પુસ્તકની છપામણી સાથેનો સમગ્ર ખર્ચ ચૌધરી પ્રજાએ ઉપાડ્યો હતો. લોકભાગીદારી અને સહકારનું આથી ઉત્તમ ઉદાહરણ બીજું શું હોઈ શકે ! આ પ્રસંગે અકાદમીના કાર્યકારી પ્રમુખ શ્રી જીતેન્દ્ર વસાવાએ આદિવાસી ભાષાના સમૃદ્ધ ખજાના વિશે તેમજ વિશ્વમાં કેટલીક ભાષાઓ લુપ્ત થવાને આરે છે, તેનાં જોખમ જણાવી ચેતવણી પણ ઉચ્ચારી હતી.

હજારેકપાનાના, આબેહૂબવર્ણનકલાના રત્નસમાન ગ્રંથનું વિમોચન રાજ્યપાલશ્રીએ કર્યું ત્યારે વિવિધ આદિવાસી વાદ્યોના મેઘગર્જના જેવા નાદ અને સૂરોએ વાતાવરણને આનંદની છોળોથી છલકાવી દીધું હતું.

**શું આપને ‘દૂત’ નથી મળ્યો ? બની શકે આપનું લવાજમ બાકી ના હોય ! ‘દૂત’નું લવાજમ ભરવા સત્વરે ‘દૂત’ કાર્યાલય અથવા ‘દૂત’ સ્વયંસેવકનો સંપર્ક કરો.**




ફાધર રેમન્ડે પોતાની વાત ચૌધરી ભાષામાં જ વ્યક્ત કરી, આદિવાસી ભાષા પ્રત્યેનો પોતાનો પ્રેમ સિદ્ધ કર્યો હતો. જ્યારે અન્ય મહાનુભાવોએ હિન્દી જબાન પસંદ કરી હતી. સ્વયંસ્ફૂરિત વક્તવ્યમાં ચૌધરી ભાષાને ફાધરે સંસ્કૃતિ અને પરંપરાની ચાહક જન્મદાત્રી તરીકે ઓળખાવી હતી. અત્યાર સુધી માત્ર મૌખિક પરંપરામાં કંઠોપકંઠ જળવાવેલી આદિવાસી ભાષાને લિપિબદ્ધ અને સાહિત્ય સર્જનમાં અપનાવવા આગ્રહ કર્યો હતો. આદિવાસી સંસ્કૃતિ - કલા અને ઓળખની જાળવણી તથા સંવર્ધન માટે ભાષા મહત્ત્વની છે, તેનું જતન કરવાની જવાબદારી આદિવાસી પ્રજાની છે. તે તેમણે અત્રે જણાવ્યું હતું.

એક બિન આદિવાસી પુરોહિતે, આદિવાસી પરંપરાને હસ્તગત કરી કદાવર પડકાર ઝીલવા બદલ રાજ્યપાલશ્રીએ ફાધરને અભિનંદન પાઠવ્યા હતાં. સાહિત્ય અકાદમી-દિલ્હી દ્વારા પ્રકાશિત(૨૦૦૨) 'ગામીત દંતકથાઓ' હાલમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. સુરતના અનુસ્નાતક અભ્યાસક્રમમાં સામેલ છે, તેનું સ્મરણ રાજ્યપાલશ્રીએ કરાવ્યું હતું. 'આદિવાસી ઓળખ વિના ભારતની વિરાટકાય ઓળખ અધૂરી છે, ભાષા આ ઓળખનું નોંધપાત્ર અંગ છે અને ફાધર રેમન્ડ તેને યર્થાથરૂપ આપવા અને એ દિશામાં પ્રયાણ કરવા કૃતનિશ્ચયી છે, તેમની આ યાત્રા અવિરત જારી રહે તેવી મારી શુભેચ્છા !' જણાવી તેઓશ્રીએ ફાધરને આશીર્વચન આપ્યાં હતાં. જન્મે મરાઠી પણ ગૂજરાત વિદ્યાપીઠ-અમદાવાદના 'સવાયા ગુજરાતી' કાકા કાલેલકર, સ્પેનિશ માતૃભાષા હોવા છતાં ગુજરાતીમાં વિશાળ શ્રેણીમાં સાહિત્ય સર્જનથી અદકેરા ગુજરાતી સર્જક તરીકે જાણીતા ફાધર વાલેસની શૃંખલામાં જન્મે અમદાવાદી પણ કર્મે આદિવાસી ફાધર રેમન્ડ, આદિવાસી ભાષાના સંવર્ધન, જતનનું કાર્ય સુપેરે પાર પાડે તે જ વિશ્વ આદિવાસી ભાષા વર્ષની સર્વોત્તમ ફલઃશ્રુતિ હશે. ફાધર રેમન્ડને અભિનંદન અને શુભેચ્છા.

- સૌજન્ય : ગુજરાત જેસુઈટ સમાચાર


## મકાન વેચવાના છે

**વૈભવ સોસાયટી અને શ્રેયસ સોસાયટી, સેન્ટ ઝેવિયર્સ રોડ, પાધરિયા, આણંદમાં સંપૂર્ણ સુવિધાવાળા રો-હાઉસ અને ટેનામેન્ટ વેચવાના છે.**

**સંપર્ક : મો. ૯૪૨૮૪ ૭૯૩૦૫**


## હાકલ શિબિર

**વડોદરાઃ** ૧૦ માર્ચ, ૨૦૧૯ના રોજ ડૉન બોસ્કો મકરપુરા ધર્મવિભાગમાં, સભાપુરોહિત ફાધર આઈઝેકના માર્ગદર્શન અને પ્રેરણામાં એક અનોખો હાકલ શિબિર યોજાયો, જેમાં યુવક-યુવતીઓ અને વાલીગણે હાજરી આપી હતી. સભાપુરોહિતે અગાઉથી ધર્મપ્રાંતનાં સંન્યસ્ત મંડળ (ભાઈઓ અને બહેનો માટેનાં)ને દેવળના પટાંગણમાં માહિતીકેન્દ્ર ઊભાં કરવા તથા મંડળની જાણકારી આપવા આમંત્રણ પાઠવ્યાં હતાં, તદુપરાંત તેના લાભાર્થીઓ-યુવાવર્ગ તથા વાલીગણને પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યું હતું.

માહિતી કેન્દ્રમાં જે તે મંડળનાં સ્થાપક / સ્થાપિકો તેમજ મંડળની સૂત્રવિધાન ઉક્તિઓનાં બેનર્સ, પુસ્તિકાઓ, પત્રિકાઓ, ચોપાનિયાં વગેરે ઉપલબ્ધ કર્યાં હતાં. માહિતી કેન્દ્રોની મુલાકાત બાદ તમામ સભાખંડમાં એકત્ર મળ્યાં હતાં. સંમેલનની ઔપચારિકતા પૂર્ણ કરી દરેક સંન્યસ્ત મંડળે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા મંડળના સ્થાપક કે સ્થાપિકા, ઉદ્દેશ, સેવાકાર્ય, સાપ્રંત નવી દિશાઓ, લાક્ષણિકતાઓ, સિદ્ધિઓ વગેરે રજૂ કર્યા હતાં. રજૂઆત બાદ યુવાવર્ગ તરફથી પોતાની મૂંઝવણો પ્રશ્નરૂપે રજૂ કરી હતી અને હાજર હાકલ નિયામકશ્રીઓએ સંતોષકારક જવાબ આપ્યા હતા.

યુવાવર્ગ તથા વાલીગણનો ઉત્સાહ જોતાં લાગ્યું હતું કે આ રીતે સમગ્ર રીતે સંન્યસ્ત મંડળોનો યુવાવર્ગને પરિચય કરાવવાની રીતે તેમને પસંદ પડી હતી. 'પ્રભુ મને બોલાવે છે' હાકલ શિબિરના બેનર હેઠળ પ્રભુની વાડીમાં પાક લણનારા માટે બીજનું વાવેતર તો નિશ્ચિતરૂપે થયું છે, હવે તેને અંકુરીત કરવું પ્રભુના હાથમાં અને પ્રોત્સાહન પૂરાં પાડવાં એ મંડળના જવાબદાર લોકોના સાથમાં છે. સભાપુરોહિતા પહેલા સંન્યસ્ત મંડળોનો સહયોગ તથા યુવાવર્ગના સહકારથી હાકલ શિબિર સફળ બની હતી, પ્રભુની કૃપા તેને સાર્થક કરે.

*— સિ. રેશ્મા મેન્યુઅલ મેકવાન*


## Teachers Required

**St. Dominic's Primary School, Kawant (Eng. Med.)**

**1. K.G. Section : 2 teachers with Montessari training**
**2. Lower Primary (Std. 1 to 5) : 2 teachers**
**Qualification :** P.T.C., B.A. B.Ed in English Medium

Apply for interview will full Bio-data and be presant on **27th April at 10:00** a.m. with original certificates.

**The Principal, St. Dominic's Primary School, (Eng. Med.)**
*Nicol Bhavan, Bodeli road, Dist - Chhotaudepur,*
*Post- Kawant - 391170,* **Mo. : 75749 66792**



## લગ્ન પ્રમાણપત્ર MARRIAGE CERTIFICATE

મફત લગ્નની નોંધણી કરાવવા આજે જ સંપર્ક કરો. ● ઘેર બેઠાં કુરિયર દ્વારા લગ્ન પ્રમાણપત્ર માત્ર રૂા. ૫૦૦/-માં. ● વીઝા, L.I.C., પેન્શન, આધારકાર્ડ, જન્મ-મરણનો દાખલો, સ્કૂલ પ્રવેશ વગેરે માટે નોંધાયેલ લગ્ન પ્રમાણપત્ર રજૂ કરવું ફરજિયાત છે. ● લગ્ન પ્રમાણપત્રમાં ભૂલ હોય, નામ કે અટકમાં સુધારો અથવા કોઈપણ સુધારા કરાવી આપવામાં આવશે. ● નહીં નોધાયેલ કે પાળક દ્વારા નોંધણી કરાવવાની રહી ગયેલ હોય તે લગ્ન પ્રમાણપત્રને જૂની તારીખમાં નોંધણી કરાવી સરકારી લગ્ન પ્રમાણપત્ર મેળવો. ● પાળક સાહેબ, સિનિયર સિટિઝન અને વકીલ મિત્રોને મફત સહાય આપવામાં આવશે. ● **પાસપોર્ટ માત્ર રૂા. ૧૮૦૦/-માં ફી સહિત મેળવો. ● JACOB CHRISTIAN : 73593 19101**

*5-A, Republic Christian society, Nr. Beulah Alliance Church,*
*Maninagar (east) Ahmedabad-380008*

## પ્રથમ પુણ્યતિથિએ અશ્રુભીની શ્રદ્ધાંજલિ



**સ્વ. રમણભાઈ મૂળજીભાઈ સોલંકી**

આલોકે આગમન : ૨૩-૧૧-૧૯૫૪

પરલોકે ગમન : ૦૮-૦૪-૨૦૧૮

**We Miss You**

વ્હાલા પપ્પા,

આપની વિદાયને એક વર્ષ વીતી ગયું. પણ મન માનવા તૈયાર નથી. એવી એકપણ પળ નથી કે અમોએ આપને યાદ ન કર્યા હોય, હર ક્ષણે તમારી ઉપસ્થિતિનો આભાસ લાગ્યા કરે છે. કેટકેટલી યાદો મૂકી ગયા છો તમે અમારા અંતરમાં.

આપે સખત પરિશ્રમ અને સંઘર્ષ વેઠીને અમને સુખી કર્યા. આપનો લાગણીશીલ સ્વભાવ, કૌટુંબિક ભાવના તથા સહનશીલતા સદા અમારા હૈયામાં જીવંત રહેશે.

આપની પ્રથમ પુણ્યતિથિએ આપને અશ્રુભીના હૈયે યાદ કરીએ છીએ. આપ હંમેશા ઈશ્વરના રાજ્યમાં આનંદિત રહો એવી અર્ચના કરીએ છીએ.

અશ્રુભીની શ્રદ્ધાંજલિ.
પુનરૂત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. આપની પત્ની - આનંદીબેન, જ્યોત્સના, કેતન, મનિષા, સ્નેહલ, નિમિષા, ભાવીન, જેસ્મીન, રિશિન, આરોહી, રિયાન**

*એ/૩, હીરાપાર્ક સોસાયટી, પેટલાદ*

## છઠ્ઠી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. પેટ્રિકભાઈ ડી. વાઘેલા**

**જન્મઃ ૧૫-૦૯-૧૯૩૪**

**અવસાનઃ ૧૫-૦૩-૨૦૧૩**

**પૂ. બાપુ,**
**મુજ મર્યાદાઓની મજધારે,**
**કિનારો ક્યાં દિસતો હતો ?**
**દિશાશૂન્ય હતું મુજ મન,**
**ચોધાર આંસુઓનો દરિયો હતો,**
**બાપુની અદૃશ્ય હાજરીના,**
**અહેસાસથી અમે ભીંજાતા હતા.**
**'હું છું તમારી સાથ'**
**એમ સતત જાણે બાપુ કહેતા હતા.**
**સંઘર્ષો હતા પણ**
**ઉરે શાંતિ-આનંદનો દરબાર હતો,**
**બાપુની કાળજી-સંભાળ, સંબંધોની સાચવણીથી**
**પ્રસંગોનો અંત સુખદ હતો.**

પરમકૃપાળુ
પરમેશ્વર
આપના આત્માને શાંતિ
આપે તેવી અમારી પ્રાર્થના.

**લિ. વાઘેલા પરિવાર,**
**સુણાવ**

## પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. જોનભાઈ સિલ્વેસ્ટરભાઈ મેકવાન**

**જન્મઃ ૦૧-૦૧-૧૯૪૬**

**અવસાનઃ ૨૦-૦૪-૨૦૧૮**

પ્રેમાળ, પિતા
પ્રેમાળ પિતાના સ્વરૂપ છો તમે,
અમારા જીવનના આદર્શ છો તમે
સંઘર્ષમય જીવનના પ્રતિક છો તમે
ઉદાર દિલના માલિક હતા તમે
અમારા સાચા માર્ગદર્શક હતા તમે
લાગણીઓના અશ્રુમાં સદા રહેશો તમે
એલસાની પ્રત્યેક લાગણીના ભાગીદાર હતા તમે
બાળકોના સાચા માર્ગદર્શકને મિત્ર હતા તમે
આશીર્વાદનો વરસાદ વર્ષાવતા હતા તમે
જીવનના છેલ્લાં શ્વાસ સુધી જીવન જીવ્યા તમે
ન હોવા છતાંય સદાય અમારામાં છો તમે
પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.

**લિ. એલિશા જોનભાઈ મેકવાન તથા સહ પરિવાર (નડિયાદ)**

## દ્વિતીય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. મહેશ જયંતીભાઈ મેકવાન**

**જન્મઃ ૧૧-૦૭-૧૯૭૮**

**અવસાનઃ ૦૯-૧૨-૨૦૧૬**

પ્રકાશમય જીવનને અંધકારમાં મૂકી ગયા તમે
જીવનના તરંગોમાંથી છીનવાઈ ગયા તમે
ભુલથી પણ ભુલાઈ નહીં તેવા તમે
અમસ્તા યાદમાં આવી જાવ છો તમે
નયનના પલકમાં સમાઈ ગયા છો તમે
એમીની વાતોમાં છલકાઈ આવો છો તમે
અનિની સ્મૃતિમાં ઊભરાઈ આવો છો તમે
પરિવારની ગટમાળમાં યાદ આવી જાવ છો તમે
છો અતિ દૂર પણ નિકટ આવી જાવ છો તમે
કો'દિ લાગ્યું નહીં કે સ્વર્ગવાસી છો તમે...
પુનરુત્થાનની પ્રભાતે મળવાની આશા સાથે...

**લિ. અનિતા મહેશભાઈ મેકવાન**
**એમી મહેશકુમાર મેકવાન**

# તૃતીય પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

'અંજલી આપતા શબ્દો ખૂટે છે, શ્રદ્ધાંજલિ આપતા પુષ્પો ખૂટે છે.'

**જન્મ**
**૨૫-૦૩-૧૯૭૧**



**અવસાન**
**૦૬-૦૪-૨૦૧૬**

**સ્વ. રાજેશ થોમાસ પરમાર**

જન્મ અને મરણ એ જગતનો નિયમ છે. મૃત્યુ એ રહસ્ય છે, આપણે સૌ ઈશ્વરની યોજના મુજબ જીવીએ છીએ. ઈશ્વરની ઈચ્છા સામે આપણે લાચાર છીએ. અમારા પરિવારના આ સ્વજન સ્વર્ગમાં ઈશ્વરનો મહિમા ગાય છે. એમની અણધારી વસમી વિદાયથી પરિવારના દરેક સ્વજનનું હૈયું કંપી ઊઠે છે. પરમપવિત્ર દિવ્યદયા સાગર પિતા આપના પાવન આત્માને પરમ શાંતિ અર્પે એ જ અમારા સૌની પ્રાર્થના.

**લિ. થોમાસ આલ્બર્ટ પરમાર તથા**
**સમસ્ત દુ:ખી પરિવાર, જીટોડિયા**

# સ્મરણાંજલિ

**સ્વ. દિપકકુમાર પી. ક્રિશ્ચિયન**
**જન્મ: ૦૫-૦૫-૧૯૭૧**
**અવસાન: ૨૫-૦૫-૨૦૧૮**



આ ૩૬૫ દિવસનો ખાલીપો
તમારી સ્મૃતિઓને વધુ ઘેરી કરી ગયો છે.
ઓઝલ થયેલો પડછાયો હૈયે જડાઈ ગયો છે.
સાથે જીવવાના કોલ તમે તોડી દીધા
પણ મારે હૈયે હજી અકબંધ છે.
સમયને આદત છે ક્યાંય ન થંભવાની
પણ મારે હૈયે, મારા અશ્રુમાં, મારા સ્પંદનોમાં
પ્રગટી ઊઠતા દરેક દિપકમાં મારો દિપક થંભી ગયો છે.
ફરીથી એકબીજામાં ભળી જઈશું એ જ પ્રતિક્ષામાં...
'પપ્પા' શબ્દો હવે પડઘાતા નથી
તસ્વીરમાં સ્થિર 'પપ્પા' હસતા નથી.

**લિ. તમારા મા, મીની, ઈશા, શ્રેયા અને સમગ્ર પરિવાર**

# પ્રથમ માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



**સ્વ. રૂથબેન આશીર્વાદ પરમાર**
જન્મ તા. : ૫-૫-૧૯૧૭
સ્વ. તા. : ૮-૨-૨૦૧૯



વ્હાલી મા....

દુનિયાનું દાન દીધું તેં,
સંસ્કારોનું જ્ઞાન દીધું તેં.

પકડી આંગળી ચાલ્યા'તા,
જીવનપથનું ભાન દીધું તેં.

સંસ્કાર પૂંજી દીધી અઢળક,
ને, પ્રેમનું વરદાન દીધું તેં.

કરાવી ઓળખ પ્રભુની,
ધાર્મિકતાનું પ્રદાન દીધું તેં.

પાંખોમાં સજાવી તાકાત,
ને ઊંચું ઉડાન દીધું તેં.

ખોવાઈ ન જવાય ક્યાંક,
'સાથે રહેવાનું' ધ્યાન દીધું તેં.

કશું ન કરી શક્યા તુજ કાજ,
કેટલું બલિદાન દીધું તેં.

સૌ સુખી મા તુજ થકી,
હવે એકલું આશિયાન દીધું તેં.

પરમપિતાના આશ્રયમાં તું પરમશાંતિ પામે એ જ પ્રભુપ્રાર્થના સહ....
– તારાં બાળકો (ખ્રિસ્તી મહોલ્લો, રાવળાપુરા)

# પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

**સ્વ. જયશ્રી જ્હોન પરમાર**
**જન્મ: ૧૮/૧૦/૧૯૫૮**
**અવસાન: ૨૪/૦૪/૨૦૧૮**



'ક્યાં હતી ખબર અમને,
સમય તમારી જિંદગીનો ઓછો હશે.
વિદાય તમારી અચાનક અને અણધારી હશે,
સૂનું થયું ઘર, સુનાં થયાં અમે,
સુનાં થયાં મન અમારાં, સૂનો થયો પરિવાર.
કેટકેટલી યાદો મૂકી ગયાં છે, તમે અમારા અંતરમાં,
અમે નજર કરીએ છીએ ત્યારે લાગે છે,
હાજરી તમારી ઘરમાં છે અત્યારે.
પાનખર છવાઈ ગઈ, શ્રદ્ધા છે અમારા હૈયામાં
પુનરુત્થાનની પ્રભાતે ફરીથી જરૂર મળીશું.'

**લિ: આપનો દુખી પરિવાર**

**શ્રી જ્હોન સિરિલ પરમાર, શાંતાબેન,**
**અતુલ, અનિલ, અલ્કેશ, વસંતિકા,**
**વિજયા, પારૂલ અને પરિવાર**

**શ્રી ડેવીડ એમ. મેકવાન,**
**વૈભવ, ફોરમ, અને પરિવાર**

## માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



### સ્વ. મરિયમબેન પ્રેમાભાઈ ડાભી

**જન્મ : ૦૧-૦૨-૧૯૨૨**

**અવસાન : ૨૧-૦૨-૨૦૧૯**

'જનની ની જોડ સખી નહિ જડે રે...'

પૂ. મા,

અશ્રુ ભરાઈ ગયા આંખમાં
શબ્દો અટવાઈ ગયા શ્વાસમાં
અંજલિ આપતાં હૈયું રડે છે.
શ્રદ્ધાંજલિ આપતાં શબ્દો ખૂટે છે.
હશે પુણ્ય કંઈક અમારાં કે
અમે સૌ સંતાન બન્યા તમારાં.

---

શી ઉતાવળ હતી એટલી બધી, સ્વર્ગેધામ જવા,
રાખતી સંભાળ તું અમારીને, ના લીધી સેવા અમારી,
ચાહતી હતી અમ બધાંને, હૃદયના પૂરા પ્રેમથી,
આ જ પૂરો પ્રેમ એ સંસ્કાર બની ગયો...
અને આ જ સંસ્કાર એ જ કે તારા...
પૂરા પરિવારને એક તાંતણે બાંધી ગયો...
થાય છે અહેસાસ એવો કે ઘરમાં ક્યાંક...
તું શોધતાં મળે છે જોવા. ભીંતે લટકતી તસ્વીરમાં તું,
તારી યાદમાં અમે છીએ સ્વજનો દુઃખી બધાં
પ્રાર્થના અમારી કે પરમેશ્વર તારી દવ્ય આત્મા ને શાંતિ બક્ષે.

---

**આભાર :** અમારી 'મા'ની બીમારીના સમયે અમારી પડખે રહી પ્રાર્થના રૂપી દિલાસો આપનાર સર્વે સગાંસ્નેહી, ફાધરો, સિસ્ટરોનો અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ.

**લિ. ડાભી પરિવાર, નડિયાદ**

## આઠમી વાર્ષિક પુણ્યતિથિએ સ્મરણાંજલિ

'પ્રભુમાં શ્રદ્ધા સાથે મૃત્યુ પામનાર પરમસુખી છે.' (દર્શન ૧૪:૧૩)



### સ્વ. શારદા રમણલાલ પરમાર

**જન્મ : ૦૨-૦૭-૧૯૪૨**

**દેહાવસાન : ૦૨-૦૪-૨૦૧૧**

આંખો હજી નિહાળે છે તમને,
હૈયાં હજી પોકારે છે તમને.
સ્મરણ થાય છે જ્યારે તમારું,
મન મૂકીને રડાવે છે ત્યારે અમને.
મુસાફર તો વિખૂટા થાય છે,
ક્યારેય મંજિલથી,
અહીં તો સ્વયમ્ મંજિલ
વિખુટી થઈ છે મુસાફરોથી.
આપનો દિવ્યાત્મા શાશ્વત શાતા પામે.

**લિ. આપનાં રમણલાલ**

| | |
|---|---|
| રાકેશ-શીલા | સ્મિતા-જશુ |
| ઉરવ | નિધિ-મૈત્રી-બંદિશ |
| મેહુલ-સેજલ | તોરલ-બિરેન |
| આર્યા | પ્રાચી |

'શારદા', એ/૨૯, ગ્રીનલેન્ડ પાર્ક,
મિશન રોડ, નડિયાદ - ૩૮૭ ૦૦૨
મો. ૯૩૧૪૦૫૫૨૬૬

# શ્રદ્ધાંજલિ



**સ્વ. ફૂલક્રેરીયા સાયમન ડાભી**

**આલોકે આગમન : ૧૫-૦૨-૧૯૨૨**

**પરલોક ગમન : ૧૧-૦૩-૨૦૧૯**

**વ્હાલાં મમ્મા,**

તમે સૌનાં પ્યારાં અને વ્હાલાં હતાં. આનંદ, પ્રેમ અને સ્વતંત્રતાથી દીર્ઘ જીવન વિતાવ્યું, વ્હાલ, પ્રેમ અને સંસ્કારોનું સિંચન કરી બાળકોને ઉછેર્યાં. દેહરૂપે તમે અમારી પાસે નથી, પણ તમારું સાદગીભર્યું, ભક્તિમય, શ્રદ્ધામય અને નમૂનેદાર જીવન અમારી પાસે હયાત છે. ઈશ્વરના અવિરત પ્રેમ, આનંદ અને સ્વર્ગીય સુખમાં રહેતાં, અમારા માટે પ્રાર્થના કરતાં રહેજો. જેથી અમે પણ જીવનના અંત સુધી શ્રદ્ધા અને ભક્તિમાં અચળ રહી પુનરુત્થાનની પ્રભાતે ભેગાં મળીએ.

**લિ. એજ આપનાં બાળકો, અનિલ ડાભી**
**તેમજ સમગ્ર પરિવાર**

*ઝેવિયર્સ પાર્ક, નડિયાદ*

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

દિવ્ય દયા સાગર પ્રભુ ઈસુની જય હો, પરમપિતાની જય હો, પવિત્ર આત્માની જય હો, મા મરિયમની જય હો

**પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું.**



**સ્વ. ઝવરબેન ભાઈલાલભાઈ મકવાણા**

**જન્મ : ૦૧-૦૬-૧૯૩૬**

**અવસાન : ૦૬-૦૪-૨૦૧૮**

**આત્મિય ઝવર,**

જીવનભર સખત પરિશ્રમ કરી, ખૂબ જ દુઃખો સહન કરી, દુઃખોથી જરા પણ ડર્યા સિવાય શૂન્યમાંથી સર્જન કરી, પરિવારને તમામ રીતે સમૃદ્ધ બનાવી, સૌને સુખ અને શાંતિ આપતાં ગયાં. આપની ઉદારતા, લાગણીશીલ સ્વભાવ, કૌટુંબિક ભાવના નિખાલસતા, સહનશીલતા હૈયામાં અખંડ રહેશે. આપે આપેલ પ્રેમ અને સંસ્કારની સુવાસ સદાય મહેંકતી રહેશે. પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને કાયમ પરમ શાંતિ અર્પે એ જ હૃદયપૂર્વકની પ્રાર્થના.

સ્વ. ઝવરબેનના દુઃખદ અવસાન પ્રસંગે અમોને પ્રત્યક્ષ તેમજ પરોક્ષ રીતે દિલાસો આપનાર તથા મદદરૂપ થનાર સહુ ફાધરો, સિસ્ટરો, બ્રધરો, સગા-સંબંધીઓ, સ્નેહીજનોનો સહૃદયપૂર્વક આભાર.

**લિ. શ્રી ભાઈલાલભાઈ નાગરભાઈ મકવાણા**
**તથા સમગ્ર પરિવાર**

*મું. પીપળોઈ, તા. ખંભાત, જિ. આણંદ*

# સ્મરણાંજલિ



**સ્વ. માસ્ટર ગાબ્રિયેલ પીયૂષ**
આલોકે આગમનઃ ૨૪-૦૫-૧૯૨૭
પરલોકે ગમનઃ ૨૦-૦૩-૨૦૦૩



**સ્વ. મરિયમબેન ગાબ્રિયેલ મેકવાન**
આલોકે આગમનઃ ૨૮-૦૧-૧૯૩૨
પરલોકે ગમનઃ ૧૫-૦૪-૨૦૦૭

પૂજ્ય મમ્મી-પપ્પા,

આજે તમો અમારી વચ્ચે હયાત નથી, પણ હસતા મુખે હિંમત હાર્યા વિના જીવનની તમામ કપરી પરિસ્થિતિઓનો સામનો કરી અને સંકટ કસોટીઓમાંથી પસાર થઈ અમારા સૌનું જીવન ઘડતર કર્યું. તે વિતેલા દિવસો યાદ કરતાં અમારી આંખો ભીની થાય છે. અમો થાકીને ક્યાંય અટવાઈ ગયા હોય, ત્યારે તમારો સાદ સંભળાય છે અને આપના પુણ્ય પ્રતાપે અમારા તમામ તાપ-સંતાપ વિસરાઈ જાય છે.

પિતાજી, તમોએ તમારા જીવનમાં પ્રામાણિકતા, પરોપકારી કર્તવ્યનિષ્ઠા, નમ્રતા, સહનશીલતા, વિવેક, ઉદારતા તેમજ દરેક કાર્ય ઈશ્વરને સોંપીને, મૌનપણે, ઈશ્વર પર અડગ શ્રદ્ધા રાખીને પૂર્ણ કરેલ તે કાર્યના અમે સહભાગી છીએ. આવું જીવન જીવવા અમો આજે અનુકરણ કરી રહ્યા છીએ અને એમ કરવામાં હંમેશાં પ્રયત્નશીલ રહીએ એવી પ્રભુને વિનંતી કરતા રહેજો. આધ્યાત્મિક, સામાજિક અને વ્યવહારિક રીતે જીવન જીવવાની કળા અમોને આપે છે, જેનું ઋણ અમે ચૂકવી શકીએ તેમ નથી, પણ આવા અમારા શ્રેષ્ઠ પિતાને હૃદયપૂર્વક નમન અને ઈશ્વરનો પૂરા દિલથી આભાર માનીએ છીએ.

પિતાજી, અમને આનંદ એ છે કે, આપના જીવનની અંતિમ ક્ષણે દેવળમાં જ અર્પણવિધિ સમયે, તમોએ ઈશ્વરની આરાધનામાં મૃત્યુને સહર્ષ વધાવી લઈ, પરમાત્માના ધ્યાનમાં લીન બની, ખ્રિસ્તયજ્ઞ અર્પણ કરતા ધર્મગુરુના હાથમાં જ મસ્તક ઝૂકાવી, શાંતિપૂર્ણ રીતે પ્રાણ છોડી પરલોક પ્રતિ પ્રયાણ કર્યું. ધન્ય છે આ મહાન આત્માને. પરિવારમાં એક આરાધક આત્માની ખોટ.

મા, તમોએ પણ વિશાળ કુટુંબની જવાબદારી એક મૌન યાત્રિકની જેમ પૂરા દિલથી, સુખ દુઃખમાં સહભાગી બની, એક શ્રેષ્ઠ મા તરીકે અમ સૌનું જતન કરી, પિતાજીના ઈશ્વર સેવાના કાર્યમાં મદદ કરતા રહ્યા, જે પરમપિતાએ ધ્યાનમાં લઈ તમોને પણ ઈસુની દિવ્ય દયાના તહેવારે રવિવારના સવારના ખ્રિસ્તયજ્ઞ સમયે ઘરમાં જ શાંતિથી અનંત યાત્રાની વાટે બોલાવી લીધાં. આપનું શાંતિપૂર્ણ અને પાવન મૃત્યુ એ જ અમારું અહોભાગ્ય. હે પરમપિતા, હાથ જોડી પ્રેમથી અમ સૌ માગીએ, જે આત્મા આવ્યો આપ શરણે, તે પુણ્યશાળી આત્માને શાશ્વત શાંતિ મળે એ જ અમારી પ્રાર્થના.

**લિ. માસ્ટર ગાબ્રિયેલ પરિવાર - વડોદરા**

## યુરોપ (માલ્ટા) માં બહેનો તથા ભાઈઓને પ્રગતિશીલ દેશમાં નોકરી વર્ક પરમીટ સાથે તેમજ P.R. મેળવવાની સુવર્ણ તક.

**માસીક પગાર રૂા. ૬૦૦૦૦/- થી ૧,૫૦,૦૦૦**

STC
ON SERVICE TRAVEL
Reg. by Government of India.









**જનરલ**

- જનરલ કલીનર (ઓફીસ-મોલ-બોટ-આઉટ સાઈડ એરીયા
- હાઉસકિપીંગ કલીનર (ઓફીસ - હોટલ - પ્રાઈવેટ હાઉસ)
- હોટલ રૂમ કલીનર - ૪, ૫, સ્ટાફ હોટેલ માટે
- સ્ટોરકીપેર (કોર્મશીયલ કંપની માટે)
- લોન્ડ્રી મેન (લોન્ડ્રી ના અભુભવી)
- ડ્રાઈવર (કોમર્શીયલ ના અનુભવી)
- કેર ગીવર (ઓલ્ડમેન કેર અને બેબીકેર)
- જનરલ નર્સ (એમ.એસ.એન નર્સ સ્ટાફ નર્સ)
- કુક (રસોયા) (કંપની અને હોટલ માટે)
- કિચન કલીનર અને કુક હેલ્પર (હોટલ માટે)
- વેઈટર (રેસ્ટોરન્ટ અને હોટલ માટે)
- વિન્ડોઝ અને ગ્લાસ કલીનર

**એડમિનિસ્ટ્રેટર**

- અકાઉન્ટન્ટ (બી.કોમ. / એમ.કોમ. / સી.એ.)
- રેસેપ્શનીસ કમ ઓફીસ સેક્ટરી (કોમ્પ્યુટર સાથે)

**કન્સ્ટ્રકશન**

- સિવીલ ફોરમેન
- આર.સી.સી. ફિકસચર
- મિસ્ત્રી
- કડીયા - મેસન (ઓલરાઉન્ડર)
- પેઈન્ટર
- પ્લમબર
- ઈલેકટ્રીશીયન
- એલ્યુમિનિયમ ફેબ્રીકેશન
- સ્ટીલ ફેબ્રીકેટર
- ગ્લાસ ફિકસર અને કટર
- વેલ્ડર
- સુથાર - કારપેઈન્ટર
- ટેન્ડર
- ગ્રાઈન્ડર

યુરોપ (માલ્ટા) જેવા પ્રગતીશીલ દેશમાં અમારા ટ્રેનીંગે સેન્ટરમાં ટ્રેનીંગ લીધા બાદ વર્ક પરમીટ અને યુરોપીયન દેશોનું ટેમ્પરરી રેસીડન્ટ કાર્ડ મેળવવાની સુવર્ણ તક.

માસીક પગાર રૂા. ૬૦૦૦૦/- થી રૂા. ૧,૫૦,૦૦૦/- (અઠવાડીયામાં માત્ર ૫ દિવસ જ કામ) દરરોજ ૮ કલાક કામ ઓવર ટાઈમની એકસ્ટ્રા આવક.

માલ્ટા એ યુરોપનું ખુબજ સુંદર અને લોકપ્રિય નં. ૧ પ્રવાસનું સ્થળ છે. જયા દર મહિને લાખો યુરોપિયન ટુરીસ્ટ માલ્ટાની મુલાકાતે આવે છે.

અમારી કંપની ઓન સર્વિસ ટ્રાવેલ્સ માલ્ટા અને ઇઝરાયેલ સાથે વર્ષોથી ખુબજ નજીકના સંબંધ થી જોડાયેલ છે. અને માલ્ટા જવા ઇચ્છતા અને નોકરી કરવા માંગતા ભાઈઓ તથા બહેનોને ટ્રેનીગ આપી ટુકા સમયગાળામાં સરળતા પૂર્વક યુરોપ (માલ્ટા) માં મોકલી આપીએ છીએ.

૨૦૧૮ ના યુરોપિયન દેશોના પાટનગર માલ્ટા માં ઉચ્ચ પગારોથી કમાવા માટેની સુવર્ણ તક.

માલ્ટા દેશના લોકો ઈંગ્લીશ બોલે છે. અને ખુબ જ મળતાવળા સ્વભાવના હોય છે. માલ્ટામાં નોકરી કરવા જનાર બહેનો-ભાઈઓની સંપૂર્ણ પણે સલામતી છે.

માલ્ટાની કરન્સી (પૈસા) યુરો છે.

માલ્ટાના વિઝા માટે કેન્ડીડેટને એમ્બેસીમાં ઈન્ટરવ્યુ આપવાની જરૂર નથી

વર્ક પરમીટ સાથે યુરોપના ૨૮ દેશોમાં ફરવા માટે વિઝા કાર્ડ આપવામાં આવશે.

સંપૂર્ણ ભરોસા અને વિશ્વાસ પૂર્વક ઓછા સમયમાં માલ્ટા (યુરોપ) માટે વર્ક પરમીટ, યુરોપ વિઝા કાર્ડ અને વિઝા આપવામાં આવશે.

## ઓન સર્વિસ ટ્રાવેલ

રાજકોટ ઓફીસ : એવરેસ્ટ હાઉસ, તપોવન સ્કુલની બાજુમાં, મવડી સર્કલ પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ રાજકોટ.

અમદાવાદ ઓફીસ : ૧૦૪, અકીક ટાવર, રાજપથ કલબની સામે, એસ.જી. રોડ, બોળકદેવ, અમદાવાદ.

**Mo. +91 9624001714 / +91 9624001717**

## સંત જોન બોસ્કોના ૧૦મા ઉત્તરાધિકારી

# ફાધર આન્ગેલ ફર્નાનડીસ


## ગુજરાતની મુલાકાતે








સલેસિયન સંઘના રેક્ટર મેજરની
ગુજરાતની મુલાકાતનું ટાણું
ગુજરાતની ધર્મસભામાં કાયમી સંભારણું
સલેસિયન સંઘ ગુજરાતનું નવું નજરાણું
**'ઈંટાળાનો કડિયો '**
ની સંવર્ધિત દ્વિતીય આવૃત્તિ
અને **'સંત જોન બોસ્કો'ની આત્મકથા**
ની અનુવાદિત કૃતિ.




શું તમે યુવાનો સાથે કામ કરી રહ્યા છો...?
તમે યુવાન છો અને તમને લાગે છે કે કોઈ તમને સમજી શકતું નથી ?
શું તમે યુવાવર્ગ સાથે પ્રૈષિતિક કાર્યમાં અડચણ અનુભવો છો ?
શું તમે જીવનમાં નાસીપાસ થયા છો ?

**આ બધા જ સંજોગોમાં તમારા પ્રશ્નોના અવશ્ય જવાબ 'જોન બોસ્કોના જીવનકવન' માંથી મળશે.**

### પ્રાપ્તિ સ્થાન

'અમૃતધારા' દોન બોસ્કો એનિમેશન સેન્ટર,
કપડવંજ – ૩૮૭ ૬૨૦ ફોન નં : (૦૨૬૯૧) ૨૬૨૫૦૧, ૨૬૨૩૭૫
મો : ૦૯૪૦૯૦ ૮૪૨૮૨



# શ્રદ્ધાંજલિ

## પુનરુત્થાનની પ્રભાતે ફરી મળીશું

**સ્વ. મણીબેન આન્દ્રેઆસ મેકવાન (વડોદ)**

આલોકે આગમન : ૧૦-૦૮-૧૯૦૯

પરલોકે પ્રયાણ : ૧૪-૦૨-૨૦૧૯

તમારા ઉજળા કરમની સુવાસ રહેશે દુનિયામાં,
તમારા પુનિત જીવનનો પ્રકાશ રહેશે દુનિયામાં,
તમારી સેવા સ્મરણનો ઉજાસ રહેશે દુનિયામાં.

વ્હાલાં મા,

પરમપિતાએ એકસો નવ વર્ષ અને છ માસનું દીર્ઘ આયુષ્ય આપી આપને સ્વર્ગધામે બોલાવી લીધાં છે ત્યારે પ્રભુમય જીવન આપવા બદલ પરમેશ્વર પિતાનો આભાર માનીએ છીએ. જીવનમાં સખત મજૂરી કરી, પ્રાર્થનામય જીવન જીવી, બીજાને મદદરૂપ થઈ બહોળા કુટુંબને સંભાળવા બદલ વ્હાલાં મા, અમો આપના ખૂબ ખૂબ ઋણી છીએ.

આજેય તમો અમારી સાથે અને પાસે જ છો. આપનો પ્રેમ તથા સંસ્કારની સુવાસ અમારા જીવનમાં સદાય મહેંકતી રહેશે. ઈશ્વરપિતા આપના દિવ્ય આત્માને સદાય પરમશાંતિ આપે એ જ પ્રાર્થના.

નોંધ : અમારાં માતૃશ્રીની માંદગી દરમિયાન મુલાકાત લેનાર તથા તેમની અંતિમ ક્રિયામાં હાજર રહેનાર ધર્મગુરુઓ, ધર્મભગિનીઓ, સગાંવહાલા તેમજ સ્વજનોનો ખૂબ ખૂબ આભાર.

લિ. આપનો સમસ્ત પરિવાર

PAVAN HRUDAYA DOOT, April 2019 No. of Pages 72 including cover R.N.I. New Delhi No. GUJGUJ/2000/2975
RNP No. AND / 304 / 2018-20. Licensed to post without Prepayment Up to 31.12.2020
Published on 5th of every Month & Posting on 5th of every Month Posted at Anand HO.

# અવસર બેન્ડ

**આપના અમૂલ્ય પ્રસંગને યાદગાર બનાવતું એક માત્ર નામ એટલે અવસર બેન્ડ**




**સંગીતના સથવારે આપના પ્રસંગને યાદગાર બનાવવા**

- લગ્ન પ્રસંગે બેન્ડ
- લગ્નગીતો
- રાસ-ગરબા
- મ્યુઝિકલ ઓરકેસ્ટ્રા
- ગઝલ
- સંગીત સંધ્યા
- કરાઓકે શો

સંપર્ક :
**રોબર્ટ રોય**
મો. ૯૮૭૯૬ ૯૧૯૩૬,
૯૬૧૯૩ ૨૦૮૩૪

એ/૨, આત્મીય આર્ચ કોમ્પ્લેક્ષ,
કળશ પાર્ટી પ્લોટ સામે,
આણંદ-સોજીત્રા રોડ, કરમસદ, આણંદ (ગુજરાત)

Publisher's & Printer's Name : Antony Pitchai Vedamuthu, Gujarat Sahitya Prakash, P.B. 70, St. Xavier's Road, Anand - 388001
and Printed by him at Anand Press, P.B. 95, Gamdi-Anand 388001. Editor: Jasvant Macwan